# ધ્રુવતારક

શ્રી માણેકલાલ પટેલની જીવનકથા

મોહનલાલ પટેલ



# ધ્રુવતારક

## શ્રી માણેકલાલ પટેલની જીવનકથા

મોહનલાલ પટેલ

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ

કડી 2025

Dhruvtarak: Shri Maneklal Patelni Jivankatha
By Mohanlal Patel
Published by Vallabhbhai M. Patel, Chairman,
Sarva Vidyalay Kelavni Mandal, Kadi - 382715

First edition, 2013
Reprint : 2015
Second edition : 2025

© મોહનલાલ પટેલ

પૃષ્ઠ : 18+222

કિંમત : ₹ 200

પ્રકાશક
**વલ્લભભાઈ એમ. પટેલ**
ચૅરમૅન
સર્વ વિદ્યાલય કેળવણી મંડળ,
રેલવે સ્ટેશન સામે, કડી - 382715, જિ. મહેસાણા, ગુજરાત

લે-આઉટ-ટાઇપસેટિંગ
**શારદા મુદ્રણાલય**
201, તિલકરાજ, પંચવટી પહેલી લેન, આંબાવાડી, અમદાવાદ-6.
ફોન : 079-26564279, 9825723520 ઇ-મેઈલ : sharda.mudranalay@gmail.com

મુદ્રક
**ભગવતી ઑફસેટ**
સી/12, બંસીધર એસ્ટેટ, બારડોલપુરા, અમદાવાદ-380004
M. 9825326202 email: bhagwatioffset@yahoo.com



**શ્રી માણેકલાલ એમ. પટેલસાહેબ**

જન્મ : તા. 1 ફેબ્રુઆરી, 1929 ⁕ અવસાન : તા. 12 જાન્યુઆરી, 2012

# અર્પણ

ગ્રંથના ચરિત્રનાયકનાં પરમવંદનીય માતા-પિતા
કરુણામૂર્તિ દિવાળીબા અને પ્રેરણામૂર્તિ માધવલાલ પટેલ
તથા
સર્વ વિદ્યાલય કેળવણી મંડળના પ્રેરક
પૂજ્ય છગનભા
તેમ જ
સર્વ વિદ્યાલય કેળવણી મંડળ પરિવારના
છાત્રગણ, કર્મચારીવર્ગ, કાર્યકરો અને દાતાઓને
પ્રેમાદરપૂર્વક

*Those who love not their fellow beings live unbeautiful lives, and prepare for their old age a miserable grave.*

***– P. B. Shelley***

**‘શિક્ષણ એ જ સાચી સેવા’**

- માણેકલાલ એમ. પટેલસાહેબ

# પુરોવચન

સર્વ વિદ્યાલય, કડીના સેવાનિવૃત્ત આચાર્યશ્રી, કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ, કડીના પ્રમુખશ્રી અને ખાસ તો જાણીતા કેળવણીવિદ્ તથા સાહિત્યસર્જક એવા મારા પરમ શ્રદ્ધેય ગુરુવર્ય આચાર્યશ્રી મોહનલાલ પટેલસાહેબકૃત 'ધ્રુવતારક: શ્રી માણેકલાલ પટેલની જીવનકથા' (દ્વિતીય આવૃત્તિ, 2025)ને આવકારતાં પ્રસન્નતાસહ ગૌરવની લાગણી અનુભવું છું. પ્રસ્તુત ગ્રંથના સર્જન સંદર્ભે સર્જક પૂજ્ય શ્રી મોહનભાઈ સાહેબે 'પ્રાક્કથન'માં 'મેં આ પુસ્તક કેમ લખ્યુ ?' તે તેમના જ શબ્દોમાં જોઈએ:

"માણેકલાલભાઈનું કામ ભગીરથની યાદ આપે એવું છે. ભગીરથે તો એક જ ગંગાનું અવતરણ કરાવ્યું હતું. માણેકલાલભાઈએ તો અનેક જ્ઞાનશાખાઓની ગંગાઓનાં અવતરણ કરાવ્યાં છે. આમ હોવા છતાં એમના વિશે કશું ન લખાય તો લોકો કદાચ લાંબા સમય સુધી યાદ કરતા રહે એ ખરું, પણ એ જે હતા, જેવા હતા એ વિશેનું જ્ઞાન ધીરેધીરે ધૂંધળું થવા લાગે અને એમના મૂળ સત્ત્વ (essence)ને પરખનારા ભાગ્યે જ જડે. આવું ન બને એટલા માટે મેં આ પુસ્તકની રચના જરૂરી બલકે અનિવાર્ય ગણી છે એટલે એ તૈયાર કર્યું છે. આ કરવાથી માણેકલાલભાઈના વ્યક્તિત્વને કેટલો ન્યાય આપી શકાયો એ તો કહી શકાય એમ નથી, પણ એક ધ્રુવપુરુષ વિશે લખવામાં મને આત્મસંતોષ થયો એ મારું સદ્ભાગ્ય માનું છું... માણેકલાલભાઈ વિકાસ અને પ્રગતિના માર્ગ પર ધ્રુવતારકની જેમ સૌના પથપ્રદર્શક. સદા અડગ અને અચલ તેથી પ્રેરણાદાયી... માણેકલાલભાઈ સાથેના પાંચ દાયકા કરતાં વધારે સમયના નિકટના સંબંધોના કારણે એમના જીવનની કેટલીક ઘટનાઓના અનુભવને એમણે અંગત ન રહેવા દેતાં એને જીવનરહસ્ય (ફિલસૂફી)રૂપે સ્વીકારીને સર્વાનુભવનું કારણ બનાવી હતી એ હું જોઈ શક્યો હતો... એમણે હાથ પર લીધેલાં કેળવણીનાં કાર્યોમાં વિદ્યાર્થીને બરાબર નજર સમક્ષ રાખ્યો. એનો અભ્યાસ સુગમ બને એ માટે એમણે આંખ મીંચીને વિદ્યાર્થી માટે સગવડો ઊભી કરી. ભૌતિક સગવડો ઊભી કરી અને આર્થિક રાહતો પણ આપી.

શિક્ષણવ્યવસ્થા પણ ઉત્તમ પ્રકારે ગોઠવી. આમ, ઘણી રીતે એમણે જીવનના અનુભવોને ફિલસૂફીમાં ફેરવ્યા હતા. જેનો લાભ ઘડતર અને વિકાસ પામી રહેલા વિદ્યાર્થી—વિદ્યાર્થિનીઓને ભરપૂર માત્રામાં મળતો રહ્યો. માણેકલાલભાઈના જીવનમાંથી પ્રેરણા મળી રહે એવું ઘણુંબધું પાથેય છે. શ્રદ્ધા છે કે આ ગ્રંથમાંથી પણ એવું કેટલુંક મળી રહેશે.”

આચાર્યશ્રી મોહનભાઈ સાહેબની કલમે મહાજન પરંપરાના ઉદ્યોગપતિ અને કેળવણીવિદ્ સંચાલક, સર્વ વિદ્યાલયની યુનિવર્સિટી સ્તર સુધીની ગુણાત્મક હરણફાળના સ્વપ્નદ્રષ્ટા અને સ્વપ્નો સાકાર કરનાર ઉદ્યમશીલ સદ્ગત ચૅરમૅનશ્રી માણેકલાલ એમ. પટેલસાહેબ વિશે લખાયેલા શબ્દો વાંચ્યા પછી મારે તેમના વિશે કંઈ વિશેષ કહેવાનું રહેતું નથી, પરંતુ ‘સર્વ વિદ્યાલય’ પ્રત્યેની તેમની પ્રપત્તિભાવપૂર્વકની સંસ્થાભક્તિને સાદર વંદન પાઠવવાની સાથે જ તેમને નિવાપાંજલિ અર્પણ કરતાં અભિલાષા સેવું છું કે તેમના આદર્શો મારો જીવનમંત્ર બની રહે.

‘સર્વ વિદ્યાલય કેળવણી મંડળ’ દ્વારા આ પૂર્વે સંસ્થાપક પૂજ્ય છગન ભાનું જીવનચરિત્રાલેખન કરતો ગ્રંથ આચાર્યશ્રી મોહનલાલ પટેલકૃત ‘પ્રજ્ઞાદીપ છગન ભા’ (૧૯૮૯), અને ડૉ. મંગુભાઈ રા. પટેલ કૃત ‘કર્મયોગી દાસકાકા: પુરુષોત્તમદાસ ર. પટેલ (૧૯૯૦) ઉપરાંત ‘વૈષ્ણવજન ડૉ. રામભાઈ પટેલ’ (૨૦૨૨), ‘સર્વ વિદ્યાલયના ગૌરવપુરુષ અને સામાજિક સમરસતાના પુરસ્કર્તા ‘સ્વ. વકીલ ધનાભાઈ પટેલ સ્મૃતિગ્રંથ’ (૨૦૨૩), ‘સર્વ વિદ્યાલય, કડીના ઋષિકુળ પરંપરાના આચાર્યશ્રી મનુભાઈ જે. પટેલ અભિવાદન ગ્રંથ’ (૨૦૨૪), ‘સર્વ વિદ્યાલયના મેરુદંડ ડૉ. કનુભાઈ ડી. પટેલ સ્મૃતિગ્રંથ’ (૨૦૨૪) વગેરે ગ્રંથોનું પ્રકાશન કરીને આ મંડળ દ્વારા આ સૌ કર્ણધારો/સેવકોનું ઋણ અદા કરવાનો વિનમ્ર પ્રયાસ કરવામાં આવ્યો છે. આ ગુણાનુરાગી પરંપરાના અનુસંધાનમાં પ્રસ્તુત ગ્રંથ **‘ધ્રુવતારક: શ્રી માણેકલાલ પટેલની જીવનકથા’**, દ્વિતીય આવૃત્તિ, 2025નું પ્રકાશન કરતાં પ્રસન્નતા અનુભવું છું.

આશા છે કે પ્રસ્તુત ગ્રંથ સદ્ગત ચૅરમૅનસાહેબના સાચા અર્થમાં કર્મયોગી, ગૌરવશીલ અને પ્રેરણાદાયી વ્યક્તિત્વને ઉજાગર કરી આપવાની સાથે-સાથે સ્વાતંત્ર્યોત્તરકાલીન કડીના ઔદ્યોગિક વિકાસ અને સવિશેષતઃ ‘સર્વ વિદ્યાલય’ની વિકાસગાથા પ્રસ્તુત કરતો દસ્તાવેજી ગ્રંથનો પર્યાય બની રહેશે. આ સાથે જ આ પુસ્તકના સર્જક પૂજ્ય ગુરુવર્ય આચાર્યશ્રી મોહનભાઈ

સાહેબ આજે આપણી વચ્ચે રહ્યા નથી (અવસાન ૧૩ માર્ચ, ૨૦૨૦), પરંતુ તેમણે આત્મસ્ફુરણાથી સદ્‌ગત ચૅરમૅનસાહેબ અને આ સાથે જ મારા પૂજ્ય પિતાશ્રીના જીવનને અક્ષરદેહ આપીને આપણા મંડળ તથા અંગત રીતે મને/મારા કુટુંબને ઋણી બનાવ્યું હોઈ સાહેબનો સાદર વંદનસહ આભાર માનું છું. પૂજ્ય સાહેબશ્રીએ 'પૂ. છગનભા' તથા 'ડૉ. રામભાઈસાહેબ'ના ચરિત્રાલેખન ઉપરાંત દસ્તાવેજી ઇતિહાસગ્રંથ 'સર્વ વિદ્યાલય કેળવણી મંડળ અને કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ : સંક્ષિપ્ત ઇતિહાસ' (૨૦૧૫) આપીને આપણને ઉપકૃત બનાવ્યા છે. સ્વ. પૂજ્યસાહેબશ્રીના ગૌરવપ્રદ પ્રદાનની નોંધ લેતાં પુનઃ સાદર અભિવંદના પાઠવું છું.

મા સરસ્વતીને પ્રાર્થના કે આ જ્ઞાનમંદિરના સૌ સંસ્થાપકો, સંવર્ધકો, સેવકો વગેરેનું ઋણ અને તેમની ઉદાત્તભાવના સતત હૈયે ધરીને તેના પ્રોજ્જ્વલતમ વિકાસ માટે સૌ સર્વ વિદ્યાલયીઓને સંકલ્પબદ્ધ કર્તવ્યપરાયણ બનાવી રાખે, તેમજ સર્વ વિદ્યાલય સદાકાળ ધ્રુવતારક સમાન કર્મયોગીઓથી સંપન્ન બની રહે. જય સર્વ વિદ્યાલય.

કડી
પૂજ્ય માણેકલાલ પટેલસાહેબની
13મી પુણ્યતિથિ
તા. 12 જાન્યુઆરી, 2025

**વલ્લભભાઈ એમ. પટેલ**
પ્રેસિડન્ટ, કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગર
ચૅરમૅન, સર્વ વિદ્યાલય કેળવણી મંડળ,
કડી—ગાંધીનગર
ચૅરમૅન, કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ,
કડી

# પ્રાક્કથન

મેં આ પુસ્તક કેમ લખ્યું ?

આ પ્રશ્નનો જવાબ વિગતે આપતાં પહેલાં હું આ પ્રસ્તાવના વાંચનારને પ્રશ્ન પૂછું : 'તમે વીરમગામના નગીનભાઈ વૃજલાલ પટેલનું નામ સાંભળ્યું છે ? હું જાણું છું કે આ પ્રશ્નનો જવાબ નકારમાં જ હશે. કદાચ કોઈએ એ નામ સાંભળ્યું હશે તો કડવા પાટીદાર પરિષદના સ્થાપકોમાંના એક પુરુષોત્તમદાસ લલ્લુભાઈના માર્ગદર્શન હેઠળ નિષ્ઠાપૂર્વક સમાજસુધારણાના કાર્યમાં સતત પ્રવૃત્ત રહેનાર નગીનભાઈરૂપે સાંભળ્યું હશે.

પુરુષોત્તમદાસ લલ્લુભાઈ (જેમના નામે સર્વ વિદ્યાલયનું પુસ્તકાલય – 'દાસ પુસ્તકાલય' છે). કડવા પાટીદાર જ્ઞાતિના ઉદ્ધાર અર્થે ઉત્તર ગુજરાતમાં કેળવણીની એક સંસ્થા સ્થાપવાના સતત વિચારણામાં હતા.

માર્ગદર્શક તરીકે સતત પ્રેરણા આપનાર પુરુષોત્તમદાસનું અવસાન થયું, પણ નગીનભાઈએ એમના લક્ષ્યને જરાપણ શિથિલ થવા દીધું નહીં. એ પોતે એક વર્ષ સુધી કડી તાલુકા તેમ જ એ તરફના વિસ્તારમાં ગામડેગામડે ફરતા રહ્યા. થાક્યા-કંટાળ્યા વગર ગ્રામવિસ્તારોમાં પ્રજાને કેળવણી તરફ અભિમુખ કરવાનો પુરુષાર્થ કરતા રહીને કેળવણીની સંસ્થા સ્થાપવા માટે લોકોમાં એ ઉત્સાહ પ્રેરતા રહ્યા.

આમ એક વર્ષ સુધી ગામડાંઓમાં રઝળપાટ પછી નગીનભાઈએ જ્ઞાતિના કેટલાક આગેવાનોને કેળવણીની સંસ્થા સ્થાપવાના કાર્યમાં સહાયભૂત થવા વિનંતીપત્રો લખ્યા. એમણે સરઢવના શ્રી છગનલાલ પીતાંબરદાસને પણ પત્ર લખ્યો. પત્ર ખૂબ લંબાણપૂર્વકનો હતો જેનો સાર આ હતો :

'તમે સમાજ-સુધારણાના કાર્યમાં ખૂબ રસ ધરાવો છો અને ઘણા સક્રિય છો એ પણ જાણ્યું છે. ક.પા. પરિષદે પોતાની સામે રાખેલા ધ્યેયને પાર પાડવાનું કાર્ય જે-જે પરગણાંઓમાં જ્ઞાતિહિતચિંતકોએ ઉપાડી લીધું છે એમાં તમારા વિસ્તારમાં તમે સારું કાર્ય કર્યું છે એ જાણવામાં આવ્યું છે. પણ

સઘળા સમાજને લક્ષમાં લેતાં એવું લાગે છે કે પરિષદ અને સ્થાનિક મંડળો સમાજસુધારણા અર્થે અનેક પ્રયત્નો કરી રહ્યાં હોવા છતાં સઘળા સમાજને જલદીથી અસર કરે એવાં પરિણામ જોવા મળતાં નથી.

એક પ્રયત્નથી બધું ધારેલું લક્ષ સિદ્ધ થાય એવી કળ શોધવાનો જ્ઞાતિહિતચિંતક પુરુષોત્તમદાસ લલ્લુભાઈનો વિચાર હતો અને એ એવા વિચાર ઉપર આવેલા કે આદર્શ કેળવણીનો બહોળો પ્રચાર થાય તેવી સંસ્થા શરૂ કરવી. અને બનતા પ્રયત્નથી દરેક ચળવળ કડી પ્રાંતમાં જ કરવી, કારણ તેની અસર અન્ય સ્થળે થઈ શકે એવી જ્ઞાતિની ગૂંથણી છે. પણ પુરુષોત્તમદાસ તો પરલોકવાસી થયા. કાર્ય તો કરવું જ એવા એમના માર્ગદર્શન હેઠળ કામ કરનાર સાથીદારોનો નિશ્ચય હોવાને લીધે આ કાર્યમાં રસ ધરાવનાર ભાઈઓનો સતત સંપર્ક કરવાનું અમે ચાલુ રાખ્યું. અને જે કાર્યકર કહી શકાય એવા આગેવાનોને વારંવાર મળવાનું ચાલુ રાખ્યું. આ સંપર્ક અને મળવામાં એક વર્ષ વીતી ગયું છતાં કોઈ તલમાં તેલ દેખાયું નહીં. છતાં અમે નિશ્ચય કર્યો કે હવે વધારે રાહ જોયા સિવાય અને કોઈ અમુક જ વ્યક્તિઓ ઉપર આધાર રાખ્યા સિવાય સં. ૧૯૭૫ની અક્ષય તૃતીયાના દિવસે આ હેતુ માટે કંઈક કરવા કડી પ્રાંતનાં ગામોમાં નીકળી પડવું. એ નિર્ણય મુજબ દસ-બાર દિવસ જુદાં-જુદાં ગામોની મુલાકાત લીધી. સેરથા ગામમાં સારો ઉત્સાહ જણાયો અને ટેકો મળવાની આશા પણ બંધાઈ. વિશેષ વિચારને અંતે એવો નિર્ણય કર્યો છે કે વૈશાખ સુદ પૂનમના દિવસે ઊંઝા મુકામે ઉમિયામાતાના મેળામાં આ અંગે સાર્વત્રિક ઘોષણા કરવી.

તમારા સાથ અને ટેકાની સારી આશા જણાયાથી કેટલાક અન્ય આગેવાનોની સાથે તમને પણ પત્ર લખીએ છીએ. જ્ઞાતિસુધારણાના આ કાર્યમાં અમારી શ્રદ્ધા પાર પડે એ રીતે તમે જરૂર પધારશો.'

નગીનભાઈનો આ પત્ર છગનલાલ માટે રાત્રિના અંધકારમાં ભરદરિયે સફર કરી રહેલા વહાણ માટે દીવાદાંડી સમાન હતો. સ્વામી કેશવાનંદ પાસેથી કેળવણી દ્વારા સમાજનો ઉદ્ધાર કરવાની શીખ તો મળી હતી, પણ છગનલાલને તો કાલાંકપાસના અથવા લાકડાંની લાટી કે ખેતીવાડીના ધંધાઓ સિવાય વ્યવસાયના રૂપમાં બીજો કશો અનુભવ નહોતો. સમાજના ઉદ્ધાર માટે ખોટા રિવાજો, કુરૂઢિઓ કે ખોટા ખર્ચ સંબંધી એમનું વ્યાવહારિક જ્ઞાન ઘણું હતું પણ કેળવણીથી જ્ઞાતિનો ઉદ્ધાર થાય એવી સમજ એમણે જરૂર મેળવી

હતી, પણ કેળવણીના ક્ષેત્રનો એમને કશો અનુભવ નહોતો. કેળવણીની સંસ્થાની સ્થાપના, એનો વહીવટ અને એના નિભાવ વગેરે બાબતનું કશું જ્ઞાન નહોતું. એટલે નગીનભાઈનો પત્ર તો જાણે એમના માટે ઈશ્વરદત્ત આશીર્વાદપત્રિકા સમાન હતો. જે કામ કરવા માટે પોતે મૂંઝવણભરી ચિંતામાં હતા એનો નગીનભાઈના પત્ર દ્વારા જાણે ઉકેલ મળી ગયો અને સાથે-સાથે પોતે જે બેડો હંકારવા બંધાયા હતા એના માટે નગીનભાઈ નામે એક સુકાની-ખેવૈયા જ જાણે મળી ગયો !

એ ઊંઝાના મેળામાં ગયા.

નગીનભાઈને મળ્યા. એમની વચ્ચે ઘણી ચર્ચાઓ અને મસલત થઈ. જ્ઞાતિના આગેવાનો તા. ૮-૬-૧૯૧૯ના રોજ સરઢવ મુકામે કેળવણીના કાર્ય માટે સભાના રૂપમાં મળે એવું નક્કી થયું.

નિશ્ચિત તારીખે સભા મળી. કેળવણીના હિમાયતીઓની જ આ સભા હતી, એટલે કામ સારી રીતે ચાલ્યું અને 'કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ'ની સ્થાપના આ સભામાં ઠરાવ દ્વારા થઈ. એ જ સભામાં 'કડવા પાટીદાર વિદ્યાર્થી આશ્રમ' નામના એક છાત્રાલયની સ્થાપના કરવાનો ઠરાવ પણ થયો. આ જ સભામાં છગનલાલે, જ્યાં સુધી વિદ્યાર્થી આશ્રમની સ્થાપના ન થાય ત્યાં સુધી મીઠાઈ ન જમવાની પ્રતિજ્ઞા લીધી.

તા. ૨૨-૩-૧૯૨૦ના રોજ 'કડવા પાટીદાર વિદ્યાર્થી આશ્રમ'ની સ્થાપના થઈ.

સરઢવની સભા અને આશ્રમની સ્થાપના વચ્ચેનો નવ મહિના અને એકવીસ દિવસનો સમયગાળો છગનલાલ અને નગીનભાઈ માટે ભારે પ્રવૃત્તિનો રહ્યો. અથાક પરિશ્રમ, ગામગામનો રઝળપાટ, સંસ્થાના નિભાવ માટે નાણાભંડોળ ઊભું કરવાની જહેમત – આ બધું કરવામાં કોઈ-કોઈ સ્થળે અને પ્રસંગે લોકોના વલણમાં અનુભવવા મળતાં ઉદાસીનતા, ઉપેક્ષા અને અપમાન ભળેલાં હોય.... છુટાછવાયા કટુ અનુભવો કંઈ ધારણાબહારના નહોતા.

છાત્રાલયની સ્થાપના પછી તા. ૧-૩-૧૯૨૨થી 'પાટીદાર વિદ્યાલય'નો આરંભ થયો.

અને તા. ૨૨-૪-૧૯૨૩ના રોજ 'કડવા પાટીદાર વિદ્યાર્થી આશ્રમ'ના મકાનનો ખાતવિધિ થયો.

ખાતમહોત્સવના સમાપનમાં નગીનભાઈએ ટૂંકું છતાં મનનીય અને

વિચારપ્રેરક પ્રવચન કર્યું હતું. તેનાં પ્રથમ બે વાક્યો કોઈ ન જાણે કે ન સમજે એવા ભાવિનો સંકેત કરનારાં અને ડ્રામેટિક આયરની (નાટકીય વક્રતા)થી વ્યંજિત હતાં, જે આ પ્રમાણે હતાં: 'અમારા માટે ભવિષ્યમાં ઘણા પ્રસંગો અનુભવવામાં આવશે. તેમાંનો આ પહેલો અને એક અનેરો પ્રસંગ છે...'

એમના માટે આ છેલ્લો પ્રસંગ નિર્માયો હતો એ ખુદ નગીનભાઈ ક્યાં જાણતા હતા?

સંસ્થામાં એકાએક આંધી ફૂંકાઈ સંસ્થાના બંધારણના ગઠનની ઘટનાના આધારે. ખાતમહોત્સવના દિવસે સાંજે ચાર વાગ્યે સંસ્થાના બંધારણની ચર્ચા માટે સાધારણ સભા મળવાની હતી. બંધારણનો મુસદ્દો નગીનભાઈએ તૈયાર કર્યો હતો.

આ બંધારણના ખરડાની વિરુદ્ધમાં શાળાના ચારેય શિક્ષકોએ ભારે વંટોળ ઊભો કર્યો. એમણે એવું જાહેર કર્યું કે જો આ મુસદ્દો પસાર કરીને એને બંધારણનું રૂપ આપવામાં આવશે તો ચારેય શિક્ષકો નોકરીમાંથી રાજીનામું આપી દેશે. શિક્ષકોનો આ ગેરબંધારણીય તકાદો હતો. એક પ્રકારનું ત્રાગું જ! ખરડાને મંજૂર કરવો કે નામંજૂર કરવો એ કારોબારી સભા અને સાધારણ સભાના અધિકારની વાત હતી. ખરડો નામંજૂર કરવા માટે શિક્ષકો આવું અણઘટતું દબાણ લાવી શકે નહીં. એ મંડળના કે કારોબારીના સભ્ય હોય તો ગૃહમાં ચર્ચામાં ભાગ લઈને વિરોધ કરી શકે. આખરે તો નિર્ણય સાધારણ સભાનો જ હોય. શિક્ષકોએ આ ઉપાડો લીધો હતો એની પાછળ એ કારણ હતું કે નગીનભાઈએ જે ખરડો તૈયાર કર્યો એમાં એમણે પ્રમુખ, મંત્રી અને ગૃહમાતા કાયમ રહે એવી જોગવાઈ રાખી હોવાની આ શિક્ષકોની માન્યતા હતી અને એમણે એવું માની લીધું હતું કે નગીનભાઈ કાયમ માટે મંત્રીની જગ્યા ઉપર રહેવા માગે છે અને એમનાં બહેનને ગૃહમાતાની જગ્યા પર રાખવા માગે છે. આ ગૃહમાતાનું પદ સમજાય એવું નહોતું. એ વર્ષોમાં કન્યા છાત્રાલયનું કોઈ અસ્તિત્વ નહોતું.

બંધારણની ચર્ચા માટે પંદર દિવસ પછી સાધારણ સભા ફરી મળે એવું નક્કી થયું. નક્કી થયા પ્રમાણે સાધારણ સભા અમદાવાદ ખાતે શેઠ શ્રી દુર્ગાપ્રસાદ લશ્કરીના બંગલે મળી અને ખરડામાં ઘટતા સુધારાવધારા કરીને બંધારણ પાસ કર્યું.

સાધારણ સભા મળી એ અગાઉ નગીનભાઈએ પોતાના પદ પરથી રાજીનામું આપી દીધું હતું. એના આધારે એ તા. ૫-૮-૧૯૨૩થી છૂટા થયા.

છૂટા થયા પછી એ નાગપુર સત્યાગ્રહમાં જોડાઈ ગયા.

નગીનભાઈ સંસ્થામાંથી છૂટા થવા એ ઘટના અંગે છગનલાલ પીતાંબરદાસ (છગનભા) એમણે નગીનભાઈ સંબંધી વાર્ષિક નિવેદનમાં આ પ્રમાણે લખ્યું હતું : 'આ કેળવણી મંડળની સ્થાપના સં. ૧૯૭૫ના જેઠ સુદ-૧૧ને રોજ ભાઈશ્રી નગીનભાઈના ખંતપૂર્ણ પ્રયત્નથી થઈ. બીજે જ વર્ષે તેમના જ પ્રયત્ને સં. ૧૯૭૬ના ચૈત્ર સુદ બીજના રોજ 'પાટીદાર આશ્રમ'ની સ્થાપના થઈ. પછી બે વર્ષે એટલે ૧૯૭૮ના ચૈત્ર માસ અરસામાં 'શ્રી પાટીદાર વિદ્યાલય'ની શરૂઆત થઈ.

આ સ્થળે જણાવતાં દિલગીરી ઉત્પન્ન થાય છે કે આ સંસ્થાઓની ઉત્પત્તિ જેને આભારી છે તે ભાઈ નગીનભાઈ અમાસ વદ-૮ના રોજથી આ સંસ્થામાંથી છૂટા થયા છે.'

છગનભાના આ શબ્દો પછી નગીનભાઈ વિશે કંઈ કહેવાની જરૂર જણાતી નથી. સંસ્થાની સ્થાપના અને આરંભના વર્ષોના નગીનભાઈના પુરુષાર્થ વિશે છગનભાએ પૂરી સ્પષ્ટતા કરી છે. સંસ્થાની સ્થાપના અગાઉ, એ કાર્ય માટે નગીનભાઈએ શી જહેમત ઉઠાવી હતી અને એ અંગે શો પુરુષાર્થ કર્યો હતો એ નગીનભાઈના છગનભા ઉપરના પત્રમાં ઘણું કહેવાયું છે. અહીં જરાક થોભીને એક પ્રશ્ન કરીએ – 'નગીનભાઈ ચિત્રમાં ન હોત તો ?'

કલ્પનામાં વિવિધ ઉત્તરો મેળવી શકાય એમ છે.

કલ્પનામાં ઉત્તરો મેળવ્યા સિવાય આપણે છગનભાના પુરુષાર્થને વંદીએ. આપણી સારીયે જ્ઞાતિ અને ઉત્તર ગુજરાત એમનું ઋણી છે.

આટલી ભૂમિકા પછી આરંભના મારા પ્રશ્નનો ઉત્તર હવે આ પ્રમાણે શરૂ થાય છે. નગીનભાઈનો પુરુષાર્થ આપણી સંસ્થાના ઉદ્‌ભવમાં એક મહત્ત્વના કારણરૂપ હોવા છતાં આજે આપણે એમનું નામ પણ જાણતા ન હોઈએ એવું બન્યું છે. એનું કારણ એટલું જ કે કોઈએ એમના પેલા ઊહાપોહ કે એમના અથાક પુરુષાર્થ વિશે કશું જ લખ્યું નથી. એટલે એવું બન્યું કે નગીનભાઈને કામ કરતા જેમણે જોયા એમણે એમને જાણ્યા. પછીનાં વર્ષોમાં જે નગીનભાઈને જાણતા હતા એમણે પ્રસંગોપાત્ત કોઈ કોઈને એમના વિશે થોડુંઘણું કહ્યું. પછી કહેનારા ન રહ્યા અને જાણનારા ન રહ્યા. નગીનભાઈ વિસ્મૃતિના પડદા પાછળ ધકેલાઈ ગયા. એમનું કામ નાનુંસૂનું નહોતું, છતાં ભુલાઈ ગયા. નામશેષ પણ ન રહ્યા.

માણેકલાલભાઈનું કામ ભગીરથની યાદ આપે એવું છે. ભગીરથે તો એક

જ ગંગાનું અવતરણ કરાવ્યું હતું. માણેકલાલભાઈએ તો અનેક જ્ઞાનશાખાઓની ગંગાઓનાં અવતરણ કરાવ્યાં છે. આમ હોવા છતાં એમના વિશે કશું ન લખાય તો લોકો કદાચ લાંબા સમય સુધી યાદ કરતા રહે એ ખરું પણ એ જે હતા, જેવા હતા એ વિશેનું જ્ઞાન ધીરે-ધીરે ધૂંધળું થવા લાગે અને એમના મૂળ સત્ત્વ (essence) ને પરખનારા ભાગ્યે જ જડે. આવું ન બને એટલા માટે મેં આ પુસ્તકની રચના જરૂરી બલ્કે અનિવાર્ય ગણી છે એટલે એ તૈયાર કર્યું છે. આમ કરવાથી માણેકલાલભાઈના વ્યક્તિત્વને કેટલો ન્યાય આપી શકાયો એ તો કહી શકાય એમ નથી, પણ એક ધ્રુવ પુરુષ વિશે લખવામાં મને આત્મસંતોષ થયો એ મારું સદ્‌ભાગ્ય માનું છું.

ગણનાતીત સમયથી (from times immemorial) ધ્રુવનો તારો માનવજાત માટે પથપ્રદર્શક બની રહ્યો છે. દરિયાખેડુઓ, રણમાં માર્ગ કાપતા કાફલાઓ માટેનો એ કાયમી રાહબર. વર્તમાન સમયમાં પણ શારીરિક સિતમથી લોહીલુહાણ થતા, ભૌતિક ચીજોની જેમ ભરબજારમાં વેચાઈને પરિવારથી કાયમ વિખૂટા પડતા, મુક્તિ માટે ગુલામીની ચુંગાલમાંથી ભાગી છૂટેલા અને એક હજાર માઈલની લંબાઈવાળા અંડરગ્રાઉન્ડ* રેઈલ રોડ પર નદી-નાળાં, ઝાડ-ઝાંખરાં, જંગલ, ખીણ, ખરાબા પર લપાતાછુપાતા હબસી ગુલામોનો પણ એ રાહબર. હંમેશાં દૃશ્યમાન, સ્થિર, અડગ અને અચલ. માણેકલાલભાઈ પણ વિકાસ અને પ્રગતિના માર્ગ પર ધ્રુવતારકની જેમ સૌના પથપ્રદર્શક, સદા અડગ અને અચલ તેથી પ્રેરણાદાયી. આ સમજ હેઠળ આ ચરિત્રગ્રંથના ટાઇટલમાં માણેકલાલભાઈના નામ સાથે 'ધ્રુવતારક' શબ્દસમાસ જોડ્યો છે.

બ્યાસી વર્ષ ઉપરાંતના જીવનફલકને માત્ર બસો-અઢીસો પાનાંના વિસ્તારમાં કેવી રીતે સમાવી શકાય? આમ છતાં માણેકલાલભાઈ સાથેના પાંચ દાયકા કરતાં વધારે સમયના નિકટના સંબંધોના કારણે એમના જીવનની કેટલીક ઘટનાઓના અનુભવને એમણે અંગત ન રહેવા દેતાં એને જીવનરહસ્ય (ફિલસૂફી) રૂપે સ્વીકારીને સર્વાનુભવનું કારણ બનાવી હતી એ હું જોઈ શક્યો હતો. જેમ

* રસ્તાનું નામ છે. હવે એ નથી. આ માર્ગ નહોતો ભૂગર્ભમાં કે નહોતો એના પર કોઈ રેલવે લાઇન. એ માર્ગ ઉપર વિવિધ સ્થળે સ્ટેશનો હતાં ખરાં, જ્યાં ભાગી રહેલા ગુલામોને આશ્રય મળતો અને આગળ વધવા માટેનું માર્ગદર્શન મળતું. ભયનું કારણ હોય તો ચેતવણી પણ ફાનસના લાલ પ્રકાશ દ્વારા મળી રહેતી.

કે એ અભ્યાસમાં તેજસ્વી હતા પણ કશા અવરોધ વગર અભ્યાસ કરવાની એમને તક ન મળી. પ્રાથમિક અને માધ્યમિક અભ્યાસ વખતે રોજ આઠ કિલોમીટરની ખેપ, માર્કેટમાં શાકભાજી પહોંચાડવાની જવાબદારી, ખેતીમાં આપવો પડતો સમય – આ બધાં નિરાંતે અભ્યાસ કરવાની સગવડમાં બાધક પરિબળો હતાં. એમણે એ અનુભવ્યું, પણ કદી એની સામે કશો બળાપો ન કર્યો. સ્વીકારી લીધું, પણ પોતાની જીવનરીતિમાં એનો કેવો સરસ રીતે ઉપયોગ કર્યો! એમણે હાથ પર લીધેલા કેળવણીનાં કાર્યોમાં વિદ્યાર્થીને બરાબર નજર સમક્ષ રાખ્યો. એનો અભ્યાસ સુગમ બને એ માટે એમણે આંખ મીંચીને વિદ્યાર્થી માટે સગવડો ઊભી કરી. ભૌતિક સગવડો ઊભી કરી અને આર્થિક રાહતો પણ આપી. શિક્ષણવ્યવસ્થા પણ ઉત્તમ પ્રકારે ગોઠવી.

આમ ઘણી રીતે એમણે જીવનના અનુભવોને ફિલસૂફીમાં ફેરવ્યા હતા. જેનો લાભ ઘડતર અને વિકાસ પામી રહેલાં વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓને ભરપૂર માત્રામાં મળતો રહ્યો.

માણેકલાલભાઈના જીવનમાંથી પ્રેરણા મળી રહે એવું ઘણુંબધું પાથેય છે. શ્રદ્ધા છે કે આ ગ્રંથમાંથી પણ એવું કેટલુંક મળી રહેશે.

આ ગ્રંથની પાઠ્યસામગ્રી તૈયાર કરવામાં ડૉ. રામભાઈ પડેલ, ડૉ. કનુભાઈ પટેલ, શ્રી વલ્લભભાઈ (સરદાર), શ્રી મનુભાઈ પટેલ (પૂર્વ આચાર્ય અને વર્તમાન મંત્રી) ડૉ. મણિભાઈ પટેલ, શ્રી મણિભાઈ પ્રજાપતિ વગેરે સ્નેહી અને સ્વજનો મિત્રોનો ઉમળકાભર્યો સહકાર મળી રહ્યો છે. આ ઉપરાંત 'કર્મચૂડામણિ માણેકલાલ' પુસ્તકમાંથી કેટલાક લેખોમાંથી કેટલીક ઉપયોગી સામગ્રી મને મળી રહી છે અને મળેલા શ્રદ્ધાંજલિ લેખોમાંથી પણ જરૂરી માહિતીનો ઉપયોગ મેં આ ગ્રંથ માટે કર્યો છે. આ માટે ઉપરોક્ત સૌ સહાયક મહાનુભવોનો આભાર માનવાની તક અત્રે લઉં છું. આ ગ્રંથ તૈયાર કરવા માટેની જવાબદારી મને સોંપીને મને ઉપકૃત કરવા માટે સર્વ વિદ્યાલય કેળવણી મંડળ અને તેના સઘળા હોદ્દેદારોનો આભારી છું.

**– મોહનલાલ પટેલ**

તા. ૧૮-૧૦-૨૦૧૨
૫૦૧/૨૧, સત્યાગ્રહ છાવણી,
સેટેલાઈટ રોડ, અમદાવાદ-૩૮૦૦૧૫.
ફોન : (૦૭૯) ૨૬૮૬૨૫૯૮

# અનુક્રમ

૧. જન્મભૂમિ : વતન ........ ૧
૨. એક આકરો ડામ ........ ૬
૩. પ્રાથમિક શિક્ષણ ........ ૧૦
૪. સર્વ વિદ્યાલયમાં ........ ૧૪
૫. ગુજરાત કૉલેજમાં ........ ૨૩
૬. સી. ઓ. સાહેબ ........ ૨૯
૭. ભાગ્યોદય હૉસ્પિટલના સેટલર ........ ૩૮
૮. સમાજસેવાનું પ્રથમ કદમ ........ ૪૪
૯. ઑઇલ, જિનિંગ, પ્રેસિંગની દુનિયામાં ........ ૪૯
૧૦. ચેરમૅન : કડી નાગરિક સહકારી બૅન્ક ........ ૫૬
૧૧. સિંહપુરુષ કેમ છેતરાયો ........ ૬૪
૧૨. મેજર ઑપરેશન ........ ૭૨
૧૩. ઊલઝ્યાં કામ ઉકેલ્યાં ........ ૭૭
૧૪. કાળુપુર કૉમર્શિયલ સહકારી બૅન્ક કન્યા કેળવણી સંકુલ ........ ૮૬
૧૫. ફાર્મસી કૉલેજ ........ ૯૪
૧૬. એન્જિનિયરિંગ કૉલેજ અને પૉલિટેક્નિક સંસ્થા ........ ૧૦૨
૧૭. નર્સિંગ કૉલેજ ........ ૧૦૫
૧૮. કડી સર્વ વિશ્વવિદ્યાલય ........ ૧૦૯
૧૯. કેળવણીવિદ્ સંચાલક ........ ૧૧૨
૨૦. સાહિત્યના સંગી ........ ૧૨૦
૨૧. એક બૃહદ્ પરિવારના મોભી ........ ૧૨૮
૨૨. ગુસ્સો નહીં, પુણ્યપ્રકોપ ........ ૧૪૩

૨૩. વાણીસંમોહન ........ ૧૪૭
૨૪. માણેકલાલ : અમારા તો સી.ઓ. સાહેબ જ ! ........ ૧૫૩
૨૫. સંબંધોનો અદ્ભુત માણસ ........ ૧૬૦
૨૬. મહાજનપરંપરાના માણસ ........ ૧૬૯
૨૭. સાચના સાથી ........ ૧૭૪
૨૮. સ્વયંસિદ્ધ પુરુષ ........ ૧૮૨
૨૯. પ્રકૃતિ અને પર્યાવરણ ........ ૧૮૯
૩૦. જ્યાં ફિરસ્તાઓ ડગ માંડતાં ડરે છે ........ ૧૯૪
૩૧. જીવનકિતાબનું અંતિમ પાન ........ ૧૯૮
૩૨. એક બીજા છગનભાએ વિદાય લીધી ........ ૨૦૨
૩૩. માન, અકરામ અને અંજલિ ........ ૨૦૮
● સંસ્થા પ્રશસ્તિ ગીતો ........ ૨૧૭

# ધ્રુવતારક
## શ્રી માણેકલાલ પટેલની
## જીવનકથા

●

**મોહનલાલ પટેલ**

## ૧

# જન્મભૂમિ : વતન

વીસમી સદીના મધ્યકાળ સુધી આપણા દેશમાં ગામડાંઓને જોડતા રસ્તા આજના રસ્તા જેવા પાકા અને સફાઈદાર નહોતા. ક્યારેક ખેતરો વચ્ચે થઈને કાઢેલાં નેળિયાં તો ક્યારેક મોકળાશવાળા ધૂળિયા રસ્તા વચ્ચે થઈને જતી ગાડાવાટ એ જ માર્ગ, સગવડ સચવાઈ જતી અને કામ નભી જતું. આ બધું ખરું, પણ કડી-ડાંગરવાનો રસ્તો સાવ ભિન્ન. પહોળો અને રેતાળ. એને ધૂળિયો નહીં કહી શકાય. નદીની રેતીના બારીક કણનું બનેલું હોય એવું એનું કલેવર. વેંતવેંતનું અને ક્યાંક-ક્યાંક એથીય વધારે એનું દળ. કોઈ પણ પ્રકારના કચરા-કૂડાથી પ્રદૂષિત થયા વગરનો એ માર્ગ. ચોમાસે-ચોમાસે વરસાદના પાણીથી અભિષેક પામીને સદા ઊજળો રહેતો. ચમક ધારણ કરીને સૂર્યના તડકામાં આંખને આંજે અને ચંદ્રના અજવાળામાં એને ઠારે. એના પર ચાલનારના પગ પેલા દળમાં ખૂંપે અને શરીરમાં થાક ભરાવા માંડે.

કડીથી આ રસ્તે ડાંગરવા તરફ જતાં લગભગ ચારેક કિલોમીટરના અંતરે ઊંટવા ગામનું પાટિયું આવે. પાટિયાથી જમણી તરફ થોડું ચાલ્યા પછી ઊંટવા ગામ દેખાય. અંતર થોડું પણ વગડાઉ વનસ્પતિથી બરાબર ખચિત. આવળનાં ઝાડવાં, કેરડાનાં જાળાં, વીંછુડા, ગાડરી, દારૂડી, અંગાડી, સંગતરા વચ્ચે ક્યાંક-ક્યાંક ચણીબોરવાળી બોરડી... વગેરે જાણીતી કે અજાણી વનસ્પતિની અડાબીડ જટાજાળથી ગામ તરફનો આ રસ્તો ભરચક હતો. પ્રકૃતિનું એક સમ્યક્ દર્શન, કુદરતનું એક ઊર્મિકાવ્ય જ જાણે! મોસમ પ્રમાણે સૌ ખીલે. શરદઋતુમાં આવળનાં ઝુંડ પીળા રંગથી લહેરાવા લાગે અને વસંતમાં કેરડા કેસરી છાંટવાળા રાતા રંગના વાઘા ધારણ કરે. આંખ ધરાય નહીં અને ચિત્ત આનંદમાં મગન થઈ જાય.

ગામનું દર્શન સ્પષ્ટ થાય એ પહેલાં ગામનું તળાવ આવે. ભારતમાં તળાવ વગરના ગામની કલ્પના અશક્ય. પારિવારિક દિનચર્યામાં ગામના તળાવનું સ્થાન અનોખું. વહેલી સવારે ઢોર-ઢાંખરને પાણી પીવાની પ્રવૃત્તિથી એ શરૂ થાય તે સૂર્યાસ્ત સુધી જુદા-જુદા કામ નિમિત્તે ગામલોકનું તળાવ સુધી આવન-જાવન ચાલ્યા કરે. કિશોરોના જીવનમાં ગામનું તળાવ તો બાળપણની એક સ્મૃતિમંજૂષા બની રહે. કાંઠાનાં વૃક્ષોમાં આમલીપીપળી રમવાનું, પાણીમાં તરતાં શીખવાનું, ઉમળકો જાગે ત્યારે સમય-કસમય જોયા વગર એમાં નાહવા પડવાનું, કાંઠા પરનાં વૃક્ષોની ઝૂકેલી ડાળીઓ પરથી પાણીમાં ભૂસકા મારવાનું – આ બધું કિશોરાવસ્થા સાથે બરાબર જોડાયેલું છે. ઊંટવા ગામના કિશોરો માટે આ તળાવ એક ડિઝનીલૅન્ડ, જાતજાતનાં સાહસો અને રાઇડો અહીં થાય. કિશોર માણેક એમાં કેમ બાકી હોય ?

ઊંટવાના તળાવનુ બંધારણ અન્ય ગામડાંનાં તળાવો કરતાં થોડું જુદું હતું. તળાવની પાળો ઊંચી એટલે ઓછા વરસાદમાં પાણીની સપાટી નીચી રહે એટલેદષ્ટિભ્રમથી આ તળાવ એક વિશાળ બ્રહ્મકુંડ જેવું લાગે, પણ ભરપૂર વરસાદ વખતે એ નાનું સરખું એક લહેરાતું સરોવર જણાય.

કાંઠા પરનાં વૃક્ષોમાં વડ કે રાયણ જેવાં વિશાળ કદનાં વૃક્ષોનો અભાવ મનને જરાક કઠે એવો હતો. પણ લીમડા, એક ઘટાદાર પીંપળ અને ઉત્તર કાંઠા પરનાં ત્રણ-ચાર બાવળનાં વૃક્ષો તળાવની શોભાને ઊણી થવા દેતાં નહોતાં.

બાવળનાં પેલાં વૃક્ષો શરદઋતુમાં પીળાં ફૂલથી ઊભરાતાં હતાં અને એમના પરથી તળાવમાં ખરેલાં ફૂલથી એક રમણીય પીળા રંગની બિછાત રચાતી હતી. આ મનોહારી રંગનજારો જોઈને કોઈ સાહિત્યરસિયા જીવને 'કીર્તિ કૌમુદી'ની સ્મૃતિ થઈ આવે તો નવાઈ નહીં. 'કીર્તિ કૌમુદી' ગ્રંથમાં કવિ સોમેશ્વરે સહસ્રલિંગ સરોવરે એના જુદા-જુદા ભાગમાં જુદા-જુદા કારણે ધારણ કરેલા વિવિધ રંગોનું મનભાવન વર્ણન કર્યું છે. એક સ્થળે સ્નાન કરતી સ્ત્રીઓના સ્તન પરના કુમકુમના અંગરાગથી પાણીને રક્તવર્ણું થયેલું તો બીજા સ્થળે ખીલેલાં કમળની રજના પથરાટથી પાણીને પીંગળવર્ણું થયેલું વર્ણવ્યું છે.

સહસ્રલિંગ જગવિખ્યાત સરોવર. વિસ્તારની બાબતમાં એની આગળ ઊંટવાના તળાવનો શો હિસાબ ? પણ રમણીયતા સ્થળ કે તેના પ્રમાણની મોહતાજ નથી. વિરાટ કે ક્ષુદ્ર સ્થળે રમણીયતા સરખા ગૌરવથી શોભે છે. કવિ સોમેશ્વરે સહસ્રલિંગ સરોવરના એક સ્થળે જે રમણીયતા જોઈ, બરાબર

એવી જ કદાચ એથીય વધારે ઉત્કૃષ્ટ રમણીયતા ઊંટવાના તળાવમાં પણ જોઈ શકાય. ઊંટવાના તળાવ ઉપરનાં બાવળનાં પીળાં ફૂલોનો સૂર્યપ્રકાશમાં આલોકિત રંગ આમ કહેવા પ્રેરે છે.

દિવાળીનું પર્વ નજીક આવે ત્યાં સુધીમાં તળાવના પાણીએ થોડે દૂર ખસી જઈને કાંઠા ઉપર જગ્યાની મોકળાશ કરી આપી હોય. કાંઠાની ખુલ્લી થયેલી આ જમીન તડકામાં સુકાઈ હોય. આ જગ્યા ઉપર ગામની સ્ત્રીઓ દિવાળીના તહેવાર નિમિત્તે ઘરનાં તાંબાપિત્તળનાં વાસણનો ખડકલો કરે. ઘડા, ચરુડીઓ, ગોળી, વટલોઈ, પવાલી વગેરે ઘરની અભરાઈ ઉપર કે ઓરડામાં જે હોય તે બધું એકસાથે અથવા બે-ત્રણ તબક્કે ઘસી ઘસીને ચળકતું કરે, ઉપર રેતી છાંટે અને તડકે મૂકે... થોડા દિવસ માટે આ પ્રવૃત્તિના કારણે તળાવનો કાંઠો વાસણના ખખડાટ અને મહિલાઓના શોરબકોરથી મુખર બની જતો.

એ તળાવના અગ્નિ ખૂણે એક કૂવો છે. હાલ એનો કોઈ ઉપયોગ રહ્યો નથી અને એમાં પાણી પણ ક્યાં છે ? એક સમયે એ કૂવામાં ભરપૂર પાણી હતું. સવારના અજવાળામાં પાણીનાં સૂઝણાં થાય ત્યારથી તે સાંજે કૂવામાં અંધારું ઊતરવા માંડે ત્યાં સુધી એના કાંઠે અને પગથાર ઉપર ગામની સ્ત્રીઓનો મેળો જામેલો રહેતો. ઘરવપરાશના પાણી માટે આ કૂવો જ એક આધાર.

વીસમી સદીના ચોથા દાયકામાં ઊંટવા ગામની વસ્તી લગભગ ૧૨૦૦ની સંખ્યામાં હતી. એમાં મુખ્યત્વે પાટીદાર, હરિજન, ગરાસિયા-દરબાર અને ઠાકોર હતા. બ્રાહ્મણ, વાણિયા તેમ જ અન્ય કોમની સંખ્યા જૂજ હતી.

ગામનો મુખ્ય વ્યવસાય ખેતી અને પશુપાલન. પાટીદાર ઉપરાંત ઠાકોર અને ગરાસિયા પણ ખેતીના વ્યવસાયમાં હતા. ગામની કેટલીક કોમોના માણસો ખેતમજૂર તરીકે રોજી મેળવતા. આ ઉપરાંત સારી એવી સંખ્યામાં ગામના માણસો કડીની છોટાલાલ સ્પિનિંગ ઍન્ડ વિવિંગ મિલ્સમાં મજૂરીએ જતા. આ બધા વ્યવસાયિક આધારોના કારણે ગામની પ્રજાનો નિર્વાહ અને એના સામાજિક વ્યવહારો સચવાઈ રહેતા હતા.

પ્રત્યેક ગામની એક છાપ હોય છે. એને આપણે ગામના કેરેક્ટર તરીકે ઓળખી શકીએ. ઊંટવા ગામની છાપ વિશે કોઈ પૂછે – 'ઊંટવા ગામ કેવું ?' તો કશા ખચકાટ વગર કહી શકાય કે 'ગામ સીધું, સરળ અને સંપીલું,' આ જવાબ એ સમયના ઊંટવા વિશેનો છે, જ્યારે ભારત સાત લાખ ગામડાંમાં વસેલું હતું અને દેશની ૮૦ ટકા કરતાં વધારે વસ્તી ગામડાંમાં વસતી હતી.

બધાં ગામડાંમાં સો ટકા 'સીધું, સરળ અને સંપીલું' ગામ શોધ્યું ન જડે એમાં ઊંટવા શી રીતે અપવાદ હોય? જ્યાં જુદી-જુદી કોમોનો જથ્થો મોટો હોય ત્યાં ઝઘડા માટેનાં કોઈ ને કોઈ નિમિત્ત ઊભાં થવાનાં. ઝઘડાય થાય અને ક્યારેક એ ધિંગાણામાં પણ પરિણમે. ઝઘડામાંથી પ્રગટેલાં વેર વાળવાની તક ધુળેટીના દિવસે. ઊંટવા ગામના ઇતિહાસમાં ધિંગાણાં થયાં હોવાનું સાંભળવા મળ્યું છે, પણ હવે એ બધું અતીતમાં ધકેલાઈ ગયું છે. વર્તમાનમાં તો આ ગામ એકંદરે સંપીલું છે અને ગામના ઉત્સવો એકબીજાના સહકારથી આનંદભેર ઊજવાય છે.

આ ગ્રંથના ચરિત્રનાયક માણેકલાલનો ઊંટવા ગામ પ્રત્યે લગાવ કેવો? ઊંટવા માણેકલાલની જન્મભૂમિ – પોતાનું ગામ. એ ગામ સાથેના એમના પ્રેમની વાત કરતાં પહેલાં આપણે ટૉલ્સ્ટૉયને જરા યાદ કરી લઈએ. ટૉલ્સ્ટૉયનું ગામ યાસ્નાયા પોલ્યાના. સાવ નાનું ગામ. ખેડૂતોની વસ્તી. અભણ અને સાવ ગરીબ. ગામના આ માણસો એટલે સુધીના પછાત વિચારના અને જડ કે પત્નીઓને મારઝૂડ પણ કરે. આ જ ગામના વતની ટૉલ્સ્ટૉય ઘણા મોટા જાગીરદાર. એમની અસ્કયામતનો વૈભવ ભારે. એ મોટા વિચારક અને જગપ્રસિદ્ધ લેખક. એમના વિચારોનો ગાંધીજી પર પણ પ્રભાવ ખરો. એક દિવસ ગામના ખેડૂતોએ એમને પૂછ્યું: 'લીવ નિકોલાવીચ, તમે તો દેશપરદેશ ખૂબ ફર્યા છો, ત્યાં બધે અહીંના કરતાં બધું સારું-સારું હશે, નહીં?'

ટૉલ્સ્ટૉયે જવાબ આપ્યો: 'ના, જરાય નહીં. પોતાના વતન કરતાં જગતમાં ક્યાંય કશુંય વધારે સારું ન લાગે. મારા માટે જગતનું શ્રેષ્ઠ સ્થળ યાસ્નાયા પોલ્યાના છે.'

ટૉલ્સ્ટૉયનું ગામ કેવું હતું! માણસો કેવા હતા! છતાં જગતમાં એક મહાન વ્યક્તિ તરીકે પંકાયેલ ટૉલ્સ્ટૉયનો વતનપ્રેમ કેવા ઉચ્ચ પ્રકારનો અને ઉજ્જ્વળ હતો! ટૉલ્સ્ટૉયને ગામના અભણ અને નિર્ધન ખેડૂતો પ્રત્યે અપાર પ્રેમ હતો એ માનવીય લાગણીથી ગામના ખેડૂતોને મદદ કરતા. ટૉલ્સ્ટૉયની આ હતી વતનપરસ્તી અને ગામ સાથેની નિસબત.

ટૉલ્સ્ટૉયના વતનપ્રેમ કરતાં માણેકલાલનો વતનપ્રેમ જરાય ઊતરતી કક્ષાનો નહોતો. ગુણ એક વિભાવના છે. માણસની કક્ષા કે પદ સાથે એને કશો સંબંધ નથી. એ હૈયાની મિરાત છે. એના માટે ટૉલ્સ્ટૉય અને માણેકલાલ એવો ભેદ ન હોય.

ઈ. સ. ૧૯૫૮થી નોકરી અને પછી ઉદ્યોગના કારણે માણેકલાલ ભલે કડીમાં સ્થાયી થયા, પણ ઊંટવા એમને હૈયે વસેલું ગામ હતું. ગામમાં નાના-મોટા પ્રસંગોએ કે ઉત્સવો વખતે માણેકલાલની હાજરી ઊંટવામાં હોય જ. ગામલોકના સુખ-દુઃખના પ્રસંગો કે ઘટનાઓ વખતે ગમે તેવાં કામ પડતાં મૂકીને એ ગામલોકના સુખમાં સહભાગી થવા કે દુઃખમાં આશ્વાસન આપવા ઊંટવા પહોંચી જતા.

ઝાયણી (બેસતા વર્ષના પ્રથમ દિવસનું પર્વ)ના દિવસે વહેલી સવારે એ વતનમાં પહોંચી જતા. ગામલોકને મળતા અને નવા વર્ષના અભિનંદન પાઠવતા. એ દિવસે હરિજનવાસ તથા ઠાકોરવાસમાં જઈને વાસના લોકો માટે પાંચ-પાંચ હજાર રૂપિયા અચૂક આપતા. પોતાની હયાતી પછી પણ આ સિલસિલો ચાલુ રહે એ અંગેની સૂચના એમણે એમના પુત્ર વલ્લભભાઈને આપી રાખી હતી. જીવનનાં છેલ્લાં વર્ષોમાં એ ઝાયણીના પર્વ ઉપર ઊંટવા જઈ શકતા નહોતા પણ વલ્લભભાઈ આ રસમને સારી રીતે નિભાવતા હતા અને હવે માણેકભાઈના અવસાન પછી એ રસમ જાળવવા વલ્લભભાઈ વચનબદ્ધ છે.

ઉપર કહ્યું તેમ છેલ્લાં કેટલાંક વર્ષથી બેસતા વર્ષ નિમિત્તે એ વતન જઈ શકતા નહોતા, પણ ઊંટવાથી ગામલોકો એમને મળવા કે પાયલાગણ માટે કડી આવતા. મળવા આવનાર ગામલોકમાં હરિજનભાઈઓ અને ઠાકોરભાઈઓ પણ હોય.

ગામથી આવેલા આ ભાઈઓને જોઈને માણેકલાલ બહુ હરખાતા. સૌને એમના નામજોગ બોલાવીને પરિવારના ખબરઅંતર પૂછતા અને ખેતીવાડી અથવા ધંધા વિશે પૂછીને માહિતી મેળવતા. ક્યારેક તો કોઈ ઠાકોરભાઈને એના ખેતરનું નામ દઈને પૂછતા : ‘એ ખેતર તો સાચવી રાખ્યું છે ને ?’ ઠાકોરભાઈ હસતાં-હસતાં ખખડીને હકારમાં અને માણેકલાલના ‘પ્રતાપ’ને જશ આપીને વિદાય થતો.

આ ઊંટવા ગામમાં ઈ.સ. ૧૯૨૯ના ફેબ્રુઆરી માસની પહેલી તારીખે પિતા માધવલાલને ત્યાં દિવાળીબાની કૂખે બાળ માણેકનો જન્મ થયો.

માતાપિતાને સાચા અર્થમાં માણેક – એક ઉજ્જ્વળ લાલ રત્ન સાંપડ્યું.

❐

# ૨

# એક આકરો ડામ

ઊંટવામાં માધવલાલનું ઘર મધ્યમ સ્થિતિનું. ૧૯ વીઘા જમીનના એ માલિક ખરા, ખેતરોમાં પિયતની સુવિધા પણ ખરી, છતાં એકંદરે આમ ખેડૂતની જેમ એમની આર્થિક સ્થિતિ કુટુંબના નિભાવ પૂરતી સામાન્ય. પૂરક આવક માટે એ શાકભાજીનું પણ વાવેતર કરતા. શાકભાજીના વાવેતરમાં પણ કંઈ બહુ સારાવાટ નહોતી. આજના સમયમાં ટ્રકો મારફતે શાકભાજી અમદાવાદ, મુંબઈ જેવાં મોટાં શહેરોમાં પહોંચતી કરવામાં આવે છે એવી સુવિધા એ સમયમાં નહોતી. ઊંટવાના શાકભાજી વાવનારા ખેડૂતોને પોતાનો માલ કડીના બજારમાં મોકલવો પડતો. કડીની આસપાસ સઘળા વિસ્તારનો માલ એક જ સ્થળે ઠલવાય એટલે એના ભાવ ઉપર માઠી અસર થયા વિના ન રહે. જે વર્ષે માલનો ઉતાર વધારે હોય તે વર્ષે ભાવ તળિયે જઈને બેસે. રીંગણાંનો ભાવ એક રૂપિયાનાં સોળ મણ થયાનાં ઉદાહરણ છે. આવી સ્થિતિમાં ખેડૂતની શી દશા થાય ?

માધવલાલના સામાન્ય સ્થિતિના કુટુંબમાં બાળ માણેકનો જન્મ થયો. માણેકના જન્મ પહેલાં કુટુંબમાં એક ભાઈ અને એક બહેનનો જન્મ થયો હતો. આ ત્રણે ભાઈબહેનમાં માણેકનું શરીર સાવ એકવડિયું અને નબળું. કમનસીબે આવા નબળા શરીર ઉપર એક વાર ગૂમડું થયું. ગૂમડાનું સ્થાન છાતી ઉપર. વિચિત્ર પ્રકારનું આ ગૂમડું કાયમી હોય એમ થાય, વધે, પાકે અને ફૂટે. આમ ચાલ્યા કરે. ગૂમડામાં પાક થાય ત્યારે લબકારા મારે અને એની પીડા માણેક માટે ત્રાસદાયક અને અસહ્ય બની રહે. નાનું બાળક તે કેટલું સહન કરી શકે ? ગૂમડું ફૂટવા અગાઉ માણેકની થતી પીડા માધવલાલ અને દિવાળીબા જોઈ શકતાં નહોતાં. જમાનો એવો કે એક ગૂમડા માટે કોઈ

દવાખાને જાય નહીં. અને તેય છેક કડી જવું પડે. પ્રચલિત ઘરગથ્થુ ઉપાય કરી જોયા પણ કોઈ ઉપાય ધાર્યું પરિણામ આપી શકતો નહોતો.

એક દિવસ જૈફ વયના એક વડીલ માધવલાલને રસ્તે મળી ગયા. બાળક માણેકના ગૂમડા વિશે એ જાણતા હતા. એકલા આ જૈફ વડીલ જ કેમ ? દીકરાની પીડાથી દુઃખી દિવાળીબા ગૂમડાના ઉપચાર અંગે ગામનાં ઘણાં માણસોને મળી ચૂક્યાં હતાં એટલે માણેકનું આ ગૂમડું ઘણું પ્રચાર પામ્યું હતું.

રસ્તે મળી ગયેલા આ વડીલે, સો વાતની એક વાત કહેતા હોય એમ માધવલાલને કહ્યું : 'દીકરો લાંબા વખતથી પીડાય છે; ગૂમડું મૂળમાંથી નહીં નીકળે ત્યાં સુધી વારેવારે દેખાડો દીધા જ કરવાનું. ગૂમડાને મૂળમાંથી જ કાઢવાનો ઉપાય કેમ નથી કરતા, માધાભાઈ ?

વડીલ શું કહેવા માગે છે એ માધવલાલ સમજ્યા હશે એટલે એમણે કશો ઉત્તર આપ્યો નહીં. વિચારમાં પડી ગયા હોય એમ ચાલતા રહ્યા.

'ડામ દેવડાવો. રોગ મૂળમાંથી જશે.' કહીં વડીલ પોતાના રસ્તે ગયા. અને માધવલાલ ઘર તરફ ગતિ કરતા રહ્યા.

એ જમાનામાં ડામ દેવાની ચિકિત્સા ગામડાંમાં પ્રચલિત હતી, બાળક શરીર ન 'લેતું' હોય, અપચા-ઝાડાનો વ્યાધિ સતત રહેતો હોય... આવા કે તે પ્રકારના વ્યાધિ માટે લોકો માથામાં ખોપરીના નાજુક લાગતા કોઈ ભાગમાં ડામ દેવડાવતા. પેટમાં ગાંઠ હોય તો અંદાજિત જગ્યા શોધીને પેટ પર ડામ દેવામાં આવતો. ક્યારેક પેટ પરનો આ ડામ એટલા મોટા પ્રમાણમાં દેવાતો જે ખુદ એક વ્યાધિ બની રહેતો. ડામ દેનારા નિષ્ણાતો અમુક ગામમાં જ હોય. ઉપાય શોધનારાઓએ આવા નિષ્ણાતની શોધ કરીને એને ત્યાં પહોંચી જવું પડે. ક્યારેક આવા નિષ્ણાતો એટલા ખ્યાત બની ગયા હોય કે એમનાં ઠામઠેકાણાં કે ગામ શોધવાની જરૂર ન રહે. પેટની ગાંઠ ઉપર ડામ દેનારા બનાસકાંઠાના ગઢ-મડાણા ગામના નિષ્ણાતની ખ્યાતિ મહેસાણા જિલ્લાનાં અંતરિયાળ ગામો સુધી પહોંચી હતી.

પેલા જૈફ વયના વડીલ ડામ એ જ આખરી ઉપાય હોવાની વાત કરીને એમના રસ્તે ચાલતા થયા, પણ 'ડામ' શબ્દ માત્રથી માધવલાલના ચિત્ત ઉપર કેવો ઘા થયો હશે એ તો કોણ કહી શકે ? વડીલની વાત એક નિઃસ્વાર્થ સલાહરૂપ હતી. સાચી હતી. માધવલાલના ગળે ઊતરી પણ હશે જ. બે વર્ષથી કનડી રહેલું ગૂમડું મૂળથી નાબૂદ કર્યા સિવાય કેડો નહીં છોડે

એ વાત સમજાય એવી સરળ હતી. પણ એનો અમલ? કેવો આકરો અને બિહામણો! ગૂમડાને સહેજ સ્પર્શ થઈ જાય તોપણ ચીસ પાડી ઊઠતું બાળક ધગધગતા સળિયાનો ડામ કેવી રીતે સહન કરી શકે? આના વિચાર માત્રથી આંખે અંધારાં આવી જતાં હતાં. એ ઉપાયને અમલમાં શી રીતે મૂકી શકાય?

પેલા વડીલે આપેલી સલાહ વિશે માધવલાલે કેટલું મનોબળ એકઠું કરીને દિવાળીબાને કહ્યું હશે? કહ્યું જ હોય. વિચારણા પણ કરી હશે. છૂટકો ન હોવાના કારણે નિર્ણય પણ લીધો – ડામ દેવડાવવાનો.

આ નિર્ણય લેતાં પહેલાં પતિ-પત્ની કેવી મનોસ્થિતિમાંથી પસાર થયાં હશે એ આપણે જાણતા નથી, પણ આ નિર્ણય લીધા પછી એમની ઊંઘ ઊડી ગઈ હશે એ સમજી શકાય એવું છે. ઘોર અને પિશાચી ચિકિત્સા! સાંભળનારનું મન પણ કંપી ઊઠે!

દિવસ નક્કી થયો અને નિશ્ચિત સમયે માતા-પિતા માણેકને લઈને ગામઠી ચિકિત્સકને ત્યાં પહોંચી ગયાં.

ઘર પાછળના વાડામાં બધી તૈયારીઓ રાખેલી હતી.

આવા કઠોર કાર્ય વખતે સ્ત્રીઓ ઘણુંખરું એનાથી દૂર રહેતી હોય છે. કોઈને ઇંજેક્શન અપાતું હોય ત્યારે પણ કેટલીક સ્ત્રીઓ મોઢું ફેરવી લે છે. અત્યારે બાળ માણેકને ડામ દેવાની પળ આવી ત્યારે દિવાળીબાના મનની શી સ્થિતિ હશે એ કલ્પી શકાય એમ છે. કદાચ દિવાળીબાની બાબતમાં આપણી કલ્પના કે ધારણા સાચી ન પણ હોય. એ જે હોય તે, પણ આપત્તિ કે વિપત્તિની પળોમાં ઘણી વાર કોઈ અજાણ શક્તિ માણસમાં પ્રગટતી હોવાનું આપણે જાણીએ છીએ. અત્યારની ઘટનામાં દિવાળીબાએ જે હિંમત અને ધૈર્ય દાખવ્યાં એમાં પેલા શક્તિપ્રાકટ્યનો મહિમા જોઈ શકાય છે.

કાર્ય ગમે તેવા સમર્થ માનવીના પગે પાણી ઉતારે એવું હતું.

ડામ દેવાયો.

પણ એ ડામ નબળા શરીરવાળા માણેકના ગજા બહારનો નીવડ્યો અને બાળમાણેક બેહોશ થઈ ગયો. એણે પૂરેપૂરું ભાન ગુમાવ્યું.

માણેક બેહોશ હતો એટલું જ. એના હોશમાં આવવાની રાહ જોયા સિવાય બીજો માર્ગ નહોતો.

પળ-પળ ગણીને સૌએ ઊંચા જીવે ત્રણેક કલાક સુધી રાહ જોયા કરી.

જીવ પડીકે બંધાયા હતા અને ડામ દેનાર તો જાણે કોઈ અપરાધ ભાવથી ક્ષુબ્ધ હતો. એની વાણીમાં વારંવાર લાચારી પ્રગટ થતી હતી. આ ભાઈને આશ્વાસન આપતાં હોય એમ દિવાળીબા કહેતાં, 'ભાઈ, એમાં તમારો શો દોષ ? અમારા માણેકનું શરીર તકલાદી, એ ડામ જીરવી ન શક્યું. ભગવાન પર ભરોસો રાખીએ. એ સૌ સારાં વાનાં કરશે.'

આખરે ભગવાને સારાં વાનાં કર્યાં. ત્રણેક કલાક પછી માણેકને ભાન આવ્યું, મોટી રાહત એ હતી. થોડા દિવસ સુધી દાઝની બળતરા અને વેદના ખૂબ રહ્યાં. ડામ દેનાર ભાઈએ સૂચવ્યા પ્રમાણે વનસ્પતિને લગતા ઘરગથ્થુ ઉપચાર ચાલુ રાખ્યા.

અને છેવટે અવધિ પૂરી થતાં બાળક માણેકને પેલા ત્રાસદાયક ગૂમડાની વેદનામાંથી કાયમી મુક્તિ મળી ગઈ અને એ બીજાં બાળકોની જેમ આનંદથી ખેલતો-કૂદતો થઈ ગયો. બબ્બે વરસથી એક ગૂમડું માણેક તેમ જ માતા-પિતાને ત્રાસ આપી રહ્યું હતું. એ વાત હવે ભૂતકાળની બની ગઈ.

❒

# ૩

# પ્રાથમિક શિક્ષણ

આઝાદી પાછી દેશી રાજ્યોના રાષ્ટ્રસંઘમાં વિલીનીકરણ પૂર્વે દેશના કોઈ રાજ્યમાં અમલમાં ન હોય એવી લોકહિતની કેટલીક રસમો વડોદરા રાજ્યમાં કાયદાથી સ્થાપિત થયેલી હતી. એમાં પ્રાથમિક શિક્ષણ ફરજિયાત હોવાની એક રસમ હતી. પ્રાથમિક શિક્ષણ ફરજિયાત હતું એટલું જ કહેવાથી વડોદરા રાજ્યના વહીવટી તંત્રનો તેમ જ તેના મહિમાનો બોધ થતો નથી. ફરજિયાત વિભાવના સાથે અપ્રગટપણે પણ મફત શબ્દ સંકળાયેલો છે. શિક્ષણના ફરજિયાતપણા પાછળ વડોદરા રાજ્યમાં એક મોટું વહીવટી તંત્ર ધમધમતું હતું. પહેલું તો એ કે રાજ્યના પ્રત્યેક બાળકને શિક્ષણ આપવું હોય તો એના માટે શાળા સુલભ હોવી જોઈએ. આ ધ્યેય પાછળ વડોદરા રાજ્યમાં ગામડેગામડે પ્રાથમિક શાળાઓ સરકાર તરફથી સ્થપાયેલી હતી.

ગામમાં શાળા હોય એટલે કામ પૂરું થઈ જતું નથી. ગામનું પ્રત્યેક બાળક શાળામાં ભણતું થાય એ માટેની વ્યવસ્થા ગોઠવાવી જોઈએ. આ માટે શાળાના શિક્ષકો ગામમાં ઘેર-ઘેર જઈને શાળાપ્રવેશ માટે નિશ્ચિત ઉંમરનાં બાળકોની નોંધણી કરતા. આ નિશ્ચિત ઉંમર રાજ્યની શિક્ષણનીતિમાં એક અત્યંત મહત્ત્વની બાબત હતી. બાળપણનાં પ્રથમ છ વર્ષ બાળકની ખેલકૂદની ઉંમર. એ મૂળભૂત સિદ્ધાંત રાજ્યની શિક્ષણ-નીતિમાં સ્વીકારાયો હતો. બાળક છ વર્ષ પૂરાં કરે એ પછી જ એને શાળામાં પ્રવેશ મળતો.

ગામડામાં પોતાના બાળકને કેળવણી માટે શાળામાં દાખલ કરવા બાબતે ઉદાસીન હોય એવાં મા-બાપો પણ હતાં. કારણ એટલું કે સાત વર્ષની ઉંમરે પહોંચેલો છોકરો વિવિધ રીતે ઘરકામ કે ખેતીના કામમાં મદદરૂપ થતો. છોકરાને ભણવા માટે નિશાળે મૂકવામાં આવે એટલે આ મદદ ઉપર કાપ આવે. આ કાપ માટે કેટલાંક મા-બાપની તૈયારી નહોતી. આવા કિસ્સાઓમાં નોંધણી માટે નીકળેલા શિક્ષકે બાળકના ભવિષ્યની વાત વચ્ચે લાવીને કેળવણીનો મહિમા

સમજાવવો પડે. સમજાવટથી કામ ન થાય તો શિક્ષકે સરકારી કાયદાની વાત બાળકના વાલી આગળ ધરવી પડે.

શાળાપ્રવેશ માટે નોંધણી અને શાળાપ્રવેશથી કામ અટકી જતું નહોતું. બાળકની શાળામાં હાજરી નિયમિત હોય એની પણ તકેદારી રાખવામાં આવતી હતી. રજા મેળવ્યા વગર બાળક શાળામાં ગેરહાજર રહે તો એ માટે બાળકનો વાલી દંડને પાત્ર થતો. આમ થાય ત્યારે દંડ અંગેની લેખિત નોટિસ વાલી ઉપર મોકલવામાં આવતી.

રાજ્યના શિક્ષણના આવા ઉત્તમ માહોલમાં ઊંટવા ગામની પ્રાથમિક શાળાના શિક્ષકોની કર્તવ્યનિષ્ઠા અને ગામલોકોની શિક્ષણ પરત્વેની સમ્યક્ સમજદારી હેઠળ નિશાળનું કામ સુપેરે ચાલતું હતું. આ નિશાળમાં કિશોર માણેકનો પહેલા ધોરણમાં પ્રવેશ થયો. ન કપાળે કંકુચોખા કે ન પ્રવેશોત્સવનું ગાણું. અગાઉથી ચાલી આવતી આ ઘરેડ.

સ્કૂલ ગામને છેડે. કન્ટ્રી ઈંટોમાં ચણેલું માળ વગરનું મકાન. શાળામાં બધી કોમના વિદ્યાર્થીઓ ભણે. વડોદરા રાજ્યની નીતિના આધારે જ્ઞાતિભેદ નહીં. બધી જ્ઞાતિનાં બાળકો એકસાથે બેસીને ભણે. આ પ્રથા કેવું ઉમદા પરિણામ આપે એ તત્કાળ ચોખ્ખું અને નજરે દેખાય એવું ન હોય, પણ બાળકના ઘડતરમાં સૂક્ષ્મ રીતે રસાયું હોય. આ પ્રથાના કારણે અસ્પૃશ્યતાનિવારણ અંગેનો એક સંસ્કાર વડોદરા રાજ્યની શાળાઓમાં ભણતાં બાળકોના ચિત્તમાં બીજરૂપે રોપાયા વગર કેમ રહે ?

ઊંટવાની શાળામાં કિશોર માણકેના ચિત્તમાં રોપાયેલાં આ બી અંકુરિત થઈને સ્વભાવગત સંસ્કાર બની રહ્યાં. માણેકલાલ કડી મ્યુનિસિપાલિટીના ચીફ ઑફિસર તરીકે, ત્યાર બાદ મ્યુનિસિપાલિટીના પ્રમુખ તરીકે કે પછી એમની જાહેર સેવાઓમાં એમનો હરિજનો પ્રત્યેનો સમભાવ તેમ જ હરિજનો માટે કંઈક કરી છૂટવાની સદ્ભાવના એમનાં સામાજિક કાર્યોમાં જોઈ શકાય છે.

પહેલા પ્રકરણમાં દર્શાવેલી માણેકલાલની ઊંટવા માટેની અગાધ ચાહનાનાં મૂળ ઊંટવાની પ્રાથમિક શાળામાં ગામની સર્વ જ્ઞાતિઓનાં બાળકો સાથે ભોંયતળિયે પાથરણાં પર બેઠાં-બેઠાં મેળવેલા ઘડતરમાં હતું.

ચોથા ધોરણના ભણતર વખતે માણેકની ઉંમર દસમા વર્ષમાં પ્રવેશી ચૂકી હતી. આ ઉંમરમાં માણેકની અભ્યાસ-તેજસ્વિતા બરાબર પ્રગટ થવા લાગી હતી. એની આ તેજસ્વિતાનો પરિચય શાળાના શિક્ષકો અને પરિવારના સભ્યોને થઈ ચૂક્યો હતો.

આ વર્ષોમાં નાના ભાઈ કાન્તિનો પણ શાળાપ્રવેશ થઈ ચૂક્યો હતો. એને

નિશાળે લઈ જવા અને ઘેર લાવવાની જવાબદારી માણેકને સોંપવામાં આવી હતી. ભાઈ કાન્તિ હજુ રમતિયાળ હોવાના કારણે એનામાં શાળાએ જવાના ઉમળકાનો અભાવ હતો. દિવાળીબાના સૂચન અનુસાર કાન્તિને તૈયાર કરીને નિશાળે લઈ જવા બાબતમાં માણેકની પૂરી ચોકસાઈ હતી. ઘણી વાર તો કાન્તિની પાછળ દોડીને એને પકડી લાવીને નિશાળે લઈ જવો પડતો. આમ કરવામાં નિશાળે જવામાં પોતે મોડો ન પડે એની કાળજી માણેક બરાબર રાખે. ભણતર માટેની માણેકની કાળજી ભારે.

છઠ્ઠા ધોરણના અભ્યાસ સુધીમાં તો માણેકે એની ઉંમર પ્રમાણે ખેતીકામમાં મદદ કરવા માંડી હતી.

ગામની શાળામાં માણેકે છઠ્ઠા ધોરણનો અભ્યાસ સારા નંબરે ઉત્તીર્ણ થઈને પૂરો કર્યો. રાજ્યમાં પ્રાથમિક શિક્ષણ સાત ધોરણ સુધીનું હતું. આ સાતમું ધોરણ વર્નાક્યુલર ફાઇનલ, ટૂંકમાં વ.ફા. (વફા) તરીકે ઓળખાતું હતું. ઊંટવાની શાળામાં ધોરણ ૬ સુધીના અભ્યાસની જોગવાઈ હતી. પ્રાથમિક અભ્યાસ પૂરો કરવો હોય તો ઊંટવાના વિદ્યાર્થીએ કડીની શાળામાં દાખલ થઈને ફાઇનલનો અભ્યાસ કરવો પડે.

વડોદરા રાજ્યમાં વર્નાક્યુલર ફાઇનલનો એટલે કે ૭મા ધોરણનો અભ્યાસ મહત્ત્વનો ગણાતો. વ.ફા.માં પાસ થનાર ઉમેદવાર રાજ્યમાં શિક્ષકની નોકરીમાં ભરતી થઈ શકતો. માધ્યમિક અભ્યાસક્રમમાં મૅટ્રિક (એ પણ સાતમું ધોરણ જ)નું જેટલું મૂલ્ય એટલું પ્રાથમિક અભ્યાસક્રમમાં વર્નાક્યુલર ફાઇનલનું મૂલ્ય. બંને વિના જે-તે અભ્યાસ અધૂરો ગણાતો.

ધોરણ ૭માં પ્રવેશ મેળવવાનું કામ એ બહુ મોટી વાત નહોતી. પ્રવેશ મેળવવા ઇચ્છનારને પ્રવેશ ન મળ્યો હોય એવું કદી બનતું નહીં, પણ માણેકના ૭મા ધોરણમાં પ્રવેશની વાત ઘરમાં ચર્ચાનો વિષય બની રહી. માણેક પોતે ભણવામાં હોશિયાર હોવાના કારણે ૭મા ધોરણમાં દાખલ થવાની એની તીવ્ર ઇચ્છા. માણેકથી મોટા શિવાભાઈની પણ મરજી એવી કે માણેક વફા પાસ કરે. શિવાભાઈનો મત તો એટલે સુધીનો કે માણેક વફા પાસ કર્યા પછી પણ અંગ્રેજી નિશાળમાં ભણવા જાય. પણ માણેકને વધારે ભણતર માટે કડી સુધી મોકલવા માટે દિવાળીબાનું મન માનતું નહોતું. એ કહેતાં હતાં, ‘ઊંટવા-કડીની ખેપ કંઈ રમત વાત છે ? રોજ ત્રણ ગાઉ જવાના અને ત્રણ ગાઉ આવવાના. રોજના છ ગાઉની ખેપ ! માણેકના શરીર સામું તો જુઓ. તમે ગમે તે કહો, મારે એને ભણવા માટે કડી મોકલવો નથી.’

શિવાભાઈની દલીલ હતી, ‘તમે ખોટી ચિંતા કરો છો, બા. કડી એ

કંઈ ત્રણ ગાઉની ખેપ નથી. અઢી-ત્રણ માઈલ કરતાં એનું અંતર વધારે નથી. એનાથી બમણું અંતર માણકો અહીં દોડાદોડમાં કાપી નાખે છે. એને તમે કદી એક પળ માટે જંપીને બેઠેલો જોયો ? ભણશે તો એનું ભવિષ્ય સુધીર જશે.'

માધવલાલ તો સૌનો મત એ પોતાનો મત એવું વિચારીને જ કદાચ મૌન ધારણ કરીને બેઠા હશે.

દીકરાઓની મરજી આગળ દિવાળીબાએ નમતું મૂક્યું. અને સૌના રાજીપા વચ્ચે માણેકને કડીની તળાવ વિસ્તારમાં આવેલી નિશાળમાં ભણવા માટે મોકલવાનું નક્કી થયું.

નવી શાળા ઊંટવાની નિશાળ કરતાં ઘણી મોટી હતી. બધું અજાણ્યું હતું. વિદ્યાર્થીઓ અજાણ્યા હતા, શિક્ષકો અજાણ્યા હતા, વાતાવરણ પણ અજાણ્યું હતું. માણેકે કડીની શાળામાં સાતમું ધોરણ ભણવા માટે ઉત્સાહ દાખવ્યો હતો. ઉત્સુકતા ભારે હતી. પણ અહીં આવ્યા પછી પેલાં ઉત્સાહ અને ઉત્સુકતા વાયુરૂપ બની જતાં જણાયાં. એકલવાયાપણાને લીધે મનમાં મૂંઝવણ થવા લાગી. ગૂંગળામણ પણ થતી હતી. વર્ગના બેચાર વિદ્યાર્થીઓ પોતાના જેવા જણાતા હતા. બાકીના બધા આ શાળામાં એક પછી એક ધોરણ પસાર કરીને સાતમા ધોરણ સુધી પહોંચ્યા હોય એવા લાગતા હતા. એમનામાં શહેરી બાળકોની ચંચળતા દેખાતી હતી. કપડેલતે પણ સુઘડ અને ચોખ્ખા દેખાતા હતા. આ બધા છોકરાઓમાં પોતે ગામડાનો અણઘડ કિશોર હોવાની છાપ ઊભી કરી રહ્યો હતો એવું એને લાગવા માંડ્યું. વર્ગના છોકરાઓ એના તરફ, ખાસ કરીને એના પહેરવેશ તરફ વિસ્મયભરી નજરે જોતા હતા અને એની સાથે વાત તો કરતા જ નહોતા. એક પ્રકારનો આ અલગાવ માણેકને ઉદ્વિગ્ન બનાવી મૂકતો હતો.

રિસેસમાં જ્યારે શાળાના છોકરાઓ મન મૂકીને દોડતા, ખેલતા-કૂદતા હોય ત્યારે માણેક કોઈ સાથીદારના અભાવે એકલો-એકલો ઉદાસ મનથી છોકરાઓની ઊછળકૂદ જોયા કરતો હતો.

પણ આ અલગાવ કે ઉદાસીનતાની સ્થિતિ ઝાઝો સમય ન રહી. માણેકના ભણતરનો પ્રકાશ વર્ગમાં એવો ફેલાયો કે એના તેજથી શિક્ષકો અને વિદ્યાર્થીઓ સૌ પ્રભાવિત થયા અને વર્ગમાં 'માણેક', 'માણેક'ની હવા પ્રસરી રહી. માણેક શિક્ષકોનો માનીતો વિદ્યાર્થી અને વર્ગના વિદ્યાર્થીઓનો મજાનો સાથીદાર બની રહ્યો.

પલટાયેલા વાતાવરણમાં વર્ષ ક્યારે પૂરું થયું એની ખબર ન પડી.

પરીક્ષા થઈ.

અને માણેક આખા રાજ્યમાં બીજા નંબરે ઉત્તીર્ણ થયો.

૪

# સર્વ વિદ્યાલયમાં

માણેકના શાળાપ્રવેશનો વિધિ શાળાના કાર્યક્રમમાં પૂરો થયો. એમાં માણેકની હાજરીની જરૂર નહોતી. સોમવારે શિક્ષણના સત્રનો આરંભ થાય એ પહેલાં નિશાળને જોઈ લેવાની એની ઇચ્છા હતી એટલે રવિવારના દિવસે એ ગામના એના કોઈ સાથીદારને લઈને કડી પહોંચ્યો.

માણેકે સર્વ વિદ્યાલયના પરિસરમાં પ્રવેશ કર્યો ત્યારે એ સંસ્થાના અતીત કે વર્તમાનની એને કશી જાણકારી નહોતી. છતાં આ પરિસરમાં પગ મૂકતાં જ એ એક વિસ્મયના પ્રભાવ હેઠળ મુકાયો. જેણે એના ચિત્તને પ્રસન્ન કરી મૂક્યું. હજુ તો એણે શાળાના પ્રવેશદ્વારના પગથિયે પણ પગ મૂક્યો નહોતો, પણ જે સંસ્થામાં એ ભણનાર હતો એની એના પરિસરમાં એણે પ્રથમ પગ મૂક્યો તે પળ સુધીની ઓળખ એક શબ્દ – 'બૉર્ડિંગ' પૂરતી જ હતી. કડી શહેર અને તાલુકા વિસ્તારની આમ જનતા સર્વ વિદ્યાલયને બૉર્ડિંગ રૂપે જ ઓળખતી હતી. ઈ.સ. ૧૯૨૬માં સયાજીરાવ મહારાજાએ અને ૧૯૨૯માં ગાંધીજીએ આ સંસ્થાની મુલાકાત લઈને પ્રસન્નતા વ્યક્ત કરી હતી એ વીશીની વાતો ચાળીશીમાં આમ પ્રજાની સ્મૃતિમાંથી હવે જાણે વિસરાઈ ગઈ હતી. ગામગામની પ્રજાનાં છોકરાં અહીં રહેતાં હતાં અને ભણતાં હતાં એ ખ્યાલના આધારે સર્વ વિદ્યાલય બૉર્ડિંગ નામથી નજીકના વિસ્તારમાં વધારે પ્રસિદ્ધ હતી. અલબત્ત, કોઈએ એના મૂલ્યને ઓછું આંક્યું નહોતું.

આ સ્થળમાં પ્રવેશ્યા પછી એક વિસ્મયકારક દર્શન થતાં માણેકે સાંભળેલા પેલા 'બૉર્ડિંગ' શબ્દનું જાણે રૂપપરિવર્તન થવા લાગ્યું. માણેકની મુગ્ધ નજર ચારે તરફ ફરવા લાગી. પોતે કોઈ ઉપવનમાં વિહાર કરી રહ્યો હોય એવો અનુભવ એને થવા લાગ્યો. શાળા જ્યાં સ્થિત હોય ત્યાં ખરી, પણ અત્યારે

તો માણેક વૃક્ષોની કુંજો અને ઘટાઓમાં ફરતો હોય એવું લાગ્યું. અહીં લીમડાનો વૃક્ષોનું પ્રમાણ મોટું હતું. કદાવર અને ઊંચાં, દૂરદૂર સુધી એની ઘટાઓ નજરે પડતી હતી. લીમડા તો માણેકનાં ઘરેલું વૃક્ષ, પણ અહીંના આ તોતિંગ અને આકાશ સાથે વાત કરતા હોય એવા લીમડા માણેકને જરા અજાણ્યા લાગ્યા. બબ્બે માણસની બાથમાં ન સમાય એવાં એનાં થડ. કેટલી ઉંમરનાં હશે એ ? આ ધારણામાંય માણેકની કલ્પના કાચી રહી જતી હતી. થોડા આગળ વધતાં માણેકે જે વૃક્ષો જોયાં એનાં તો એને અહીં પ્રથમ વાર દર્શન થતાં હતાં. ગુલમહોર, શિરીષ, બોરસલ્લી માણેક માટે આ વૃક્ષોની જાત પણ અજાણી અને નામ પણ અજાણ્યાં. આ વૃક્ષો પણ છૂટાંછવાયાં તેમ જ જૂથમાં દેખાતાં હતાં. ઉનાળાના આ દિવસોમાં ગુલમહોર તો એવાં ખીલ્યાં હતાં કે એમના કલેવરમાંથી જાણે રાતા રંગના ફુવારા ઊડતા હતા. લીલી અને ધોળી સળીવાળાં ફૂલોથી શિરીષનાં વૃક્ષો પણ આ મોસમમાં ખીલ્યાં હતાં. વિદ્યાર્થી આશ્રમ અને કિશોરકુંજને વટાવીને માણેક હવે શાળાના મકાન પ્રા.મ. સરસ્વતી સદન સુધી પહોંચી ગયો હતો. નિશાળ માટે આવું ભવ્ય મકાન આ ઉંમરમાં માણેક માટે તો કલ્પનાતીત હતું. એની પાછળની બાજુ તરફ માણેકે ગતિ કરી. અહીં પુરાણપણાને લીધે ખૂબ ઊંચાઈએ પહોંચેલા અને બરાબર ફાલેલા આસોપાલવની હાર હતી. આટલી સંખ્યામાં અહીં આસોપાલવનાં વૃક્ષ જોઈને એક ભિન્ન કારણથી માણેકને આશ્ચર્ય થયું. સત્યનારાયણની કથા કે લગ્ન જેવા પ્રસંગોએ આસોપાલવનાં થોડાં પાંદડાં મેળવવા કેટકેટલી મથામણ કરવી પડતી. કો'કની વાડીએ જઈને ગરીબડા થઈને થોડાં પાન માગવાં પડે. જેને પોસાતું હોય એ કડી જઈને માળીને મળે ત્યારે તોરણ બંધાય એટલાં પાંદડાંનું ઠેકાણું પડે અને અહીં તો... અધધ...' મકાનના પાછલા બે દરવાજાના ખૂણાઓમાં મકાનની ટોચ સુધી પહોંચેલી અને પહોળા પને ખૂબ ફાલેલી બે વેલીઓ જોઈ. પવનમાં એ ઝૂલતી અમળાતી હોય એ જોઈ શકાતું હતું. એમાં ઘેરા લાલ અને સફેદ રંગનાં પાર વગરનાં ફૂલ હતાં. એ મધુમાલતીની વેલીઓ હતી. એ માણેકને કોણ કહે ? રાત્રે એનાં ફૂલનો મત્ત અને માદક મઘમઘાટ ચિત્તનેય મત્ત બનાવી દે એવો ફોરતો હતો. જોખમી પણ એવી. જ્યારે એ પુરબહારમાં ખીલી હોય ત્યારે મધમાખીઓના આકર્ષણનું સ્થાન બની રહે. આ ઊડાઊડ કરતી મધમાખીઓ ક્યારેક શાળાના મકાનની છતની બહારના કોઈ ઠંડકવાળા ભાગમાં પોતાનું ઘર રચી દે અને કોઈ કારણસર છંછેડાય

ત્યારે શાળા પરિવારને રાડ પડાવી દે, દવાખાનાનો રસ્તો પણ બતાવી દે.

માણેક એના સાથીદાર સાથે કૅમ્પસમાં ફરતો રહ્યો. ૨૪ વીઘાના આ કૅમ્પસમાં વિવિધ પ્રકારનાં કેટલાંક છૂટાંછવાયાં વૃક્ષો પણ હતાં. એમાં કોઠી (કોઠાનું ઝાડ) અને ગોરસ આંબલીનાં બે ઝાડ છોકરાઓને એમની તરફ ખૂબ આકર્ષતાં હતાં. અને છાત્રાલયના રસોડા પાછળ, વ્યાયામશાળાની બાજુની નાની તળાવડીના કાંઠે ઊભેલો એક મહાકાય આંબો છોકરાઓને માવતર જેટલો પ્રિય હતો. આ કદાવર આંબાને જોતાં જ એની ઉંમરનું અનુમાન કરવાનું મન થાય, ઉંમર જે હોય તે, જણાતો હતો જૈફ વયનો પણ હજુ ફળ આપતો હતો. માણેકે કેટલા સમય પછી જાણ્યું કે એ આંબાનાં ફળ અત્યંત મીઠાં હતાં. એની કેરી કાચી હોય તોપણ એમાં ખટાશ કે કડવાશનો સ્વાદ નહોતો.

સર્વ વિદ્યાલયના પરિસરમાં એકાદ કલાકના ભ્રમણ પછી આ શાળાના વર્ગમાં બેસીને ભણવાની એક મીઠી ઉત્સુકતાનો ઉદય માણેકના ચિત્તમાં થયો.. એક પ્રકારનો રસ સમજો. કોઈ પ્રવૃત્તિમાં રસ હોવો એ પ્રગતિના પાયાનું લક્ષણ છે. માણેકના ઊજળા ભવિષ્યનું આ એક સુભગ ચિહ્ન હતું.

બીજે દિવસે માણેકનો વર્ગમાં પ્રવેશ થયો. હવે એ હાઈસ્કૂલનો વિદ્યાર્થી. આપણા માટે હવે એ માણેક મટીને માણેકલાલ બને છે! માણેકલાલ. એ વખતની શાળાઓમાં નામની એક ચલણી પદ્ધતિ પ્રમાણે એમ. એમ. પટેલ !

માણેકલાલે પ્રાથમિક શાળાનું સાતમું ધોરણ પાસ કર્યું હતું, એટલે હાઈસ્કૂલના ત્રીજા (સાતમા) ધોરણમાં પ્રવેશ માટેનો અધિકાર પ્રાપ્ત થયેલો હતો. એના આધારે માણેકલાલ સાતમા ધોરણનો વિદ્યાર્થી હતો.

આવી રીતે સીધા થર્ડ (સાતમા) ધોરણમાં દાખલ થયેલા વિદ્યાર્થીઓ પ્રાથમિક શાળામાં અંગ્રેજી વિષય ન ભણ્યા હોય. હાઈસ્કૂલમાં ભણતા વિદ્યાર્થીઓ બે વર્ષ અંગ્રેજી વિષય ભણ્યા હોય. અભ્યાસમાં સમધારણા સચવાય એ હેતુથી અંગ્રેજી અભ્યાસ વગર સાતમા ધોરણમાં દાખલ થયેલા વિદ્યાર્થીઓ માટે શાળા તરફથી વિદ્યાર્થી પાસેથી કશી ફી વસૂલ કર્યા વગર અંગ્રેજી શિક્ષણનો સ્પેશિયલ વર્ગ ચલાવવામાં આવતો. માણેકલાલને આ વર્ગમાં પ્રવેશ મળ્યો. પ્રાથમિક અભ્યાસમાં માણેકલાલે પોતાની તેજસ્વિતા સિદ્ધિ કરી બતાવી હતી. અહીં અંગ્રેજીના આ અભ્યાસમાં પણ અસાધારણ પ્રગતિ એણે દર્શાવી.

માણેકલાલના પિતાની આર્થિક સ્થિતિ બહુ સારી નહોતી. એ વાત અગાઉ થઈ ગઈ છે એટલે એ માણેકલાલને શાળાના છાત્રાલયમાં મૂકીને એને અભ્યાસ

કરાવી શકે એમ નહોતા. આ સ્થિતિવશ માણેકલાલે, જેમ પ્રાથમિક શાળાના ૭મા ધોરણ વખતે કર્યું હતું એમ રોજ પગે ચાલીને આવવા-જવાનું રાખીને સર્વ વિદ્યાલયનો અભ્યાસ આદર્યો. પ્રાથમિક શાળાના ૭મા ધોરણ વખતે કડી શહેરના તળાવ વિસ્તાર સુધી ચાલવાનું થતું હતું. સર્વ વિદ્યાલયનું સ્થાન એકાદ કિલોમીટર જેટલું દૂર હતું એટલે હવે ઊંટવા અને શાળા વચ્ચે લગભગ ચાર કિલોમીટર કરતાં વધારે અંતર થતું હતું. એટલે હવે માણેકલાલે અભ્યાસ માટે રોજના આઠ કિલોમીટર કરતાં વધારે લાંબી ખેપ કરવી પડતી. માણેકલાલના અભ્યાસના ઉત્સાહ આગળ ખેપની કશી વિસાત નહોતી.

આ ખેપ માત્ર ટહેલતા-ટહેલતા જવા-આવવા જેવી નહોતી. જતી વખતે માણેકલાલે ખેતપેદાશ તરીકે ઉત્પન્ન શાકભાજીની ગાંસડી માથા પર રાખીને, શાકમાર્કેટમાં ખમારની દુકાને પહોંચાડીને શાળામાં જવું પડતું. આ કંઈ ઓછા શ્રમની વાત નહોતી.

શૈક્ષણિક વર્ષનો આરંભ સવારના સમયે થતો. ઉનાળાની ગરમી એનું કારણ. વાતાવરણમાં ગરમી દેખાડતો પારો ઊંચો રહે ત્યાં સુધી શાળાનો સમય સવારનો રહે. માણેકલાલ માટે આ સમય તકલીફભર્યો ખરો પણ દિનચર્યાની સગવડ બરાબર સચવાઈ રહેતી. શાકમાર્કેટમાં શાકભાજી સવારે પહોંચાડવાની હોય. જેટલી વહેલી પહોંચાડાય એટલો વધારે ફાયદો. નિશાળ સવારની હોય એટલે આ કામ સુગમ બની રહેતું. જમવાનો સમય સચવાઈ રહેતો. શાળા બપોરની હોય ત્યારે શાકભાજી માર્કેટમાં વહેલા પહોંચાડવામાં જમવાના સમયનો પ્રશ્ન ઊભો થતો. ગમે તેમ, શાળા સવારની હોય કે બપોરની – ભણતર, ભોજન અને શાકભાજી બધુંય સચવાઈ જતું. આમાં માણેકલાલનાં ધૈર્ય, સહનશીલતા અને કુટુંબપરાયણતા બધું કસોટીએ ચઢીને પાર પડતું. માણેકલાલની આ ઉંમરમાં થતી આ કસોટી એમના ઉત્તમ ઘડતરનું કારણ બની રહી હતી.

વહેલી સવારે નીકળવાનું થાય ત્યારે માણેકલાલ માથે શાકભાજીની ગાંસડી સાથે નીકળે. રોજ ઊંટવાથી કડી છોટાલાલ મિલમાં કામે જતા કામદાર ભાઈઓનો સંગાથ હોય. શાકમાર્કેટમાં ખમારની દુકાને શાકબાજીની સોંપણી કર્યા પછી ગાંસડીનું વસ્ત્ર અથવા એની સાથે જે કંઈ સાધન હોય તે, અમદાવાદી દરવાજા બહાર કેશવલાલની હોટલે મૂકે. એ હોટલમાં મિલમાં કામે જવા નીકળેલા ભાઈઓ ચા-નાસ્તો કરવા રોકાતા. માણેકલાલે ગામના આ

ભાઈઓનો એવો પ્રેમ મેળવેલો કે એ ભાઈઓ આગ્રહ કરીને પણ માણેકલાલને ચા-નાસ્તામાં સામેલ કરતા.

સવારે શાકમાર્કેટમાં શાકભાજી લઈ જતી વખતે ગામના માધવલાલનો સથવારો વિશેષ. માણેકલાલ એમને પ્રેમથી 'માધાઆકા' કહીને સંબોધે. પ્રૌઢ વયે પહોંચેલા માણેકલાલે એકાદ-બે વખતે એમના કિશોરાવસ્થાનાં સંસ્મરણોમાં આ માધવલાલની વાત પ્રેમથી કરેલી. આ માધવલાલની વાત નીકળી જ છે તો એમના સંદર્ભે એક બીજી વાત અહીં જ કરી લઈએ. ઈ.સ. ૧૯૯૮માં અમારે સંસ્થાના વિકાસ અર્થે ફંડ માટે અમેરિકા જવાનું થયું હતું. એ સમયે આપણા લોકોમાંથી કોઈના લગ્નપ્રસંગે ગોઠવાયેલા ઉત્સવમાં જવાનું થયું ત્યારે ઉત્સવના હૉલનાં પગથિયાં આગળ આ માધવલાલનો ભેટો થઈ ગયો. માણેકલાલભાઈ અને આ માધવલાલનું મિલન! એ મિલનનું ભાવવિભોરત્વ જોઈ અમે ખૂબ પ્રભાવિત થયા. આ મિલનમાં 'માધાઆકા'ને નજરે જોયાનો આનંદ તો હતો જ, પણ અમને ખરું જોવાનું મળ્યું તે તો એક 'માણેકલાલ!' એ મિલનની અમારા ચિત્ત ઉપર અંકિત થયેલી મુદ્રા હજી તાજી છે. હૉલનાં પગથિયાં આગળ એક પૂર્વ મિલમજૂર અને એક ઉદ્યોગપતિનું મિલન હતું. અહીં મજૂર અને ઉદ્યોગપતિ શબ્દોના વાઘા ખંખેરાઈ ગયા હતા. પ્રેમની વાણીનો આ ઉત્સવ હતો. આ માણેકલાલભાઈ વર્ષોથી સંપર્ક તૂટી ગયો હોવા છતાં સંબંધોને કેવા ઉષ્માભર્યા જાળવી રાખી શકે છે! કવિ ઉદ્‌ગાર કાઢે, 'હું માનવી માનવ થાઉં તો ઘણું' હૉલનાં પગથિયાં આગળ આવો એક માનવ ઊભો હતો – માણેકલાલ!

હાઈસ્કૂલમાં દાખલ થયા પછી પ્રતિકૂળ સંજોગો હોવા છતાં અભ્યાસમાં માણેકલાલની તેજસ્વિતા બરાબર પ્રકાશવા લાગી. સંજોગો પ્રતિકૂળ જ તો! છાત્રાલયમાં રહીને અભ્યાસ કરતાં વિદ્યાર્થીને અભ્યાસ માટે કેટલો બધો સમય મળે! વળી અભ્યાસ અને રમતગમત સિવાય સમયનું બીજું કશું રોકાણ નહીં. એની તુલનામાં માણેકલાલની સ્થિતિ વિચારો. રોજ આઠ કિલોમીટર કરતાં વધારે ચાલ્યા પછી શરીરમાં થાક જેવું ખરું કે નહીં? થાક ઉતારવા માટે સમય જોઈએ. એની અસર રાત્રે ઝાઝી દેખાય. માણેકલાલ રાત્રે અભ્યાસ માટે કેટલો સમય આપી શકે? વળી ભાગે પડતા ખેતીના કામમાં જોતરાવાનુંય ખરું. અભ્યાસ માટે આનાં કરતાં વધારે પ્રતિકૂળ સંજોગો બીજા કયા હોઈ શકે?

આમ છતાં પરીક્ષાનાં પરિણામોમાં માણેકલાલ અવ્વલ નંબરે ઉત્તીર્ણ

હોય. શાળાના ધોરણનો નિશ્ચિત અભ્યાસ ઉપરાંત માણેકલાલ અભ્યાસકીય બીજી યોગ્યતાઓ પણ પૂરા ઉત્સાહથી મેળવે. શાળામાં રાષ્ટ્રભાષા પ્રચાર સમિતિ, વર્ધા દ્વારા લેવાતી પરીક્ષાઓનું કેન્દ્ર હતું એટલું જ નહીં પણ એ અંગે શાળામાં પૂરક પ્રવૃત્તિઓ ચાલતી. પરીક્ષામાં બેસનાર વિદ્યાર્થીઓને માર્ગદર્શન પૂરું પાડવામાં આવતું. પરીક્ષા માટે નક્કી થયેલાં પુસ્તકો પણ વિદ્યાર્થીઓને આપવામાં આવતાં. માણેકલાલે આ વ્યવસ્થાનો પૂરો લાભ લીધો. હિન્દી ભાષાની એક પછી એક પરીક્ષાઓ આપવા માંડી. કોવિદની પરીક્ષા માણેકલાલ માટે એક યાદગાર સ્મરણ બની રહી. જે વર્ષે માણેકલાલે કોવિદની પરીક્ષા આપી એ જ વર્ષે શાળાના એક સિનિયર શિક્ષક શ્રી અંબાલાલ પટેલે પણ એ પરીક્ષા આપી. પરિણામ જાહેર થયું એમાં શ્રી અંબાલાલ ભારતભરમાં પ્રથમ નંબરે ઉત્તીર્ણ હતા. કડી કેન્દ્રમાં તો પ્રથમ હોય જ. માણેકલાલ કડી કેન્દ્રમાં બીજા નંબરે હતા.

આ પરીક્ષાઓ નિમિત્તે વિદ્યાર્થીઓને પ્રોત્સાહન મળે એ હેતુથી શાળા તરફથી ઇનામ આપવામાં આવતાં. કોવિદની આ પરીક્ષામાં શાળા તરફથી બેસીને પ્રથમ નંબર મેળવનાર શ્રી અંબાલાલ ઇનામના હકદાર હતા. એ વર્ષોમાં શાળામાં આચાર્ય તરીકે શ્રી નાથાલાલ ના. દેસાઈ હતા. આ વખતના ઇનામ અંગે એમણે એક તર્કસંગત વિચાર રજૂ કર્યો, પરીક્ષામાં પ્રથમ આવનાર એક નીવડેલા શિક્ષક હતા. પરિણામમાં વિદ્યાર્થી કરતાં એ આગળ હોય એમાં કોઈ નવાઈની વાત નથી. આ તર્કના આધારે દેસાઈ સાહેબે ઘટતો નિર્ણય લીધો. ઇનામ તો વિદ્યાર્થીને જ મળવું જોઈએ. આમ ઇનામનો અધિકાર માણેકલાલને પ્રાપ્ત થયો.

આ ઇનામ આપવા માટે એક સમારંભનું આયોજન કરી શકાય એવો રૂડો સંજોગ પણ ઊભો થયો. લોકસાહિત્યના જાણીતા સંશોધક અને સાહિત્યકાર જેમને ગાંધીજીએ રાષ્ટ્રીય શાયર કહ્યા હતા એ શ્રી ઝવેરચંદ મેઘાણી એમના બે પુત્રો – નાનક અને મસ્તાનને અભ્યાસ માટે સર્વ વિદ્યાલયમાં દાખલ કરવા માટે આવ્યા હતા. એમના હસ્તે આ ઇનામ માણેકલાલને અપાય એવી ગોઠવણ આચાર્યશ્રીએ કરી.

ઝવરેચંદ મેઘાણી કડીમાં આવે અને એક સમારંભ દ્વારા કડીની પ્રજાને એમની વાણી અને કાવ્યગાનનો લાભ મળે એ તો એક અસાધારણ અવસર ગણાય. મુંબઈ જેવા શહેરમાં પણ મેઘાણીભાઈના વસનજી ઠક્કુર

વ્યાખ્યાનમાળાનાં વ્યાખ્યાનો વખતે હોલ તો ખીચોખીચ ભરાઈ જાય અને હૉલ બહાર પણ શ્રોતાઓની ભીડ જામી હોય. મેઘાણીના મુખે અને બુલંદ અવાજમાં 'કોઈનો લાડકવાયો' કાવ્ય સાંભળીને લોકો ધન્ય થઈ જતા. એવા મોટા રાષ્ટ્રીય શાયરના હસ્તે માણેકલાલને ઇનામરૂપે પ્રેમચંદજીની ખૂબ જાણીતી નવલકથા 'ગોદાન' અપાઈ. માણેકલાલના જીવનનો આ એક યાદગાર અને ધન્ય પ્રસંગ.

પ્રત્યેક ધોરણમાં ઉજ્જ્વળ પરિણામ મેળવીને ૧૦મા ધોરણમાં આવ્યા પછી માણેકલાલની નિર્ણયશક્તિની આકરી કસોટી થાય એવા સંજોગો ઊભા થયા. વડોદરા રાજ્યની પ્રાથમિક શાળાઓ માટે શિક્ષકોની ભરતી કરવાની હતી એવી જાણ માણેકલાલને થઈ. આ વર્ષોમાં રાજ્યનું સરકારી સાપ્તાહિક 'સયાજી વિજય' દર બુધવારે પ્રગટ થતું. એનું કદ વર્તમાનપત્ર જેટલું જ હતું. એમાં આ ભરતી અંગેની જાહેરાત કદાચ માણેકલાલના વાંચવામાં આવી હોય. પ્રાથમિક શાળામાં શિક્ષક થવા માટે જરૂરી લાયકાત માણેકલાલમાં હતી. નોકરીમાં પસંદગી માટે કશી રુકાવટ ન આવે એવી એ સિદ્ધિ હતી. લાયકતાના ઉત્તમ જમાપાસાને લીધે જ કદાચ એ આ નોકરી માટે અરજી કરવા પ્રેરાયા હશે. ઘરના નિભાવ ખર્ચને પહોંચી વળવાના હેતુથી નોકરી કરવા માટે ઘર તરફથી દબાણ થયું હોય એવું માનવાને કારણ નથી. નોકરી માટે માણેકલાલના મનમાં પોતાના થકો જ પ્રગટેલો ઉમળકો માનવો રહ્યો. હા, એવું બની શક્યું હોય કે ઘરની નબળી આર્થિક સ્થિતિમાં રાહતરૂપ થઈ શકાય એવી તક જણાતાં માણેકલાલે કુટુંબભાવનાથી નોકરીમાં જોડાઈ જવાનું સ્વેચ્છાએ વિચાર્યું હોય. કારણ જે હોય તે, નોકરી માટે માણેકલાલે અરજી કરી દીધી.

પોતે વર્નાક્યુલર ફાઇનલમાં રાજ્યમાં બીજે નંબરે ઉત્તીર્ણમાં હોવાથી માણેકલાલના મનમાં નોકરી મળવા અંગે કોઈ શંકા નહોતી. એકેડેમિક પરિણામ જે હોય તે, પણ નોકરીના ઉમેદવારે ઇન્ટરવ્યૂમાં પાસ થવું પડે.

ઇન્ટરવ્યૂ ગોઠવાયું. તારીખ અને સમયની પત્ર દ્વારા માણેકલાલને જાણ થઈ. સ્થળ અને સમય સાચવી લીધાં.

એક પછી એક એમ ઉમેદવારોને કમિટી સમક્ષ બોલાવવામાં આવેલા હતા.

માણેકલાલનો કૉલ થયો. એણે કમિટીની ચેમ્બરમાં પ્રવેશ કર્યો. પસંદગી કમિટીમાં નાયબ સૂબા, રાજ્ય શિક્ષણાધિકારી તેમ જ અન્ય અમલદારો ઉપસ્થિત હતા.

ચેમ્બરમાં માણેકલાલનો પ્રવેશ થયો અને એ પ્રદર્શનની ચીજ હોય

એમ કમિટીના સભ્યો એની તરફ જોઈ રહ્યા. કહો કે, દૂબળી, પાતળી અને ઊંચી કાયાને નીરખી રહ્યા. માણેકલાલને કશું પૂછવામાં આવે એ પહેલાં જ નિષ્ફળતાનું કારણ નક્કી થઈ ગયું હોય એવો ઘાટ થયો. પ્રશ્ન પૂછવાના તો બાજુએ રહ્યા, અંદર-અંદર સંવાદ અને અભિપ્રાય વ્યક્ત થતા રહ્યા - 'શરીરે આવો માયકાંગલો શિક્ષક છોકરાઓ ઉપર શો પ્રભાવ પાડી શકે ?' 'વર્ગમાં બાળકોને આવો દુર્બળ શિક્ષક કાબૂમાં શી રીતે રાખી શકે ?"

માણેકલાલને એ વખતે જ પરિણામ સમજાઈ ગયું. અને એ જ પાછળથી કમિટીના નિર્ણયરૂપે જાણવા મળ્યું. માણેકલાલને શિક્ષક તરીકેની નોકરી મળી નહીં.

રાજ્યમાં બીજા નંબરે ઉત્તીર્ણ થનાર અને તેજસ્વિતામાં પોતાને સર્વ રીતે લાયક ગણનાર ઉમેદવાર ફક્ત શારીરિક દુર્બળતાના કારણે લક્ષ્યથી વંચિત રહે ત્યારે એના મનની સ્થિતિ સહેજે સમજી શકાય. વર્ગમાં વિદ્યાર્થીઓ સમક્ષ જે ઉત્સાહ, આત્મવિશ્વાસ અને અભ્યાસના વિષયમાં જે નૈપુણ્ય જોઈએ એ બધું માણેકલાલમાં હતું અને છતાં સમિતિના સભ્યોએ માત્ર શરીરને નજરમાં રાખ્યું એ માણેકલાલને આઘાતજનક લાગ્યું.

એ વખતે કોણ જાણતું હતું કે પ્રાથમિક શાળાના શિક્ષક તરીકેની પસંદગીમાં નિષ્ફળતા એ માણેકલાલ માટે તો 'a blessing in disguise' (જુદા સ્વરૂપે એક આશીર્વાદ) હતું. આપણે માણેકલાલભાઈની કડી અને ગાંધીનગરનાં શિક્ષણ સંકુલોમાં જે શક્તિ જોઈ એ જોતાં નક્કી એમ લાગે કે એ પ્રાથમિક શિક્ષક માટેની નોકરી માટેના ઇન્ટરવ્યૂમાં નાપાસ થયા એ એક છૂપો આશીર્વાદ જ હતો. જો એમની શિક્ષક તરીકેની પસંદગી થઈ હોત તો ? સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી અને ગાંધીનગર તેમ જ કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળના સંચાલન હેઠળ ૧૯૯૦ પછી જે નવી શિક્ષણસંસ્થાઓ, છાત્રાલયો અને યુનિવર્સિટી પણ, સ્થપાયેલાં આપણે જોઈએ છીએ તેમાંનાં કેટલાંક તો ન પણ સ્થપાયાં હોત અથવા આટલા વહેલાં ન સ્થપાઈ શક્યાં હોત. વળી પ્રાથમિક શિક્ષકો માટેની જગ્યાઓ ભરવા માટે ઉમેદવારોનો ઇન્ટરવ્યૂ લેનાર સમિતિને વર્ગના ૪૦ કે ૫૦ વિદ્યાર્થીઓ ઉપર પ્રભાવ દાખવવા કે એમને કાબૂમાં રાખવા બાબતમાં માણેકલાલની શક્તિમાં અભાવ જણાતો હતો. એ સમિતિના સભ્યો શું જાણે કે તમે જેને દુર્બળ અને અશક્ત માણસ ધારતા હતા એ એક નજરમાત્રથી પચાસ હજાર કરતાંય

વધારે વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓને નિયમનમાં અર્થાત્ કાબૂમાં રાખી શકતો હતો. વળી, આ પ્રાથમિક શાળાના કિશોરો નહીં, પણ એમાં તરવરાટભર્યાં યુવાવર્ગનાં છોકરા-છોકરીઓનો સમાવેશ પણ ખરો.

ફરી એકવાર માણેકલાલના કૃશ શરીરે બીજી એક નોકરી માટે યારી ન આપી. એ જ વર્ષે એટલે ૧૦મા ધોરણના અભ્યાસ વખતે માણેકલાલને પોલીસ સબ ઇન્સ્પેક્ટરની નોકરી અંગે મહેસાણા મુકામે ઉપસ્થિત થવાનું બન્યું. શારીરિક ક્ષમતાની કસોટી ચાલતી હતી. શરીર નબળું તો હતું જ. છાતી ફુલાવવાની સૂચના મળતાં છાતી ફુલાવવાનો પ્રયત્ન તો કર્યો પણ ફુલાવ ધોરણસરનો ન થતાં નોકરી માટે ફરી એક વાર નિષ્ફળ જવાયું. છાતી ફુલાવવાની ક્રિયાને ફેફસાં સાથે સંબંધ છે. આ છાતી ફુલાવવાની ક્રિયા ભવિષ્યમાં પણ માણેકલાલને એક વાર તકલીફમાં મૂકી ચૂકી હતી. પછીનાં વર્ષોમાં જ્યારે માણેકલાલ કડી નગરપાલિકાના પ્રમુખ હતા તે વર્ષોમાં મુંબઈમાં એમના મગજમાં થયેલી ગાંઠનું મુંબઈમાં ડૉ. ભગવતીના હાથે ઑપરેશનનું નક્કી થયું, તેના ત્રણ-ચાર દિવસ અગાઉ ડૉક્ટરે કહ્યું, ‘તમારાં ફેફસાં થોડાં નબળાં છે. એને ઑપરેશન અગાઉ પૂરતી કસરત આપવી પડશે’ આવું કહ્યા પછી ડૉક્ટરે આ કસરત માટેની એક સરળ રીત પણ બતાવી. એમણે કહ્યું, ‘બાળકો ફુલાવે છે એમ ફુગ્ગા સતત ફુલાવતા રહો’, ડૉક્ટરની સૂચના પ્રમાણે માણેકલાલે આવી બાલિશ અને હાસ્યાસ્પદ પ્રૅક્ટિસ પણ કરી હતી.

એ વખતનાં ફેફસાં ફુલાવે તો માણેકલાલને ફાયદો કરી આપ્યો પણ મહેસાણા મુકામે છાતી ફુલાવવાની પ્રક્રિયામાં ફેફસાંએ યારી ન આપી.

એક વાત અહીં નોંધવા જેવી છે કે પોલીસ સબ ઇન્સ્પેક્ટરની નોકરી વખતે મળેલી નિષ્ફળતામાં એમને શિક્ષકની નોકરી મેળવવામાં મળેલી નિષ્ફળતા વખતે જેટલા પ્રમાણમાં નિરાશા થઈ હતી એટલા પ્રમાણમાં આ વખતે નિરાશ ન થવાયું. આ નોકરી માટે અંતઃસ્ફુરિત રુચિ નહીં હોય એટલે આમ બન્યું હશે.

હવે બીજી કોઈ નોકરીનો વિચાર છોડી દઈને કારકિર્દીનું જ મુખ્ય ધ્યેય નજર સમક્ષ રાખીને માધ્યમિક શિક્ષણના ધોરણ-૧૧ અને તે પછીના અભ્યાસને નજર સમક્ષ રાખીને માણેકલાલે એમાં મનને બરાબર કેન્દ્રિત કર્યું અને ધોરણ-૧૧ એટલે કે એસ.એસ.સી.ની પરીક્ષામાં ઝળહળતી સફળતા મેળવી.

❒

૫

# ગુજરાત કૉલેજમાં

માણેકલાલે એસ.એસ.સી. પરીક્ષાનું ઝળહળતું પરિણામ મેળવ્યું. જીવનનો એક તબક્કો અહીં પૂરો થાય છે. હવે એક વખતનો કિશોર અને પછી તરુણ માણેકલાલ યુવાવસ્થામાં પ્રવેશે છે. અત્યાર સુધીનું ભણતર પ્રારંભિક હતું. હવે જીવનને એક નિશ્ચિત મોડ આપવાનો સમય આવીને ઊભો છે. જેને આપણે જમાનો કહીએ છીએ તે સમય બદલાયો છે. બાપદાદાના વ્યવસાયને પકડીને બેસી રહેવાનું ચાલે એમ નથી. ખેતીમાં જીવનનો નિર્વાહ થાય. રાત-પરોઢની મજૂરી. જે કાળી મજૂરી તરીકે ઓળખાય છે. ખેતી એક વૈભવશાળી અને ખૂબ આર્થિક કમાણી આપનારો વ્યવસાય, જ્યારે બને ત્યારે ખરો. હરિયાળી ક્રાન્તિ હજુ તો ક્ષિતિજે હતી. માણેકલાલે જ્યારે ધંધો કે કારકિર્દીનો વિચાર કરવાનો સમય હતો ત્યારે ખેતીની સ્થિતિ ઉપર કહી તેવી હતી. ખેડૂત દેવામાં ડૂબેલો હતો એમ કહેવામાં આવે તોપણ એ અતિશયોક્તિ નહીં ગણાય, તેજસ્વી ભણતરને લીધે માણેકલાલ જો લાભ લઈ શકે તો સામે અનુકૂળ તકો અને ઊજવું ભવિષ્ય હતાં.

માણેકલાલ બુદ્ધિશાળી જીવ. એણે આગળ અભ્યાસ કરીને જીવનને પ્રગતિના માર્ગે લઈ જવાનું વિચાર્યું. કૉલેજમાં અભ્યાસ કરવાનો નિર્ણય કરી લીધો.

આ નિર્ણય પાછળ બીજું ઘણું વિચારવું પડે એમ હતું. કડી સુધી પગે ચાલીને અવરજવર કરીને એસ.એસ.સી. સુધીનો અભ્યાસ તો કર્યો, પણ હવે ? કૉલેજના અભ્યાસ માટે તો અમદાવાદ જવું પડે. કૉલેજની ફી હાઈસ્કૂલની ફી કરતાં વધારે. વળી, હૉસ્ટેલ કે છાત્રાલયમાં રહેવું પડે એનો ખર્ચ તો ભારે. આ બધો ખર્ચ ઉઠાવી શકે એવી પિતાની આર્થિક સ્થિતિ નથી એની તો માણેકલાલને ખબર હતી જ. પણ માણેકલાલનો ઉત્સાહ ભારે. એ કંઈ

ઝટ નિરાશ થાય નહીં. અમદાવાદ મોટું શહેર. ગમે તે રસ્તો નીકળશે એવું અંતરનો અવાજ કહી રહ્યો હતો.

એ દૃઢ આત્મવિશ્વાસના આધારે માણેકલાલે અમદાવાદ જઈને ગુજરાત કૉલેજમાં આર્ટ્સ ફેકલ્ટીમાં પ્રવેશ મેળવ્યો. અને રહેવાનું પાટીદાર વિદ્યાર્થી ભવનમાં રાખ્યું.

કૉલેજ અને છાત્રાલયના આરંભના ખર્ચ પૂરતી જોગવાઈ સાથે એ અમદાવાદ આવ્યા હતા. પણ હવે પછીના ખર્ચ માટે કોઈ માર્ગ શોધવાનો બાકી હતો. અંગ્રેજીમાં એક કહેવત છે, 'Fortune favours the brave' (બળિયાને નસીબ યારી આપે છે.) આ ન્યાયે થોડા પ્રયત્ન પછી માણેકલાલને ખર્ચ માટેનો એક આધાર મળી રહ્યો. સદ્‌નસીબે કુમુદચંદ્ર મહાદેવિયાની કંપનીમાં અંગ્રેજીમાં પત્રવ્યવહાર કરવાનું કામ મળી રહ્યું. સાંજે-સાંજે અમુક સમય પૂરતું આ કામ કરવાનું હતું જે માણેકલાલને ખૂબ અનુકૂળ હતું. આ કામ કરવામાં મહત્ત્વનો ફાયદો એ થયો કે એમને થોડાં ટ્યૂશનનો આધાર પણ મળ્યો. આ રીતે અભ્યાસ માટે કુટુંબ ઉપર ખર્ચનો સહેજ પણ બોજો ન પડે એવી વ્યવસ્થા થઈ ગઈ.

માણેકલાલ કૉલેજમાં અભ્યાસ કરતા હતા એ વર્ષોમાં પાટીદારના વિદ્યાર્થીઓ માટે અમદાવાદમાં માત્ર બે છાત્રાલયો હતાં. એક જેમાં માણેકલાલે રહેવાનું પસંદ કર્યું તે પટેલ વિદ્યાર્થી ભવન અને વી.એસ. હૉસ્પિટલની બાજુમાં હતું તે મહામંડળ. આ મહામંડળ હતું પાટીદાર વિદ્યાર્થીઓ માટેનું છાત્રાલય, પણ એ મહામંડળ તરીકે ઓળખાતું હતું. રૂમોની દૃષ્ટિએ વિચારીએ તો પટેલ વિદ્યાર્થી ભવન વધારે સગવડવાળું હતું. ઉત્તર ગુજરાતના અને તેમાં વળી મહેસાણા જિલ્લાના વિદ્યાર્થીઓ આ ભવનમાં રહેતા હતા. પટેલ વિદ્યાર્થી ભવન આમ તો, પુ. જ. અમીન વિદ્યાર્થી ભવન નામે હતું પણ ટૂંકમાં એ ભવન નામથી ઓળખાતું હતું. માણેકલાલ ત્યાં રહેતા હતા ત્યારે નટુભાઈ પટેલ ગૃહપતિ તરીકે સેવાઓ આપતા હતા. નટુભાઈ કૉલેજમાં અધ્યાપક હતા અને કૉલેજમાં એન.સી.સી. અંગેની જવાબદારી પણ એના માથે હતી. નટુભાઈ પોતે સંનિષ્ઠ અને પ્રામાણિક કાર્યકર હતા. શિસ્તના જબરા આગ્રહી. છાત્રાલયનું રોજબરોજનું તંત્ર સારી રીતે ચલાવતા હતા. વિદ્યાર્થીઓ સાથે પૂરી સહાનુભૂતિથી વ્યવહાર રાખે. પણ સંસ્થાની કેટલીક પ્રણાલિકાઓથી એમના હાથ બંધાયેલા. જેમ કે, વિદ્યાર્થીના વાલી માટે છાત્રાલયમાં કશી જ સુવિધા નહીં.

એટલે કે વિદ્યાર્થીના પિતા, ભાઈ કે પરિવારના કોઈ સભ્ય એને મળવા આવે તો એના માટે ઊતરવા-જમવાની કશી જોગવાઈ ન થાય. દૂરના કોઈ ગામથી સાંજના સમયે વિદ્યાર્થીનો કોઈ પરિવારજન વિદ્યાર્થીને ખાસ કારણથી મળવા આવ્યો હોય, પરત થવા માટે, તરત કોઈ બસ કે રેલવેનો સમય ન હોય ત્યારે વિદ્યાર્થીની મૂંઝવણનો પાર ન રહેતો. છાત્રાલયના સંચાલકોનું છાત્રો તરફ પ્રેમભર્યું વલણ હોવાને બદલે એમનું વલણ સત્તામૂલક, રુક્ષ અને તુમાખીભર્યું રહેતું.

માણેકલાલ અને જી.આઈ. પટેલ જેવા એમના બીજા કેટલાક મિત્રો આ પદ્ધતિ સામે અસંતોષ વ્યક્ત કરતા. ક્યારેક આક્રોશ પણ વ્યક્ત કરતા પણ આ જડબેસલાક ચોકઠામાં કશો ફેરફાર થાય એમ નહોતો. ચાલી આવતી રસમ એક બહાનું હતું.

આ રસમ સામે માણેકલાલ અને મિત્રો બહુ સક્રિય ન થયા. પણ બીજી એક બાબતમાં એ સક્રિય થયા વિના ન રહી શક્યા. આપણાં મોટાં છાત્રાલયો સામાન્ય રીતે અનાજ, ચોખા, ગોળ, દાળ વગેરેનો આખા વર્ષનો સ્ટોક અગાઉથી ખરીદી રાખે છે. આ સ્ટોકની ખરીદી સંસ્થાના જવાબદાર કાર્યકરોની સીધી દેખરેખ અથવા માર્ગદર્શન હેઠળ થાય છે. પણ રસોડાની રોજબરોજની જરૂરિયાતની ચીજો જેવી કે દૂધ, શાકબાજી, મસાલા, ઘી, તેલ વગેરે છાત્રાલયના કોઠારી દ્વારા (અલબત્ત, આમાં મંત્રી કે ગૃહપતિનાં સલાહસૂચનો તો ખરાં) થાય છે. કેટલાંક છાત્રાલયોમાં શાકભાજીનો પુરવઠો છાત્રોની બનેલી કમિટી દ્વારા ખરીદાય છે. ભવનમાં શાકભાજી ખરીદી છાત્રોની આવી કમિટી દ્વારા થતી હતી.

એક વખત છાત્રોના ફાળે આવતા ફૂડબિલ બાબતમાં સમસ્યા ઊભી થઈ. સમસ્યા પાછળ વિદ્યાર્થીઓના અસંતોષનું કારણ હતું.

તપાસ આરંભાઈ. તપાસમાં શાકભાજીની ખરીદીમાં મોટો ગોટાળો જોવા મળ્યો. જે શાક સસ્તું હોય તે રસોડાના ઉપયોગ માટે આવે અને બિલ મોંઘામાં મોંઘા શાકનું લેવામાં આવે. નાણાં ચૂકવવા માટે આ મોંઘા બિલ પ્રમાણે નાણાંનો ઉપાડ થાય અને શાકભાજીના વેપારીને સસ્તા શાકના પૈસા આપવામાં આવે.

ભવનનું વાતાવરણ ડહોળાયું. નાણાકીય ગોટાળાને ખુલ્લો પાડનાર વિદ્યાર્થીઓમાં માણેકલાલ પણ ખરા. સત્યનો આગ્રહ રાખનાર અને ભ્રષ્ટાચારને ન ચલાવવા માગનાર વિદ્યાર્થીઓ તોફાની ગણાયા. સત્યના પુરાવા માટે સાબિતીરૂપ શાક તો જે-તે દિવસે ખવાઈ ગયું હોય. સમજી બધું શકાય પણ ગુનેગારને

દંડવા માટે કશું હાજર કરી ન શકાય. જે દોષિત હતા એમને કંઈ ન થયું અને જે સાચાના આગ્રહી હતા એમને શિસ્તના બહાના હેઠળ ગેરશિસ્ત આચરનારા તરીકે છાત્રાલયમાંથી દૂર કરાયા. આ ઘટનામાં કેટલાક છાત્રો સાથે માણેકલાલ પણ છાત્રાલયમાંથી દૂર કરાયા. આમ જે વિદ્યાર્થીઓને ભવનમાંથી કાઢી મૂકવામાં આવ્યા એ સૌ પોતપોતાના મિત્રો સાથે રૂમ ભાડે રાખીને રહેવા લાગ્યા.

માણેકલાલે પણ બીજા સાથીદારો સાથે નાથાલાલ સોસાયટીમાં રૂમ ભાડે રાખી. બીજા સાથીદારોમાં એક હતા સરસાવ ગામના છગનભાઈ કચરદાસ પટેલ જે ખાસ તો સી. કે. પટેલ તરીકે ઓળખાય છે. આ છગનભાઈ પણ માણેકલાલની જેમ સર્વ વિદ્યાલયના વિદ્યાર્થી. વ્યાવસાયિક કારકિર્દીના આરંભમાં એટલે કે બી.એ. અને બી.એડ્. થયા પછી એ શિક્ષક તરીકે સર્વ વિદ્યાલયમાં જોડાયા હતા. એ નોકરી દરમિયાન એમણે ગૃહપતિ તરીકે પણ સેવાઓ આપી હતી. ગૃહપતિ તરીકે એમનું કાર્ય ઉત્તમ હતું. ઈ.સ. ૧૯૫૯-૬૦માં વધુ અભ્યાસ માટે સર્વ વિદ્યાલયની નોકરી છોડીને અમેરિકા ગયા. ત્યાં શિક્ષણના વિષયમાં ડૉક્ટરેટની ઉપાધિ મેળવી અને ત્યાંની ટ્રાયટન કૉલેજમાં અધ્યાપક થયા. ડીન પણ થયા અને એમની નિષ્ઠાના આધારે કૉલેજના મૅનેજમેન્ટમાં પણ એમને સ્થાન મળ્યું. સેવાભાવી પૂરા, કશાનો આડંબર નહીં, વિનય અને સદાચાર સ્વભાવમાં વણાઈ ગયેલાં. અહીં માણેકલાલની સાથે નાથાલાલ સોસાયટીમાં એક ઉત્તમ સાથીદાર તરીકે એ સિદ્ધ થયા. રૂમની સાફસૂફીનું કામ છગનભાઈએ સ્વેચ્છાએ ઉપાડી લીધેલું.

આ રૂમના બીજા સાથીદાર હતા પ્રહ્લાદભાઈ વિ. પટેલ. કડી નજીકના ગામ કાસ્વાના વતની. એમણે પછીનાં વર્ષોમાં અટક બદલીને ગામ કાસ્વાના નામ પરથી કસ્વેકર રાખી હતી. એ મૅટ્રિક થયા પછી સર્વ વિદ્યાલયમાં શિક્ષક તરીકે જોડાયા હતા. ગૃહપતિ તરીકે પણ કામ કર્યું હતું. વધારે અભ્યાસ માટે આ નોકરી છોડી હતી. ગ્રેજ્યુએટ થયા પછી શિક્ષક માટેની તાલીમ એમણે બનારસમાં લીધી હતી. કુહા, મેઘરજ વગેરે કેટલીક શાળાઓમાં એમણે આચાર્ય તરીકે કામ કર્યું હતું. સર્વ વિદ્યાલયમાં નાથાભાઈ આચાર્ય હતા ત્યારે એમણે ફરી એક વાર સર્વ વિદ્યાલયમાં શિક્ષક તરીકે કામ કર્યું હતું. પાછલાં વર્ષોમાં (કદાચ નિવૃત્તિ પછી) એલએલ.બી. થયા હતા. નાથાલાલ સોસાયટીની રૂમમાં એમનો સથવારો અન્ય મિત્રો માટે એક આનંદમય સ્મૃતિભંડોળ બની રહ્યો હતો.

રૂમના ત્રીજા સાથીદાર ગાંડાલાલ શિવલાલ પટેલ હતા. રૂમનો સહવાસ પૂરો

થયા પછી એમના વ્યવસાય કે પ્રવૃત્તિઓની ખાસ જાણ માણેકલાલને થઈ નહોતી.

રૂમના આ કુલ ચાર સાથીદારો સંપીને આનંદથી રહેતા હતા. ભોજન માટે લોજમાંથી ટિફિન મંગાવતા હતા. ભોજન પછી વાસણ વગેરે સાફસૂફીનું કામ આ ચારે મિત્રો સાથે મળીને પાર પાડતા હતા. રૂમની સાફસૂફીનું કામ ઉપર કહ્યું તેમ છગનભાઈએ સ્વેચ્છાએ ઉપાડી લીધું હતું.

કૉલેજના અભ્યાસમાં માણેકલાલે ઇન્ટર (બીજું વર્ષ)માં તર્કશાસ્ત્રના વિકલ્પે ગણિતશાસ્ત્ર રાખ્યું હતું અને બી.એ.માં ઑનર્સ સાથે અર્થશાસ્ત્રનો વિષય રાખ્યો હતો. અંગ્રેજી વિષય ચારે વર્ષમાં ફરજિયાત હતો. ગણિતશાસ્ત્રમાં એમના મુખ્ય પ્રોફેસર વેલિંકર હતા. ઇન્ટર સુધી ગુજરાતી વિષયમાં મુખ્ય પ્રોફેસર ધીરુભાઈ ઠાકર હતા, પછીનાં વર્ષોમાં એટલે કે બી.એ.માં અર્થશાસ્ત્રમાં પ્રો. જોશી હતા અને અંગ્રેજીમાં પ્રો. મિસ્ત્રી અને અંગ્રેજી ભાષાના જાણીતા વિદ્વાન અને પ્રખર ગાંધીવાદી પ્રો. સી. એન. પટેલ હતા.

અભ્યાસ સારી રીતે ચાલતો હતો. કશી અડપાલ, મુશ્કેલી કે ખામી નહોતી. અભ્યાસ બાબતમાં ચારેય મિત્રો ગંભીર હતા, હોટેલ-સિનેમા કે રખડપટ્ટીની કોઈ કુટેવ આ મિત્રોમાં નહોતી. એકબીજાની ટેવો એ આનંદગોષ્ઠી માટેનો એમનો વિષય. આ બાબતમાં મા આનંદમયીના ભક્ત પ્રહ્‌લાદભાઈ તરફથી એમના વર્તન નિમિત્તે ખૂબ આનંદ મળતો. નિર્દોષ વર્તન અને શુદ્ધ આનંદ.

અભ્યાસ ચાલ્યા કરતો હતો. પરીક્ષા નજીક આવી રહી હતી. નસીબ કહો કે અકસ્માત, નોકરીની વાત માણેકલાલના જીવનમાં વારંવાર અલ્પ સમયનું વમળ પેદા કરી જતી હતી. માણેકલાલના બી.એ.ના અભ્યાસના છેલ્લા વર્ષ (સિનિયર બી.એ.)માં વળી એક વમળ પેદા કરનારી ઘટના બની. અલબત્ત, આ વમળ સરવાળે સુખ આપનારું નીવડ્યું, માણેકલાલે અમદાવાદના મ્યુનિસિપલ કૉર્પોરેશનમાં નોકરી માટે અરજી કરેલી હતી. એ નોકરી માટેનો ઇન્ટરવ્યૂ કૉલ આવ્યો. એ કૉલ એ પ્રમાણેનો હતો કે બી.એ.ની પરીક્ષાના ચાલુ દિવસોમાંના એક દિવસે ઇન્ટરવ્યૂ માટે હાજર થવું પડે.

પરીક્ષા અને ઇન્ટરવ્યૂની તારીખ ધસમસતી છેક નજીક આવી પહોંચી. માણેકલાલની મૂંઝવણ પાર વગરની હતી. એક બાજુ અમદાવાદ જેવું શહેર અને એમાં મ્યુનિસિપલ કૉર્પોરેશનની નોકરી. આવી નોકરીની તક ભાગ્યે જ મળે. બીજી બાજુ કારકિર્દી માટેનું સૌથી મહત્ત્વનું જંપીંગ બોર્ડ આ પરીક્ષા, એના તરફ પીઠ કેમ ફેરવી લેવાય ? માણેકલાલની સ્થિતિ સ્કીલા અને ચેરીબ્ડીઝ

વચ્ચેથી પસાર થવા ઇચ્છતા વહાણના ખલાસી જેવી થઈ. ઈટાલી અને સિસિલિ વચ્ચે આવેલા મેસિના નામના ભૂશિરમાં આ સ્કીલા અને ચેરીબ્ડીઝ આવેલાં છે. સ્કીલા એક ખડક છે અને ચેરીબ્ડીઝ પાણીનું એવું ગંજાવર વમળ છે કે ગમે તેવા વહાણને ઘૂમરી ખવડાવીને ડુબાડી દે. આ બે વચ્ચે થઈને વહાણના ખલાસીએ વહાણને પસાર કરવું પડે, ખડક સાથે વહાણ અફળાઈ ન પડે એ માટે ખલાસી વહાણને દૂર રાખવાનો પ્રયાસ કરે તો પેલા વમળમાં સપડાઈ જાય અને વમળથી દૂર રહેવાનો પ્રયાસ કરે તો ખડક સાથે વહાણ અથડાઈ પડે. ખાંડાની ધાર ઉપર ચાલવા જેવો માર્ગ. થોડીક ચૂક થાય તો વિનાશ નિશ્ચિત. આવી સ્થિતિમાં મૂંઝવણનો પાર ન હોય, માણેકલાલની અત્યારે આ સ્થિતિ હતી, મન કહેતું હતું પરીક્ષા તો આવતે વર્ષે પણ આપી શકાય પણ આ તક ફરી ક્યાં આવવાની હતી ? એની સામે વળી મન કહેતું હતું, ઇન્ટરવ્યૂમાં હાજર થવાથી નોકરી મળશે જ એની ખાતરી શી ? પરીક્ષા જતી કરીએ અને નોકરી ન મળે તો બાવાનાં બેય બગડે. નોકરી માટે નિષ્ફળ ગયા પછી ભણતરનો ઉત્સાહ ક્યાં રહે ? કશો ભલીવાર ન આવે. અને ઘેર બેઠાં અભ્યાસ કેવો થાય ? આવા જાતજાતના વિચારોમાં અભ્યાસમાં મન બરાબર ચોટતું નહોતું.

આખરે માણેકલાલને એક ઉપાય સૂઝ્યો. જો એ કામયાબ નીવડે તો બેડો પાર થઈ જાય. કૉર્પોરેશનમાં ચીફ ઑડિટર તરીકે ફરજ બજાવતા શ્રી એસ. કે. પટેલના સ્નેહી હરિભાઈ હાથીભાઈની પેઢીમાં માણેકલાલના બનેવી નોકરી કરતા હતા. એમને આ પરિસ્થિતિ સમજાવી. એમની સૂચનાથી શ્રી એસ. કે, પટેલે બી.એ.ની પરીક્ષા પૂરી થયે માણેકલાલનો ઇન્ટરવ્યૂ લેવાય એવી ગોઠવણ કરી આપી.

પરીક્ષા પછી ઇન્ટરવ્યૂ લેવાયો અને નોકરી મળી ગઈ, મ્યુનિસિપલ ટ્રાન્સપોર્ટ સર્વિસમાં એમને કોસ્ટિંગ કલાર્ક તરીકે કામ કરવાનું હતું.

પરીક્ષાનું પરિણામ આવ્યું. ઓનર્સ સાથે એ બી.એ. થયા,

નોકરી ચાલુ રાખીને એમણે કાયદાના અભ્યાસ માટે લો કૉલેજમાં પ્રવેશ મેળવ્યો. લૉ કૉલેજ સવારની હતી એટલે નોકરી સાથે અભ્યાસની અનુકૂળતા સારી રહી.

એલએલ.બી.માં ઉત્તીર્ણ થયા પછી બાર કાઉન્સિલની પરીક્ષા આપીને એમણે વકીલાત કરવા માટેની સનદ મેળવી.

❒

૬

# સી. ઓ. સાહેબ

બારીકાઈથી નીરખનાર દ્રષ્ટા માણેકલાલના જીવનમાં કેટલાક આશ્ચર્યકારક વળાંકો જોઈ શકે. એવો એક વળાંક આવ્યો એલએલ.બી.ના અભ્યાસ પછી બાર કાઉન્સિલની પરીક્ષા પાસ કરીને વકીલાત કરવા માટેની સનદ મેળવી છતાં વકીલાત ન કરી અને વકીલાતના ધંધાથી દૂર રહ્યા તે વખતે, વકીલ તરીકે એ અસાધારણ સફળતા મેળવી શક્યા હોત એ તો આ ગ્રંથના આ પછીનાં પ્રકરણો વાંચતાં વાચકને નિશ્ચિતપણે સમજાઈ જશે. વકીલાત કરવાનો ખ્યાલ મનમાં પ્રવેશ્યો જ ન હોત તો એમણે બાર કાઉન્સિલની પરીક્ષા આપીને વકીલાત કરવા માટેની સનદ ન મેળવી હોત. એલએલ.બી.નો અભ્યાસ એમણે આ હેતુથી ગંભીરતાપૂર્વક કર્યો જણાય છે. નોકરી સાથે આ અભ્યાસ કરનારા ઘણા વિદ્યાર્થીઓ માત્ર કાયદાની એક ડિગ્રી મેળવીને લાયકાતમાં એક ઉમેરો કરી લેવાની ગણતરી રાખતા હોય છે. હાજરી બાબતમાં પણ ભારે અનિયમિત રહે છે. માણેકલાલે નોકરી સાથે આ અભ્યાસ કર્યો અને એ પૂરી નિષ્ઠાથી કર્યો એ, એમણે બાર કાઉન્સિલની પરીક્ષા આપી એ ઉપરથી સમજાય છે.

અમદાવાદમાં મ્યુનિસિપલ કૉર્પોરેશનમાં નોકરી સારી રીતે ચાલતી હતી પણ એક દિવસ કડી મ્યુનિસિપાલિટીમાં ચીફ ઑફિસરની જગ્યા ભરવાની છે એવી જાણ થતાં એમણે એ જગ્યા માટે અરજી કરી.

માણેકલાલ એક ઉત્તમ કહી શકાય એવા ઉમેદવાર હતા. ઇન્ટરવ્યૂ કૉલ આવ્યો. ઇન્ટરવ્યૂ માટે કડી મ્યુનિસિપાલીટીમાં ઉપસ્થિત થયા. ઇન્ટરવ્યૂ લેનાર મહાનુભાવોની સંખ્યા સોળ હતી. આ પણ એક આશ્ચર્ય હતું. કદાચ સિલેક્શન કમિટીની પ્રથા ત્યાં નહીં હોય. પ્રમુખ તરીકે શ્રી રામલાલ ગોવિંદલાલ પારેખ હતા. ઇન્ટરવ્યૂ વખતે માણેકલાલની તેજસ્વિતા સિદ્ધ થઈ. પર્ફોમન્સ બહુ સારું

રહ્યું અને નોકરી માટે પસંદગી એમના ઉપર ઊતરી. નોકરી માટે પસંદ તો થયા પણ નિમણૂકપત્ર તરત ન મળ્યો. બીજો દિવસ, ત્રીજો દિવસ એમ દિવસો પસાર થતા જતા હતા પણ નિમણૂકપત્ર હાથમાં આવતો નહોતો. મ્યુનિસિપાલિટીના પ્રમુખની સહી ન થાય ત્યાં સુધી ઑર્ડર કેમ આપી શકાય? પ્રમુખની સહી થતી નહોતી અને ઑર્ડર અપાતો નહોતો. એ દિવસોમાં મ્યુનિસિપાલિટી એવી હાલતમાં હતી કે એને તાત્કાલિક કોઈ કુશળ વહીવટદારની તાતી જરૂર હતી. આ વિલંબનું રહસ્ય કદાચ સૌ જાણતા હશે પણ એની કશી જાહેર ચર્ચા થતી નહોતી. એક દિવસ પ્રમુખશ્રીની અનુપસ્થિતિમાં ઉપપ્રમુખ ડૉ. માણેકલાલ સી. પટેલની સહી થઈ અને માણેકલાલને નિમણૂકપત્ર અપાયો અને તા. ૧૫-૯-૧૯૫૮થી માણેકલાલનો કડી મ્યુનિસિપાલિટીના ચીફ ઑફિસર તરીકેની ફરજનો આરંભ થયો.

ચીફ ઑફિસર તરીકે માણેકલાલના કાર્ય અને શક્તિ વિશે આલેખન કરીએ તે પહેલાં, આચાર્ય શ્રી બળદેવભાઈએ માણેકલાલના કાર્યની કરેલી મુલવણી નોંધપાત્ર જણાઈ હોવાથી વાચકોની જાણ ખાતર અહીં પ્રસ્તુત કરીએ છીએ. શ્રી બળદેવભાઈ લખે છે : ‘કોઈ પણ નગરપાલિકામાં, મુખ્ય અધિકારી તરીકે સફળ થવું ને યશ પ્રાપ્ત કરવો તે નાનીસૂની વાત નથી. જનતાની કંઈ ને કંઈ ફરિયાદો હોય, કર્મચારીઓ ફરજ બજાવવામાં દગડાઈ કરતા હોય, કૉર્પોરેટ બૉડીમાં ખાસ હોશિયાર સભાસદો ન હોય, નગરપાલિકાના કાર્યકર કાનૂનના જાણકાર હોય નહિ અને ફિશિયારી વધારે મારતા હોય. અનુભવ વગરના પ્રતિનિધિઓનો સાથ અને સહકાર મેળવવા અને યોગ્ય ઠરાવ કરાવવા એ કાચાપોચાનું કામ નહિ. વળી, નગરપાલિકાનું રાજકારણ. પક્ષીય હુંસાતુંસી અને ખેંચાખેંચ એમાં વળી કર્મચારીઓનાં સંગઠનોની તથા પ્રતિનિધિઓની અને કર્મચારીઓની સાંઠગાંઠ. સરકારમાં રજૂઆતો કરવાની હોય. રોજબરોજની નાગરિકોની અનેક ફરિયાદોનો સંતોષકારક નિકાલ કરવાનો હોય તોબા... તોબા. ભાગ્યે જ કોઈ અધિકારી યશસ્વી બની શકે. પરિપક્વતા, મનની સ્થિરતા અને પીઢતા ન હોય તો રોગના ભોગ બની જવાય. હાયપર ટૅન્શન (બ્લડ પ્રેશર), ડાયાબિટીસ, હાર્ટઍટેક બારણે ટકોરા મારવા તૈયાર હાજર ઊભા જ હોય. તેમાંથી બચવું અને સફળતા મેળવવી, યશ પ્રાપ્ત કરવો કેટલું કાઠું કામ છે? માણેકભાઈએ તે કરી દેખાડ્યું.

કડી નગરપાલિકામાં તેમની પહેલાં, ચીફ ઑફિસર તરીકે સફળ

કારકિર્દી બનાવી હોય એવી કોઈ વ્યક્તિ હોવાનું જાણમાં નથી. કામદારો અને કર્મચારીઓ પાસેથી કુનેહથી કામ કઢાવવું-જાગ્રત નાગરિકોની ફરિયાદો અને અસંતોષને પ્રેમથી, ધીરજથી, સમભાવથી હસતા મોઢે સાંભળવાં ને તેનો સારી રીતે સમયસર નિકાલ કરીને, રાજીપો મેળવવો એમાં આપણા માણેકભાઈની હથોટી. 'તુંડે તુંડે મતિર્ભિન્ના' જેવા સર્વ પ્રકારના નાગરિકોનો સાથ, સહકાર અને સહયોગ ભાગ્યે જ કોઈ અધિકારી માણેકભાઈ જેટલાં પ્રાપ્ત કરી શકતા હશે. માણેકભાઈની પ્રામાણિકતામાં તેમના વિરોધીઓને પણ અટલ વિશ્વાસ, તેમણે કદી, કશોય ભષ્ટાચાર કર્યો નહિ અને તેમની જાણમાં થવા દીધો નહિ. પોતે બીજાને ઘસારો આપવાનું પસંદ ન કરે તેવા સ્વમાની અને જાતે બીજા માટે ઘસાયા કરે. આ બધા ગુણોએ માણેકભાઈને અત્યંત બાહોશ, સફળ અને યશસ્વી ચીફ ઑફિસર બનાવ્યા.

કડીના નાગરિકોનો આટલો બધો પ્રેમ આ પહેલાં ના કોઈ ચીફ ઑફિસરે મેળવ્યો છે અને ના તેમના પછીના પણ કોઈએ પણ મેળવ્યો છે. અને એટલે તો વર્ષો પછી પણ આજે કયા માણેકલાલ એમ કોઈ પૂછે તો તરત જવાબમાં સહજ બોલાઈ જાય કે સી.ઓ. સાહેબ. ત્યારથી હુલામણું નામ 'સાહેબ' પડી ગયું. સાહેબ એટલે માણેકલાલ.

અને કડી મ્યુનિસિપાલિટીમાં ચીફ ઑફિસર માણેકલાલની સીધી નજર નીચે લગભગ અઢાર મહિના સુધી ઓવરસિયર તરીકે કામ કરનાર શ્રી ભાઈલાલભાઈ પટેલ (હાલ ઍડ્વોકેટ) પોતાના અનુભવની શી વાત કરે છે તે પણ જાણી લઈએ. શ્રી ભાઈલાલભાઈ કહે છે : 'આ અઢાર માસ દરમિયાન મને બે આદરણીય વ્યક્તિઓ સાંપડી તેમાં... તે વખતના મ્યુ. પ્રમુખ સ્વર્ગસ્થ શ્રી બાબુભાઈ ધનાભાઈ પટેલ (પોપટ છાપ છીંકણીવાલા) અને બીજા આપણા આ 'સાહેબ' સી.ઓ. શ્રી એમ. એમ. પટેલ સાહેબ છે.

મેં સબ ઓવરસિયર તરીકે... જે પ્રજાકીય જાહેર બાંધકામો સીધી દેખરેખમાં થતાં હોય તેને અનુલક્ષીને શંકા-કુશંકાઓ તથા આક્ષેપોવાળી કાંટાવાળા તાજ સમાન હતી તેના ઉપર એ સમય દરમિયાન સેવાઓ આપેલ તેમાં મને કોઈ આંચ આવી નહીં. પ્રામાણિકપણે, શાંતિથી, વિચલિત થયા સિવાય મારી ફરજો અદા કરી શક્યો તેમાં... આ બે મહાનુભાવોનું પીઠબળ જ કારણભૂત છે. શ્રીયુત બાબુભાઈ તો પ્રમુખ હતા તેથી તેમનું આવનજાવન સ્વૈચ્છિક હતું. પણ શ્રી એમ. એમ. પટેલ સાહેબ તો હોદ્દાની રૂએ ફુલટાઇમ મારા સાહેબ

હોવાના કારણે સતત એમની હૂંફ મને મળતી રહેતી હતી. તેમનું માર્ગદર્શન કાયમ કામિયાબ રહેતું.

આમ તો આ અઢાર માસ દરમિયાન તેમની સાથેની અનેક ઘટનાઓ અવિસ્મરણીય, સદાય વાગાળવી ગમે, આનંદ આપે તેવી છે. પણ એ બધી સ્મૃતિઓ અત્રે ટાંકવી શક્ય નથી. પણ એમની ધાક એક શાર્દૂલ સમી હતી અને શહેરમાં રાઉન્ડમાં નીકળ્યા હોય ત્યારે જાણે નરકેસરી નિરીક્ષણમાં નીકળ્યો હોય તેને નાનાં-મોટાં પશુપક્ષી વનરાજના પગરવથી જ તિતરબિતર થઈ જાય તેમ... કોઈએ એંઠવાડ ઢોળ્યો હોય, ગંદકી કરી હોય, ગટરો ઊભરાતી હોય, સ્ટૅન્ડ પોસ્ટ, બોરિંગો ઉપર લુખ્ખાં તત્ત્વો તોફાને ચઢ્યાં હોય તે બધાં ભયથી જ સમુંસુતરું કરી દઈ સંતાઈ જતાં. જે વિસ્તારોમાંથી પસાર થાય તે વિસ્તારમાં સન્નાટો છવાઈ ગયો હોય. તેમની આ ધાક ઊભી થવાનાં કારણો હતાં – નીડર નેતૃત્વ, ફરજો પ્રત્યેની નિષ્ઠા, નિયમિતતા, સ્પષ્ટ વક્તવ્ય, નિઃસ્વાર્થ સેવાભાવ, લાલચરહિત પ્રામાણિકતા અને સત્યપાલનમાં શેહ-શરમથી પર હોવું, તટસ્થ કર્તવ્યપરાયણતા સાથે નાના અને સબોર્ડિનેટ સ્ટાફ પ્રત્યે સદાય સહાનુભૂતિ, મિત્રો અને સ્નેહીઓ પ્રત્યે સદ્ભાવભર્યો નિખાલસ વ્યવહાર, વાણીમાં કડવાશ ખરી... પણ ઔષધ સમી.'

શ્રી બળદેવભાઈ અને શ્રી ભાઈલાલભાઈ – આ બંને ભાઈઓએ માણેકલાલની ચીફ ઑફિસર તરીકેની સેવાઓને ઝીણવટભર્યા અવલોકનથી સમીક્ષાગત બનાવીને આપણને માણેકલાલના વ્યક્તિત્વના એક ઉજ્જ્વળ પાસાના નિરૂપણ સાથે સ્વભાવનાં કેટલાંક અન્ય પાસાંનો સમ્યક્ નિર્દેશ કર્યો. હજુ માણેકલાલની મ્યુનિસિપાલિટીની સેવા દ્વારા થયેલી શહેરની સેવાની વાત પણ કરવાની છે. આમ કરવામાં ઉપરોક્ત કેટલીક વાતોનું પુનરાવર્તન થવા સંભવ છે. એને અનિવાર્ય ગણી વાચકે નિભાવી લેવું રહ્યું.

માણેકલાલે ચીફ ઑફિસરના પદ પરની નિયુક્તિ પછી સ્વેચ્છાએ એ પદ પરથી મુક્ત થયા ત્યાં સુધી એમણે મ્યુનિસિપાલિટીને ૧૪ વર્ષ અને ૧૦ માસ સુધી સેવાઓ આપી.

આ સમયગાળો અનેક રીતે એમની ઝળહળતી કારકિર્દીનો ગાળો ગણાયો. એક કડક અમલદાર હોવા છતાં એમનો વહીવટ પ્રજાલક્ષી અભિગમવાળો અને આમજનતા પ્રત્યે સહાનુભૂતિવાળો રહ્યો. મકાન બાંધકામની મંજૂરી માટે આવેલી અરજીનો એ ત્રણ દિવસમાં નિકાલ લાવી જે-તે નિર્ણય આપી દેતા. ઘણુંખરું

એ નિર્ણય મંજૂરીનો હોય. આવા દરેક કાર્યમાં એમની અસાધારણ ઝડપથી નિકાલની રીત ચીફ ઑફિસર તરીકેની એમની લોકપ્રિયતાના પાયામાં હતી. એમનો વહીવટ ચોખ્ખો તો ખરો જ, પણ કોઈની શેહશરમમાં તણાયા વગરનો તટસ્થ પણ ખરો. એક વખત એમણે કડીના સૌથી જૂના અને પ્રતિષ્ઠાસંપન્ન ડૉક્ટરને પણ મ્યુનિસિપાલિટીના નિયમભંગ બદલ નોટિસ પાઠવેલી.

સર્વિસના આટલા લાંબા સમયગાળા દરમિયાન એમણે કોઈ રજા ભોગવી નહોતી. લોકો માટે લાગણીથી ફરજ સમજીને કામ કરનાર ચીફ ઑફિસર પ્રજામાં 'સી.ઓ. સાહેબ' નામનું પ્રેમભર્યું હુલામણું બિરુદ પામ્યા એ તો ખરું, પણ મ્યુનિસિપાલિટીના પ્રમુખ બન્યા અને ઉદ્યોગપતિ બન્યા છતાં પ્રજાના હૈયે તો એ 'સી.ઓ. સાહેબ' અને પછી માત્ર 'સાહેબ' રૂપે સ્થાપિત રહ્યા.

ચીફ ઑફિસર તરીકેની એમની અનન્ય સિદ્ધિ તો એ હતી કે ડિરેક્ટર ઑફ લોકલ ઓથોરિટીએ એમની નિરીક્ષણ નોંધમાં લખ્યું હતું કે મકાન બાંધકામ માટે આટલી ઝડપી મંજૂરી બીજી કોઈ મ્યુનિસિપાલિટીમાં અપાતી હોવાનું જાણવા મળ્યું નથી. વળી સરકારમાં આ નગરપાલિકા વિરુદ્ધ એવી કોઈ ફરિયાદ નથી કે સરકારે પ્રશ્ન હાથમાં લેવો પડે. આવા સંગીન કામ માટે આ મ્યુનિસિપિલાટીના ચીફ ઑફિસરને પગારમાં બે વધારાનાં ઇન્ક્રિમેન્ટ આપવાં ઘટે.

માણેકલાલે જ્યારે ચીફ ઑફિસર તરીકે કામ સંભાળ્યું ત્યારે મ્યુનિસિપિલાટી ખોટમાં ચાલતી હતી. એની આર્થિક સ્થિતિ સુધારવા માણેકલાલે ઑક્ટ્રોય શિડ્યુલમાં સુધારો કર્યો. તદ્ઉપરાંત અમદાવાદી દરવાજાથી સ્ટેશન તરફના રસ્તા પર દુકાનો તૈયાર કરાવીને એના વેચાણ અથવા ભાડાના કારણે આવકનો વધારો કરવાની યોજના નગરપાલિકામાં મંજૂર કરાવી. એ પછી એમણે પોતે જાતદેખરેખ નીચે એને સાંગોપાંગ પાર પાડીને મ્યુનિસિપાલિટીને આર્થિક રીતે સદ્ધર સ્થિતિમાં મૂકી.

માણેકલાલે આ દુકાનોનું કામ જાતદેખરેખ નીચે પાર પાડ્યું એમાં એમની કેટલીક શક્તિઓનાં સુપેરે દર્શન થાય છે. આમાં વ્યવહારુ નિર્ણય લેવાની રીતને મુખ્ય ગણી શકાય. અમદાવાદી દરવાજા બહાર સ્ટેશન તરફ બંધાનાર મકાનો (દુકાનો)ની સ્કીમમાં એક વીંગ ડૉ. રામભાઈને ભાગે આવી હતી. આ બાંધકામ વખતે જે કૉન્ટ્રાક્ટરને કામ સોંપવામાં આવ્યું હતું તે બિનઅનુભવી માણસ સાબિત થયો. લીધેલા કામમાં ખોટની પૂરી શક્યતા

જણાતાં કામ અધૂરું મૂકીને એ જતો રહ્યો. કામ ખોરંભે પડ્યું. કોઈ માર્ગ તો કાઢવો જોઈએ. કામ ખોરંભે પડે અને વિલંબ થાય એ ડૉ. રામભાઈને પોસાય એમ નહોતું. એ માણેકલાલને મળ્યા અને કોઈ રસ્તો કાઢવા વિનંતી કરી. આમ તો, જતો રહેલો કૉન્ટ્રાક્ટર પાછો આવે એ માટે જરૂરી કાર્યવાહી કરી શકાય. એ પાછો નથી જ ફરવાનો એની ખાતરી શી ? કશી લેખિત જાણ કર્યા સિવાય ચાલ્યો ગયેલો માણસ ખોરંભે પડેલું કામ ફરી શરૂ નથી જ કરવાનો એવું ચોક્કસપણે કેમ માની લેવાય ?

છતાં એક માર્ગ માણેકલાલે વિચાર્યો. પેલા માણસનો કૉન્ટ્રાક્ટ રદ કરી શકાય. આ નિર્ણય અમલમાં મૂકવાથી શાં પરિણામ આવી શકે એ હકીકત અંગે માણેકલાલે ડૉ. રામભાઈને કહ્યું : આ માણસનો કૉન્ટ્રાક્ટ રદ કર્યા પછી બીજો કોઈ કૉન્ટ્રાક્ટર કે બિલ્ડર આ કામ હાથ પર લેવા તૈયાર ન થાય એવું બને. એવું બનતું આવ્યું છે. એમ થાય તો કામ આપણે જાતે હાથ પર લેવું પડે. એ માટે તમારી તૈયારી છે ? બાંધકામનો ખર્ચ મ્યુનિસિપાલિટી, કામ પૂરું થયા પછી ચૂકવે. દવાખાનામાં વિલંબ થાય એ રામભાઈ માટે ચાલે એવું નહોતું. એ આ યોજનામાં સંમત થયા. એમણે સર્વ વિદ્યાલય કૅમ્પસમાં સઘળાં કામ જે ભાઈ કરતા હતા એ કેશવલાલનો સંપર્ક કર્યો. કામ કરવાની કેશવલાલની તૈયારી પછી ડૉ. રામભાઈએ માણેકલાલને પોતે ગોઠવેલી વ્યવસ્થાની જાણ કરી અને કામ શરૂ કરવાની સંમતિ આપવા વિનવ્યા. માણેકલાલ જબરા આત્મવિશ્વાસના માણસ. નગરપાલિકામાં અગાઉથી ઠરાવ કરાવ્યા વગર ઉપાડેલા કામ સામે કોઈ પડકાર નહીં થાય એવો એમને પૂરો ભરોસો હોવાથી કામ શરૂ કરવા સંમતિ આપી. આ હતો ચીફ ઑફિસર તરીકેનો માણેકલાલનો આગવો પ્રભાવ. માણેકલાલના વ્યક્તિત્વનું બીજું એક પાસું અહીં જોઈ શકાશે. કોઈ કર્મચારી આવી ઝંઝટમાં શા માટે પડે ? આમાં વગર કારણે જોખમભરી જવાબદારી ઉપાડવાની વાત. કશા સ્વાર્થ વગર કોઈ શા માટે આવા ઊંડા પાણીમાં ઊતરે ? આ કામમાં ડૉ. રામભાઈ ઉપર કશો અનુગ્રહ કરવાનો પણ હેતુ નહોતો. ફક્ત લોકલાભાર્થે કામ કરવાનું હતું. દવાખાનાનું કામ એ જેટલું ત્વરિત થાય એ જનતાના લાભાર્થે જ. માણેકલાલે ફક્ત આ જોયું અને સ્વતંત્રપણે બાંધકામની મંજૂરી આપી. અગાઉના માણસનો કૉન્ટ્રાક્ટ આમ રદ કરવામાં પણ એક સાહસ હતું.

આ જ બાંધકામમાં માણેકલાલનો એક વ્યવહારુ નિર્ણય પણ જાણવા

જેવો છે. મ્યુનિસિપાલિટી તરફથી જે દુકાનો કે મકાનો તૈયાર થતાં હતાં એમાં મકાનો જ તૈયાર થતાં હતાં અન્ય ફર્નિશિંગ દુકાન કે મકાન ખરીદનાર કે ભાડે રાખનારે કરી લેવાનું રહેતું. એ ન્યાયે સૌએ પોતપોતાના મકાનમાં વીજળીનું ફિટિંગ કરાવી લેવું પડે, પણ ડૉ. રામભાઈ પોતાના દવાખાના (જે વેચાણથી લેવાનું હતું)માં કનસિલ્ડ વાયરિંગ કરવા માગતા હતા. એટલે જ્યારે મકાનનો કબજો છોડવાનો વખત આવે ત્યારે ભીંતમાં કન્સિલ કરેલા વાયર તો ભીંતમાં જ રહે. આ વાયરનાં નાણાં ડૉક્ટરે આપેલાં હોય. એ ખર્ચનું શું? અહીં માણેકલાલ કહી શક્યા હોત કે એ નાણાં તમે મ્યુનિસિપાલિટીના કહેવાથી કે એના માગણાથી ખર્ચ્યા નથી એટલે આ બાબતમાં મ્યુનિસિપાલિટીની જવાબદારી રહે નહીં. પણ માણેકલાલે એવું કંઈ ન કહેતાં એક વ્યવહારુ માર્ગ વિચાર્યો. વાયરનાં નાણાં ડૉ. રામભાઈએ ખર્ચ્યાં એ વાત ખરી, પણ મકાનમાં એવી રીતે નંખાયાં છે જેને ડૉક્ટર કાઢીને લઈ જઈ શકે એમ નથી. સરવાળે તો એ મ્યુનિસિપાલિટીની માલિકીનાં જ બનવાનાં છે. એટલે વાયરના રામભાઈએ કરેલા ખર્ચમાં હિસ્સો આપવાનું વિચાર્યું. ગણતરી કરતાં પોઇન્ટ દીઠ દસ રૂપિયા (મૂળ ખર્ચના લગભગ ૫૦ ટકા) મ્યુનિસિપાલિટીએ આપવાનું નક્કી કર્યું. આ વ્યવહારુ અને મકાન ભાડે રાખનારના લાભનો નિર્ણય હતો. ડૉ. રામભાઈએ એને આનંદપૂર્વક સ્વીકારી લીધો. માણેકલાલનો બોલ મ્યુનિસિપલ તંત્રમાં પાછો નહોતો પડતો. મેળવેલા આ વિશ્વાસના આધારે માણેકલાલે ઉપરોક્ત તોડ કાઢ્યો.

એ વર્ષોમાં ઇજનેર અથવા ડૉક્ટર બનવા ઇચ્છતા તેજસ્વી વિદ્યાર્થીએ કૉલેજની સાયન્સ ફેકલ્ટીમાં એફ.વાય.બી.એસસી. સુધીનો અભ્યાસ ધંધાની પસંદગી પ્રમાણે ગ્રૂપ-એ અથવા ગ્રૂપ-બીના વિષયો લઈને કરવો પડતો. કડી કે કડી તાલુકામાં આ અભ્યાસ માટેની કોઈ જોગવાઈ નહોતી. વિદ્યાર્થીઓએ પ્રવેશ માટે અમદાવાદ, વડોદરા કે સુરત જેવાં શહેરોમાં જવું પડતું. આવાં શહેરોમાં પ્રવેશાર્થીઓનો ધસારો વધારે હોય. આના કારણે પ્રવેશ માટે ગુણનું ધોરણ ઊંચું હોય. અત્યંત તેજસ્વી વિદ્યાર્થીને તો સહેલાઈથી પ્રવેશ મળી જાય. મોટા ભાગના વિદ્યાર્થીઓને નિરાશા સાંપડે. વળી, જેમને પેલાં શહેરોની કૉલેજોમાં પ્રવેશ મળ્યો હોય એમના માટે ત્યાંનું ભણતર વધારે ખર્ચાળ નીવડે. સરવાળે કડી જેવાં નાનાં નગરો અને ગામડાના વિદ્યાર્થીઓને અને વાલીઓએ શહેરોની સાયન્સ કૉલેજો અથવા સાયન્સ ફેકલ્ટીઓમાં પ્રવેશ બાબતમાં ભારે

હાડમારી વેઠવી પડતી અને મોટા ભાગે તો એમાં નિરાશા જ સાંપડતી. કડીના સર્વ વિદ્યાલય કેળવણી મંડળની જાણમાં આ બધું હતું જ. મંડળના તંત્રવાહકો કેટલાક સમયથી આ અંગે વિચારણા તો કરતા જ હતા પણ મુશ્કેલી એ હતી કે કડીમાં આર્ટ્સ અને કૉમર્સ ફૅકલ્ટીઓવાળી એક કૉલેજ હતી. આ બે ફૅકલ્ટી સાથેની કોઈ એક ફૅકલ્ટી સાથેની કૉલેજને મંજૂરી મળે એમ નહોતી એટલે કે આર્ટ્સ અને સાયન્સ અથવા કૉમર્સ અને સાયન્સ એવી કૉલેજોને યુનિવર્સિટીમાં જોડાણ માટે મંજૂરી મળે નહીં. એમાં યુનિવર્સિટી, યુ.જી.સી. કે સરકારને હરીફાઈની ગંધ આવતી હશે. સર્વ વિદ્યાલય તો માત્ર કેળવણીના શુદ્ધ ધ્યેયને વરેલું મંડળ હતું, પણ હમણાં કહી એ સ્થિતિમાં એના માટે માત્ર વિજ્ઞાન કૉલેજ શરૂ કરવાનો જ માર્ગ રહેતો હતો. માત્ર વિજ્ઞાનની કૉલેજ એટલે વિદ્યાર્થીઓની સંખ્યા ઓછી એટલે ફીની આવક ઓછી. વિવિધ લૅબોરેટરીઓ સાથે સ્ટાફ તેમ જ અન્ય રીકરિંગ ખર્ચ ભારે. ખોટનો ધંધો. જતે દિવસે ખોટ વધતી જાય. મંડળને દાનવીરો, શુભેચ્છકો અને એના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓમાં ખૂબ વિશ્વાસ હતો. એના આધારે મંડળે ઈ.સ. ૧૯૬૫ના મે માસમાં કેન્દ્ર સરકારના રેલવે મંત્રી શ્રી એસ. કે. પાટીલના હસ્તે વિજ્ઞાન કૉલેજનો પ્રારંભ કરાવ્યો. હવે ચિત્રમાં કડી મ્યુનિસિપાલિટીનો પ્રવેશ થાય છે. નગરનાં સુખસગવડ અને વિવિધ સુવિધાઓ પૂરી પાડવાનો નગરપાલિકાનો ધર્મ. કડી નગરપાલિકા આ ધર્મ સારી રીતે બજાવતી આવી હતી. એમાં વળી ચીફ ઑફિસર માણેકલાલે નગરપાલિકાનું વહીવટી તંત્ર સંભાળ્યું ત્યારથી એ ધર્મ વધારે વેગીલો અને સત્ત્વવંતો બની રહ્યો હતો. સાચા અર્થમાં કહીએ તો એ ધર્મનાં સુફળનો સ્વાદ માત્ર કડી શહેર પૂરતો મર્યાદિત ન રહેતાં તાલુકાની પ્રજા સુધી પહોંચતો હતો. વિદ્યાર્થીઓના લાભાર્થે કડીમાં સાયન્સ કૉલેજ જેવી શિક્ષણસંસ્થા સ્થપાતી હોય તો એને પ્રોત્સાહન આપવામાં અને આર્થિક સહાય કરવામાં કડી નગરપાલિકા પાછળ કેમ રહે ? વળી, નગરપાલિકાના ચીફ ઑફિસ તો સર્વ વિદ્યાલયના વિદ્યાર્થી પણ ખરા ! એમનો ઉત્સાહ કેમ ઝાલ્યો રહે ? મ્યુનિસિપાલિટીના સભ્યોમાં એમને શ્રદ્ધા હતી અને સભ્યોને એમની કાર્યનિષ્ઠામાં તો અપાર શ્રદ્ધા હતી. એટલે તો માણેકલાલનો બોલ નગરપાલિકાના સભ્યોની સભામાં કદી પાછો પડતો નહોતો. આમ એક મધુર અને સુભગ સંમતિ પછી માણેકલાલે સર્વ વિદ્યાલયની વિજ્ઞાન કૉલેજને રૂપિયા એક લાખનું દાન કડી મ્યુનિસિપાલિટીના નામે જાહેર કર્યું. સર્વ વિદ્યાલય કેળવણી મંડળે એ સહર્ષ સ્વીકારીને એક

લૅબોરેટરીને કડી મ્યુનિસિપાલિટીનું નામ આપ્યું.

લોકો જેને લાઇનદોરી તરીકે ઓળખે છે એ વિકાસનો નકશો (ટાઉન પ્લાનિંગ) તૈયાર કરવાનું કામ માથાના દુઃખાવા રૂપ હોય છે. આ કામ ચાલતું હોય છે ત્યારે માહિતી લીક થયા કરતી હોય છે એટલે માણસ પોતાનું મકાન કે દુકાન કે જમીન આ લાઇનદોરીમાં કપાય નહીં કે જાય નહીં તે માટે ઘણી મથામણ કરે છે. પોતાની મિલકતને સલામત રાખવા જાતજાતનાં પ્રેશર લાવે છે. ભ્રષ્ટાચારનો આશ્રય લેતાં અચકાતો નથી. ચીફ ઑફિસર માણેકલાલ આમાંના કોઈ પણ દબાણને વશ થાય એમ નહોતા કે કોઈનીય શેહશરમમાં તણાય એમ નહોતા. ભ્રષ્ટાચારને તો નજીક ટૂંકવા જ શાના દે? એમણે પોતાની બધી શક્તિ કામે લગાડીને શહેરનો ઉત્તમ વિકાસ જોઈ શકાય એ રીતે ઈ.સ. ૧૯૬૪માં શહેરી વિકાસનો નકશો તૈયાર કરાવીને તા. ૧૪-૫-૧૯૬૪ના રોજ આખરી રૂપ આપી દીધું, આમ કડી શહેરનો વિકાસનકશો કશા અવરોધ વગર તૈયાર થયો.

માણેકલાલની ચીફ ઑફિસર તરીકેની સેવાઓને જાણકાર સૌ આજે પણ અહોભાવથી યાદ કરે છે.

જ્યારે એ કડી મ્યુનિસિપાલિટીના પ્રમુખપદ પર બિરાજ્યા ત્યારે પણ એમની સેવાઓ પ્રમુખપદને ગૌરવ અપાવે એવી કીર્તિદા હતી. કડીની એમણે એ પદ પર રહીને કેવી ઉત્તમ સેવા કરી એનું એક ઉદાહરણ પણ એમની સેવાઓ વિશે ઘણું કહી શકે એમ છે.

કડીની જનરલ હૉસ્પિટલ મૂળ તો સરકારી હતી, પણ કોણ જાણે કયા ઉત્સાહવશ મ્યુનિસિપાલિટીએ એનો વહીવટ પોતાના હસ્તક લીધેલો, વહીવટ હસ્તક લીધા પછી ધીરે-ધીરે અને અનુભવે મ્યુનિસિપાલિટીની સ્થિતિ સાપે છછુંદર ગળ્યા જેવી થઈ. હૉસ્પિટલનો નિભાવ ખર્ચ મ્યુનિસિપાલિટીના ગજા બહારનો હતો. વળી, દવાખાનાની આંતરિક દેખભાળનું કામ પણ નાનુંસૂનું નહોતું. માણેકલાલને લાગ્યું કે સરકાર પાસેથી મેળવેલો આ ધોળો હાથી સરકારને પાછો આપવો જોઈએ. દવાખાનું સરકારમાં પરત સોંપવાની કાર્યવાહી માણેકલાલે આરંભી. માણેકલાલનો ધ્યેય એ કે એ જે કામ હાથમાં લે એને સાંગોપાંગ પૂરું કર્યા વિના છોડે નહીં. વહીવટી કુનેહ એમની અવ્વલ દરજ્જાની. ધાર્યું કામ પાર પાડ્યું અને કડી નગરપાલિકાને કમરતોડ ખર્ચમાંથી ઉગારી લીધી.

❒

૭

# ભાગ્યોદય હૉસ્પિટલના સેટલર

હાલ કડી નગર કૉટન જિનિંગ-પ્રેસિંગ ફૅક્ટરીઓની એક ગેલેક્સી બની રહ્યું છે. પણ વીસમી સદીના છઠ્ઠા દાયકામાં આ નગરમાં ગણીને ફક્ત ચાર જિનિંગ-પ્રેસિંગ ફૅક્ટરીઓ હતી. આ ફૅક્ટરીઓ પ્રજામાં 'જિન' શબ્દથી ઓળખાતી. ભાગ્યોદય, બાલાપીર, વ્યાપારી અને અઢારિયા આ ચાર કડી શહેરનાં જિન. એમાં ભાગ્યોદય જિન સ્ટેશન વિસ્તારમાં હોવાથી એનો લોકસંપર્ક વધારે. બાકીનાં ત્રણ સ્ટેશનથી પશ્ચિમે, શહેરથી અલગ અને વિરુદ્ધ દિશામાં. આથી સ્વાભાવિક રીતે જ લોકસંપર્ક ઓછો. ભાગ્યોદય જિનના માલિકો એકાધિક. આ માલિકો માત્ર વ્યાપારી તરીકે જ જાણીતા હતા એવું નહોતું. સામાજિક કાર્યોમાં એમનું યોગદાન ઘણું એટલે લોકોમાં એ બધા માનાર્હ મહાનુભાવો તરીકે પણ ખૂબ જાણીતા. એ હતા – શ્રી વનમાળીદાસ મગનલાલ, શ્રી બળદેવભાઈ ડોસાભાઈ, શ્રી ગોપાળભાઈ શિવલાલ, શ્રી પોપટલાલ, શ્રી ગિરધારીલાલ શેઠ અને શ્રી બાબુભાઈ છગનલાલ.

આ મહાનુભાવોએ જિન થકી કે અંગત, દાનની નીતિ ઉદાર રાખી હતી. એમનો દાન માટેનો હાથ સામાજિક સિવાયનાં અન્ય કાર્યો સુધી પણ લંબાતો હતો. એ વર્ષોમાં ગુજરાતી સાહિત્ય પરિષદના મંત્રી પીતાંબર પટેલે પરિષદના મકાન માટે આર્થિક ફંડની ટહેલ નાખી હતી. આ અંગે કડીના વાર્તાવર્તુળે ભાગ્યોદય જિનનો સંપર્ક સાધ્યો અને કશી લાંબીચોડી પૃચ્છા વગર પરિષદના મકાન માટે અપેક્ષિત દાન આપ્યું.

આ જિનના ભાગીદારો ક્યારેક સમૂહમાં તો ક્યારેક આંશિક રૂપે જિનની ઑફિસમાં મળતા. ધંધાની વાત કે ચર્ચા સહજપણે તો હોય પણ એમનામાં સમાજલક્ષી કે લોકસંગ્રહને સ્પર્શતી હોય એવી ઘણી વાતો અને ચર્ચાઓ થતી. રાજકારણને કોણ અવગણી શક્યું છે ? એમની ચર્ચાઓમાં રાજકારણનો રંગ

પણ ખરો. માણેકલાલ અને એમના મિત્ર રતિલાલ મગનલાલ પણ ઘણી વાર સાંજના સમયે અહીં આવતા અને થતી ચર્ચાઓમાં રસપૂર્વક ભાગ લેતા.

એ પછી તો એક કારણસર માણેકલાલની અહીં સાંજની હાજરી નિયમિત બની રહી હતી. કારણ એ હતું કે ભાગ્યોદય જિનના માલિકો - વનમાળીદાસ અને બાબુભાઈ છગનલાલે માણેકલાલને જિનિંગ-પ્રેસિંગના વ્યવસાયમાં પ્રવેશ કરવા પ્રેર્યા હતા અને માણેકલાલે આ વ્યવસાયમાં ધીમે પગલે પ્રવેશ કર્યો પણ હતો એની વાત આપણે હવે પછીના એક પ્રકરણમાં કરવાની છે. વળી, એ અહીં અપ્રસ્તુત છે એટલે એને આ વિગતમાં અધ્યાહાર રાખીએ છીએ.

એક દિવસ ભાગ્યોદય જિનના કાર્યાલયમાં આરોગ્ય અને તે અંગેની સુવિધાઓની વાત નીકળી. કેન્દ્રમાં હતું કડી શહેર અને તેના તાલુકા સમેતની પ્રજા. સ્વાભાવિકપણે ચર્ચાનું કેન્દ્ર બન્યું જનરલ હૉસ્પિટલ. મ્યુનિસિપાલિટીના વહીવટમાંથી સત્તા હસ્તાંતરિત કરીને ફરીથી સરકારમાં સોંપાયા પછી કથળેલી વ્યવસ્થા અને સગવડોની ઊણપ આ ચર્ચાનો મુખ્ય વિષય બની રહ્યો. રેઢિયાળ તંત્ર અને સગવડોનો અભાવ પ્રજાને આ દવાખાનાથી વિમુખ બનાવી રહ્યાં છે એવો સૌનો મત હતો. વળી, પ્રજા આ દવાખાનાનો પૂરો લાભ લઈ શકતી નથી એનું એક કારણ એનું સ્થાન પણ ગણાયું. દવાખાનું છેક તળાવ વિસ્તારમાં. શહેરના પૂર્વ છેડે. લોકો માટે આ અંતર અગવડભર્યું ખરું. આવી-આવી લંબાણપૂર્વકની ચર્ચાઓમાં એક વિચાર ઉદ્‌ભવ્યો : કડીમાં અદ્યતન સાધનસામગ્રી અને ચિકિત્સાને લગતા બધા વિભાગો સાથેનું અને ઓછામાં ઓછી ૧૦૦ પથારીઓવાળું દવાખાનું હોવું જોઈએ. આ વિચાર પછી તરત ઊભો થતો સવાલ આ હતો :

'પણ એ કોણ કરે ?'

જવાબ શોધવા જવું પડે એમ નહોતું. જવાબ હતો : 'આપણે જ વિચારીએ.'

અને ખરેખર ભાગ્યોદય જિનના આ માલિકોએ આ વિચારને ગંભીરતાપૂર્વક ચર્ચામાં લીધો અને કડીમાં એક દવાખાનું સ્થાપવાનો નિર્ણય કર્યો. આ નિર્ણય અગાઉના આખરી તબક્કામાં શ્રી ડાહ્યાભાઈ પ્રહ્‌લાદભાઈ અને શ્રી રતિલાલ મગનલાલ પટેલ પણ સામેલ હતા.

કડી અને કડી તાલુકાની જનતાના સ્વાસ્થ્યની જાળવણી અંગે હૉસ્પિટલ સ્થાપવાનો વિચાર તો ઉત્તમ હતો. પણ નિર્ણય કરનારા આ બધા તો એમના વ્યવસાયમાં ગળાબૂડ. એમને આ વિચારેલા પ્રોજેક્ટને પાર પાડવાનો સમય

ક્યાંથી હોય ? પણ એમણે આ માટે બહુ ચિંતા કરવાની જરૂર નહોતી. એમના સાથમાં સમર્થ સી.ઓ. માણેકલાલ તો હતા. એ સૌના મનમાં દવાખાનાની સ્થાપના સાથે માણેકલાલ નજર સમક્ષ રહ્યા જ હશે. માણેકલાલ કાર્યસૂઝ, નિષ્ઠા, પ્રામાણિકતા, હાથમાં લીધેલું કામ વિના વિલંબે પાર પાડવાના નેમધારી... બીજો કાર્યકર શોધવાની ક્યાં જરૂર હતી ?

હવે પ્રથમ પગલા રૂપે કડી તાલુકા પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટની સ્થાપના થઈ. ટ્રસ્ટીઓ તરીકે (૧) શ્રી બળદેવભાઈ ડોસાભાઈ (૨) શ્રી રતિલાલ મગનલાલ (૩) શ્રી ભાનુભાઈ બાબુભાઈ (૪) શ્રી પોપટલાલ (કલોલ) (૫) શૈલેશ વનમાળીદાસ નિમાયા, સેટલર તરીકે માણેકલાલે જવાબદારી ઉઠાવવાની હતી.

સૌ પહેલો પ્રશ્ન આવ્યો સ્થળનો. જાહેર સંસ્થા માટે સ્થળ એ સૌથી વધારે અગત્યની બાબત છે. દવાખાનું લોકોને અવરવજર માટે અત્યંત સુગમ હોય એ જરૂરી ખરું. આ માટે રેલવે સ્ટેશન, બસ સ્ટેશન, શહેર કે ગામનો મધ્યમ ભાગ લોકો માટે અનુકૂળ જણાય. માણેકલાલની નજર સમક્ષ આખા શહેરનો નકશો હતો. સ્ટેશન રોડના જાહેર બાગની જમીન વિશાળ હતી. એનો સ્ટેશન તરફનો કેટલોક ભાગ બાગના રૂપમાં વપરાશમાં નહોતો. એ ભાગને દવાખાનાના ઉપયોગ માટે લઈ શકાય.

આ જમીન મૂળ તો સરકારી હતી. વડોદરા રાજ્ય વખતની એ સરકારની માલિકીની જમીન કડીમાં પબ્લિક પાર્ક બનાવવાના હેતુથી રાજ્ય પાસેથી મેળવવામાં આવી હતી. શ્રી રામલાલ ગોવિંદભાઈ પારેખ નગરપાલિકાના પ્રમુખ હતા. ત્યારે આ જમીન ઉપર એક વિશાળ બાગ બન્યો. કડીની પ્રજા માટે એક મોટી સગવડ ઊભી થઈ. પ્રજા એનો ખૂબ લાભ લેતી હતી. બાગ એટલો વિશાળ હોવા છતાં ઉપર કહ્યું તેમ જમીનનો કેટલોક ભાગ બાગનો ઉપયોગી અંશ બન્યા વગર રહ્યો હતો. એક પટ્ટામાં તો અગાઉ લીમડાનું ધરુવાડિયું કર્યું હોય એમ વિકાસ પામ્યા વિના અસંખ્ય લીમડા એ પટ્ટામાં વધીને ઊંચા ગયા હતા. સોટા જેવા લીમડાનું વન જાણે! એટલે ખરેખર બગીચો બન્યા વગરની જમીનનો ઉપયોગ સૂચિત હૉસ્પિટલ માટે કરવામાં આવે તો મ્યુનિસિપલ બાગ જરાપણ ખંડિત થાય એમ નહોતો. નાગરિકોને દવાખાનાની સુવિધા મળતી હોય તો આ જમીન દવાખાના માટે ફાળવવામાં આવે તો કોઈને પણ ફરિયાદનું કારણ ન હોય.

પણ આ જમીન મ્યુનિસિપાલિટી એમ બારોબાર કોઈ ખાનગી ટ્રસ્ટને

આપી દઈ શકે નહીં. એના માટે એક્વિઝિશનની બધી કાર્યવાહી અપનાવવી પડે. કડી તાલુકા પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ દવાખાનું સ્થાપવના હેતુથી સરકારમાં જમીન માગે. સરકાર અગાઉની પોતાની જમીનનો માગણી મુજબનો અંશ મ્યુનિસિપાલિટી પાસેથી પાછો મેળવે અને સ્થપાયેલા ટ્રસ્ટને સૂચિત હેતુ માટે પાછી મેળવેલી આ જમીન આપે.

સરકારી તંત્રમાં નિયમ અને કાયદા પ્રમાણે ચાલવાનું કામ સહેલું હોતું નથી. આ માટે ખંતથી મંડ્યો રહેનાર અને આવડતવાળો માણસ અથવા કાર્યકર જોઈએ. માણેકલાલ માટે તો આ બધું હસ્તામલકવત્ (હાથમાંના આમળા) જેવી વાત. સી.ઓ. તરીકેના કાર્યક્ષેત્રમાં વિવિધ પ્રકારની કાર્યવાહીઓની જાણકારી તો મેળવેલી હોય. માણેકલાલના હોવાના કારણે ટ્રસ્ટીઓ અને કાર્યકરો નિશ્ચિંત હતા. આ સૌએ મળીને હૉસ્પિટલની સ્થાપનાની સઘળી પૂર્વભૂમિકાથી માંડીને સ્થાપના અને ઉદ્‌ઘાટન સુધીની બધી જવાબદારી માણેકલાલ તથા ડાહ્યાભાઈ અને રતિલાલના શિરે મૂકી.

માણેકલાલની આગેવાની અને જરૂરી ત્વરિત કાર્યવાહી અંગેના સતત ખંતના આધારે ધાર્યા કરતાં ઘણા વહેલા સમયમાં જમીનનો કબજો સાંપડ્યો. હવે વાત આવી ભૂમિપૂજનની અને ખાતમુહૂર્તની. જન આરોગ્ય હિતાર્થે દવાખાનાના ઉપરોક્ત કામ માટે ડોંગરે મહારાજ કરતાં વધારે યોગ્ય બીજું કોણ હોય? આવા માનવ કલ્યાણના સાત્ત્વિક કાર્ય માટે ડોંગરે મહારાજ ઇન્કાર ન કરે. ફક્ત સમયની અનુકૂળતા વિચારી લેવી પડે.

ડોંગરે મહારાજનો સંપર્ક સાધવામાં આવ્યો. આવાં કાર્યો બાબતે બળદેવભાઈ ડોસાભાઈનું નામ મોટું અને જાણીતું ગણાય. વળી ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા બધી સગવડવાળું દવાખાનું ઊભું થનાર હતું. ડોંગરે મહારાજે ભૂમિપૂજન માટે રાજી થઈને સંમતિ આપી.

બપોરના ત્રણ વાગ્યા પછી ભૂમિપૂજનનો સમય નક્કી થયો. ડોંગરે મહારાજની વાણીનો લાભ લેવા મોટી સંખ્યામાં માનવમેદની જમા થઈ હતી. પણ લાંબા પ્રવચન માટે અવકાશ નહોતો. ભૂમિપૂજનનો વિધિ પૂરો થયા પછી માત્ર પાંચ-સાત મિનિટમાં ડોંગરે મહારાજે એમનું વક્તવ્ય પૂરું કર્યું. પણ દવાખાનાના આર્થિક લાભ માટે એમણે ભાગવત સપ્તાહ માટે સંમતિ આપી. આ યોજનામાં સપ્તાહ માટેનું સ્થળ સ્ટેશન રોડ ઉપર એસ.ટી. બસ-સ્ટેશન સામે અત્યારે જ્યાં કન્યાશાળા છે તે પરિસર ઉપર રાખવામાં આવ્યું.

માણેકલાલના સ્વભાવની એક પ્રશંસાપાત્ર ખાસિયત છે જે હવે પછી લખાનારાં શિક્ષણ અંગેનાં પ્રકરણોમાં સોળે કળાએ વિકસેલી અને સફળ તેમ જ લાભકર્તા થયેલી જોઈ શકાશે. એ ખાસિયત એ છે કે કોઈ પણ સંસ્થાનો આરંભ કરવો હોય તો તે અંગેની એક-એક જરૂરિયાત સંસ્થાના આરંભ પહેલાં તૈયાર રાખવી. કશી ઊણપનો રિપૉર્ટ ન થવો જોઈએ. આ નીતિના આધારે દવાખાનાના ટ્રસ્ટના મંત્રીની હેસિયતથી માણેકલાલે દવાખાનાનું ઉદ્‌ઘાટન થાય અથવા તે ન થાય તોપણ દવાખાનાનો ઉપયોગ થાય એ પહેલાં દવાખાનાનું મકાન, ઑપરેશન થિયેટર, ૧૦૦ પથારીઓ માટેના વૉર્ડો, ઓ.પી.ડી. માટેની વ્યવસ્થા, મેડિકલ ઑફિસર, તેમ જ અન્ય દાક્તરો માટેની જરૂરી ચેમ્બરો (અલબત્ત, આ બધું મકાનના ભાગ રૂપે) વગેરે તૈયાર કરાવી દીધું.

દવાખાનાના મોટા નિભાવખર્ચનો મોટો પ્રશ્ન ટ્રસ્ટીઓ અને કાર્યકરો સમક્ષ ઊભો હતો. આ પ્રશ્નના ઉકેલ બાબતે પણ મુખ્યત્વે માણેકલાલે જ વિચારવાનું હતું. કડીની જનરલ હૉસ્પિટલ કડીની મ્યુનિસિપાલિટી હસ્તક હતી તે વખતે માણેકલાલે નિભાવ ખર્ચ માટે જે યોજના વિચારી હતી તે અહીં પણ અખત્યાર કરવાની જરૂર એમને જણાઈ. પણ માણેકલાલ સમય અને સંજોગને બરાબર પારખી શકતા હતા. અગાઉ જે યોજના વિચારીને અમલમાં મૂકી હતી તે અત્યારે યથાતથ ચાલી શકે કે કેમ એ માણેકલાલને વિચારવા જેવી સમસ્યા લાગી. અગાઉ અમદાવાદી દરવાજાથી સ્ટેશન તરફ જતા રસ્તા ઉપર દુકાનો/ મકાનોનું બંધારણ કર્યું હતું. અત્યારે જ્યાં બાંધકામ કરવાનું હતું એ રસ્તો તો એ જ હતો પણ બંનેના છેડા દૂર હતા. પેલો છેડો શહેરને અડીને હતો. બાજુમાં ભાઉપુરા જેવા ભરચક અને સુખી માણસોનો વાસ હતો. દુકાન ખરીદનાર અથવા ભાડે રાખનારને એ માટે રસ હોય. રસ્તાનો આ છેડો શહેર અને ભરચક વસ્તીથી થોડો દૂર હતો. થોડાં વર્ષો અગાઉ સુધી તો એ રસ્તા ઉપર કુટુંબોનો વરસવાટ માત્ર મણિલાલ મેન્શનમાં હતો. એ રસ્તા ઉપર સરકારી રેસ્ટ હાઉસ, એક જનરલ ઉપયોગમાં ન આવતી ધર્મશાળા (!) હતી સ્ટેશન સામે એક સામાન્ય કહી શકાય એવી હોટલ હતી. એ રસ્તા ઉપર એક પટેલ ભુવન (ખરેખર તો પટેલ ભવન) હતું જે જરૂરતમંદ લોકો માટે રાત્રિરોકાણની વ્યવસ્થા માટે અથવા કોઈ કોઈ મીટિંગોના ઉપયોગમાં લેવાતું હતું. ૧૯૫૫ સુધી તો રસ્તાની બંને બાજુએ રસ્તાને સમાંતર ખાઈઓ જેવા સળંગ ખાડા હતા. અલબત્ત, હવે આ રસ્તાની સ્ટેશન તરફની દિશામાં વિકાસ

થવા લાગ્યો હતો. પણ મ્યુનિસિપલ બાગ, એસ.ટી. બસ-સ્ટેશન, પટેલ ભવન, કન્યાશાળા વચ્ચે ઉત્તર દક્ષિણ જતા પહોળા રસ્તાઓ – આ બધાના કારણે વસ્તીનો વસવાટ ભરચક બને એમ નહોતો જ્યાં વસ્તીનો વસવાટ ઓછો હોય ત્યાં દુકાનદારને દુકાન નાખવામાં ઝાઝો રસ ન હોય.

આ બધું માણેકલાલે વિચાર્યું જ હોય. નિભાવખર્ચને પહોંચી વળવા કંઈક તો કરવું હતું જ. એમણે વિચાર્યું : શહેરનો ઝડપી વિકાસ થઈ રહ્યો છે એ જોઈ શકાય છે. ઘર-વપરાશની ચીજો ન સહી; કારખાનાં, ઑફિસો વગેરે ઉપયોગ માટે જગ્યાની માગણી રહેવાની. એમણે મોટી કંપનીઓને પસંદ પડે એવી ઑફિસો બાંધકામના પહેલે માળે તૈયાર કરાવવાનું વિચાર્યું. ગ્રાઉન્ડ ફ્લોર ઉપર નાનાં કારખાનાં માટે, શો રૂમ તરીકે કામ આપે અને ખાસ પ્રકારની દુકાનો કે જેને ગ્રાહકો શોધતા આવે – આવાં સ્ટ્રક્ચર દવાખાના માટે મળેલી જમીન ઉપર રોડની ધારે-ધારે બંધાવવાનું નક્કી કર્યું.

જ્યારે બાંધકામ થયાં ત્યારે બધું સારી રીતે સાંગોપાંગ ફાયદામાં ઊતરવા લાગ્યું. ઑફિસો બની અને દુકાનો પણ થઈ. દવાખાનાના નિભાવ ખર્ચની એક મોટી ચિંતા મટી ગઈ.

દવાખાનાના વહીવટ બાબતમાં માણેકલાલ મંત્રી હોય એટલે કશું કહેવાપણું ન હોય. પારદર્શી વહીવટ. જાતે ઘસાય પણ નજરને સ્વાર્થવશ ક્યાંય લોલુપ થવા ન દે. સ્ટાફ ઉપર ઉત્તમ લાયકાતવાળા ઉમેદવારોની જ ભરતી થાય. ડૉક્ટરોની નિમણૂક માટે એ અંગે ઉત્તમ અધિકાર ધરાવતા દાક્તરોની મદદ લેવાતી. આ અંગે કૅન્સર હૉસ્પિટલમાં લેવાયેલા ઇન્ટરવ્યૂ ઉપરથી અછડતો ખ્યાલ આવશે. માણેકલાલે જેટલાં વર્ષ આ દવાખાનાનું કાર્ય ચૅરિટેબલ ટ્રસ્ટના મંત્રીની હેસિયતથી સંભાળ્યું એટલાં વર્ષે એમણે જનતા તરફથી અથવા દવાખાનાના સ્ટાફ તરફથી કોઈ ફરિયાદનું કારણ ન રહે તેની બરાબર કાળજી રાખી ૧૦૦ પથારીવાળું દવાખાનું કડી તાલુકાની જનતા માટે આશીર્વાદરૂપ બની રહ્યું.

❐

# ૮

# સમાજસેવાનું પ્રથમ કદમ

સેંકડો કે હજારો નહીં પણ લાખોની સંખ્યામાં જ્યાં કૉ.ઓ.હા. સોસાયટીઓ સ્થપાતી હોય ત્યાં કડીની સરદાર સોસાયટીની શી વિસાત? ચરિત્રગ્રંથમાં એના માટે એક સ્વતંત્ર પ્રકરણ એ પણ એક આશ્ચર્યની વાત. કડીમાં એ પ્રથમ સોસાયટી એટલે એ ખાસ નોંધ કે ઉલ્લેખની હકદાર ખરી, પણ એના માટે આખું પ્રકરણ શા માટે? આ પ્રશ્નનો જવાબ એ હોઈ શકે કે આ સરદાર પટેલ સોસાયટી સાથેની માણેકલાલની નિસબત એમની કારકિર્દીમાં જાહેર સેવાનું પ્રથમ સોપાન બનીને એમનો સર્વગ્રાહી પરિચય આપે છે એટલે આ ગ્રંથમાં આ પ્રકરણનું આગવું મૂલ્ય છે.

માણેકલાલે કડી મ્યુનિસિપાલિટીના ચીફ ઑફિસર તરીકે જે સિદ્ધિ બતાવી એની પાછળ એક પદ સહાયક બળ હતું. સત્તાનો આધાર હતો. અહીં કોઈ પણ પ્રકારની સત્તા વગર સોસાયટીના સર્વ સભ્યો સાથે સમાન કક્ષા ઉપર રહીને, સભ્યો પ્રત્યેના ઉત્તરદાયિત્વ સાથે, ટીકા-ટિપ્પણીની શક્યતાઓ વચ્ચે કામ કરવાનું હતું. આકરી કસોટીમાંથી પાર ઊતરવાનું હતું. એમાં એ કેટલે અંશે પાર ઊતર્યા એનો આલેખ આ પ્રકરણમાં છે.

કડી મ્યુનિસિપાલિટીના સી.ઓ. સાહેબ માણેકલાલ ઊંડી ફળીના નિવાસી હતા અને સરદાર પટેલ સોસાયટીની રચના થવાની હતી ભાઉપુરા વિસ્તારની ખુલ્લી જગ્યામાં. આ હકીકત સાથે સરદાર પટેલ સોસાયટીના આરંભના સભ્ય શ્રી મફતભાઈ એમ. પટેલના અહેવાલથી જ સોસાયટીની વાત શરૂ કરીએ : ‘આજથી ચાલીસ વર્ષ પહેલાં જ્યારે કડીના ઇતિહાસમાં સોસાયટી શબ્દનો પ્રવેશ જ ન હતો અને લોકો મશ્કરી સ્વરૂપે સિસોટીના વ્યંગ્યાત્મક શબ્દોથી સંબોધન કરતા તેવા કપરા સંજોગોમાં અને ભાઉપુરામાં વસતા ભાઈઓને મકાનની ખરેખર જરૂર હતી ત્યારે સરદાર પટેલ જયંતીના દિવસે, અજાણ્યે

ભાઉપુરાના ચોકમાં મળેલી મીટિંગમાં સોસાયટીનો સંકલ્પ કર્યો, ત્યારે સરદાર પટેલ સોસાયટીનું પ્રથમ સોપાન શરૂ થયું. સૌએ એકી અવાજે સોસાયટી બનાવવાની વાતનો સ્વીકાર કર્યો.

સમયની બલિહારી છે. લોકો પાસે પૈસા ન હતા પણ સોસાયટીના સભ્ય બનવા આતુર હતા. જમીનની ખરીદી કરવાની હતી. હપ્તાની શરૂઆત કરવાની હતી ત્યારે ઘણા સભ્યોએ પૈસા ભરીને નામ નોંધાવી દીધાં. સમયાંતરે પૈસાના અભાવે કેટલાક સભ્યો સોસાયટીમાંથી નીકળી પણ ગયા. એમ રોજબરોજ મીટિંગો થતી રહી, જમીનની ખરીદી કરી. જમીનનો કબજો લેવામાં અનેકગણી મુસીબતો સામે આવતી હતી. ઝઘડા, કૉર્ટ-કચેરી વગેરેથી લડતા-લડતા સોસાયટીના કામમાં આગળ વધતા રહ્યા. માત્ર બે રૂપિયા અને સાઈઠ પૈસાના ભાવની જમીન હોવા છતાં સભ્યો મેળવવા પ્રયત્નો કરવા પડતા હતા. ઘણાયે પ્લોટો નહીં બાંધવાની શરતે પૈસા આપ્યા અને સભ્યોની નોંધ ચાલુ રાખી. લોન પણ લેવાની હતી. તાલુકા લેવલે લોન લેવાનું કામ કપરું હતું તોપણ દિનપ્રતિદિન કામ આગળ વધતું રહ્યું. સોસાયટી ધીરે-ધીરે આકાર પામતી ગઈ.

સામા પૂરમાં તરીને આગળ વધવાની કસરત કઠિન હતી. અંધારામાં કોડિયું પણ પૂરતું હતું. એવા સમયે સૂત્રધાર અને સોસાયટીના દીવાદાંડી સમાન કોઈની જરૂર હતી ત્યારે કડી નગરપાલિકાના ચીફ ઑફિસર મા. શ્રી માણેકલાલે આ ખાલીપો પૂર્યો. સૌને હૈયાધારણ થઈ. જે આખા નગરની ખબર રાખે તે અમારી તો ખબર રાખશે જ ને!

સોસાયટીના સભ્ય તરીકેનો એમનો પ્રવેશ સોસાયટીના સંપૂર્ણ કામને પૂર્ણતાના આરે પહોંચાડવાનો જાણે સંદેશ હતો. સોસાયટીના સભ્યોએ સંતોષનો ઓડકાર લીધો અને કામને વધારે વેગ મળ્યો. માત્ર ને માત્ર દોઢથી બે વર્ષની અંદર આ સોસાયટીને પૂર્ણતાના સ્વરૂપે પહોંચાડી. જરૂરિયાતવાળા ભાઈઓને ઘર મળ્યું. લોકો ખુશ થયા. આનંદવિભોર બન્યા.

આ બધામાં માણેકલાલ ક્યાં? એ પ્રશ્નનો જવાબ આપવાનો હોય તો એમ જ કહી શકાય કે માણેકલાલ સોસયાટીના સભ્યોમાં એકડા સમાન રહ્યા. બીજા ઘણા સભ્યો હતા પણ તેઓ માત્ર મીંડા સમાન. એકડા વિનાના મીંડાની કેટલી કિંમત? માણેકલાલે કુશળ વહીવટ કરી ચેરમૅનશિપ તો કરી જ પણ લોકોની લાગણી, માગણી અને પરિસ્થિતિને ધ્યાનમાં રાખી સૌને સાથે રાખી સોસાયટીના પ્લાનમાં ફેરફાર કર્યા, અંગત વગથી પૈસાની પણ હિંમત

આપી. એમની આગવી સૂઝ અને અક્કલ હોશિયારીથી સોસાયટીને ક્યાંય નુકસાન થવા દીધું નથી. લાંચની તો વાત જ નહીં. સાચી વાતમાં કલેક્ટર હોય તોપણ કદી કોઈને ગાંઠ્યા નથી અને સોસાયટીની ઇજ્જત વધે તેમ જ કોઈ નુકસાન ન થાય તેવું જાત ઉપર મુસીબતો વહોરીને સોસાયટીને એક આગવી ઇજ્જત અપાવી.

સોસાયટી પૂરી થઈ. લાઇટની સગવડ કરવાની. પોતે ચીફ ઑફિસર અને લાઇટની સગવડ મૂળચંદ પારેખના હાથમાં. ત્યારે મ્યુનિસિપાલિટી અને પારેખને મનમેળ નહીં, એવા સંજોગોમાં અક્કલ હોશિયારી અને સદ્‌બુદ્ધિથી આ કામ સરસ રીતે પાર પાડેલું.

*

આજથી ચાર દાયકા પહેલાં, રૂપિયો ગાડાના પૈડા જેવો હતો. લોકો પાસે પૈસા ન હતા ત્યારે સોસાયટી બાંધવામાં કેટલી મુસીબત પડી હશે તે તો માણેકલાલ જ જાણે છે. આગવી ઇજ્જત અને જવાબદારી ઉપર પોતાના વગના ભાઈઓ પાસેથી પૈસા લાવીને સોસાયટીનું કામ સતત રાતદિવસ ચાલુ રાખ્યું હતું. માત્ર દોઢ વર્ષમાં લોકોને ઘરમાં રહેતા કરનારને કેટલું વેઠવું પડ્યું તે તો સોસાયટીના સભ્યો પણ જાણે છે. લોકોને સમજાવવા-સારા સભ્યોને સોસાયટીમાં લાવવા એ બધું કામ સહેલું ન હતું. કારણ કે કડીમાં સોસાયટીનો કોઈ ખ્યલા જ ન હતો. વળી, એમની મ્યુનિસિપાલિટીની જવાબદારી તો ખરી જ. એક જવાબદાર ઑફિસર તરીકે દરેકે દરેક બાજુનો ખ્યાલ રાખીને કામ કરવું એ સમયે એમના માટે ‘સૂડી વચ્ચે સોપારી’ જેવું હતું. એમ છતાં એમણે કુનેહ દાખવી સૌને સાથે રાખ્યા. એ વખતે સભ્યોને રૂપિયા એક સોનો હપ્તો નાખવાની વાત કરીએ તોપણ એ તૈયાર ન હતા. ‘એ તો ધાબું ભરાઈ ગયું, હવે લીંપણ કરીને રહેશું’ એવા ખ્યાલ સાથે આગળ વધતા હતા ત્યારે માણેકલાલે પૈસાની હૂંફ તો આપી જ આપી, પણ સૌની શક્તિ પ્રમાણે નાનામોટા પ્લોટોની વ્યવસ્થા કરી બાંધકામની સગવડ કરી આપી.’

સરદાર સોસાયટીની સ્થાપનાનો ઉપર પ્રમાણેનો અહેવાલ શ્રી મફતભાઈના શબ્દોમાં એટલા માટે આપવામાં આવ્યો કે શ્રી મફતભાઈ સોસાયટીના સંકલ્પની પળથી માંડીને સભ્યોના ગૃહપ્રવેશ સુધીના સર્વ તબક્કાઓમાં એ સક્રિય સભ્ય હતા એટલે સોસાયટીના રચનાકાળ દરમિયાન એમના અનુભવની તેમ જ પ્રથમદર્શી ઘટનાઓની વિગતો વાચકોને આપી શકાય.

સોસાયટીના સભ્યોએ આગ્રહપૂર્વક સોસાયટીના ચેરમૅનપદનો મુગટ માણેકલાલના સોસાયટીના સભ્યપદ સાથે જ પહેરાવી દીધો હતો. અને સભ્યો સંપૂર્ણપણે નિશ્ચિંત થઈ ગયા હતા. અર્થાત્ સોસાયટીની રચનાનો બધો જ કાર્યભાર માણેકલાલના ખભા ઉપર મુકાઈ ગયો હતો. જોકે માણેકલાલને કામ કરવા માટે આ સંજોગ જ માફક આવે એવો હતો. જે લોકો અત્યંત કાર્યકુશળ હોય છે, કાર્યના પાસેપાસામાં નજર ખૂંપવી જાણે છે એમને પોતાની રીતે જ કામ કરવાનું ફાવે છે. બીજા કોઈનાં સલાહસૂચન ઝાઝાં માફક આવતાં નથી. અને કોઈની દખલ સહન કરવી એમને માટે મુશ્કેલ હોય છે. અલબત્ત, આવા માણસો પોતાના કાર્યમાં ઉત્તમ રીતે સફળ થાય છે.

કાર્યની આ પ્રકારની પદ્ધતિમાં એક વાત સ્પષ્ટ છે કે કાર્યનો સઘળો બોજ કાર્યના એકલ કર્તાએ જ ઉઠાવવો પડે છે.

જાહેર સંસ્થાનાં અથવા સમૂહનાં સહકારી કામ આ પદ્ધતિથી કોણ કરી શકે ? જેનામાં આરપાર જોઈ શકાય એવી પારદર્શિતા હોય અથવા જેના માટે કોઈના સ્વપ્નામાં પણ ગેરલાભ અંગે આંગળી ચીંધામણ ન થાય. ખૂબીની વાત એ પણ ખરી કે આ પ્રકારની વ્યક્તિઓ પ્રજામાં પોતાની છાપ વિશે પૂરેપૂરી સભાન હોય છે. કોઈ પોતાના માટે શું વિચારશે કે કોઈક પોતાના માટે કશીક શંકા સેવશે એવો આછો સરખો તરંગ પણ એમના મનમાં ઊઠતો નથી. એ તો પોતાના કાર્યમાં ખોવાયેલા રહે છે.

માણેકલાલ આ પ્રકારના માણસ હતા. જે કામ હાથમાં લીધું એ ઉત્તમોત્તમ કેમ નીવડે એટલું જ નજર સમક્ષ લક્ષ્ય. એમણે સોસાયટીનું કામ એ ધૂનથી ઉપાડ્યું હતું.

નોકરીની જવાબદારી તો હતી જ. ચીફ ઑફિસર તરીકેની જવાબદારી એ કંઈ ગુલાબઉદ્યાનમાં વિહાર કરવા જેવી આહ્‌લાદક નહોતી. એ ફરજમાંથી પરવાર્યા પછી સીધા સોસાયટીની સાઇટ ઉપર. ત્યાં થયેલા કામનો હિસાબ લે જાતે બરાબર જુએ ચકાસે. મોડા સુધી અહીં સયમ ગાળે. સોસાયટીના સભ્યો, સાથીદારો, કામના ઇજનેર, સુપરવાઇઝર આ બધા સાથે ચર્ચા-વિચારણા કરે અને પછી ઘેર જાય. થાક કે કંટાળાનું નામ નહીં. જાણે રસનો વિષય એટલે ઑફિસેથી કામનો ભાર લઈને આવ્યા હોય તો અહીંથી તાજા થઈને ઘેર જાય.

સવારે ઑફિસે જતાં પહેલાં સાઇટ ઉપર આવે. દિવસ દરમિયાન થનાર કામની પૃચ્છા કરે. માલ-સામાનના પુરવઠા વિશે જાણી લે. ખૂટતાં મટીરિયલ

મંગાવવાનું વિચારી લે અથવા જવાબદાર સભ્યને સૂચના આપે.

સોસાયટીના સભ્યો મોટી-મોટી મહત્ત્વાકાંક્ષાઓ સાથે સોસાયટીની યોજનામાં જોડાયા હોય. માણેકલાલ રાઉન્ડ ઉપર આવ્યા હોય ત્યારે કેટલાક હાજર થઈ જાય. બિલ્ડિંગ કન્સ્ટ્રક્સશનનું કશું જ જ્ઞાન ન હોય તોપણ જાતજાતનાં સૂચનો કરે. સિમેન્ટ, ઈંટો, લોખંડ વિશે એના વેપારીઓ વિશે, ભાવ વિશે પૂછે. સલાહ પણ આપે. મકાનો મજબૂત થવાં જોઈએ. કરકસર એ મુખ્ય ધ્યેય હોવું જોઈએ, કરકસર ક્વૉલિટીના ભોગે નહીં... આવું-આવું વગર વિચાર્યું બોલી નાખે. વહીવટદાર તરીકે માણેકલાલ આવું કશું ન સાંખે પણ એમણે માણસનું વામણાપણું તાગી લીધું હોય એટલે થતાં સૂચન તરફ લક્ષ ન આપે. એ બધું એમના ધ્યાનમાં જ હોય પછી લક્ષ આપવાની જરૂર ક્યાં રહે ? મનમાં ગુસ્સાનું પ્રોજેક્શન માર્મિક ઘા જેવું નીવડે. કડી શહેરમાં સારી પ્રૅક્ટિસ ધરાવતા એક ડૉક્ટર આ સોસાયટીના સભ્ય હતા. એ અવારનવાર માણેકલાલની હાજરીમાં સોસાયટીના ચાલી રહેલા કોઈ ને કોઈ કામને લક્ષ્ય બનાવીને 'આ ન ચાલે', 'તે ન ચાલે' એમ કહ્યા કરતા. એક વખત કશોક અસંતોષ પ્રગટ કરતા હોય એ રીતે બોલ્યા : 'મેં ભરેલા પૈસા પાછા આપી દેતા હો તો હું સભ્યપદેથી નીકળી જાઉં.'

ડૉક્ટરનો આ વ્યવહાર માણેકલાલને પસંદ નહોતો. એ ગુસ્સે તો થયેલ હતા જ અને ત્વરિત નિર્ણયના માણસ. એમણે કશા વિલંબ વગર ડૉક્ટરને એમણે ભરેલાં નાણાં વ્યાજ સાથે આપી દીધાં અને ડૉક્ટરને સભ્યપદેથી ફારેગ કરી દીધા. એ જ ક્ષણે સોસાયટીને ખાલી થયેલા સભ્યપદ ઉપર બીજા સભ્ય - ડૉ. રામભાઈ પટેલ મળી ગયા.

સરદાર સોસાયટી બાબતમાં માણેકલાલ અંગેનો આચાર્ય બળદેવભાઈનો અભિપ્રાય જાણવા જેવો છે : 'આદર્શ વહીવટ-વ્યવસ્થાનો બેનમૂન નમૂનો તેમણે સરદાર સોસાયટી દ્વારા પૂરો પાડીને લોકોને બતાવી આપ્યું કે જુઓ, હાઉસિંગ સોસાયટી આમ થાય ને આવી થાય ને આવી રીતે થાય. સસ્તાં, સારો, સગવડિયાં મકાન એમ ને એમ નથી બનતાં.'

❒

૯

# ઑઇલ, જિનિંગ, પ્રેસિંગની દુનિયામાં

માણેકલાલ ચીફ ઑફિસર હતા એ સમયગાળામાં એમની બેઠક ભાગ્યોદય જિનિંગ ઍન્ડ પ્રેસિંગ ફૅક્ટરીમાં ખરી. નોકરીના સમય પછી ઘણી વાર એ સાંજના સમયે જિનના માલિકોમાંથી જે હાજર હોય એમની સાથે ગોષ્ઠી કરતા. આ ગોષ્ઠીમાં એમના મિત્ર રતિલાલ મગનલાલ પણ ઘણી વાર સાથે હોય. અગાઉના પ્રકરણમાં જણાવ્યું છે તેમ ગોષ્ઠીમાં વિવિધ વિષયો પર ચર્ચા થતી.

એક વખત ધંધાની ચર્ચામાં વનમાળીદાસ અને બાબુભાઈ છગનલાલ તરફથી માણેકલાલને જિનિંગ-પ્રેસિંગના ધંધામાં પ્રવેશવા સલાહ મળી. આ સલાહ માત્ર હળવા વાર્તાલાપ રૂપે નહોતી. માણેકલાલની શક્તિઓને અનુલક્ષીને મિત્રરૂપે ગંભીર સૂચન હતું.

વનમાળીદાસે તો એટલે સુધી કહ્યું : 'ભાગ્યોદય ફૅક્ટરીમાં તમારા થકું ૨૦૦ ગાંસડી બાંધવાનું કામ કરો. નફો થાય તે તમારો અને નુકસાન થાય તો તે મારું.'

વનમાળીદાસ આ ધંધાના જબરા પારેખ હતા. સૂચિત સંજોગોમાં ધંધામાં ખોટ જવાની નથી એ જાણતા હતા.

માણેકલાલે સલાહ માન્ય રાખી. ૨૦૦ ગાંસડીના કામથી જિનિંગ-પ્રેસિંગના ધંધામાં પ્રવેશ કર્યો.

ભારે ઉત્સાહપ્રેરક કાર્ય થયું. રૂપિયા ૨૫૦૦૦નો નફો થયો.

વળી, વનમાળીદાસની વધારે પ્રેરણાદાયક સ્કીમ માણેકલાલ સમક્ષ રજૂ થઈ. 'પૈસા મારા, ધંધો તમારો, કામ નવેસરથી શરૂ કરો. સ્વતંત્ર ધંધો કરતા હો તેમ.' આમ કહ્યા પછી એમણે ઉમેર્યું : 'મારા પૈસે તમે ધંધો કરશો તો તમારે મને પૈસાનું વ્યાજ આપવું પડશે. એના કરતાં મને ભાગીદાર બનાવો

મૂડીનું રોકાણ મારું.'

ભાગીદારીમાં ધંધો શરૂ થયો. માણેકલાલ ઉપરાંત બીજા ત્રણ ભાગીદારો સામેલ થયા (૧) વનમાળીદાસ મગનલાલ (૨) બાબુભાઈ છગનલાલ અને (૩) બળદેવભાઈ રામદાસ. ત્રણ લાખ રૂપિયા રોકવામાં આવ્યા અને એટલા પ્રમાણમાં નફો થયો. અન્ય ભાગીદારોને મોટા પાયા ઉપર પોતપોતાના ધંધા તો હતા જ, પણ માણેકલાલ સાથે તો ધંધામાં મિત્ર ભાવે જોડાયા હતા.

ધંધામાં ઉત્તરોત્તર વિકાસ થતો રહ્યો અને એક કરતાં વધારે ફૅક્ટરીઓ સ્થપાવા લાગી. આરંભમાં ગણેશ ઑઇલ મિલ ઍન્ડ જિનિંગ ફૅક્ટરી એ પછી અંબિકા પ્રેસિંગ ફૅક્ટરી થઈ. ગણેશ ઑઇલ મિલ ઍન્ડ ફૅક્ટરીમાં પ્રોસેસિંગનો ઉમેરો થયો. પછી વિકાસક્રમે પાંચ ફૅક્ટરીઓ થઈ. આ વિકાસયાત્રામાં માણેકલાલે આદર્શરૂપ ગણી શકાય એવી ઉદાર નીતિ અપનાવી હતી. ધંધામાં કામ કરતા પોતાના જ માણસો અને કર્મચારીઓને કશા મૂડીરોકાણ વગર માણેકલાલ એમને ધંધામાં એમની ક્ષમતા પ્રમાણે ભાગીદાર બનાવતા હતા. બે પૈસા કે ચાર પૈસા જેવો પણ ભાગ. આમાં પટાવાળા, નોકર, કારકુન, હિસાબનીસ સૌ કોઈનો સમાવેશ થતો હતો. આ નીતિના પરિણામે માણસો રસપૂર્વક કામ કરતા હતા અને ધંધાનો સારો એવો વિકાસ થતો હતો.

માણેકલાલનો એક સમર્થ ઉદ્યોગપતિ તરીકે આ ધંધામાં ઉદય થઈ ચૂક્યો હતો. હવે એમનો વાયુરથ મધ્યાકાશ તરફ જઈ રહ્યો હતો. માણેકલાલના ધંધાનો વિકાસ કડી નગરના આ ધંધાના ઉત્કૃષ્ટ વિકાસના સમાંતરે ફળરૂપ પણ ગણી શકાય. કડી નગરનો રૂની ગાંસડીઓ બાંધવાનો ઉદ્યોગ તેજ ગતિએ આગળ વધી રહ્યો હતો. સારાયે ગુજરાતનું રૂની ગાંસડીઓનું જે ઉત્પાદન હતું એના ૨૫ ટકા માત્ર કડીની પેદાશ હતી અને તુલનાત્મક વાતને આગળ વધારવી હોય તો કહી શકાય કે પ્રેસિંગ ફૅક્ટરીઓમાં સારાયે ભારતમાં જેટલી સંખ્યામાં ગાંસડીઓનું ઉત્પાદન હતું તેના દસ ટકા માત્ર કડીની પેદાશ હતી. માણેકલાલની ફૅક્ટરીઓની વાત કરવી હોય તો આરંભની ગણેશ અને અંબિકા ફૅક્ટરીઓમાં એક લાખ ગાંસડી સુધીનું બાંધકામ થવા લાગ્યું હતું અને પછી બધી એટલે કુલ પાંચેય ફૅક્ટરીઓમાં પાંચ લાખ ગાંસડીની મર્યાદા સુધીમાં ગાંસડીઓ બાંધી શકાઈ હતી.

એક બાજુ જિનિંગ અને પ્રેસિંગનો ઉદ્યોગ કડીના નામે ૧૦૦ કરતાં વધારે ફૅક્ટરી સુધી પહોંચ્યો હતો અને આ ધંધાના આધારે ઑઇલ મિલોની

સંખ્યા વધી રહી હતી. જિનિંગનું કામ ચાલતું હોય ત્યાં કપાસિયા નીકળવાના. ઘણાં વર્ષો પહેલાં કપાસિયા માત્ર દુધાળાં ઢોરના ખોરાકમાં (બાફેલા ખાણ રૂપે) વપરાતા હતા. પુરાણાં વર્ષોમાં બધા ધંધા મર્યાદિત પ્રમાણમાં હતા. દેશમાં ઔદ્યોગિકરણ મોટા પાયે થયું. ખેતીની નીપજમાં પણ એટલા પ્રમાણમાં વિકાસ થયો. રોકડિયા પાકનું ઉત્પાદન વધ્યું. એમાં કપાસના વાવેતરમાં પણ ઉછાળો આવ્યો. કપાસિયા માત્ર દુધાળાં ઢોરનો ખોરાક ન રહ્યો. દેશમાં વસ્તીવધારો પણ મોટા પાયા ઉપર થયો. ખાદ્ય ચીજોની માગ પણ વધી. તેલ માટે કપાસિયા ઉપયોગમાં લેવાયા. હવે કપાસિયા માનવના ખોરાકમાં પણ સ્થાન પામ્યા. આ પ્રકારના સંજોગોએ જિનિંગ ફૅક્ટરીઓને તેલની મિલોનું કારણ બનાવી.

કડીમાં તેલની મિલો વધવા માંડી હતી. આશ્ચર્ય એ વાતનું હતું કે જિનિંગ ફૅક્ટરીઓ કરતાં તેલની મિલો વધારે હતી. જિનિંગ-પ્રેસિંગ ફૅક્ટરીઓ હજુ સવાસોના આંકડાને આંબી શકી નહોતી ત્યાં તેલની મિલો ૨૦૦ના આંકડા તરફ આગળ વધી રહી હતી. કડીની જિનિંગ ફૅક્ટરીઓમાં કપાસિયાનું ઉત્પાદન થતું. એના કરતાં મિલોમાં એની માગ વધારે હતી. એટલે મિલો કપાસિયાની આયાત બહારથી કરતી હતી. માણેકલાલે આ સ્થિતિ ઉપર પૂરતો વિચાર કર્યો. સરકારની નીતિ એવી હતી કે કપાસિયા બહારથી લાવવામાં આવે તો એના પર ટૅક્સ લાગે વળી મ્યુનિસિપાલિટીની ઑક્ટ્રોય પણ લાગે. જો કપાસિયા સ્થાનિક સ્રોતમાંથી મેળવેલા હોય તો એના પર ટૅક્સ ન લાગે. માણેકલાલે ઉદ્યોગકારોને આ વાત તરફ આકર્ષિત કર્યા અને ધંધામાં સ્થાનિક પેદાશના કપાસિયા મિલોમાં વાપરવા સમજાવ્યા. આના કારણે જિનિંગ ફૅક્ટરીઓ વધતી ગઈ. એ ફૅક્ટરીઓમાં નફો વધતો રહ્યો એટલે પ્રોડક્શન વધતું રહ્યું. તેલની મિલો માટે વિપુલ પ્રમાણમાં કપાસિયા મળે એ સ્થિતિ સર્જાઈ અને તેલની મિલો વધતી રહી.

માણેકલાલે તેલની મિલોને બીજો એક મોટો ફાયદો કરી આપ્યો એ તો એક નમૂનેદાર ઉદાહરણરૂપ હતો. સરકાર તરફથી તેલના બે પ્રકાર ગણવામાં આવ્યા છે – ખાદ્ય અને અખાદ્ય. ખાદ્ય એટલે કે ખાવા માટે ઉપયોગમાં લેવાય એવું. આવા તેલ ઉપર સરકાર તરફથી લેવી, ટૅક્સ, સેસ જે કહો તે, બોજા નાખવામાં આવ્યા છે. અખાદ્ય તેલ એમાંથી મુક્ત છે. કપાસિયાનું તેલ રિફાઇન ન થાય ત્યાં સુધી ખાવામાં વપરાય નહીં. એટલે અખાદ્ય ગણાય. કડીની તેલની મિલોમાં જે તેલ પેદા થતું હતું તે રિફાઇન કર્યા સિવાયનું

હતું. એટલે કે અખાદ્ય હતું છતાં સરકાર એના પર લેવી અને ટેક્સનો બોજ નાખતી હતી. આ ખોટું છે એવી રજૂઆત કડી ઑઇલ મિલ ઓનર્સ ઍસોસિયેશનના પ્રમુખ તરીકે માણેકલાલે કલેક્ટર કચેરી, સરકાર, હાઈકૉર્ટ વગેરે સ્થળોએ રજૂઆત જોરદાર રીતે કરી હતી પણ આ ત્રણે અંગમાંથી કોઈએ ઍસોસિયેશનના પ્રમુખ માણેકલાલની વાત સ્વીકારવા તૈયારી ન બતાવી. માણેકલાલ તાર્કિક રીતે સ્પષ્ટ અને સાચા હતા. સાચા કારણની લડાઈમાં એ પાછા પડે એમ નહોતા. એ આ પ્રશ્નને સુપ્રીમ કૉર્ટ સુધી લઈ ગયા અને જીત મેળવી. આ જીતના કારણે માત્ર કડીની મિલોને નહીં પણ ગુજરાતની અને ભારતભરમાં સર્વ સ્થળની મિલોને મોટો ફાયદો થયો, કારણ કે ખાદ્ય-અખાદ્ય તેલનો કાયદો કેન્દ્ર સરકારનો હતો. ઉદ્યોગના ક્ષેત્રમાં માણેકલાલનું આ એક ઘણું મોટું કાર્ય હતું અને તેની સાથે એમના માટે યશ જોડાયેલો હતો.

માણેકલાલ કડીના ઑઇલ મિલ્સ ઓનર્સ ઍસોસિયેશનના પ્રમુખ હતા ત્યારે એમણે કેટલાક નીતિગત મહત્ત્વના નિર્ણયો લીધા હતા. એક તો પોતે ફેક્ટરીઓનું પ્રોડક્શન કોઈ પણ નિમિત્તે ન અટકે એવા ચુસ્ત મતના હતા. એટલે મિલોમાં કોઈ પણ પ્રકારનો ‘બંધ’ને ઉત્તેજન આપતા નહોતા. ‘ગુજરાતબંધ’ હોય કે ‘ભારતબંધ’ કડીની મિલો કે ફેક્ટરીઓનું ઉત્પાદન અટકવું ન જોઈએ એવી પેલા બંધો સામે એમની હાકલ રહેતી. અને કડીના જિનિંગ-પ્રેસિંગ અને ઑઇલના ઉદ્યોગ-જગતમાં એમનો એટલો પ્રભાવ હતો કે એમની પેલી હાકલને કોઈ ઉથાપી શકતું નહીં. અને અન્ય સ્થળે ચુસ્ત બંધ હોય તોપણ કડીના ઉપરોક્ત ઉદ્યોગોનું કામ કશી અશાંતિ કે ધાંધલ-ધમાલ કે તોડફોડ વગર શાંતિથી ચાલતું.

બીજી એક ઉત્તમ પ્રણાલિકા એમણે ફેક્ટરીઓમાં કામ કરતા કારીગરો અને મજૂરોના રોજ (મજૂરી)ના દર નક્કી કરીને સ્થાપી હતી. બધા કારખાનાં (ફૅક્ટરીઓ) કે મિલોના બધા કારીગરો અને મજૂરોને એક સરખાં વેતન મળે અને તે પૂરેપૂરાં વાજબી હોય એ પ્રમાણમાં માણેકલાલ નક્કી કરીને કારીગર અને મજૂરોના મોવડીઓને કહી સંભળાતા અને ભારપૂર્વક સૂચન કરતા કે ફેક્ટરી કે મિલના કોઈ માલિક નક્કી કરેલા દર કરતાં ઓછું વેતન ચૂકવે તો એમને રૂબરૂ જાણ કરવી. એવું કંઈ હશે અર્થાત્ કોઈ માલિક ઓછું વેતન ચૂકવતા હશે તો તત્કાળ એમનું ઍસોસિયેશનમાંથી સભ્યપદ રદ કરી દેવાશે.

માણેકલાલને ધંધામાં કશું છુપાવવાનું નહીં. અર્થાત્ કોઈ પ્રકારની ચોરી

કે ભ્રષ્ટ નીતિ નહીં. ઘણી વાર તો એ ધંધાકીય આંકડા સામે પડેલી ટિપોય ઉપર લખે. ક્યારેક કશુંક તારણ કાઢતા હોય એમ પેનથી ઝીણા અક્ષરે સરવાળા-બાદબાકી પણ કર્યાં હોય. લખાણ ક્યાંય સુધી ટિપોય પર જેમનું તેમ રહે. એક વખત એમની સાથે છૂટથી વાર્તાલાપ કરી શકે એવા એક ધંધાદારી ભાઈએ એમને કહ્યું : 'સાહેબ, આપણે રહ્યા ધંધાવાળા માણસ, કોઈ સરકારી માણસ અહીં આવ્યો હોય અને આ જુએ તો આપણને ભારે ન પડી જાય ?'

માણેકલાલ ક્યારેક ગંભીર જણાતી વાત કે પ્રશ્નમાં રમૂજ પેદા કરે એવી હળવાશ ઉમેરતા. પેલા ધંધાદારી સાથીદારને એમણે કહ્યું, 'એ સરકારી માણસને હું એમ જ કહું, આ આખી ટિપોય તું તારી કચેરીએ લઈ જા. હું ત્યાં આવીશ અને એકેએક આંકડાનો હિસાબ આપીશ અને તમારા સાહેબને જોઈતો હશે તો ખુલાસો પણ આપીશ.' માથા પર ધંધાનો કશો ભાર નહીં, બધું હળવું-હળવું અને છતાં કાચો-પોચો માણસ હેબતાઈ જાય એવો ધંધાનો કારોબાર ડાબા હાથની આંગળીએ વળગ્યો હોય.

ધંધાની શુદ્ધ નીતિ વિશે ધંધાના એમના વારસદાર પુત્ર વલ્લભભાઈ (વ્હાલસોયું નામ સરદાર) ને ગાંધીજી જેની ભારપૂર્વક હિમાયત કરતા હતા એ ટ્રસ્ટીશિપની વાત, પળાય એ હેતુથી કહેતા. પોતાના આચરણમાં એ હતું એટલે વારસામાં ઊતરવા અંગે એમને કોઈ શંકા નહોતી. આમ છતાં આ નીતિની વાત એ ભિન્ન-ભિન્ન રીતે કહેતા. એક વખત એમણે આ વાત જાણે ઉદાહરણથી સમજાવતા હોય એમ આ રીતે કહેલી : 'હું સવારે પૂજાના રૂમમાં જાઉં. ભગવાનની સેવા અને પૂજા અર્થે બે કલાક સુધી પૂજાના રૂમમાં રોકાયેલો રહું. ટીલાં-ટપકાં કરું. ભગવાનને અભિષેક કરું, અવનવા વાઘાથી સજ્જ કરું, નાસ્તો અથવા ભોજન કરાવું આમ બે કલાક સુધી ભગવાનની ભક્તિ અને પૂજા કર્યા પછી કારખાને જાઉં. કારખાને માલ પૂરો પાડનાર વેપારી આવ્યો હોય. એના માલનો ભાવ વાજબી રીતે બરાબર ૪૦૦ રૂપિયા થતો હોય અને હું એને આડુંઅવળું સમજાવીને ૪૦૦ને બદલે ૩૯૦માં રાજી કરું. એ ભલે રાજી થયો હોય પણ મારું મન શું કહેતું હોય ? માલ જથ્થાબંધ હોય સરવાળે મોટો તફાવત નીપજતો હોય. મારું મન કબૂલતું હોય મેં એને છેતર્યો છે! આમ થાય ત્યારે મેં પૂજાના રૂમમાં ભગવાન આગળ દંભીલા આચરણમાં બે કલાક ગાળ્યા એનો કોઈ અર્થ ખરો ? ભગવાન મને બે કલાકનું ફળ આપે ખરો ? જો મેં પેલા ધંધાવાળાને ૩૯૦ના બદલે ૪૦૦ રૂપિયાનો ભાવ આપ્યો હોત

તો ભગવાનની મૂર્તિ આગળ વગર હાજર થયે એ આપોઆપ રાજી રહેત.

માણેકલાલે વલ્લભભાઈને લંબાણપૂર્વક આ કહ્યા પછી જે કહ્યું હતું તે પણ વલ્લભભાઈએ અમને કહ્યું. માણેકલાલનું કથન આવું હતું: 'તમે ખોટી રીતે કે અન્યાયથી પૈસા ભેગા કર્યા હશે તો યાદ રાખજો કે દુણાયેલા લોકો તમને લૂંટી લેશે અને વખતે મારી નાખે પણ ખરા.'

માણેકલાલના વ્યક્તિત્વનું આ એક ઘણું ઊજળું પાસું હતું. એમના ધંધાના ક્ષેત્રમાં આપણે માણેકલાલને વિવિધ રૂપે જોઈ શક્યા હતા. વ્યાપારીના જીવનમાં ભાગ્યે જ જોવા મળે એવા એક અનન્ય કહી શકાય એવા એક ગુણની વાત અહીં કરી લઈએ.

'કાલાં-કપાસ'ની મોસમ વખતે કડી નગરનું રૂપ જાણે આમૂલ પરિવર્તન પામતું જણાય છે. કડીને જોડતા રસ્તાઓ ઉપર ગાડાંમાં, ઊંટ લારીઓમાં અને ક્યારેક ટ્રકોમાં ઠાંસોઠાંસ રૂથી ભરેલાં ધોકડાં કડીની જિનિંગ ફૅક્ટરીઓ સુધી પહોંચે છે. એવી જ રીતે જુદાં-જુદાં વાહનોમાં રૂથી ખચિત કાલાં પણ આ ફૅક્ટરીઓએ મેળવ્યાં હોય છે. આ કાલાં ધડીઓના રૂપમાં ગૃહિણીઓ દ્વારા ઘેર-ઘેર પહોંચે છે. બાળકોથી માંડીને વૃદ્ધો સુધી કાલાં ફોલવામાં વ્યસ્ત બની જાય છે. ઘડીનાં કાલાં ફોલ્યાં પછીનું રૂ ફૅક્ટરીએ પહોંચે છે. જિનિંગ ફૅક્ટરીઓ પ્રાપ્ત રૂના પુરવઠાને પ્રોસેસિંગ માટે તૈયાર કરવામાં સતત ધમધમતી રહે છે. પ્રેસિંગ વિભાગમાં ગાંસડીઓ બંધાય છે. આમ કડી નગર કૉટનની એક દુનિયા બની જાય છે. સવાસો જેટલી જિનિંગ પ્રેસિંગ ફૅક્ટરીઓ માટે બહારથી આવતો કાલાં અને રૂનો પુરવઠો જંગી જથ્થામાં હોય એ દેખીતું છે. છેક સૌરાષ્ટ્રથી પણ ઘણો કાચો માલ આવે છે. રોજબરોજ કડી ખાતે ઠલવાતા આ માલનાં નાણાં ચૂકવવાં પડે. રોજબરોજનો આ વ્યવહાર ચુકવણા માટે નાનીસૂની રકમ ન હોય. લાખોનો આંકડો ટૂંકો પડે. કરોડો શબ્દનો પ્રયોગ કરવો પડે. કડીની સ્થાનિક બૅન્કોનું આ ગજું નહીં. એ પહોંચી વળી ન શકે. ફૅક્ટરીઓના માલિકોએ અમદાવાદની બૅન્કશાખાઓનો આધાર લેવો પડે. જેવી ચુકવણા માટે મોટી રકમની જરૂર પડે અને તે અમદાવાદથી લાવવી પડે એવી રીતે સ્થાનિક સ્થળેથી વધારાની રકમ અમદાવાદ પહોંચાડવાની હોય. આમ ધંધાની આ મોસમ વખતે મોટી ફૅક્ટરીઓની જંગી રકમની હેરફેર થતી રહે. આ પ્રવૃત્તિ કંઈ છાની ન હોય અને ફેરવાતી રકમનો અંદાજ પણ સૌને હોય. આ સંજોગો અને સ્થિતિમાં નાણાંની લૂંટ કરનારા સાબદા થઈને રહ્યા હોય

છે. લૂંટના કિસ્સા બનતા રહેતા હતા. આ લૂંટમાં હત્યા થયાની નોંધ પણ છે.

આવી લૂંટમાં એક વખત માણેકલાલની માલિકીની ફૅક્ટરીના ૪૦ લાખ રૂપિયા લૂંટાયા. આવી રીતે લૂંટાયેલાં નાણાં ભાગ્યે જ હાથ લાગે છે. માણેકલાલની ચિત્તની ઠંડક તો જુઓ! જાણે કંઈ બન્યું જ નથી. ત્રીજા દિવસે સર્વ વિદ્યાલય કેળવણી મંડળના ઉપક્રમે એક સમારંભ હતો. એ સમારંભની પૂર્વ તૈયારીમાં માણેકલાલ સાવ હળવા થઈને હરતા-ફરતા હતા. 'જાણે જે ગયું તે આપણું ક્યાં ગયું છે?' એવો નિર્વિકાર ભાવ. રાજા જનકની યાદ આવે તો નવાઈ નહીં. 'મિથિલાયાં પ્રદિપ્તાયાં દહતિ ન મે કિંચન' મિથિલા ભડકે બળી રહી છે, મારું કંઈ બળતું નથી. ચિત્તનું કેવું બૅલેન્સ!

❐

## ૧૦

# ચેરમૅન : કડી નાગરિક સહકારી બૅન્ક

વીસમી સદીના ચોથા દાયકા સુધી કડી નગરમાં નોંધપાત્ર ઉદ્યોગો કહી શકાય એવાં અગાઉ જેનો નિર્દેશ થયો છે એ ચાર જિનિંગ-પ્રેસિંગ ફૅક્ટરીઓ અને એક સ્પિનિંગ ઍન્ડ વિવિંગ મિલ. ગૃહઉદ્યોગમાં નોંધપાત્ર ઉદ્યોગ પતરાળાં-પડિયા બનાવવાનો ઉદ્યોગ. કડીનો પશ્ચિમ પ્રદેશ ખાખરિયા ટપ્પા તરીકે ઓળખાય. ખાખરા અર્થાત્ કેસૂડાં વૃક્ષોનો એ વિસ્તાર. ત્યાંથી ખાખરાનાં પાન આવે. આ કામ કરતાં હોય એમના ઘેર પહોંચે અને ગૃહિણીઓ પતરાળાં-પડિયા બનાવવાના કામમાં જોતરાઈ જાય. મોસમમાં કાલાં ફોલવાની વાત અગાઉ થઈ ગઈ છે, પણ એ કાર્યને ગૃહ ઉદ્યોગમાં ગણાવી નહીં શકાય.

આ બધા ઉદ્યોગોમાં કડીની કૉટન મિલ આમજનતાનો મોટો આધાર. કડીમાં એક કહેવત પ્રચલિત હતી કે જે દિવસે મિલમાં પગાર થાય એ દિવસે કડીના બજારમાં એક લાખ રૂપિયા ફરતા થઈ જાય. જ્યારે બાજરી બાર આને મણ મળતી હતી, એક રૂપિયાનું અઢી શેર પ્રમાણે ઘી મળતું હતું અને સોનું ત્રીસ રૂપિયા કરતાં ઓછા ભાવે તોલો મળતું હતું એ સમયે એક લાખ રૂપિયાનું મૂલ્ય સમજી શકાય એવું છે.

આ મિલ મૂળ તો ગમનલાલ નામના એક શેઠિયાની. છોટાલાલ કડિયા નામના એક કૉન્ટ્રાક્ટરે ગમનલાલ માટે એને બાંધેલી. ગમનલાલ મિલમાલિક ખરા, સાથે-સાથે એમનો રાષ્ટ્રપ્રેમ ભારે. આઝાદીની લડતમાં ભાગ લે. ૧૯૩૦ના અરસાની લડતમાં એમની ધરપકડ થયેલી. એવું કહેવાય છે કે જ્યારે ધરપકડ પછી ગમનલાલને પોલીસ લઈ જઈ રહી હતી ત્યારે મિલમજૂરોનો પ્રેમ સંપાદન કરી ચૂકેલા આ શેઠિયાની પાછળ-પાછળ સૂત્રોચ્ચાર કરી રહેલા મજૂરોનો એક મોટો સમૂહ અનુસરી રહ્યો હતો.

પછી મિલ ચલાવવા માટે ગમનલાલના સંજોગો રહ્યા નહીં. મિલ પેલા

કૉન્ટ્રાક્ટર છોટાલાલ કડિયાએ ખરીદી લીધી અને જે મિલ માત્ર ગમનલાલની મિલ તરીકે ઓળખાતી હતી એનું નામાભિધાન થયું – 'ન્યુ છોટાલાલ સ્પિનિંગ ઍન્ડ વિવિંગ મિલ્સ.'

છોટાલાલે જીવ રેડીને કામ ઉપાડ્યું. મિલના બધા વિભાગોના કુલ મળીને ત્રણ હજાર મજરો એ મિલમાં કામ કરતા હતા, વિવિંગ વિભાગમાં માલના પુરવઠાની ખેંચ ન રહે એટલે સ્પિનિંગ વિભાગને ત્રણ પાલીઓ ચલાવવો પડતો પતો. જોકે બધા વિભાગોને ત્રણ પાળીમાં ચલાવવા પડે એવું વધારે બનતું. છોટાલાલ પછી એમના દીકરાઓ ઝઘડતા રહ્યા. મિલને એકહથ્થુ સાચવી શક્યા નહીં. વહીવટ કથળતો ગયો. ઍફિશિયન્સી ઘટતી ગઈ. આર્થિક લાભ પર ફટકો પડ્યો.

મિલ વેચવી પડે એવી સ્થિતિ થઈને ઊભી રહી.

મુંબઈમાં મોટા પાયા પર સટ્ટો ખેલનાર પૂરિયા અટકવાળી એક પાર્ટીને આ વિશે જાણ થઈ. પૂરિયા શેઠે એમના ભત્રીજા દુર્ગાપ્રસાદને ન્યૂ છોટાલાલ મિલ ખરીદી લેવા સૂચના કરી.

મિલ ખરીદાઈ. રેકૉર્ડમાં જે નામ રજિસ્ટર થયું હોય તે ખરું, પણ પ્રજામાં આ મિલ 'દુર્ગા કૉટન મિલ' એવા ટૂંકા અને ઝટ જીભે ચઢે એવા નામથી પ્રચલિત થઈ.

મિલ ખરીદાઈ તો ખરી, પણ એને ખરીદનારા શેઠિયાઓ આ ધંધાના જીવ નહીં. એમણે તો મિલમાલિક બનવા ખાતર જ આ સોદો કર્યો હોય. જ્યાં સુધી ધંધાની ધોરી નસથી માંડીને ઝીણી-ઝીણી કેશવાહિનીઓ સુધીની જાણકારી ન હોય ત્યાં સુધી ધંધામાં બરકત આવે નહીં. માલિક જ જ્યાં અજાણ્યો-અજાણ્યો ફરતો હોય ત્યાં કરડી નજરનો ડારો ક્યાંથી લાવે ? જ્યાં મજૂરો કામ કરતા હોય ત્યાં માલિકમાં કરડી નજર એક ગુણ ગણાય છે. અહીં એનો અભાવ હતો. આના કારણે મજૂરો ફરજમાં થોડા શિથિલ રહેવા લાગ્યા. વળી નજર સામે મજૂર મહાજનનું છત્ર બેપરવાઈનું એક કારણ પણ ખરું. અને પ્રત્યેક મહિને વેતન માટે જાહેર થતી મોંઘવારીનો ઊંચો જતો આંક પણ મજૂરોને અક્કડ બનાવતો હતો. આવાં કેટલાંક કારણો ભેગાં થતાં કાર્યની ઍફિશિયન્સી ઘટી. એનો આંક નીચો ગયો. આ પણ ધીરે-ધીરે મિલ માટે ખોટનું કારણ બન્યું.

છેવટે, દુર્ગા કૉટન મિલ પણ વેચાઈ. ઉપરના જેવા જ ધંધાના અજાણ્યા અને એમાં રસ ન ધરાવતા મારવાડી માલિક હસ્તક એ ગઈ. કાપડિયા

અટકધારી આ માલિકે ધંધાનો મૂળભૂત રસ તો ન દાખવ્યો પણ મારવાડી માણસોની ભરતી ઠીક-ઠીક પ્રમાણમાં કરવા માંડી. કવિ અખાની એક પંક્તિ-તલમાં કોદરા ભળ્યા, ન થાય ઘાણી કે ઘેંસ જેવો ઘાટ થયો. ખોટનું કારણ આગળ ધરીને આ માલિકે મિલનો ધંધો આટોપી લીધો. મિલ બંધ થઈ. અગાઉ મિલો વેચાઈ હતી. આ મિલ બંધ થઈ. એનો નિકાલ કેવી રીતે થયો. અર્થાત્ એ મિલનું શું થયું એની કડીની પ્રજાને કશી ખબર ન પડી.

પણ જે ખબર પડી તે તો આમ પ્રજાની કેડ ભાંગનારી હતી.

૩૦૦૦ મિલ કામદારો બેકાર બન્યા.

ત્રણ હજાર રળનારા બેકાર થાય એટલે એની અસર ત્રણ હજાર કુટુંબો ઉપર થાય. એક કુટુંબમાં સરાસરી પાંચ માણસ ગણતાં ૧૫૦૦૦ માણસ બેકારીની કપરી પકડ હેઠળ આવે. આમાં કડી નગર તો ખરું, પણ આસપાસનાં ગામડાં આ અસરની ઝપટમાં આવે, કારણ કે મિલમાં મજૂરોની ભરતી તો આ બધાં ગામડાંના આધારે થતી હતી ને!

આ બેકારીની પકડમાં કડીનું બજાર આવ્યા વગર થોડું રહે?

કહેવાય એક મિલ બંધ થઈ, પણ એના કારણે સર્જાયેલી મંદીના ઓળા હેઠળ કડી અને આસપાસનાં ગામડાં બૂરી રીતે સપડાયાં હતાં.

શહેર શું, કે ગામડું, સર્વ સ્થળે કેટલાક સમાજના હિતચિંતકો હોય છે. કડી નગર એ દૃષ્ટિએ સદ્ભાગી છે. સમાજનું હિત હૈયે વસ્યું હોય એવા શુભચિંતકો અને સમાજના હિત માટે નિઃસ્વાર્થ ભાવે પુરુષાર્થ કરનાર મહાનુભાવોની સંખ્યા આ નગરમાં ઠીક-ઠીક છે.

કામ નાનુંસૂનું નહોતું.

ચપટી વગાડતામાં થઈ જાય એવું પણ નહોતું.

મિલ ફરી ચાલુ થાય એ આશા ધૂળમાં મળી ગઈ હતી.

યોજનાબદ્ધ પગલાં લેવાય એવો જ કોઈ માર્ગ વિચારી શકાય.

આ અંગેની વિચારણા માટે શ્રી વનમાળીદાસ મગનલાલ, શ્રી રતિલાલ મગનલાલ, શ્રી નટવરલાલ મગનલાલ, શ્રી માણેકલાલ માધવલાલ, ડૉ. માણેકલાલ, ડૉ. મધુસૂદન શાહ, શ્રી બાબુભાઈ છગનલાલ, શ્રી બળદેવભાઈ રામલાલ, શ્રી ડાહ્યાભાઈ (રામ ઇન્ડસ્ટ્રીઝ) વગેરે મળ્યા.

આ મહાનુભાવોને બેકારીના કારણે ઊભા થયેલા મંદીના માહોલમાં

નાણાકીય બાબત સૌથી પહેલી વિચારવા જેવી લાગી. હતાશ થયેલા વેપારીઓને સધિયારો આપવાની જરૂર હતી અને બેકાર થયેલા માણસોને ધંધો મળે એવું કંઈક કરવાની જરૂર પણ હતી.

કોઈ પગલાથી એકાએક ચમત્કાર ન સર્જી શકાય એ તો સૌ જાણતા હતા, પણ એ દિશામાં (સરવાળે - લાંબેગાળે જે ચમત્કાર જ સાબિત થાય) પ્રથમ પગલા તરીકે સહકારી બૅન્ક સ્થાપવાના શુભ નિર્ણય ઉપર સૌ આવ્યા. ગણતરી હતી – વેપારી ઊભો રહી શક્યો હશે તો ગ્રાહકને શાખ ઉપર પણ સંતોષી શકશે. નાના-મોટા ઉદ્યોગ શરૂ કરશે તો આઠ-દસ માણસને રોજી આપી શકશે. બૅન્ક જ વેપારીનો સાચો આધાર બની શકે.

બૅન્કની સ્થાપના તો વિધિપૂર્વક થાય. એના થનાર ડિરેક્ટરો પણ ઘણા સધ્ધર છે. પણ બૅન્ક સ્થપાયા પછી એને ચલાવે કોણ? પણ આ માટે શોધ કરવી પડે એવું ક્યાં હતું? બૅન્ક સ્થાપવાની દિશામાં એકડો ઘૂંટાવા લાગ્યો એ ક્ષણથી જ સૌના મનમાં એક નામ અંકિત થઈ ગયું હતું. માણેકલાલ એમ. પટેલ! એમ. ડી. (મૅનેજિંગ ડિરેક્ટર) કે ચેરમૅન અથવા બંને, જવાબદારીના જે તાજ પહેરાવવો હોય તે માણેકલાલના માથે શોભે એમ છે. સૌ એક સાથે રાજીપાના અવાજ સાથે આ સૂર કાઢી ચૂક્યા.

અને ભાગ્યોદય હૉસ્પિટલની સ્થાપનામાં અથથી ઇતિ સુધીની બધી જ કાર્યવાહીનું કામ માણેકલાલના શિરે આવ્યું હતું તે જ પ્રમાણે બૅન્કની સ્થાપનાની બધા પ્રકારની જવાબદારી માણેકલાલે ઉપાડવાની થઈ.

માણેકલાલે એમના સ્વભાવ પ્રમાણે આ કામ વિના વિલંબે પાર પાડ્યું અને કડી નાગરિક સહકારી બૅન્કની સ્થાપના થઈ.

ચેરમૅન તરીકે જવાબદારી સંભાળ્યા પછી માણેકલાલે દીર્ઘદષ્ટિવાળું કામ કડીમાં ઉદ્યોગો સ્થપાય એ માટે કર્યું. એમાં દીર્ઘદષ્ટિ તો હતી પણ સાહસ પણ હતું. જોખમભર્યું સાહસ.

જોખમભર્યું સાહસ એટલા માટે કે ક્યારેક મહત્ત્વાકાંક્ષી યોજનાઓના પ્રભાવ હેઠળ અથવા પ્રતિષ્ઠાપ્રાપ્ત વ્યક્તિના નામના આધારે વિશ્વાસપૂર્વક બૅન્કે મોટી રકમનાં નાણાં ધીર્યાં હોય અને પછી ગમે તે કારણસર લોન પરતના હપ્તા ન ભરાય, કંપની નાદાર નીવડે અને બૅન્કનાં નાણાં ડૂબવા જેવી સ્થિતિ સર્જાય ત્યારે બૅન્કના ચેરમૅન અથવા એમ.ડી. ઉપર વિવિધ પ્રકારના આક્ષેપો થાય.

પણ માણેકલાલને આવા કોઈ જોખમની ચિંતા નહોતી. લોન આપતાં પહેલાં

લોન લેનાર વ્યક્તિ કે કંપનીને આરપાર જોઈ શકવાની કુનેહ માણેકલાલમાં હતી. વળી જેને નાણાં આપવાનાં હોય એની યોજના કે ધંધાનો તાગ મેળવી લેવાની કુશાગ્ર દૃષ્ટિ માણેકલાલને મળેલી એક કુદરતી બક્ષિસ હતી. વિકાસોન્મુખ ધંધાને એ બૅન્ક દ્વારા છૂટથી લોન આપતા હતા. તેલની મિલ સ્થાપવા ઇચ્છનારની લોન મળવાની ધારણા વીસ લાખની હોય ત્યાં એને મળ્યા હોય ૩૫ લાખ. કપાસિયા તેલની મિલોનું ભવિષ્ય શું છે એ માણેકલાલ જાણતા જ હોય. અને તેલની મિલ સ્થાપવા માટે કેટલાં નાણાંની જરૂર પડે એ માણેકલાલ જાણતા હોય. એ જે નિર્ણય લે એમાં કશું જોખમ ન હોય. માણેકલાલના એમ.ડી. તરીકે તથા એમના ચેરમૅન પદે બૅન્કનો ઉત્તરોત્તર વિકાસ થતો રહ્યો. બૅન્ક કડીના ધંધારોજગારમાં અનેક રીતે સહાયક બની.

બૅન્ક સાથેના એમના કાર્યકાળ દરમિયાન બૅન્કની બે શાખાઓ – એક અમદાવાદમાં અને બીજી કડી તાલુકાના કલ્યાણપુરામાં અસ્તિત્વમાં આવી.

માણેકલાલની આ એક ઉત્તમ કાર્યસિદ્ધિ હતી.

*

કડી નાગરિક સહકારી બૅન્કની સ્થાપના પછી, કડીની મિલ બંધ થવાના કારણે ખોરવાયેલી આર્થિક સંતુલનામાં થોડી રાહત થઈ હતી ખરી, પણ એને જીવનનિર્વાહ માટે સંપૂર્ણ સંતોષકારક પરિસ્થિતિ ન ગણી શકાય. ઉક્ત રાહત ૩૦૦૦ કુટુંબ સુધી પૂરેપૂરી પહોંચી ન હોય. એટલે કડીના સુજ્ઞ અને પરમાર્થી આગેવાનો હજુ આ બાબતમાં કંઈક કરવું જોઈએ એવું વિચારી રહ્યા હતા. આ વિચારણા માટે એક વખત એમણે મળવાનો નિર્ણય કર્યો. શહેરના દરેક વર્ગના પ્રતિનિધિઓ આ વિચારણામાં સામેલ હોવા જરૂરી જણાતાં વકીલો, ડૉક્ટરો, વેપારીઓ, શહેરના આગેવાન ગૃહસ્થો, સામાજિક કાર્યકરો, કેળવણીની સંસ્થાઓના હોદ્દેદારો ઉપરાંત મ્યુનિસિપાલિટીના નિશ્ચિત સમય માટે વરાયેલા પ્રમુખો – ડૉ. મધુસૂદન શાહ (વર્તમાન પ્રમુખ) અને માણેકલાલ પટેલ (અઢી વર્ષ પછી થનાર પ્રમુખ) કડી શહેરની મધ્યમાં આવેલી ઝવેરી આર.ટી. હાઈસ્કૂલના ઑડિટોરિયમ (સાધના હૉલ)માં મળ્યા.

મિલનમાં સભ્યોની સંખ્યા મોટી હતી. જે વિચારવાનું હતું એ બહોળો અનુભવ અને ઊંડી જાણકારી માગી લે એવું હતું.

એ તો દીવા જેવું સ્પષ્ટ હતું કે આ મળેલી સભામાં એકઠા મળવાનું ભૂમિકારૂપ વક્તવ્ય માણેકલાલ આપે એવી સૌની ઇચ્છા હોય. એમની પાસે

વહીવટનો લાંબો અનુભવ હતો, કાયદા-કાનૂનના એ જબરા જાણકાર હતા. સરકારી કચેરીઓ સાથેનો એમનો વાસ્તો એક વખત હતો. પાંચ-પાંચ ફૅક્ટરીઓના માલિક હોવાના કારણે અર્થકારણના માહેર હતા. એટલે ખરેખર તો જે હેતુ માટે આ સભા મળી હતી એ હેતુને પાર પાડવા માટે શું થઈ શકે એ કહેવા માટે આ સભામાં સૌથી વધારે યોગ્ય અધિકારી માણેકલાલ હતા. એટલે સભા પ્રાસ્તાવિક વક્તવ્ય ઉપરાંત ઘણાબધા માર્ગદર્શનની અપેક્ષા એમની પાસેથી રાખે એ સ્વાભાવિક હતું. ઇંગ્લૅન્ડના ઇતિહાસની એક વાત અહીં યાદ આવે છે. એક વખત ઇંગ્લૅન્ડ ખરેખરી મુશ્કેલીમાં હતું ત્યારે ચોવીસ વર્ષના વડાપ્રધાન (પ્રાઇમ મિનિસ્ટર) પિટ્ટે (પિટ્ટ ધ યંગર) પાર્લમેન્ટમાં કહ્યું હતું – આઈ એલોન કેન સેવ ધ કન્ટ્રી (હું એકલો જ દેશને બચાવી શકું એમ છું.) આ સભામાં માણેકલાલની સ્થિતિ બરાબર આ પ્રકારની હતી.

માણેકલાલે પ્રાસ્તાવિક વક્તવ્ય આપ્યા પછી શહેરના આગેવાનોએ પણ પોતાના વિચારો રજૂ કર્યા. આ આગેવાનોમાં ડૉ. મધુભાઈ અને માણેકલાલ ઉપરાંત નટુભાઈ (સંસદ સભ્ય), પ્રહ્‌લાદભાઈ (ધારાસભ્ય), રતિભાઈ મગનલાલ, ડી. માણેકલાલ, શ્રી છગનભાઈ રા. પટેલ (વકીલ), ધનાભાઈ પટેલ (વકીલ) વગેરે હતા.

નગરના આગેવાનોના વિચાર જાણ્યા પછી સભામાં ઉપસ્થિત સભ્યોનાં મંતવ્યો પણ પ્રગટ થયાં, એમાં મોટા ભાગે એક જ વાત ઉપર ભાર મુકાતો હતો. મિલ બંધ થયા પછી મિલમજૂરો બેકાર થવાના કારણે શહેર અને આસપાસનાં ગામડાંના લોકોની સ્થિતિ કથળી ગઈ છે તે સુધરે એ માટે કંઈક કરવું જોઈએ. શું કરવું જોઈએ એ વિશે ખાસ સૂચનો આ સભ્યો પાસેથી મળતાં નહોતાં. એક જ સૂર વારંવાર આલાપતો હતો. બેકાર મજૂરો ધંધે વળગે એવું કંઈક કરવું જોઈએ.

માણેકલાલે એમાં સુધારો કરતાં કહ્યું : 'એકલા મજૂરોની સ્થિતિની વાત ક્યાં રહી છે ? કડીના મોટા-મોટા જમીનદારો પણ બેકારીની સ્થિતિમાં મુકાઈ ગયા છે. ગણોતધારો અમલમાં આવ્યા પછી 'ખેડે તેની જમીન' એ સૂત્ર હેઠળ જમીનદારો ઘણી જમીન ગુમાવી બેઠા છે. અને આમ પ્રજા પણ ક્યાં તવંગર રહી છે ? મોંઘવારીએ મધ્યમવર્ગને પણ બેહાલ કરી મૂક્યો છે. એટલે આપણે ફક્ત બેકાર થયેલા મિલમજૂરો માટે જ વિચારીને બેસી રહેવાનું નથી. હવે તો કડી શહેર અને આસપાસનાં ગામડાં આબાદ થાય એવું વિચારવાનું છે.

ગામડાં આબાદ હશે તો કડીનું બજાર ધમધમતું રહેશે. બધી પ્રજા આબાદ થશે તો એમાં મજૂરોની આબાદીનો સમાવેશ પણ હશે જ ને ? હાથીના પગલામાં બધાં પગલાં આવી જાય છે. આબાદીનો એક જ ઉપાય – ઉદ્યોગો. નાના ગૃહ ઉદ્યોગોથી માંડીને મોટાં કારખાનાંની સ્થાપનાનાં સ્વપ્નાં જોતા થઈશું તો કંઈક કરી છૂટવાનું સૂઝશે. આજની આ સભા સ્વપ્નાં સેવવા માટે ચાનક ચઢે એ માટેની સમજો. એ સ્વપ્નાં એળે જવાનાં નથી. ઉદ્ધાર માટેનાં શુભચિહ્નો ક્ષિતિજમાં દેખાય છે. આપણા વિસ્તારમાં ખનીજ તેલ મળ્યું છે. મોટા પાયા ઉપર મળવાની ધારણા છે. તેલની સાથે ગૅસનો વિપુલ ભંડાર પણ ખરો. જે-તે દિવસે ઉદ્યોગો માટે આ ગૅસ આપણા વિસ્તારને મળવાની પૂરી શક્યતા ખરી. આપણી સરકારી યોજનાઓ પણ ઉદ્યોગલક્ષી હોય છે. આપણા વિસ્તારમાં ઉદ્યોગો નથી. ખેતી માટે સિંચાઈનો કોઈ લાભ નથી. સરકાર આપણા વિસ્તારને પછાત વિસ્તાર ગણવા સંમત થાય તો ઘણા લાભ મળે અને આપણે સેવેલું સ્વપ્ન જરૂર સાકાર થાય. આ માટે આપણો આરંભનો પ્રયત્ન સરકાર આપણા વિસ્તારને પછાત વિસ્તાર જાહેર કરે તે માટેનો હોવો જોઈએ.

માણેકલાલના આ વિચારો કેવી રીતે ફળ ધારણ કરતા થયા એનો એક વિગતભર્યો રિપૉર્ટ શ્રી યશવંત કડીકરે ‘કર્મચૂડામણિ માણેકલાલ’ પુસ્તકમાં લેખરૂપે આપ્યો છે. એ લેખ એક સરસ આલેખ જેવો હોઈ અહીં અવતરણ રૂપે નીચે આપ્યો છે :

‘પછી તો આપણા આ સંનિષ્ઠ આગેવાનોએ શ્રી માણેકલાલ એમ. પટેલની આગેવાની હેઠળ સરકારમાં સચોટ રીતે રજૂઆત કરી અને ઈશ્વરકૃપાએ પાર્યું પરિણામ આવ્યું.

રાજ્ય સરકારે કડીને ‘પછાત વિભાગ’ તરીકે જાહેર કર્યું. આ કારણે કડીને ઔદ્યોગિક વિકાસ માટે કેટલાક વિશિષ્ટ લાભો મળે એ માટે જી.આઈ.ડી.સી.ના એક વિશિષ્ટ અધિકારી પોતાની ટીમ સાથે કડીની મુલાકાતે આવ્યા.

કાયદાના નિષ્ણાત માણેકલાલ પટેલે એમને કાયદાકીય રીતે પૂરી સમજ આપી. ઉપરાંત આ અધિકારીને નગરપાલિકા તરફથી તેમ જ અન્ય ક્ષેત્રે સંપૂર્ણ સહાય આપવાની તૈયારી બતાવતાં જી.આઈ.ડી.સી.ના આ અધિકારી ખૂબ જ પ્રભાવિત થયા અને કડીના આગેવાનોની ભાવનાને એમણે મુક્ત મને બિરદાવી.

શ્રી માણેકલાલ પટેલ અને એમના સાથી આગેવાન મિત્રોએ પોતાનો કીમતી સમયનો ગામના હિતમાં ભોગ આપી, આ અધિકારીઓની સાથે રહી

૧૦૦ એકર જમીનનું સર્વે પણ કરાવ્યું. અરદેસણના માર્ગે ગૌશાળા પાસેની જમીન આ માટે પસંદ કરાઈ. ત્યાંથી બે કિલોમીટરનો માર્ગ નંદાસણ રોડને જોડતો કુંડાળ નજીક તળાવ પાછળના ભાગમાં તૈયાર કરવાનું નક્કી થયું. જેથી મોટાં વાહનો માલની હેરફેરમાં, ગામમાં પ્રવેશ્યા વિના જ સીધેસીધાં જઈ શકે. જેથી સામાન્ય જનતાને ટ્રાફિકના ભરાવાથી કોઈ અડચણ ઊભી ના થાય. સાચે જ આપણા મહાનુભાવોનું આ એક બુદ્ધિગમ્ય પગલું લેખી શકાય.

આ ઉદ્યોગો વિશેની વધુ માહિતી મેળવતાં જાણવા મળેલું કે પછાત એરિયા જાહેર કરવાના કારણે અહીંના ઉદ્યોગોના વિકાસ માટે સબસિડી ૧૦થી ૧૫ ટકા, લોન ૭૦ ટકા બિલકુલ મામૂલી વ્યાજે અને પાંચ વર્ષ સુધીના હપ્તાની રાહત. એક્સાઈઝ, ઓક્ટ્રોય અને સેલ્સટૅક્સમાં પાંચ વર્ષ સુધી માફીની સગવડો અને ૨૦ ટકા ઉપરના ઇન્કમટૅક્સ 'સ્લેબ'માં રાહત તેમ જ સસ્તા ભાવે ગૅસની સગવડ. આ બધી વિશિષ્ટ સગવડોના કારણે ઉદ્યોગપતિઓની નજર કડી તરફ મંડાઈ અને એમણે કડીમાં ઉદ્યોગો સ્થાપ્યા. કાચનું કારખાનું એલેમ્બિક કક્ષાનાં કારખાના માટે બુડાસણ પાસે ૧૦૦ એકર જમીન રાખવામાં આવી તેમ જ એરકન્ડિશનની જરૂરિયાતવાળી મશીનરી માટે શેડ પણ ભાડે રખાયા.

રાજ્ય સરકાર અને નગરપાલિકા દ્વારા અપાતા આ વિશિષ્ટ લાભોથી ઔદ્યોગિક ક્રાંતિનો પાયો નંખાયો. આમ, કડીના ઔદ્યોગિક વિકાસમાં શ્રી માણેકલાલ પટેલનું યોગદાન ખૂબ જ મહત્ત્વનું રહ્યું છે.

કડીમાં મહત્ત્વના ઉદ્યોગો ગૅસ પર આધારિત છે, જેવા કે સિરામિક અને કાચ ઉદ્યોગ. અહીંની મોટી કંપનીઓ જેવી કે 'યેરા સેનિટરી વેર' કમોડ અને વૉશબેઝિન બનાવે છે જ્યારે સોમાણી કંપની ટાઇલ્સ બનાવે છે. આ બે કંપનીઓનો માલ વિશ્વભરના દેશોમાં જાય છે.

ઔદ્યોગિક ક્ષેત્રે કડીની જે કાયાપલટ થઈ છે એમાં શ્રી માણેકલાલ પટેલ અને એમના સાથીઓનું મહત્ત્વનું યોગદાન રહેલું છે.

❐

૧૧

# સિંહપુરુષ કેમ છેતરાયો

ઈ. સ. ૧૯૭૩-૭૪ના વર્ષથી માણેકલાલની સર્વ વિદ્યાલય કેળવણી મંડળમાં મંત્રી તરીકેની સેવાઓનો આરંભ થયો. એ વર્ષોમાં સર્વ વિદ્યાલય કેળવણી મંડળ અને કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ એ બંને સંસ્થાઓના કાર્યવાહક મંડળોના મુખ્ય કાર્યકરો (પ્રમુખ, ઉપપ્રમુખ, મંત્રી, સહમંત્રી વગેરે) શ્રી રામચંદ્ર જ. અમીન, શ્રી પુરુષોત્તમદાસ ર. પટેલ (દાસકાકા), શ્રી છગનલાલ રા. પટેલ (વકીલ), શ્રી ધનાભાઈ હ. પટેલ (વકીલ), શ્રી છોટાલાલ મ. પટેલ, શ્રી છગનલાલ કા. પટેલ (વકીલ-કલોલ), શ્રી પીતાંબર પટેલ (અમદાવાદ), શ્રી કાળિદાસ ઝીણાભાઈ (વામજ) આ ઉપરાંત કૉલેજનું તંત્ર શ્રી નટુભાઈ (ભાણાભાઈ) અને શ્રી રતિલાલ મગનલાલ સંભાળતા હતા.

આ વર્ષોમાં સર્વ વિદ્યાલય કૅમ્પસમાં કેળવણીની માત્ર ત્રણ સંસ્થાઓ (૧) સર્વ વિદ્યાલય (૨) સાયન્સ કૉલેજ (૩) ટૅક્નિકલ હાઈસ્કૂલ.

ગાંધીનગરની શાખાનો આરંભ હજુ થયો નહોતો.

સર્વ વિદ્યાલય કૅમ્પસની ત્રણે સંસ્થાઓનું રોજબરોજનું તંત્ર તો ઉપર દર્શાવેલા કાર્યકરોમાં જે સ્થાનિક હોય એ સંભાળે. સ્થાનિકમાં અત્યાર સુધી તો છગનલાલ રા. પટેલ સંભાળતા હતા. એ વ્યવસાયે વકીલ એટલે જરૂર પડે ત્યારે એમણે સંસ્થા માટે સમય ફાળવવો પડે. હવે માણેકલાલ મંત્રી થયા. એમને વહીવટનો બહોળો અનુભવ, વળી ૧૯૭૩થી એ મ્યુનિસિપાલિટીની નોકરીમાંથી રાજીનામું આપીને મુક્ત થયા હતા. હવે ઉદ્યોગમાં હતા. ઉદ્યોગમાં નોકરી જેવું સમયનું બંધન નહીં એટલે હવે એમણે જરૂર પડ્યે પેલી ત્રણ સંસ્થાઓના પ્રશ્નો હલ કરવાનું એમના હસ્તક રાખ્યું.

જરૂર પડ્યે એ આવતા. કામ ગમે તે સંસ્થાનું હોય પ્રથમ આગમન તો

સર્વ વિદ્યાલયમાં. ત્વરિત ગતિએ પગથિયાં ચઢતા હોય. (સીડી પૂરી થાય એટલે તરત ઑફિસ !) પટાવાળાની કોઈ ચેષ્ટાની રાહ ન જુએ. ફ્લેપ પોતાના તરફ ખેંચીને વંટોળિયાની માફક ઑફિસમાં પ્રવેશીને સોફા સામેની એક અલગ, જૂના સમયની લાકડાની જંબો ખુરશી ઉપર, પીઠ માટે તકિયા જેવી રાખેલી ગાદી ઉપર પીઠને ટેકવ્યા વગર કડક કોઈ યોગમુદ્રામાં બેઠા હોય એમ બેસે. અહીં અમને સો ટકા સમજાઈ જાય કે આ કડી નગરપાલિકાના 'સી.ઓ. સાહેબ' નહીં, પણ સર્વ વિદ્યાલય કેળવણી મંડળના મંત્રી છે. ચહેરા ઉપર કોઈ જડ રુક્ષતા નહીં, માત્ર કુમાશ અને હોઠ પાછળ બાંધી રાખેલું હોય એવું સ્મિત.

વાણીનો કશો વ્યવહાર આરંભાય એ પહેલાં શાળાનો સેવક સામેના શો-કેસમાંથી સ્ટીલની ચમકતી એક વાડકી એમની ખુરશીની સામેની ટિપોય ઉપર મૂકે. સ્ટીલની વાડકી ? હા, સ્ટીલની વાડકી. નિશાળવાળા કાર્યાલયમાં એશ-ટ્રે રાખતા થાય તો, મુલાકાતીઓને એનું દર્શન થતાં, થનાર આશ્ચર્યનો રદિયો ક્યાં આપ્યા કરવો ? વાડકી સહી.

પણ અહીં વાચકને તો ખુલાસો આપ્યા વગર કેમ ચાલશે ? માણેકલાલની જલતી બીડીમાંથી ખરતી રાખને ઝીલીને એકત્રિત કરી રાખવા આ વાડકી મૂકવામાં આવતી. માણેકલાલને બીડીનું જબરું વ્યસન. આ બીડી એટલે ટીમરુ નામના ઝાડના પાનનો ઉપયોગ કરીને વાળેલી બીડી. લોકો એને ચલણી બોલીમાં 'ખાખી બીડી' કહે છે. તે બજારમાં એ ઝૂડીના રૂપમાં વેચાય છે. એટલે દોરાથી એક સાથે પચીસ બીડીનો બાંધેલો જથ્થો.

માણેકલાલના નિકટના સાથી ડૉ. રામભાઈ પાસેથી જાણવા મળ્યું હતું કે માણેકલાલને દિવસ દરમિયાન ઓછામાં ઓછી સાઈઠ બીડી પીવા જોઈતી હતી. આશ્ચર્ય ! ન મનાય એવી વાત. વાસ્તવિક જગતમાં ડોકિયું કરો તો આમાં આશ્ચર્ય પામવા જેવું કશું નથી. વ્યસનની સાથે માણસની નર્વસ સિસ્ટમ સાથે બે પ્રક્રિયાઓ જોડાયેલી છે. એક ટૉલરન્સ (tolerance) અને બીજી withdrawal. ટૉલરન્સમાં વ્યસનની માત્રા ધીરે-ધીરે વધતી જવાની. દિવસમાં બે-ત્રણ બીડી પીશ એમ કહી બીડી પીવાનું શરૂ કરનાર બીડીની સંખ્યા વધારતો જ જાય છે અને મન નબળું હોય તો ચેઇન સ્મોકર થઈ જાય છે. વીથડ્રૉઅલમાં વ્યસન બંધ કર્યા પછી શરીરની સ્થિતિ માણસને બેહાલ બનાવી મૂકે છે. હાથપગ તૂટે, શરીર નંખાઈ જાય, કશું સૂઝે નહીં. ડ્રગ્ઝના રવાડે ચઢી જનાર માણસની વીથડ્રૉઅલ પછીની સ્થિતિ ભયંકર હોય છે.

માણસનું મનોબળ મજબૂત હોય તો ગમે તેવા આકરા વ્યસનને પણ એ છોડી દઈ શકે છે. માણેકલાલનો આવા માણસ તરીકે દાખલો લઈ શકાય. મગજની ગાંઠનું ઑપરેશન કરવાનું હતું ત્યારે એમણે એકી ઝાટકે બીડીના વ્યસનને જાકારો આપી દીધો અને બીડીઓનો જે જથ્થો એમની પાસે હતો એનો ભૂકો કરીને ફેંકી દીધો. ત્યાર પછી એમણે બીડી સામે જોયું નહોતું. એ કહેતા હતા કે બીડી છોડી દીધા પછી એમની તબિયત ઘણી સારી રહી હતી.

માણેકલાલના વ્યક્તિત્વનો એક વિશેષ એ હતો કે એ જે ક્ષેત્ર સાથે નિસબત ધરાવે તે ક્ષેત્ર વિશેની પૂરી જાણકારી મેળવી લે. એ જાણકારીના આધારે એ ક્ષેત્ર વિશેની કોઈ જવાબદારી સ્વીકારી હોય તો તેને ઉત્તમ રીતે પાર પાડે. ૧૯૭૩-૭૪ પછી કેળવણી ક્ષેત્રને લગતી બધી જાણકારીમાં એ ઊંડા ઊતરી રહ્યા હતા. આ જાણકારી માટેનો મુખ્ય સ્રોત ૧૯૬૪માં સરકારે બહાલ કરેલો ગ્રાન્ટ-ઇન-એઇડકોડ. આ ઉપરાંત તબક્કે-તબક્કે સરકારી નીતિમાં થતા ફેરફાર. ૧૯૬૪નો કોઠારી કમિશનનો રિપૉર્ટ પણ એમની જાણકારીમાં આવી ગયો હોય એવું જણાતું હતું.

એમના કેળવણી ખાતાવિષયક વર્ધમાન બની રહેલા જ્ઞાનની જાણકારી શાળામાં ખાલી પડેલી શિક્ષકની જગ્યા ઉપર નિમણૂક માટે થતા ઉમેદવારોના ઇન્ટરવ્યૂ વખતે એમને ખાસ થતી.

ખાતાકીય કાયદા અને નિયમો વિશેની વાત તો ખરી, પણ છગનભાના વખતથી ચાલી આવતી સંસ્થાની નીતિરીતિ કેટલી દઢપણે એમણે આત્મસાત્ કરી હતી એ પણ શિક્ષકની નિમણૂક માટે થતા ઇન્ટરવ્યૂ વખતે જણાઈ આવતી હતી. છગનભાના વખતથી ચાલી આવતી નીતિરીતિમાંની એક રીત તે પારદર્શી અર્થાત્ કશા ભ્રષ્ટાચાર વગરનો વહીવટ. માણેકલાલના આ દઢાગ્રહનું એક ઉદાહરણ અહીં પૂરતું છે. એક વખત ટૅક્નિકલ હાઈસ્કૂલમાં એક શિક્ષકની ભરતી કરવાની હતી. જાહેરખબર અપાઈ હતી. ઘણી અરજીઓ આવી હતી. ઇન્ટરવ્યૂ માટે પસંદ કરેલા ઉમેદવારોમાં એક એવા ઉમેદવારને પણ ઇન્ટરવ્યૂ કૉલ અપાયો હતો જેની અરજી તરફ માણેકલાલનું ધ્યાન દોરવામાં આવ્યું હતું.

ઇન્ટરવ્યૂની નિશ્ચિત તારીખે એ ભાઈ પણ આવ્યો હતો. કેટલાક ઉમેદવારોને ચકાસ્યા પછી આ ઉમેદવારને સિલેક્શન કમિટી સમક્ષ બોલાવવામાં આવ્યો.

એ ભાઈના પ્રવેશ પછી સિલેક્શન કમિટીના સભ્યો પણ અચંબામાં પડી જાય એવો એક નાટકીય સંવાદ માણેકલાલે પેલા ઉમેદવાર સાથે આરંભ્યો. એમણે

સૌ પહેલાં ટૅક્નિકલ હાઈસ્કૂલના આચાર્ય તરફ આંગળી ચીંધીને પેલા ઉમેદવારને કહ્યું : 'આ ટૅક્નિકલ હાઈસ્કૂલના આચાર્ય છે, એમને કેટલી રકમ આપશો ?'

આ ઉમેદવારને આવું કેમ પૂછવામાં આવ્યું એ તો સમિતિના સભ્યોની સમજમાં આવી ગયું. પણ જે વ્યવહાર અત્યંત ખાનગીમાં કરવાનો હોય એને આવી રીતે ખોલાતો જોઈ ઉમેદવાર ડઘાઈ ગયો હોય એમ થોડો વિહ્‌વળ બનીને અવાક્ થઈને ઊભો જ રહ્યો.

આ ઉમેદવારે એની અરજીમાં નોંધરૂપે એક વાક્ય લખ્યું હતું. 'ડોનેશન આપવાનું થાય તો તે આપવાની મારી તૈયારી છે.' એનો સ્ફોટ કમિટી આગળ થયો.

ઉમેદવાર બિચારો લાચાર હતો. એનો શો વાંક ? શિક્ષણના ક્ષેત્રમાં ચારેતરફ ચાલી રહેલા ભ્રષ્ટાચારને લક્ષમાં રાખીને એણે આ નોંધ લખી હશે. વખાનો માર્યો માણસ. દયાને પાત્ર ગણાવો જોઈએ.

માણેકલાલે હજુ કમિટીના અન્ય સભ્ય તરફ આંગળી કરીને એ જ પ્રશ્ન પૂછ્યો.

પેલા ઉમેદવારને કદાચ ભાગી છૂટવું હશે, પણ એ એવો દિગ્મૂઢ થઈ ગયો હતો કે જડવત્ ઊભો રહ્યો.

માણેકલાલે પટાવાળાને કહ્યું, 'બારણું વાસ.'

ગુસ્સાનું આ એક પ્રદર્શન હતું. માણેકલાલ કંઈ છેલ્લા પાટલા સુધી પહોંચે એવા પ્રાકૃત નહોતા. આમ છતાં હું એમની બાજુની ખુરશીમાં બેઠો હતો. એટલે મેં એમનો હાથ દાબ્યો અને પટાવાળાને આંખના ઇશારાથી માણેકલાલના સૂચનનો અમલ ન કરવા સંકેત કર્યો અને હાથથી એને રૂમ બહાર જવા કહ્યું.

અહીં માણેકલાલને પણ સમજવાની જરૂર છે. એ શુદ્ધ અને પારદર્શી વહીવટના એટલા પ્રખર હિમાયતી હતા કે કોઈ સર્વ વિદ્યાલય કેળવણી મંડળના નામ સાથે ભ્રષ્ટાચારનો એકાદ માત્ર કાલ્પનિક ખ્યાલ પણ જોડે તો એ સહન કરી શકે એમ નહોતા. એક તો પોતાની શુદ્ધ નીતિ, બીજું પોતે સર્વ વિદ્યાલયના વિદ્યાર્થી-સંસ્થા પ્રત્યેનો ઉજ્જ્વળ પ્રેમ. કોઈ ડાઘની છાયા પણ એ કેમ સહન કરે ? આ બધું એકત્રિત થતાં એમનો પુણ્યપ્રકોપ એકાએક ઊભરાયો અને પટાવાળાને બારણું વાસવાનું કહ્યું.

ઉમેદવાર હજુ એની જગ્યાએ સ્થિર ઊભો હતો. સારું થયું તે હજુ એ ઊભો રહ્યો હતો. એની જરૂર હતી. એ ભાગી છૂટ્યો હોત તો એનો ઇન્ટરવ્યૂ લેવાયો ન હોત.

માણેકલાલ જેવો વહીવટદક્ષ અને બુદ્ધિશાળી પુરુષ છેતરાય ખરો ? કડી મ્યુનિસિપાલિટીનું તંત્ર ઉચ્ચતમ શક્તિથી અને ઉત્તમ રીતે સંભાળ્યું એ માત્ર એક નિશાળના વહીવટમાં છેતરાઈ જાય એવું બને ?

બન્યું હતું. એ છેતરામણ પાછળ માણેકલાલની અણઆવડત નહીં, પણ ઉચ્ચ ભાવનાને કારણરૂપ ગણવી રહી. છગનભાના સમયથી કેટલાક ઉચ્ચ પ્રકારના આદર્શો અને સિદ્ધાંતો પરંપરાગત રૂપે ચરિતાર્થ થયા કરતા હતા. એ ઉચ્ચ પ્રણાલી પરંપરામાં સંસ્થાને ત્યાગમૂર્તિઓ જેવા આચાર્યો સાંપડ્યા હતા. માણેકલાલ આ સંસ્થાના વિદ્યાર્થી. તેમણે પેલી પરંપરાના આચાર્ય શ્રી નાથાભાઈ દેસાઈ પાસે શિક્ષણ લીધું હતું. દેસાઈ સાહેબના વ્યક્તિત્વથી એ પ્રભાવિત હતા, બાપુભાઈ ગામી વિશે પણ એમણે ખૂબ સાંભળ્યું હોય. સંસ્થાએ સ્થાપિત કરેલા રાજમાર્ગ ઉપર સૌ કાર્યકરો અને આચાર્યો ચાલતા હોય એવી એક નેક ગ્રંથિ માણેકલાલના ચિત્તમાં બંધાઈને દૃઢ થઈ હોય એ સ્વાભાવિક છે. અહીં આ ક્ષેત્રમાં સર્વ વિદ્યાલય કેળવણી મંડળના નેજા હેઠળ ચાલતી સંસ્થાઓમાં છેતરામણ હોય ? વિશ્વાસે માથું આપી દે તેવો માણસ તે માણેકલાલ.

મંત્રીપદ પર આરૂઢ થયે એમને હજુ ત્રણેક વર્ષ થયાં હતાં. આટલી મોટી અને પુરાણી સંસ્થામાં હજુ એ ઘડાતા મંત્રી કહી શકાય. હજુ સુષ્ઠુ-સુષ્ઠુ ભાળવાની રીત એમણે અપનાવી હતી. અહીં એ ‘ડ્રેઇન ઇન્સ્પેક્ટર’ હજુ બન્યા નહોતા. સંસ્થાના આદર્શોના રાજમાર્ગથી ઉત્પથગામી બનીને ચાલનારા વાક્પટુ અને દંભી આચાર્યોનો આ સંસ્થામાં પ્રવેશ થવા માંડ્યો હતો. એની પેલા અતિ વિશ્વાસના કારણે માણેકલાલને જાણ નહોતી. વિશ્વાસે એ વહાણ હંકારતા હતા.

એક વખત મંત્રી માણેકલાલ તરફથી મને એટલે કે સર્વ વિદ્યાલયના આચાર્યને સૂચના મળી. એમાં પ્રિ. વૉકેશનલ ટ્રેનિંગ સેન્ટરનાં ફિટિંગ ટેબલો ટૅક્નિકલ હાઈસ્કૂલને સોંપવાનો આદેશ હતો. આ આદેશ પહેલાં મંત્રીશ્રીએ મારી સાથે કોઈ ચર્ચા કરેલી નહીં એટલે એ સ્પષ્ટ હતું કે ટૅક્નિકલ હાઈસ્કૂલના આચાર્ય મંત્રીશ્રીને મળ્યા હશે. આ ફિટિંગ ટેબલોની માગણી કરી હશે. મંત્રીશ્રીને ગળે ઊતરી જાય એ રીતે ટૅક્નિકલ હાઈસ્કૂલના આચાર્યે પોતાની માગણીના વાજબીપણા વિશે મંત્રીશ્રી આગળ રજૂઆત કરી હશે. મંત્રીશ્રીએ સર્વ વિદ્યાલયના આચાર્યને આ અંગે, પોતે લીધેલા નિર્ણય પૂર્વે વાત કરી હોત તો વાસ્તવિક અને સાચું ચિત્ર રજૂ થઈ શક્યું હોત.

વાસ્તવિક સ્થિતિ આ હતી : ઈ.સ. ૧૯૬૫માં યુનિસેફ, કેન્દ્ર સરકાર અને

રાજ્ય સરકારના સંયુક્ત સાહસરૂપે, જેમનો અભ્યાસ છૂટી ગયો હોય અને દિશાદોર વગરના થઈને રખડતા થઈ ગયા હોય અથવા હોટલો, વીશીઓ કે કારખાનાંઓમાં મજૂરી કરતા થઈ ગયા હોય એવા ૧૧થી ૧૬ વર્ષની ઉંમર સુધીના કિશોરોને એકેડેમિક અને ઔદ્યોગિક તાલીમ આપીને જીવનના વ્યવસ્થિત માર્ગ ઉપર લાવવા ભારતભરમાં ૬૫ પ્રિ. વૉકેશનલ સેન્ટરો સ્થાપ્યાં હતાં. જેમાંનાં ચાર ગુજરાતમાં હતાં. આ ચાર પૈકી એકને સર્વ વિદ્યાલય હાઈસ્કૂલ સાથે જોડવામાં આવ્યું હતું. એનું સંચાલન સર્વ વિદ્યાલય હાઈસ્કૂલના આચાર્ય દ્વારા જિલ્લા શિક્ષણાધિકારીની હકૂમત હેઠળ હતું. આ કેન્દ્રને સર્વ વિદ્યાલય સાથે જોડવા પૂરતી જ સર્વ વિદ્યાલય કેળવણી મંડળની સંમતિ મેળવવામાં આવી હતી. બાકી સંચાલન સરકારી હતું. સંપૂર્ણ સરકારી પત્ર એના માનદ પ્રિન્સિપાલ તરીકે સર્વ વિદ્યાલયના આચાર્ય બાકીનો સઘળો સ્ટાફ સરકારી. ગુજરાત સરકારે ઈ.સ. ૧૯૭૭માં એક ઠરાવ દ્વારા ગુજરાતનાં ચારેય સેન્ટરો બંધ કરી દીધાં. સર્વ વિદ્યાલય સંલગ્ન સેન્ટરનો કબજો સર્વ વિદ્યાલય પાસે રહ્યો. કેન્દ્રનું સઘળા પ્રકારનું ફર્નિચર અને સાધનસામગ્રી યુનિસેફની માલિકીનાં હતાં. એમાં સર્વ વિદ્યાયલય કેળવણી મંડળનો કોઈ માલિકી અધિકાર નહોતો. એટલે મંડળ ફર્નિચરના હસ્તાંતર માટેનું કોઈ ફરમાન કે હુકમ કરી શકે નહીં જે સંસ્થાના મંત્રીશ્રીએ કર્યું હતું.

પ્રિ. વૉકેશનલ ટ્રેનીંગ સેન્ટરના ફિટિંગ વિભાગના ટેબલનો ઉપયોગ સર્વ વિદ્યાલયના હાયર સેકન્ડરી વિભાગમાં વિજ્ઞાન પ્રવાહની લૅબોરેટરી માટે અનિવાર્ય હતો. સારાયે કડી તાલુકામાં વિજ્ઞાન પ્રવાહ ચલાવતી ફક્ત એક જ શાળા-સર્વ વિદ્યાલય રહી હતી. એટલે વિજ્ઞાન પ્રવાહમાં પ્રવેશ માટે સર્વ વિદ્યાલય તરફ ભારે ધસારો રહેતો. હાયર સેકન્ડરી બૉર્ડના ચેરમૅનની મંજૂરીથી એક એક વર્ગમાં પંચોતેર પંચોતેર વિદ્યાર્થીઓની ભરતી કરી હતી. પી.વી.ટી.સી. (પ્રિ. વૉકેશનલ ટ્રે. સેન્ટર) ચાલુ હતું. ત્યાં સુધી તો લૅબોરેટરીમાં મર્યાદિત સંખ્યામાં ટેબલોના કારણે પ્રયોગ માટે વધારે બેચો બનાવવી પડતી હતી એટલે શાળા છૂટ્યા પછી પણ લૅબોરેટરીમાં પ્રયોગ ચાલુ રાખવા પડતા હતા અને શિક્ષકો પર કામનો બોજો વધતો હતો. પી.વી.ટી.સી. બંધ થયા પછી ફિટિંગ ટ્રેડનાં ટેબલ ઉપર સિમેન્ટ શીટ (પતરાં) લગાવીને ટેબલો ઉપયોગમાં લીધાં હતાં. પી.વી.ટી.સી.ની કોઈ પણ સાધન સામગ્રીની વપરાશ માટેની મંજૂરી મેં જિલ્લા શિક્ષણાધિકારી શ્રી મજમુદાર પાસેથી મેળવી લીધી હતી અને ઉપરોક્ત ટેબલ ઉપયોગમાં

લીધાં હતાં. આના કારણે લૅબોરેટરીમાં ટેબલ વધ્યાં હતાં એટલે પ્રત્યેક બેચમાં ટેબલની સંખ્યા વધારી શકાઈ હતી તેથી હવે સ્કૂલ છૂટ્યા પછી પણ કામ કરવાની જરૂર રહી નહોતી અને શિક્ષકો ઉપર કામનો બોજો હળવો થયો હતો.

ટૅક્નિકલ હાઈસ્કૂલમાં કાર્ય વ્યવસ્થામાં ફેરફાર કરવો પડે એવો કોઈ સંજોગો ઊભા થયા નહોતા છતાં ટેબલની માગણી કરવામાં આવી હતી.

હું સર્વ વિદ્યાલયની તાતી જરૂરિયાત વિશે મંત્રીશ્રી આગળ રજૂઆત કરી શક્યો હોત, પણ હું રજૂઆતનો માણસ નથી એમાં ગૌરવહાનિ, હીણપત અને લઘુતાનો ભાવ હોવાનું સમજું છું. હું માલિકી અને તેના હકની વાત કરી શક્યો હોત, તે મેં ન કરી. ઘર્ષણમાં ઊતરી શક્યો હોત, ન ઊતર્યો. મેં ફિટિંગનાં ટેબલ જતાં કર્યાં.

એવી જ રીતે સાયન્સ કૉલેજના આચાર્યે, સર્વે વિદ્યાલયના મકાન (સરસ્વતી સદન)ની સામેના મકાનના સેન્ટ્રલ હૉલ કે જેમાં સર્વ વિદ્યાલયનું ગ્રંથાલય - દાસ પુસ્તકાલય હતું એ હૉલની માગણી કરી. આમ તો, આ આખું મકાન સર્વ વિદ્યાલયના પ્રાથમિક વિભાગનું હતું. એ સાયન્સ કૉલેજ માટે આપવામાં આવ્યું હતું. ફક્ત સેન્ટ્રલ હૉલમાં સર્વ વિદ્યાલયનું ગ્રંથાલય હતું. આ ગ્રંથાલયમાં ૨૦,૦૦૦ કરતાં વધારે પુસ્તકો હતાં અને વાચનાલય પણ આ હૉલમાં જ હતું. કૉલેજના આચાર્યે આ હૉલની માગણી જે હેતુ માટે અને જે રીતે કરી હોય તે ખરું, પણ એક દિવસ મંત્રીશ્રી માણેકલાલ અને કૉલેજની ગવર્નિંગ બૉડીના ચેરમૅન રતિલાલ મ. પટેલ મારી ઑફિસે આવ્યા. હૉલ કૉલેજને આપવાની વાત અદબ જાળવીને કરી. કૉલેજને શા હેતુ માટે આ હોલ જોઈએ છે એ મેં ન પૂછ્યું. એ પૂછવાનું જરૂરી નહોતું. મારે તો એટલો જ વિચાર કરવાનો હતો – કૉલેજને કશાક ઉપયોગ માટે હોલ જોઈએ છે અને સર્વ વિદ્યાલય માટે હાલ આ હૉલ ચાલુ ઉપયોગમાં છે. કૉલેજ માટે હૉલની માગણી પાછળ કયો તર્ક કામ કરી રહ્યો છે એ સમજાય એવું નહોતું.

સાયન્સ કૉલેજ વિજ્ઞાન ફૅકલ્ટી સાથે અર્થાત્ એક જ ફૅકલ્ટી સાથે ચાલતી કૉલેજ હતી. ઓછી વિદ્યાર્થીસંખ્યા ઉપર ચાલનારી આ કૉલેજ. એક તબક્કો તો એવો આવ્યો હતો કે મંડળ આ કૉલેજને બંધ કરવા તૈયાર થયું હતું. કૉલેજ ચલાવવાની ખોટ મંડળ માટે ગજા બહારની થઈ ચૂકી હતી. એટલે આવો નિર્ણય લેવાની વિચારણા થઈ હતી. પણ મંડળના કેટલાક સભ્યોના આગ્રહને લક્ષમાં લઈને વિદ્યાર્થીઓના હિતમાં કૉલેજ ચાલુ રાખવામાં આવી

હતી. હૉલની માગણી થઈ એ સમયે કૉલેજને મકાન બાબતે કશી ખેંચ પડતી હોય એવું જણાતું નહોતું. ત્રણેય લૅબોરેટરીઓ પૂરતી મોકળાશ સાથેની હતી.

હૉલ શા માટે જોઈતો હતો એ સમજાતું નહોતું. 'કૉલેજને જરૂર છે'. એટલી વાત કરવામાં આવી હતી. પરિસરની બધી સંસ્થાઓનું સંચાલન મંડળ હસ્તક હતું. એ ઇચ્છે તે પ્રમાણે વ્યવસ્થા ગોઠવી શકે. માત્ર કૉલેજના આચાર્યની માગણીના આધારે આ વ્યવસ્થા વિચારાઈ.

દાસ પુસ્તકાલય (સર્વ વિદ્યાલયની લાઇબ્રેરી) એના આરંભથી આ માગણી થઈ ત્યાં સુધી ક્યારેય અને ક્યાંય 'ઠરીને ઠામ' થઈ શકાયું નહોતું. આરંભમાં મુદ્રણાલયની બાજુમાં, પછી શાળાના મકાનની દક્ષિણ વિંગમાં ત્યાર બાદ જેની ચર્ચા ચાલી રહી છે એ હૉલમાં ત્યાંથી મંત્રીશ્રીના આદેશના આધારે ગોઠવાયું. સંસ્કાર ભવનના મુખ્ય દરવાજાવાળા આરંભના થોડા વિભાગ ને પુસ્તકોનાં કબાટની એક સળંગ હાર ગોઠવીને પાર્ટીશનનો દેખાવ આપીને કહેવાતા પુસ્તકાલયના રૂપમાં. (આ પછી વાચકોની જાણકારી માટે કહું તો, એને સ્થાન મળ્યું શ્રી જયકૃષ્ણભાઈ હરિવલ્લભદાસના રૂપિયા એકાવન હજારના દાનમાં અઢી લાખ રૂપિયા જેટલી રકમ ઉમેરીને તૈયાર કરવામાં આવેલા ગ્રંથાલયના સ્વતંત્ર મકાનમાં. પુષ્કળ હવા-અજવાળાવાળું સરસ મકાન હતું, પણ એય દાસ પુસ્તકાલયના નસીબમાં ન રહ્યું.

સંસ્થાના નવસર્જનના કેટલાક કાર્યક્રમમાં એ મકાન જમીનદોસ્ત થયું અને કિશોરકુંજ તથા આ મકાનની સંયુક્ત જગ્યાએ એક વિશાળ કન્યા છાત્રાલય અને સંસ્થાનું મધ્યસ્થ કાર્યાલય બન્યાં એની સાથે સંયુક્તપણે દાસ પુસ્તકાલયને સ્થાન મળ્યું છે. પછી જેવું નસીબ !

આટલી આડ વાત પછી મૂળ વાત ઉપર આવીએ. માણેકલાલભાઈ જેવો કુશાગ્ર બુદ્ધિવાળો માણસ વહીવટમાં વસ્તુસ્થિતિના દલેદલને માત્ર એક નજરથી જ ચકાસી લઈને નિર્ણય લેનાર સિંહપુરુષ પેલા બે આચાર્યોની વાક્પટુતાથી છેતરાયો ? માણેકલાલની શક્તિ વિશે બે મત હોઈ શકે નહીં. તો પછી આમ કેમ બન્યું ? વિધિની વક્રતા જ, બીજું શું ? કાબે અર્જુન લૂંટિયો વાળી હકીકત આપણે નથી જાણતા ? એ ઘટનાના આધારે આપણે અર્જુનની શક્તિનું મૂલ્ય થોડું ઓછું આંકવાના છીએ ?

❒

# ૧૨

# મેજર ઑપરેશન

બાળ માણેકના ગૂમડાને મૂળમાંથી નાબૂદ કર્યાની વાત બીજા પ્રકરણમાં કરી. હવે મોટી ઉંમરે શાર્દૂલનું રૂપ ધારણ કરી ચૂકેલા સારાયે કડી શહેરનું 'સાહેબ' એવું હુલામણું છતાં સત્તાવાહક બિરુદ મેળવી ચૂકેલા કડી નગરપાલિકાના પ્રમુખ અને તે અગાઉના સી.ઓ. સાહેબના મગજમાં રહેલી ગાંઠના ઑપરેશનની વાત આ પ્રકરણમાં કરીએ.

માણેકનું ગૂમડું આખરે તો શરીરના બહારના ભાગના વ્યાધિરૂપ હતું જ્યારે મગજની ગાંઠ શરીરના અંદરના અને અત્યંત મહત્ત્વના ભાગનો વ્યાધિ હતો. પૂરો જોખમી. કૅન્સરયુક્ત ગાંઠ હોય તો જીવલેણ પણ નીવડી શકે. ઑપરેશન એ જ એનો ઉપાય.

ગૂમડાના ઉપાયની આગલી પળ સુધી બાળ માણેકને એની કશી ખબર નહોતી. એટલે એના માટે માનસિક પરિતાપનો કોઈ સવાલ નહોતો. જ્યારે મગજની ગાંઠના ઑપરેશન પૂર્વે એક પીઢ અને પુખ્ત વિચારક તરીકે માણેકલાલ આ ગાંઠને દૂર કરવા માટે લેવાનાર ઉપાય એ તેના જોખમ વિશે પૂરા જાણકાર હતા એટલે એ જાણકારીનો પ્રભાવ એમના મન ઉપર હતો જ.

આ પ્રભાવને સમજવા માટે અહીં એમના સ્વભાવના એક પાસાની થોડી વાત કરી લઈએ. જબરદસ્ત મનોબળ ધરાવનાર માણેકલાલના સ્વભાવમાં આશ્ચર્ય પમાડે એવી ભીરુતાની એક લકીર પણ હતી. ક્યારેક કાલ્પનિક ભય (ફોબિયા)ની અસર હેઠળ એ અસ્વસ્થ થઈ જતા. ક્યારેક તો આ કાલ્પનિક ભય હાસ્યાસ્પદ લાગે એવો અને એટલી માત્રામાં જોવા મળતો. ઘેરથી ઑફિસે જવા નીકળ્યા હોય, બહારગામ જવા માટે રોડ પર કે હાઈવે ઉપર કારમાં મુસાફરી કરતી વખતે એ કારના પાછલા ભાગમાં જમણી બાજુની બેઠકમાં

અર્થાત્ ડ્રાઇવરવાળી સાઇડે કદી ન બેસે. કારણ એટલું જ કે અકસ્માત વખતે એ ભાગ જોખમી. આ કાલ્પનિક ભયના કારણે એ પ્લેનમાં મુસાફરી કરવા રાજી થતા નહીં. અલબત્ત, ધીરે ધીરે ખાસ કરીને સમયની જરૂરિયાત પ્રમાણે થતા અનુભવો એમના આ ફોબિયાને ભાંગતા રહેતા હતા. અમેરિકા જવું જ પડે એવું હતું. ગયા. અને પ્લેનમાં બેસવા બાબતે જે ડર હતો તે દૂર થયો.

એ મ્યુનિસિપાલિટીમાં ચીફ ઑફિસર તરીકે ફરજ બજાવતા હતા. તે વખતે ભાગ્યોદય જિનિંગ અને પ્રેસિંગ ફૅક્ટરીના ભાગીદાર વનમાળીદાસ પટેલની પ્રેરણા અને સલાહથી એમણે એ ફૅક્ટરીમાં પોતાના થકી ધંધો શરૂ કરેલો. પછી સ્વતંત્ર એકમ સ્થાપ્યું. આ ધંધાના કારણે મ્યુનિસિપાલિટીની નોકરીના કલાકો પછી એ પોતાની ફૅક્ટરીનું કામ સંભાળતા હતા. આ પ્રવૃત્તિમાં એ મોડી રાત સુધી કાર્યરત રહેતા. મોડી રાતે ઘેર જવામાં રસ્તાનાં કૂતરાંની એમને બીક લાગતી. આ કંઈ મોટી વાત નહોતી. એક વૉકિંગ સ્ટીક અથવા ધોકો લઈને ડર્યા વગર એ ઘેર જઈ શકતા હોત, પણ મનમાં ઘર કરી ગયેલી બીક કોને કહી ? ઘેર જતી વખતે એ ફૅક્ટરીના ચોકીદારને સાથે લઈ જતા. ઘેર પહોંચ્યા પછી ચોકીદારને પાછો મોકલી દેતા.

માણેકલાલને તો ઇંજેક્શનનો પણ ડર અને સામે હવે ખોપરી ભેદીને વકરતી ગાંઠને નાબૂદ કરવાની હતી. માણેકલાલના મનમાં ચાલી રહેલા ઘમસાણથી બે વ્યક્તિઓ વાકેફ હતી. એક તો મ્યુનિસિપલ હૉસ્પિટલના ચીફ મેડિકલ ઑફિસર ડૉ. રસેન્દુ ભટ્ટ અને બીજા ડૉ. રામભાઈ પટેલ.

વાત ઑપરેશન સુધી આ રીતે પહોંચી. એક દિવસ એકાએક અને કોઈ પણ પ્રકારનાં પૂર્વ ચિહ્ન વિના માણેકલાલે બે-ચાર પળ (સેકન્ડ) પૂરતું મગજ કામ કરતું અટકી ગયું હોય એવો અનુભવ કર્યો. શું હતું એ ? કશી ખબર ન પડી પણ કશીક શૂન્યતાનો એ અનુભવ તો હતો જ. એમણે ભાન ગુમાવી દીધું હતું ? એવી કંઈ ખબર પડે એ પહેલાં તો સ્થિતિ પૂર્વવત્ થઈ ગઈ હતી. એ દિગ્મૂઢ થઈ ગયા હતા ? ગતિ ચકાસવાનો સમય હોય તો દિભ્રાંત થયો હોવાનો ખ્યાલ આવે ને ? જાણે કશું બન્યું નહોતું છતાં ઘણું બની ગયું હતું. શરીરમાં કશી ગભરામણ નહોતી. કશી બેચેની નહોતી. શરીરના કોઈ અંગમાં ક્યાંય દુઃખાવો નહોતો. ચિંતા કરે તો શેની કરે ? કશુંક કારણ તો મળવું જોઈને ને ? કારણ મળે એમ નહોતું. કશીક અજાણી પ્રક્રિયા તરફ માણેકલાલે લક્ષ ન આપ્યું. વ્યવસાયમાં પ્રવૃત્ત રહ્યા.

પેલો ત્રણ-ચાર પળનો અનુભવ એક વહી ગયેલી ઘટના શો બની રહ્યો. શરીરનું તંત્ર સર્વથા નૉર્મલ હોય એમ ચાલતું રહ્યું : કહો, પેલો અનુભવ ભુલાઈ ગયો. ત્રણ-ચાર સેકન્ડ પૂરતો ક્ષુદ્ર હતો ને! શરીરને એવું કંઈ હચમચાવી નાખ્યું નહોતું કે ચિત્ત ઉપર એ ચિંતાનો બોજ બનીને રહે.

શરીરના અંદરના ભાગમાં જે થઈ રહ્યું હતું તે તો કંઈ સમજાતું નહોતું, પણ એણે એક દિવસ દેખાડો દીધો. આ વખતે સ્વરૂપ જરા જુદું હતું. ચક્કર આવતા હોય એવો અનુભવ માણેકલાલને થયો. શરીરની આ એક એવા પ્રકારની પ્રક્રિયા છે, જેના આધારે ધારવું હોય તો ઘણું ધારી શકાય અથવા કશું ન ધારી શકાય. આવી બાબતમાં માણસનું એક જ વલણ – શરીર છે, આવું થયા કરે. કંઈ બહુ મોટી વાત નથી. માણેકલાલે આ અનુભવને બહુ મોટી વાત તરીકે ન લીધો. થોડી પળો પછી પ્રથમ વારના અનુભવ પછી થયું હતું તેમ, બધું નૉર્મલ થઈ ગયું. જાણે કંઈ બન્યું જ નથી. ફરી બે-એક વાર આવું થયું. માણેકલાલે આ બાબતને ગંભીરપણે લેવી જોઈતી હતી. ન લીધી.

પણ એક દિવસ ઘટનાએ વિપરીત રૂપ ધારણ કર્યું. અગાઉના અનુભવોમાં શરીરની સ્થિતિ થોડી પળો પછી પૂર્વવત થઈ જતી હતી. આ છેલ્લો અનુભવ થોડી પળી પૂરતો મર્યાદિત ન રહ્યો અને ચક્કર જેવા હળવા અનુભવનો પણ ન રહ્યો. શરીર ખેંચાવા લાગ્યું. પૂરું ભાન ન રહ્યું. એ જમીન પર ગબડી પડ્યા. ડૉ. ભટ્ટ દોડી આવ્યા. તત્કાલ ઉપાય માટે એમણે માણેકલાલને ઇંજેકશન આપ્યું. અર્ધ ભાનમાં ગુસ્સામાં આવી જઈને એમણે ડૉ. ભટ્ટને ગાળ પણ દઈ દીધી. ડૉ. રામભાઈને હકીકતની જાણ થતાં એ પણ દોડી આવ્યા. ડૉ. ભટ્ટ એમના વ્યવસાયના એક નિષ્ણાત ડૉક્ટર હતા. માણેકલાલની અગાઉની તકલીફો વિશે એમની જાણકારી હતી કે નહીં એની તો જાણ નથી પણ અત્યારની હાલત જોઈ એમણે કહ્યું : 'આ ઉત્પાતનું સ્રોત મગજ છે. મગજના કોઈ વિસ્તારમાં થતા પ્રેશરના કારણે આ બન્યું છે. એમને હવે વિના વિલંબે તપાસ અને નિદાન માટે કૅન્સર હૉસ્પિટલમાં મોકલવા જોઈશે. અત્યારે આપેલા ઇંજેકશનથી રાહત તો થશે, હવે ઝાઝો સમય ગુમાવવાની જરૂર નથી.'

સંજોગોનો સુમેળ એવો બેઠો કે કડીની ભાગ્યોદય હૉસ્પિટલ માટે કેટલાક દાક્તરોની નિમણૂક કરવાની હતી. આ માટે ઉમેદવારોના ઇન્ટરવ્યૂ અમદાવાદમાં કૅન્સર હૉસ્પિટલમાં રાખ્યા હતા.

ઇન્ટરવ્યૂના દિવસે એ કાર્ય માટે ડૉ. દેવેન્દ્ર પટેલ, વનમાળીદાસ પટેલ,

બળદેવભાઈ ડોસાભાઈ, હીરાલાલ ભગવતી હાજર રહેવાના હતા. એ બધાએ તપાસ માટે માણેકલાલને પણ સાથે રાખવાનું નક્કી કર્યું હતું.

ઇન્ટરવ્યૂનું કામ પત્યા પછી ડૉ. દેવેન્દ્ર પટેલ જે કૅન્સરના સર્જન તરીકે ઘણા જાણીતા હતા. એમણે માણેકલાલના મગજનો એક્સ-રે લઈને તપાસ્યો. મગજમાં લીંબુના કદની અને બરાબર એના આકારની ગાંઠ હતી. આ ગાંઠને બરાબર નીરખીને એમણે કહી દીધું, 'ગાંઠ સાદી છે, કૅન્સરની નથી.'

બાયપ્સી વગર શી રીતે કહી શકાય કે આ ગાંઠ કૅન્સરની નથી ?

ડૉ. દેવેન્દ્ર પટેલે સમજૂતી આપતાં કહ્યું, 'ગાંઠ સંપૂર્ણપણે ગોળ છે. એમાંથી કોઈ રેસા કે ફાંટા જેવું કશું નીકળ્યું નથી. ગાંઠના પ્રકારની ચોક્સાઈ કરવામાં તો આવશે જ. એ મેલિગ્નન્ટ છે કે નહીં એની તપાસ થશે. આમ છતાં પ્રથમ દર્શને જ ખાતરીપૂર્વક કહી શકાય એમ છે કે એ કૅન્સરની ગાંઠ નથી. એને ઑપરેશનથી કાઢી નાખવી પડશે.'

ત્યાં ઉપર જણાવેલા મહાનુભાવો વચ્ચે ઑપરેશન બાબતે ચર્ચા થઈ અને વહેલી તકે મુંબઈ ખાતે બૉમ્બે હૉસ્પિટલમાં હીરાલાલ ભગવતીના ભાઈ શ્રી ડૉ. ભગવતીના હાથે ઑપરેશન કરાવવું એવું નક્કી થયું. મુંબઈ ખાતે ડૉ. ભગવતીને ભલામણ કરવાનું કામ શ્રી હીરાલાલ ભગવતીએ માથે લીધું. શ્રી ભગવતીએ અમદાવાદથી મુંબઈ ખાતે એમના ડૉક્ટર ભાઈને આ અંગે ફોનથી જાણ પણ કરી દીધી.

આમ એક બાજુ ઑપરેશનની ચર્ચાઓ અને તે અંગે નિર્ણય લેવાનું કામ ચાલતું હતું, પણ માણેકલાલનું મન આ માટે તૈયાર નહોતું. એ વર્ષોમાં આમ પ્રજામાં ઑપરેશન બાબતે જે ડર હતો તે માણેકલાલમાં પણ હતો. વળી આ ઑપરેશન નાનુંસૂનું કે જેવું-તેવું નહોતું. માણેકલાલ એમાં પારાવાર જોખમ જોતા હતા.

કડી આવ્યા પછી માણેકલાલે ડૉ. રામભાઈને કહ્યું : 'સર્જન ડૉક્ટરો તો ઑપરેશનની જ ભલામણ કરવાના. આપણે એ રસ્તે જવું નથી. તમે કોઈ ન્યુરોફિઝિશિયનની ભાળ મેળવો. આપણે એમને બતાવીએ. ઑપરેશન ન કરવું પડે એવો કોઈ રસ્તો જરૂર નીકળશે.'

ડૉ. રામભાઈએ માણેકલાલની પ્રબળ ઇચ્છાને ધ્યાનમાં લઈને કહ્યું : 'ડૉ. મનુભાઈ અમારા પ્રોફેસર હતા. એ ન્યુરોફિઝિશિયન છે. આપણે એમને મળીએ. હું એમની ઍપોઇન્ટમેન્ટનું નક્કી કરી લઈશ.'

ડૉ. રામભાઈ ડૉ. મનુભાઈને મળ્યા અને સઘળી વાતથી વાકેફ કર્યા. ડૉ. મનુભાઈએ કહ્યું : 'આજ સાંજે સાડા પાંચ વાગે એમને (માણેકલાલને) લેતા આવો. જોયા પછી જે-તે સલાહ આપી શકાશે.'

આપેલા સમય પ્રમાણે ડૉ. રામભાઈ માણેકલાલને લઈને ડૉ. મનુભાઈ પાસે ગયા. ડૉ. મનુભાઈએ એક્સ-રેને બરાબર તપાસીને કહ્યું : 'ઑપરેશન એ જ ઉપાય છે. ઑપરેશન ન કરવામાં આવે તો મગજમાં જે ગાંઠ છે તે બીજા ઉપાયોથી એકાએક ઓગળી જવાની નથી. વળી એની પ્રકૃતિ પ્રમાણે એને વધતી અટકાવવી પણ મુશ્કેલ. જે જગ્યાએ છે ત્યાં એનું દબાણ વધતું રહે તો એને લગતી આંખ દૃષ્ટિ ગુમાવે એટલે કે એક આંખ ખોવી પડે. આ ગાંઠનાં બીજાં જોખમ પણ ઓછાં નથી. અમદાવાદમાં અસારવા વિસ્તારમાં એક ફાર્મસીવાળા ભાઈને આ પ્રકારની ગાંઠ હતી. ઑપરેશન ન કરાવ્યું, દવાઓ અને બીજી થેરેપી ઉપર આધાર રાખ્યો. માણસ આખરે મરી ગયો. એ વાતને બે મહિના થયા."

ઑપરેશનમાંથી છૂટવાની માણેકલાલની રહીસહી આશા ઉપર પણ પાણી ફરી વળ્યું. ઑપરેશન માટે હવે કેડ બાંધ્યા સિવાય છૂટકો નહોતો.

મુંબઈના 'બૉમ્બે હૉસ્પિટલમાં' ડૉ. ભગવતી અને તેમના સહાય ડૉક્ટરોના હાથે માણેકલાલના મગજમાં થયેલી ગાંઠનું સફળ ઑપરેશન થયું એ પછી માણેકલાલ ૮૨ વર્ષની ઉંમરે અવસાન પામ્યા ત્યાં સુધી મગજના ક્ષેત્રને લગતી કોઈ પણ પ્રકારની તકલીફ ઊભી થઈ નહોતી.

આ ઑપરેશન નિમિત્તે એક ચમત્કારક કહી શકાય એવો એમને ફાયદો થયો. બીડીનું જે વધારે પડતું વ્યસન હતું તે સાવ છૂટી ગયું.

❒

## ૧૩

# ઊલઝ્યાં કામ ઉકેલ્યાં

તા. ૧૯-૫-૧૯૮૪ના રોજ દાસકાકાનું અવસાન થયું. આ કારણથી સર્વ વિદ્યાલય કેળવણી મંડળની ગાંધીનગરની શાખામાં શૂન્યાવકાશની સ્થિતિ પેદા, થઈ. અત્યાર સુધી દાસકાકા એકલે હાથે ગાંધીનગરમાં કૅમ્પસની સંસ્થાઓનું સંચાલન કરતા હતા અને કડીમાં કાર્યરત કાર્યકરો દાસકાકાના વ્યવસ્થિત ચાલી રહેલા કાર્યમાં કોઈ પણ પ્રકારની દખલ કરવાનું ઇષ્ટ ગણતા નહોતા.

પણ હવે દાસકાકાના અવસાન પછી કડીની મુખ્ય શાખાએ ગાંધીનગરની શાખાનું સંચાલન સીધી દેખરેખ નીચે હાથ ધર્યા સિવાય છૂટકો નહોતો.

મંડળના જૈફ કાર્યકરો એક અથવા બીજા કારણથી સંસ્થાની સેવા માટે ઉપલબ્ધ નહોતા. અમીન સાહેબ, છોટાલાલ મ. પટેલ અને પીતાંબર પટેલ અવસાન પામ્યા હતા. કાલિદાસ ઝીણાભાઈ (વામજ) અને છગનલાલ કા. પટેલ (કલોલ) ગાંધીનગરમાં રોજબરોજનું કામ સંભાળી શકે એમ નહોતા અને છગનલાલ રા. પટેલ (વકીલ) હવે અમેરિકામાં એમના પુત્રો સાથે રહેતા હતા. આ સંજોગોના કારણે ગાંધીનગરનું કામ સંપૂર્ણ રીતે સંભાળી શકે એવા કડી સ્થિત બે કાર્યકરો હતા. એક ધનાભાઈ હ. પટેલ (વકીલ) અને બીજા માણેકલાલ મા. પટેલ (સી.ઓ. સાહેબ રૂપે પ્રખ્યાત) બંને સમય, સંજોગ અને આર્થિક રીતે પહોંચી વળે એમ હતા. ધનાભાઈ વર્ષોથી સંસ્થા સાથે સંકળાયેલા હતા. અગાઉ વિદ્યાર્થી અને વિદ્યાર્થી આશ્રમના છાત્ર તરીકે હતા. પછીથી સંસ્થાના મંત્રી તરીકે ઘણાં વર્ષોથી સેવા આપતા હતા. અગાઉનાં પ્રકરણોના આધારે માણેકલાલનો પરિચય આપવાનો રહેતો નથી તેમ છતાં પણ કહીએ કે માણેકલાલને કડી બહારના જાણીતા ઉદ્યોગપતિઓનો સારો પરિચય હતો. એ ઉદ્યોગપતિઓમાંના એક જે બૅન્કિંગ ક્ષેત્રમાં હતા, આગલી

હરોળમાં હતા, એ શ્રી બળદેવભાઈ ડોસાભાઈ હતા. શ્રી બળદેવભાઈ સર્વ વિદ્યાલયના આરંભકાળના એક વિદ્યાર્થી. ૧૯૮૪માં સંસ્થાના અમૃત મહોત્સવની ઉજવણી વખતે એમને અતિથિવિશેષ તરીકે નિમંત્રેલા. એ પ્રસંગે એમણે મનનીય પ્રવચન આપેલું અને સમારંભ દરમિયાન એમનો સર્વ વિદ્યાલય પ્રત્યેનો પ્રેમ ખૂબ સારી રીતે એમના મુખે અભિવ્યક્ત થયેલો. ત્યારે બળદેવભાઈ કાળુપુર કૉમર્શિયલ સહકારી બૅન્કના ચેરમૅન હતા અને વાઇસ ચેરમૅન ગોપાળભાઈ શિવલાલ જે સર્વ વિદ્યાલયના ચાહક હતા તે પણ માણેકલાલના સ્નેહી હતા. જ્યારે કોઈ શિક્ષણ સંસ્થાનો નવેસરથી આરંભ કરવાનો હોય ત્યારે આવા સંબંધો ખૂબ ઉપયોગી નીવડે છે એ ભાગ્યે જ કહેવાની જરૂર હોય. આ દૃષ્ટિએ પણ માણેકલાલ ગાંધીનગરનું તંત્ર સંભાળે એ ખૂબ જરૂરી હતું.

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી તરફથી શ્રી ધનાભાઈ હ. પટેલને ચેરમૅનપદે અને શ્રી માણેકલાલ મા. પટેલને મંત્રી તરીકે સ્થાપ્યા. શ્રી ધનાભાઈ ચેરમૅન ખરા. ચેરમૅનની સત્તાનો વ્યાપ બહોળો પણ ખરો, છતાં તંત્રનું રોજબરોજનું ખરેખરું સંચાલન મંત્રીએ કરવું રહ્યું. આથી ગાંધીનગરમાં સર્વ વિદ્યાલય કૅમ્પસ, સેક્ટર-૨૩માં ૬.૫ એકર ભૂમિ ઉપર સ્થપાયેલી સઘળી સંસ્થાઓ, છાત્રાલયો સહિત માણેકલાલે સંભાળવાની હતી. આ કામ કેટલું કઠિન અને સામે પૂર તરવા જેવું હતું એ તો દાસકાકાએ ગૂંચવાયેલી અને ઉકેલ વગર અધૂરી છોડેલી સમસ્યાઓ વિશે જાણવાથી ખ્યાલ આવી શકે.

દાસકાકા પોતાના મનમાં ઊગે એને વજ્રલેખ માનીને ચાલતા. એમાં એ પોતે તો કશો ફેરફાર કરતા નહીં અને બીજું કોઈ એમાં રજમાત્ર ફેરફાર કરાવી શકે નહીં. આવા મનોવ્યવહારથી એમણે ચારેક બાબતોના એવા નિર્ણયો લીધેલા કે જેમાં ફેરફાર કરવા જરૂરી બન્યા હતા. અથવા એ નિર્ણયોને પડતા મૂકવા પડે એમ હતા. એકાદ બેમાં અનુભવથી લીધેલા નિર્ણયમાં થયેલી ભૂલ સમજાતાં, દાસકાકાએ એને સુધારી લેવા પ્રયત્ન કર્યો છતાં એમાં એ સફળ થયેલા નહીં. આ બધી ચુસ્ત થઈ ગયેલી ગૂંચોને ઉકેલવાનું કામ મંત્રી તરીકે માણેકલાલના શિરે આવ્યું.

એ વર્ષોમાં સ્વનિર્ભર શાળાઓની કોઈ વાત જ અસ્તિત્વમાં નહોતી. જે શાળાઓને માન્યતા-મંજૂરી મળે એ બધી શાળાઓ સરકારી ગ્રાન્ટ લેતી શાળાઓ જ હતી. ગાંધીનગરની સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શેઠ સી. એમ. હાઈસ્કૂલ ગ્રાન્ટ લેતી શાળા હતી. દાસકાકાને આ ગ્રાન્ટ

ન લેવાનો મનમાં તરંગ જાગ્યો. એમનો ખ્યાલ એવો કે સરકારી ગ્રાન્ટ ન લઈએ તો સરકારી કોઈ દખલ ન રહે. મેં (આ લખનાર) દાસકાકાને કહ્યું: ‘આ ખ્યાલ ખોટો છે. ગ્રાન્ટ લો કે ન લો, સરકારી માન્યતા (રેકગ્નીશન) વગર સ્કૂલ ન થઈ શકે. માન્યતા સાથે સરકારી અંકુશ જોડાયેલો જ હોય. સરકારી નિયમો પ્રમાણે શાળાનું સંચાલન કરવું પડે. એ તો ખરું, પણ ગ્રાન્ટ ન લેવાથી શાળાના ખર્ચને પહોંચી વળવું મુશ્કેલ બની જાય. આવકમાં ફક્ત વિદ્યાર્થીઓ પાસેથી લેવામાં આવતી ફી. વર્ગમાં નિયમ પ્રમાણે ૪૪ વિદ્યાર્થીઓને પ્રવેશ આપી શકાય. જિલ્લા શિક્ષણાધિકારીની મંજૂરીથી ૪ વધારે વિદ્યાર્થીઓને પ્રવેશ આપી શકાય. ખાસ સંજોગોમાં ઉપલી ઑફિસ દ્વારા બીજા વધારાના ચાર વિદ્યાર્થીને દાખલ કરી શકાય. આપણે અત્યારે વિદ્યાર્થી દીઠ રૂ. ૪૦ ટ્યૂશન ફી લઈએ છીએ, ઉપરાંત નામની કહી શકાય એ ટર્મ ફી. સત્રમાં એક વાર.

અને સામે ખર્ચનો પાર નહીં. વર્ગ દીઠ ૧.૫ (દોઢ) શિક્ષક હોવા જોઈએ એમનો પગારખર્ચ ઉપરાંત બીજા ખર્ચમાં શિક્ષણનાં પાર વગરનાં સાધનો (દૃશ્ય અને શ્રાવ્ય સાધનો ઉપરાંત પ્રયોગશાળા માટેનાં સાધનો) પુસ્તકાલય માટે પુસ્તકો અને સામયિકો, પરીક્ષાઓનાં પ્રશ્નપત્રો અને ઉત્તરવહીઓ, સ્ટેશનરી, તાર, ટાપલ, પ્રવાસ જેવા અનેક પ્રકારના ખર્ચ શાળાને વેઠવા પડે. ઉત્સવો-સમારંભોના ખર્ચ થાય તે જુદા. ઇન્સ્પેક્શન પાર્ટી, ઑડિટ પાર્ટી, અતિથિ વગેરેની સરભરાનો ખર્ચ પણ શાળાએ વેઠવાનો.

આ વિગતો આપવા સાથે મેં દાસકાકાને બીજી કેટલીક શક્યતાઓ વિશે વાત કરી. હવે પગાર સુધારણા (સરકારી સર્વ કર્મચારીઓ સાથે શિક્ષકો પણ) માટે વિવિધ પંચ રચાવાની પદ્ધતિ શરૂ થઈ છે. દેસાઈ પંચનો અમલ થયો, બીજા પંચના ભણકારા વાગી રહ્યા છે. (૧૯૮૪માં એહમદી પંચ રચાયું તે) પગાર-વધારા હવે બહુ મોટા પ્રમાણમાં થાય છે. મોંઘવારી-વધારા તો થતા જ રહે છે. આ બધો ખર્ચનો કમરતોડ બોજો છે.

મેં એ વખતે શેઠ સી.એમ. હાઈસ્કૂલમાં લેવાતી ફીનો વર્ગ દીઠ આંકડો આપતાં કહ્યું: અત્યારે આપણી સરેરાશ વર્ગ ફી રૂ. ૩૦૨૫ છે. આપણે પેલા બધા ખર્ચને ક્યાં પહોંચી વળીશું?

વળી દાસકાકાને મેં એક બીજું ભયસ્થાન બતાવ્યું: આપણે સરકારી ગ્રાન્ટ ન લઈએ એટલે આપણને સારા શિક્ષકો ન પણ મળે. સરકાર

માધ્યમિક શાળાઓના કર્મચારીઓને પેન્શન આપનાર છે. શિક્ષકોના મનમાં એક શંકા રહે કે શાળા ગ્રાન્ટનો લાભ ન લેતી હોય તો એને પેન્શનનો લાભ શી રીતે મળે ? વહેમ કે શંકાનું ઓસડ હોતું નથી. શિક્ષકો અસ્પષ્ટ પરિસ્થિતિથી દૂર જ રહેવાના.

સરકારી ગ્રાન્ટ ન લેવામાં થનાર નુકસાન વિશે આટલી બધી વિગતે વાત કરવા છતાં એમને મારી વાત ગળે ન ઊતરી. એમણે જે ધાર્યું હતું એ કરીને રહ્યા. સરકારમાં રજૂઆત કરીને શાળા માટે ગ્રાન્ટ લેવાનું બંધ કર્યું. શાળાના કર્મચારીઓનો પૂરો પગાર અને રીકરિંગ ખર્ચ માટે પગાર પૅકેટના ૩૫ ટકા રકમ – આટલી જંગી આવક દાસકાકાએ માત્ર ‘સરકારની દખલ ન જોઈએ’ એવા ભ્રામક ખ્યાલ હેઠળ જતી કરી.

જે વાત દીવા જેવી સ્પષ્ટ હતી તે ધીરે-ધીરે અનુભવના આધારે દાસકાકાને સમજાઈ. વાર્યો ન વળે તે હાર્યો વળે એ કહેવત જેવો ઘાટ થયો. દાસકાકાને એ સત્ય સમજાયું કે ગ્રાન્ટ લીધા વિના આપણી ધારણા અને આદર્શ પ્રમાણે શાળા નહીં ચલાવી શકાય. અણઘટતો ફી-વધારો આપણા કેળવણી મંડળની નીતિ નથી. ફી વધારામાંય ક્યાં સુખ છે ? ઊહાપોહ, રોષ અને આંદોલન, આપણી ફી વધારામાં તો આમેય ક્યાં પડવું છે ?

હવે દાસકાકાની નજરે એક જ માર્ગ સૂઝતો હતો. સરકારને અરજ કરીને ગ્રાન્ટની પૂર્વ સ્થિતિ પાછી મેળવવાનો. નાણાંની બાબત! સરકારી તંત્રમાં આ ક્યાં સહેલું હતું ?

દાસકાકાએ ગ્રાન્ટ માટે રજૂઆત કરી. સરકારમાં ધક્કા ખાવા શરૂ કર્યા. અધિકારીઓ નાણાં ખાતાની ઢાલ ધરીને વેગળા રહેતા હતા. એક વખત વિચિત્ર જવાબ મળ્યો : ‘આજ સુધી વિદ્યાર્થીઓ પાસેથી જે ફી લીધી છે તે સરકારી ટ્રેઝરીમાં જમા કરાવો તો આ બાબતમાં આગળ વધી શકાય. આ કદાચ લેખિત રૂપમાં પણ મળ્યું હશે. આ તો ભારે અન્યાય હતો. રકમ વિદ્યાર્થીઓની અને ભરવાની સરકારમાં ? દાસકાકાનો શો પ્રત્યાઘાત હતો, એ જાણવા મળ્યું નહોતું. પણ દાસકાકાને એ વખતે એટલું તો સમજાઈ ગયું કે દાળ ઝટ ગળે એવી નથી. એ સચિવાલયમાં ધક્કા ખાતા રહ્યા, પણ ગ્રાન્ટનો મેળ પડ્યો નહીં. દાસકાકાનું અવસાન થયું. ગ્રાન્ટનો પ્રશ્ન ઊકલ્યા વગરનો રહ્યો.

હવે એના ઉકેલનું કામ માણેકલાલને માથે આવ્યું.

એમણે એ દિશામાં કામ આરંભી પણ દીધું.

એક દિવસ એમણે સચિવાલયમાં સચિવ શ્રી કુલીનચંદ્ર યાજ્ઞિકની મુલાકાત માગીને દિવસ અને સમય મેળવી લીધાં. એમણે નટુભાઈ (સાંસદ) અને મને સાથે રાખ્યા.

કુલીનચંદ્ર યાજ્ઞિક નડિયાદના નાગર. એક સમયે એ વડોદરાના કલેક્ટર હતા. કુશળ વહીવટદાર તો ખરા, પણ એમની ખ્યાતિ એક વિદ્વાન તરીકે પણ ખરી. એમના પિતાશ્રી શિક્ષક એટલે ઉત્તમ સંસ્કાર-વારસો એમને મળેલો. ચહેરા પર સત્તાની રુક્ષતા નહીં, નર્યું માર્દવ.

એમણે અમને આવકાર આપ્યો.

નટુભાઈએ સંસ્થાનો પરિચય આપ્યો.

શ્રી યાજ્ઞિક સાહેબ સંસ્થાને જાણતા હોય એવું લાગ્યું. દાસકાકા એમને મળ્યા હોય એવો કોઈ સંકેત ન સાંપડ્યો. અથવા કુશળ વહીવટદાર કશું લાંબું ચીતરવા માગતા ન હોય.

માણેકલાલે સમસ્યાને તર્કબદ્ધ રૂપમાં સરસ રીતે કહી સંભળાવી. ધ્યાનસ્થ મુદ્રામાં હોય એ રીતે યાજ્ઞિક સાહેબે વચ્ચે કશો વિક્ષેપ પાડ્યા વગર સાંભળી. અમારા માટે ટાઇમ ફાજલ રાખ્યો હોય એવું અમને લાગ્યું. માણેકલાલની વાત પૂરી થઈ એટલે એમણે સંબંધકર્તા ફાઇલ મંગાવી. પાનાં ફેરવતા ગયા અને અગાઉ અધિકારીઓએ કરેલા શેરા વાંચતા ગયા.

વાંચી રહ્યા પછી જરાક પોરો ખાઈ એમણે કહ્યું : ‘આ ક્ષણે તો કશું કહી શકાય નહીં પણ આમાં શું થઈ શકે એ હું જોઈશ. થોડીક રાહ જોજો.’

અમારે બહુ લાંબી રાહ જોવી ન પડી. શાળાને ગ્રાન્ટ મળતી થઈ અને લીધેલી ફી ટ્રેઝરીમાં ભરવાની વાતનો સરકારી ઠરાવમાં કોઈ ઇશારો નહોતો.

દાસકાકાનો હેતુ ગમે તેટલો ભલે શુભ અને સંસ્થા તથા વિદ્યાર્થીઓના હિતમાં હોય પણ એ મનસ્વી નિર્ણયો લેતા. એમ કરવામાં ખાતાકીય કાર્યવાહી કે પરિણામ તરફ લક્ષ ન આપતા. આની પાછળ રાજકારણમાં પોતાના સ્થાન અને ચલણનો અહંકાર કામ કરતો હતો એવું અનુમાન કરી શકાય. પ્રાથમિક શાળાઓમાં શિક્ષકની લાયકાત શિક્ષણ ખાતાના નિયમ પ્રમાણે પી.ટી.સી. સાથેની હતી. બી.એડ્.ની લાયકાતવાળા શિક્ષકો પી.ટી.સી.વાળા ન હોય તો અમાન્ય ગણાતા. દાસકાકાનું માનવું એવું હતું કે હવે ગણિત અને વિજ્ઞાનના

અભ્યાસક્રમો પ્રાથમિક ધોરણો માટે પણ ઘણા આગળ વધેલા છે એટલે હવે એ ધોરણોમાં એસ.એસ.સી., પી.ટી.સી. શિક્ષકો ન ચાલે. આ ખ્યાલ હેઠળ દાસકાકાએ ગાંધીનગરમાં સર્વ વિદ્યાલય કેળવણી મંડળના સંચાલન હેઠળ ચાલતી પ્રાથમિક શાળામાં એકૅડેમિક લાયકાતમાં પોસ્ટ ગ્રેજ્યુએટ (એમ.એ., એમ.એસસી.) અને તાલીમમાં બી.એડ્. થયેલાં શિક્ષક-શિક્ષિકાઓની ભરતી કરી હતી. આવાં ૧૭ શિક્ષક-શિક્ષિકાઓ હતાં. પી.ટી.સી. થયેલો કોઈ પણ શિક્ષક સ્ટાફ ઉપર નહોતો. આ આપખુદી અમલ તરફ શિક્ષણ ખાતાને સખત વિરોધ હતો. દાસકાકા મચક આપતા નહોતા. નોબત બધા વર્ગોની માન્યતા રદ થાય ત્યાં સુધી આવી. એ વર્ષોમાં પ્રાથમિક શિક્ષણ નિયામક તરીકે શ્રી ગોરધનભાઈ પટેલ હતા. એ મારા સ્નેહી હતા. એક વખત મહેસાણા જિલ્લાના શિક્ષણાધિકારી હતા. આપણી સંસ્થાથી એ પરિચિત હતા. અંતિમ પગલું એમણે લઈ લીધું હોત પણ સંસ્થાની પ્રતિષ્ઠા આડે આવતી હતી. ગમે ત્યારેય ગોરધનભાઈએ ખાતાકીય શિસ્ત તો પાળવી પડત. નિર્ણય વિલંબાતો હતો ત્યાં ખાતાના નિયમનો ભોગ બનેલી કેટલીક શાળાઓએ હાઈકૉર્ટમાં રીટ કરી અને એમનો વિજય થયો. દાસકાકાએ આ ચુકાદાના આધારે એનો લાભ મેળવવા ખાતામાં રજૂઆત કરી. ખાતા તરફથી જણાવવામાં આવ્યું કે એ લાભ તો જે સંચાલકોએ રીટ કરી એમની શાળાઓ પૂરતો છે. બાકીની શાળાઓ મૂળ નિયમથી બંધાયેલી છે.

શાળાને આ બંધનમાંથી મુક્તિ મળે એ પહેલાં દાસકાકાનું અવસાન થયું.

હવે, આ પ્રશ્ન અને તેના ઉકેલની જવાબદારી માણેકલાલના માથે આવી. માણેકલાલે વકીલાત કરવા માટેની સનદ તો મેળવેલી હતી. મંત્રી થયા પછી (૧૯૭૩-૭૪) આજ સુધીમાં એ શિક્ષણ અને તેના પ્રવાહોથી સારા પ્રમાણમાં વાકેફ હતા. વળી, કૉર્ટનો ચુકાદો જીત માટેનો આધાર હતો જ. એ રીટ કરવા માટે તૈયાર થયા. એમની કાર્યવાહીમાં ક્યાંય વિલંબ નહોતો. પણ મેં કહ્યું, 'હમણાં થોભીએ અને રાહ જોઈએ. ગોરધનભાઈ છે ત્યાં સુધી આપણી સંસ્થાને વાંધો નહીં આવે.'

આખરે, કેટલાક સમય પછી શિક્ષણખાતાએ જ પી.ટી.સી.વાળા શિક્ષકોની ફરજિયાત ભરતીનો નિયમ રદ કર્યો અને માણેકલાલે કશી કાર્યવાહી કરવાની જરૂર ન રહી.

દાસકાકાના કેટલાક આગ્રહો પૈકીનો એક આગ્રહ શાળામાં શીખવવામાં

આવતા વિષયો અંગેનો હતો. એમનો આગ્રહ એવો હતો કે શાળામાં ઉચ્ચ ગણિતશાસ્ત્ર, વિજ્ઞાન અને અંગ્રેજી વિષયો વિદ્યાર્થીએ ફરજિયાપણે લેવા. એના વિકલ્પે ભણાવાતા વિષયો શાળામાં ભણાવવા જ નહીં. ઉચ્ચ ગણિતશાસ્ત્ર, વિજ્ઞાન અને અંગ્રેજી લો, એમ ન કરવું હોય તો શાળા છોડીને જતા રહો. આવો કઠોર વ્યવહાર દાસકાકાની નીતિના કારણે આરંભાયો. સાહિત્યકારો, અર્થશાસ્ત્રીઓ, રાજ્યશાસ્ત્રીઓ, સમાજશાસ્ત્રીઓ, ધારાશાસ્ત્રીઓ બની શકે એવી શક્તિ અને રુચિ ધરાવતા વિદ્યાર્થીઓને કાં તો શાળાએ નક્કી કરેલા વિષયો પસંદ કરવા પડતા હતા અથવા શાળા છોડી દેવી પડતી હતી.

આ વ્યવસ્થામાં બાકીના વિષયોનો વિકલ્પ ઉમેરવા અંગે એક રાત્રે નટુભાઈ (સાંસદ-ભાણાભાઈ) અને હું દાસકાકાને કડી ખાતે મળ્યા. વિશદતાથી ચર્ચા કરવા પ્રયત્ન કર્યો. વિદ્યાર્થીઓ અને વાલીઓની માગણી વિશે પણ ભારપૂર્વક રજૂઆત કરી. પણ સ્વપ્નદ્રષ્ટા દાસકાકાના ગળે એક પણ વાત ઊતરે એમ નહોતી. એ કદાચ પોતાની સંસ્થા દેશના શ્રેષ્ઠ વિજ્ઞાનીઓ, શ્રેષ્ઠ દાક્તર અને શ્રેષ્ઠ ઇજનેરો પેદા કરે એવાં સ્વપ્નાંમાં રાચતા હતા. એટલે એમણે ઇચ્છ્યું હતું એ પ્રમાણેના વિષયોનું અધ્યાપન શાળામાં થતું રહ્યું.

દાસકાકાની હયાતી હોય ત્યાં સુધી તો એ આ વ્યવસ્થામાં કશી બાંધછોડ ન કરે. રાજકારણીઓ પ્રજાના ઊહાપોહને ગણકારવામાં ક્યાં ટેવાયા હોય છે ? અહીં જે-તે વ્યવસ્થા જડબેસલાક હોય છે એવું સમજીને કોઈએ ઊહાપોહ ન કર્યો હોય. કશી અશાંતિ જાણવામાં આવી નહોતી.

પણ માણેકલાલે ગાંધીનગર કૅમ્પસનાં સુકાન સંભાળ્યાં એ પછી એમણે વિષય પસંદગીના પ્રશ્નને પણ હલ કરવાનું વિચાર્યું. આ કામ સરળ નહોતું. કોઈ પણ વિષયમાં દિલચસ્પી ધરાવતા તેજસ્વી વિદ્યાર્થીને એ વિષયનો અભ્યાસ કરીને આગળ વધવાની તક મળવી જોઈએ એના માણેકલાલ ચુસ્ત હિમાયતી એટલું જ નહીં, શાળાએ શક્ય એટલા વધારે વિષયો શીખવવાની સગવડ આપવી જોઈએ એવા મતના પણ એ ખરા. પછી તો એમણે એસ.એસ. સી. પરીક્ષાના વિષય માળખામાં રહ્યા સિવાય સ્વતંત્રપણે આર્ટ, સંગીત, નૃત્ય વગેરે શિખવવાની વ્યવસ્થા સંસ્થામાં કરી હતી. દાસકાકાની હયાતી વખતે એમનાથી હલ ન થઈ શકેલું એક ઘણું મોટું અને અઘરું કામ પાર પાડવાની જવાબદારી માણેકલાલના માથે આવી. ખરેખર તો એ કામ મોટુંય નહોતું કે અઘરું પણ નહોતું. ગુજરાત સરકારે ગાંધીનગરમાં શૈક્ષણિક હેતુ

માટે ૧૯૭૩માં સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડીને આપવા ૧૩ એકર જમીન ફાળવી હતી. સરકારી શરત પ્રમાણેનું બાંધકામ અને સંસ્થા સ્થાપના ત્રણ વર્ષમાં પૂરા પ્રમાણમાં ન થઈ શકતાં સરકારે ૧૯૭૭માં પેલા ૧૩ એકરમાંથી ૬.૫ એકર જમીન રિઝર્વમાં રાખી લીધી. બાકીની ૬.૫ એકર જમીન સંસ્થા પાસે રહેવા દીધી. રિઝર્વમાં મૂકવામાં આવેલી જમીન પાછી મેળવવાની હતી. એ રિઝર્વમાં હતી એટલે સર્વ વિદ્યાલય કેળવણી મંડળને એ પાછી મેળવવામાં ખાસ મુશ્કેલી ન પડે. આના માટે નવેસરથી જમીન માગણી જેટલી કાર્યવાહીની જરૂર આપણને કે સરકારને પણ, ન પડે એટલે આ કામ મોટું ન ગણાય. એક રીતે જોઈએ તો એ કામ અઘરું પણ નહોતું. એક વખત અપાઈ ગયેલી જમીન બધા પ્રકારની ચકાસણી અને કાર્યવાહી પછી અપાઈ હોય એટલે સરકારને કોઈ લાંબી કે જટિલ કાર્યવાહીનો આશ્રય ન લેવો પડે આ કારણથી એ કામ અઘરું ન ગણાય.

સરકાર માટે સહેલું ગણાય એવું આ કામ દાસકાકા કેમ ન કરાવી શક્યા ? સરકારી અમલદારોના શેરા ઉત્તમ અને અનુકૂળ હતા. તો પછી ખામી ક્યાં હતી ? શું ખૂટતું હતું ? ખૂટતી હતી માત્ર મુખ્યમંત્રીની સહી. તે કેમ થતી નહોતી ? આ કામ કરવાનું હતું ત્યારે મુખ્ય મંત્રી માધવસિંહ સોલંકી હતા. એમની સહી કેમ થતી નહોતી એ કંઈ છાની વાત નહોતી. એ મુખ્ય મંત્રીપદ ઉપર હતા ત્યાં સુધી એમણે સહી ન કરી તે ન જ કરી. એમના પછી મુખ્યમંત્રી પદે બાબુભાઈ જશભાઈ હતા. એ તો કેળવણીના માણસ. એમના વિદ્યાર્થીકાળમાં એ તેજસ્વી વિદ્યાર્થી હતા. કેળવણીના કામમાં કેમ પાછા પડે ? પણ જાણવા પ્રમાણે એમની સહી આડે એક વિઘ્ન નડ્યું. દાસકાકાને રાજકારણના ક્ષેત્રમાં પોતે ઘણા સિનિયર હોવાની ખુમારી હતી. અહંભાવ પણ ખરો. સર્વ વિદ્યાલય કેળવણી મંડળનું કામ ખોરંભે પડ્યું હતું એટલે દાસકાકાએ નારાજગી દર્શાવતાં બાબુભાઈને આક્ષેપાત્મક વાણીમાં સંભળાવ્યું કે તમે તમારી સંસ્થા (સ્વામિનારાયણની) માટે પક્ષપાતી વલણ ધરાવીને લાભ કરી આપો છો અને બીજાની સંસ્થા તરફ લક્ષ આપતા નથી. આ આકરાં વેણ કર્યાં હશે એટલે જ કદાચ બાબુભાઈની સહી પણ ન થઈ. હવે ત્રીજા મુખ્યમંત્રી અમરસિંહ ચૌધરીનો કાર્યકાળ શરૂ થયો હતો. તે દરમિયાન દાસકાકાનું અવસાન થઈ ચૂક્યું હતું. માણેકલાલે આ કામ પાર પાડવાનું હતું. એમણે કમર કસી. આપણા પૂર્વ વિદ્યાર્થીઓ જે સરકારમાં મંત્રી

હતા તે નરોત્તમભાઈ, નીતિનભાઈ, અનિલભાઈ વગેરેનો સહકાર મેળવીને પુરુષાર્થ કર્યો અને મુખ્ય સચિવ શ્રી પી. કે. લહેરીની ખૂબ મદદ મળી. આખરે અમરસિંહભાઈની સહી થઈ અને આપણી સંસ્થાને રિઝર્વમાં રહેલી ૬.૫ એકર જમીન પાછી મળી.

❐

# ૧૪

# કાળુપુર કૉમર્શિયલ સહકારી બૅન્ક કન્યા કેળવણી સંકુલ

ગાંધીનગરના સેક્ટર નં. ૨૩માં શૈક્ષણિક હેતુઓ માટે સરકાર તરફથી સર્વ વિદ્યાલય કેળવણી મંડળને ફાળવવામાં આવેલી ૧૩ એકર જમીનમાંથી ઈ.સ. ૧૯૭૭માં સરકાર તરફથી ૬.૫ એકરનો કબજો મળ્યો હતો અને બાકીની ૬.૫ એકર જમીન રિઝર્વમાં રાખવામાં આવી હતી તેનો કબજો કેટલાક પ્રયત્ને ઈ.સ. ૧૯૮૯માં મેળવી શકાયો તે વાત ગયા પ્રકરણમાં થઈ ગઈ છે. હવે પ્રાપ્ત ૬.૫ જમીનનો શૈક્ષણિક ઉપયોગ શી રીતે કરવો એ વિચારવાનું હતું.

ખુલ્લી જમીન ૬.૫ એકર જેવો વિશાળ વિસ્તાર. એ સારાયે વિસ્તારને એક શૈક્ષણિક રૂપમાં ધમધમતો કરવો એ કોઈ નાનીસૂની વાત નહોતી. અઢળક નાણાં જોઈએ. અગાઉ જે ૬.૫ એકર જમીનનો કબજો મળ્યો હતો તેમાં શૈક્ષણિક સંસ્થાઓ અને છાત્રાલયો સ્થાપવા માટે નાણાકીય ફંડફાળા માટે કડી-કલોલ-અમદાવાદ-સુરત-મુંબઈ વગેરે શહેરોમાં સંસ્થાના કાર્યકરોએ ભ્રમણ કરીને દાતાઓ, શુભેચ્છકો અને પૂર્વ વિદ્યાર્થીઓનો સંપર્ક સાધીને શક્ય એટલાં નાણાં મેળવ્યાં હતાં. વળી, ૧૯૮૨માં સંસ્થાના મંત્રી શ્રી ધનાભાઈ હ. પટેલ અને શાળાના આચાર્યની હેસિયતથી મેં અમેરિકાની મુલાકાત લઈને આપણા પૂર્વ વિદ્યાર્થીઓ પાસેથી સારી એવી રકમ સંસ્થાના વિકાસ માટે મેળવી હતી.

ઉપરોક્ત હકીકત લક્ષમાં લેતાં આટલા ટૂંકા ગાળામાં ફરીથી નાણાકીય સહાય માટે એ જ વિસ્તારોમાં એ જ દાતાઓ આગળ હાથ લાંબો કરવો એ શોભાસ્પદ ન ગણાય એવી ગણતરી ધ્યાનમાં લેવી પડે. જમીનનો કબજો મેળવ્યા પછી જમીનનો ઉપયોગ એક અનિવાર્ય જરૂરિયાત હતી. મંડળના બધા કાર્યકરોએ આ સંબંધમાં ચિંતા કરવાની જરૂર ન રહી. નાણાં પ્રકરણમાં

માણેકલાલ એકલા ઘણું કરી શકે એમ હતા. એમની પાસે પરિસ્થિતિના સંદર્ભમાં વિચારવાની એક આંતરિક શક્તિ હતી અને એવી કોઈ વિચારણા પછી જે કંઈ સૂઝ્યું હોય એને વ્યવહારુ રૂપ આપવાની પણ એમની પાસે જબરદસ્ત આવડત હતી.

એમણે આ ૬.૫ એકરના વિકાસ માટે એક ઉમદા માર્ગ વિચારી લીધો. કન્યાકેળવણી અંગે છગનભાનું સ્વપ્ન ઘણું ચર્ચાયું હતું. ૧૯૩૪માં પ્રયત્ન થયો હતો. નિષ્ફળ જવાયું હતું. એ પછી કન્યાકેળવણીની વાત એમના મનમાં સતત ઘૂંટાયા કરતી હતી. આ અંગે એમણે એક વાર શ્રી પીતાંબર પટેલ આગળ મનનો ઉકળાટ વ્યક્ત કર્યો પણ હતો. માણેકલાલે વિચાર્યું કે છગનભાનું નામ લઈને કન્યાકેળવણીની વાત કરવામાં આવે તો એમાં લોકલાગણીનું સંવેદન ભળી શકે. માણેકલાલ આટલું વિચારીને અટકી જાય એમ નહોતા. આ સંવેદન વધુમાં વધુ ફળદાયી કેવી રીતે બને ? સ્પષ્ટ વાત હતી – જેમનો છગનભા સાથે સીધો સંપર્ક હતો એવી કોઈ વિદ્યમાન વ્યક્તિ અથવા વ્યક્તિઓ આ કાર્યમાં સારી રીતે સહાયભૂત થઈ શકે અને એવી વ્યક્તિ કે વ્યક્તિઓ નાણાં બાબતે સધ્ધર સ્થિતિમાં એટલે કે શ્રીમંત હોય તો સોનામાં સુગંધ ભળ્યા જેવું થાય. આ બધું વિચારતી વખતે એક નામ માણેકલાલના આંતરમનમાં પ્રગટી ચૂક્યું હતું. સપાટી પર આવ્યું નહોતું. એ નામ હતું શ્રી બળદેવભાઈ ડોસાભાઈ... વિચારો શમ્યા અને નામ ચિત્તમાં વિહરતું થયું. બળદેવભાઈ ડોસાભાઈ સંસ્થાના આરંભના વિદ્યાર્થીઓમાંના એક. વિદ્યાર્થીકાળ દરમિયાન છગનભાના તો રોજનાં દર્શન. છગનભાને સાંભળવાનો પણ લાભ મળ્યા કરે. અત્યારે એ કાળુપુર કૉમર્શિયલ સહકારી કૉ.ઓ. બૅન્કના ચેરમૅન, ખૂબ પ્રતિષ્ઠા પામેલી બૅન્ક. લાખોનાં દાન કરવાની ક્ષમતા ધરાવે. બૅન્કના વાઇસ ચેરમૅન ગોપાળભાઈ શિવલાલ સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સાથે સંકળાયેલા.

ફેબ્રુઆરી, ૧૯૮૪માં સંસ્થાના ખૂબ મોટા પાયા ઉપર ઊજવાયેલા અમૃત મહોત્સવ વખતે બળદેવભાઈ અતિથિ વિશેષ પદે હતા. એમણે અત્યંત મનનીય પ્રવચન કરેલું અને પોતાની આ માતૃસંસ્થા પ્રત્યેના પ્રેમ અને ઋણની વાત લાગણીભર્યા સ્વરે અસરકારક રીતે કરેલી.

૬.૫ એકરના નવા વિસ્તારના આરંભ માટે માણેકલાલે પુણ્યશ્લોક જેવા બળદેવભાઈના નામનો સદ્‌ઉપયોગ કરવાનું વિચારી લીધું.

માણેકલાલ બળદેવભાઈને મળ્યા. ૨૩મા સેક્ટરમાં ૬.૫ એકર જમીનમાં

નવેસરથી કેળવણી સંકુલ સ્થાપવાની વાત કરી. નવેસરથી સ્થપાનાર આ સંકુલ માત્ર કન્યાકેળવણી માટેનું હશે એની ભારપૂર્વક વાત કરી અને છગનભાના અધૂરા રહેલા સ્વપ્નની યાદ અપાવતાં એમ પણ કહ્યું કે ભાના એ સ્વપ્નને તર્પણ રૂપે કહો કે ઋણ અદા કરવાના મિષે કહો, આકાર આપવાનું કામ સંસ્થાના વિદ્યાર્થીઓએ જ કરવું રહ્યું. તમે અને હું સંસ્થાના વિદ્યાર્થીઓ છીએ. તમારું માર્ગદર્શન અને મારું કામ. ધીરે ધીરે એક મોટી યોજના પાર પાડવાની છે. આપણે શું કરવા માંગીએ છીએ એ તમે ઇચ્છો તો હું એની વિગત આપી શકું. આરંભમાં આપણે કન્યાઓ માટેની એક શાળા અને કૉલેજ સ્થાપવા માગીએ છીએ - આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ. હાલ છોકરીઓ માટે અગાઉ મળેલા ૬.૫ એકરમાં સ્થપાયેલી સંસ્થાઓમાં સહશિક્ષણમાં કન્યાઓને પ્રવેશ મળી રહે છે. કંઈ અટકતું નથી. પણ સંસ્થામાં કૉલેજનો અભાવ છે. કન્યાકેળવણી સંકુલ. ફક્ત કન્યાઓ માટે જ. બાલમંદિરથી માંડીને ઉચ્ચ શિક્ષણ એમ બધા પ્રકારની વ્યવસ્થા ત્યાં હશે. કન્યાઓ માટેનાં છાત્રાલયો પણ ત્યાં હશે અને બીજું ઘણું બધું... પણ...

માણેકલાલ બોલતા હતા અને બળદેવભાઈ એક આછા સ્મિત સાથે એમની તરફ વ્યંજનાભરી દૃષ્ટિએ જોઈ રહ્યા હતા. આ વ્યંજનામૂલક દૃષ્ટિમાં જાણે ઘણુંબધું સમાયેલું હતું. પછી એ થોડું ખુલ્લું હસ્યા અને બોલ્યા : 'હું પણ સર્વ વિદ્યાલયનો વિદ્યાર્થી છું એવું તમે કહ્યું ને ?'

'હાસ્તો.'

'અને છતાં આટલું બધું મને કહેવું પડ્યું ? અને છેવટે તમે વાત તો પેલા 'પણ' શબ્દ ઉપર લાવીને અટકાવી દીધી. કહો, 'પણ' શબ્દ પાછળ શી તકલીફ રહી છે ?'

'સંકુલ સ્થાપવા અઢળક નાણાં જોઈએ. નજર તમારા ઉપર ઠરાવ્યા વગર ક્યાં ચાલે એમ છે ?'

"એ તો શરૂઆતમાં જ કહી દીધું હોત તો રસ્તો નીકળત.'

'ક્યાં વહી ગયું છે ?'

"પહેલાં કૉલેજનું કામ હાથ પર લેવાનું છે ને ?'

'પહેલાં માધ્યમિક શાળા અને પછી કૉલેજ.'

'બૅન્ક મદદ કરશે.'

'સંકુલને બૅન્કનું નામ આપીએ.'

આટલી વાત પછી એ બંને મહાનુભાવો વચ્ચે થોડી ચર્ચા થઈ અને બળદેવભાઈએ બૅન્ક દ્વારા ઘટતી કાર્યવાહી પછી રૂપિયા અગિયાર લાખ અપાવવાની હૈયાધારણ આપી. અને એ જ ક્ષણે સંકુલનું નામ 'કાળુપુર કૉમર્શિયલ બૅન્ક કન્યાકેળવણી સંકુલ' રાખવાનું વિચારી લીધું.

કાળુપુર કૉમર્શિયલ સહકારી બૅન્ક તરફથી એકસામટી અગિયાર લાખ રૂપિયાની રકમ મળવાની હૈયાધારણ મળ્યા પછી માણેકલાલનો ઉત્સાહ બેવડાયો. પ્રાથમિક કન્યાશાળા અને માધ્યમિક ગર્લ્સ હાઈસ્કૂલ માટે માણેકલાલે દાતાઓ પાસેથી કામ આરંભી શકાય એવાં વચન તો મળ્યાં હતાં, પણ બળદેવભાઈ તરફથી થનાર દાનની વ્યવસ્થાના કારણે પ્રાથમિક શાળા અને માધ્યમિક શાળાની સ્થાપના માટેની ઘટતી કાર્યવાહી માણેકલાલે આરંભી દીધી. માણેકલાલ કાર્યનો આરંભ કરે એટલે વચ્ચે કશો થોભ નહીં અને વિલંબ પણ નહીં. આ ત્વરાના કારણે ઈ.સ. ૧૯૮૯માં એમ.બી. પટેલ પ્રાથમિક કન્યાશાળા અને આર.જી. કન્યાવિદ્યાલય (માધ્યમિક શાળા) એક સાથે શરૂ કરી શકાઈ. અલબત્ત, આરંભમાં આ શિક્ષણસંસ્થાઓ અગાઉ મળેલા ૬.૫ એકર વિસ્તારમાં સ્થાન પામી. એ રીતે ૧૯૯૧માં ઉમા આર્ટ્સ ઍન્ડ નાથીબા કૉમર્સ મહિલા કૉલેજની સ્થાપના થઈ અને એને બેસવા માટે જનતકુમાર બાલમંદિરના મકાનમાં સ્થાન મળ્યું. ૬.૫ના નવા વિસ્તારમાં બાંધકામ આરંભી દેવાયાં હતાં એ સંપન્ન થયે જે-તે સંસ્થાને જે-તે સ્થાન મળવાનું હતું.

કૉલેજનું કામ મોટું હતું. મોટી ઉંમરની છોકરીઓની સંસ્થા હતી એટલે એનું સંચાલન વધારે જવાબદારીભર્યું હતું. કૉલેજના આચાર્ય અને અધ્યાપકગણની નિયુક્તિ કાળજીપૂર્વક થાય એ જરૂરી હતું. કૉલેજનું એફિલિયેશન ગુજરાત યુનિવર્સિટી સાથે હતું. એના અન્વયે જે નિયમો હોય તે પાળવાના હતા અને યુ.જી.સી.ની ગ્રાન્ટ મેળવવાની એટલે એનાં પણ કેટલાંક નીતિવિષયક બંધનો હતાં. આપણી સંસ્થાનો પારદર્શી વહીવટ એટલે નીતિનિયમો બાબતમાં આપણી સંસ્થાએ કશી ચિંતા કરવાની જરૂર નહોતી. જે ચિંતા હતી તે સારા સ્ટાફની ભરતી અંગેની હતી. એમાં પણ ખાસ કરીને પ્રિન્સિપાલની નિમણૂક અંગેની ચિંતા હતી. સ્ટાફની પ્રથમ વારની નિયુક્તિ હતી એટલે ઇન્ટરવ્યૂ યુનિવર્સિટીમાં રાખવામાં આવ્યાં હતાં.

આ દિવસો દરમિયાન હું માણેકલાલભાઈની વિશેષ નિકટ હતો. એમણે

પ્રિન્સિપાલ અંગેની ચિંતા વ્યક્ત કરતાં કોઈ સારા પ્રિન્સિપાલ નજરમાં હોય તો તે સૂચવવા મને કહ્યું. મેં કહ્યું : 'અરજીઓમાં તો કોઈ જાણીતા પ્રિન્સિપાલ દેખાતા નથી. આમ છતાં ઇન્ટરવ્યૂ વખતે વધારે ખ્યાલ આવશે. બીજા કોઈનો મેળ ન પડે તો પાટણની કૉલેજના એક અધ્યાપકને પસંદ કરવા જેવા જણાય છે. પચીસ વર્ષથી પાટણની કૉલેજમાં અધ્યાપક તરીકે કામ કરે છે. કોઈ એબ વગરનો ચોખ્ખો માણસ. કાર્ય પ્રત્યે નિષ્ઠા પણ જબરી અને સંસ્થાને પણ વફાદાર. ખોટું કરે નહીં અને ખોટું ચલાવે પણ નહીં. પાટણના વતની હોવાના નાતે આ જાણી શકાયું છે. વ્યાખ્યાન માટે કૉલેજમાં જવાનું થયેલું એટલે જે સાંભળ્યું હતું એની પ્રતીતિ રૂબરૂ થઈ.

વહીવટ બાબતમાં માણેકલાલને એ માણસની શક્તિ વિશે પ્રશ્ન થાય એટલે એ કંઈ પૂછે એ પહેલાં જ મેં કહ્યું : 'વહીવટ બાબતમાં માણસની પોતાની શક્તિ અને વિશ્વાસ જ કામમાં આવે છે. વહીવટી રૂટિન તો માત્ર જાણી લેવાનું હોય છે. એ તો થોડા સમયમાં આપોઆપ હસ્તગત થઈ જાય છે. મારો દાખલો લો. હું સર્વ વિદ્યાલયનો આચાર્ય બન્યો એ અગાઉ આચાર્ય તરીકેનો મને એક દિવસનો પણ અનુભવ નહોતો. ક્યાંય વાંધો આવ્યાનું જણાયું છે તમને ? અને તમે તો છો જ. તમારી સહાય બહુ ઉપયોગી નીવડશે.'

મારી આટલી વાત પછી એ અધ્યાપકનું કશું નામ-ઠામ પૂછ્યા સિવાય, એ ભાઈ આપણી થનાર કૉલેજના આચાર્ય બને એવો એક સંકેત એમને આપી દેવાનું મને સૂચવ્યું.

એ ભાઈનું નામ હતું સોમાભાઈ સી. પટેલ. ગુજરાતીના અધ્યાપક અને પીએચ.ડી. થયેલા હતા. મેં એમનો સંપર્ક કર્યો. પણ એ આચાર્ય બનવા ખુશી નહોતા. કારણ પૂછતાં જણાયું કે ગાંધીનગરમાં આચાર્ય બનવાથી એમના પરિવારનાં ત્રણ રસોડાં થાય એવી સ્થિતિ નીપજે.

આશ્ચર્ય થાય એવી વાત હતી. એનો ખુલાસો કરતાં એમણે કહ્યું : એમની પુત્રવધૂ પાટણમાં સર્વિસ કરે છે, એમનો પુત્ર અન્યત્ર વ્યવસાયમાં છે અને પોતે ગાંધીનગર આવે. એટલે જે સ્થિતિ છે એ ભલે રહી. હું પાટણમાં છું એ સારું છે. મારા માટે એ જરૂરી છે.

મેં સોમાભાઈની તકલીફથી માણેકલાલભાઈને વાકેફ કર્યા. અને એમણે એક ક્ષણનો પણ અવકાશ રાખ્યા વગર કહી દીધું: 'એમને જણાવી દો, એમનાં બેનાં બે જ રસોડાં રહેશે. ત્રીજું કરવાની જરૂર નહીં પડે. એમનાં પુત્રવધૂને

આપણે આપણી સંસ્થામાં સમાવી લઈશું.'

માણેકલાલની સૂચના પ્રમાણે મેં સોમાભાઈને જાણ કરી. અને એ અમારી દરખાસ્તમાં સંમત થયા.

માણેકલાલ ચોકસાઈના માણસ. ઇન્ટરવ્યૂના આગલા દિવસે ફોન દ્વારા સોમાભાઈને ઇન્ટરવ્યૂની યાદ આપવા મને કહ્યું. મેં પાટણ ફોન કર્યો. જાણવા મળ્યું કે સોમાભાઈ તો કૉલેજના N.S.S. કૅમ્પસમાં પાનસર ગયા છે અને કૅમ્પ પૂરો થાય ત્યાં સુધી એ ત્યાં જ રહેવાના છે. મેં પાનસરનો એમનો સંપર્ક નંબર મેળવીને એમને ફોન કર્યો. જાણવા મળ્યું કે મહિલા કૉલેજના પ્રિન્સિપાલ તરીકે ગાંધીનગર આવવા એ તૈયાર નથી. મેં એમને ભારપૂર્વક કહ્યું: 'તમારે પ્રિન્સિપાલ ન થવું હોય તો ન થતા, પણ તમે આવતી કાલે ઇન્ટરવ્યૂ માટે અમદાવાદ જરૂર આવજો. ઇન્ટરવ્યૂ યુનિવર્સિટીમાં છે. એ તો તમને કહેલું છે. પણ તમે ઇન્ટરવ્યૂમાં હાજર હશો એટલું મને પ્રોમિસ આપો. બે-ત્રણ વખત આગ્રહપૂર્વકનું મેં દબાણ કર્યું અને એ ઇન્ટરવ્યૂમાં હાજર રહે એની ખાતરી મેળવી લીધી.

બીજે દિવસે ચમત્કાર થયો હોય એમ સોમાભાઈએ મહિલા કૉલેજનું આચાર્યપદ સંભાળવાની તૈયારી દર્શાવી. એમને નિમણૂક પત્ર મળતાં, સ્વીકૃતિનો કાગળ પણ એમણે મંડળને સોંપી દીધો. આ કાર્યવાહી તો પછીના દિવસે થઈ. પણ ઇન્ટરવ્યૂના દિવસે જુદા-જુદા વિષયોના અધ્યાપકો માટે પણ ઇન્ટરવ્યૂ થયા. માણેકલાલની એક વાત યુનિવર્સિટીના પ્રતિનિધિઓ તરીકે સિલેકશન કમિટીમાં બેઠેલા સભ્યોને નવાઈભરી લાગી. માણેકલાલનો આગ્રહ હતો કે કૉલેજના સ્ટાફ ઉપરની એક પણ જગ્યા ખાલી રહેવી ન જોઈએ. કેટલીક કૉલેજો ઇરાદાપૂર્વક કેટલીક જગ્યાઓ ખાલી રાખતી હોય છે. અને જ્યારે અનિવાર્ય બને ત્યારે એ જગ્યાઓ ઉપર સ્ટાફની બાકીની જગ્યા ભરે છે.

ઇન્ટરવ્યૂનું કામ તો સંપન્ન થયું. પણ આ દિવસ નિમિત્તે જે જાણવા જેવું છે એ એક ગરવી માનવીય ઘટનારૂપ છે. ઇન્ટરવ્યૂ તો બધી સંસ્થાઓમાં ગોઠવાય છે, પણ સર્વ વિદ્યાલય કેળવણી મંડળ તરફથી, જ્યારે માણેકલાલ સંચાલક હોય ત્યારે એનો વિશેષ જુદા પ્રકારનો હોય છે. કોઈ પણ સંસ્થામાં ઉમેદવારે પોતાના ખર્ચે ઇન્ટરવ્યૂ માટે હાજર રહેવાનું હોય છે. માણેકલાલના સંચાલન હેઠળ આ રીત અખત્યાર થતી નથી. ઉમેદવાર પોતાના ખર્ચે વાહનમાં જાય આવે એ બરાબર છે, પણ દરેક ઉમેદવારનું જમવાનું માણેકલાલના

અંગત ખર્ચે. એ ખર્ચ સંસ્થામાં ન નંખાય. માણેકલાલ પોતે એ ભોગવે. આ દિવસના ઇન્ટરવ્યૂમાં ઝાઝા વિષયો હતા એટલે ઉમેદવાર પણ ઝાઝા હતા. આ બધાનું જમવાનું મહેતા ડાઇનિંગ હૉલમાં ગોઠવ્યું હતું.

કાળુપુર કૉમર્શિયલ બૅન્ક કન્યાકેળવણી સંકુલની વિધિવત્ સ્થાપના થયા પછી રિઝર્વેશનમાંથી મુક્ત થયેલી જમીન ઉપર વિવિધ કેળવણી સંસ્થાઓ, છાત્રાલયો, પુસ્તકાલય વગેરે વેગીલા પ્રવાહથી અસ્તિત્વમાં આવવા લાગ્યાં. પ્રત્યેક એકમને સંપૂર્ણ સુવિધાવાળાં મકાન પ્રાપ્ત થવા લાગ્યાં. આ અંગે થતા જંગી ખર્ચને પહોંચી વળવા દાતાઓ, શુભેચ્છકો અને ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ જે અમેરિકામાં સ્થાયી થયા હતા – એ સૌના તરફથી દાનનો પ્રવાહ અસ્ખલિતપણે વહેતો રહ્યો અને ધીરે ધીરે ૬.૫ એકરની ખુલ્લી જમીન રળિયામણાં શૈક્ષણિક એકમોથી શોભાયમાન બનવા લાગી. આ સંસ્થાઓ તેમ જ છાત્રાલયો વગેરે અંગેનું નિવેદન અહીં એટલા માટે આપવામાં આવ્યું છે કે એ સઘળાં એકમોના નિર્માણ પાછળ સઘળો અથવા મુખ્ય પુરુષાર્થ માણેકલાલનો છે. એમના પુરુષાર્થમાં મંડળના સહકાર્યકરોનો એક ટીમ તરીકે સંપૂર્ણ સહકાર ખરો. ફાળે આવતી ફરજ પણ સૌ અદા કરે પણ પ્રત્યેક એકમના નિર્માણ પાછળ તો માણેકલાલ હોય. આના કારણે સંકુલના વિકાસનો યશ માણેકલાલના ફાળે જાય તો એમાં કશું અનુચિત નિરૂપણ નથી. ઈ.સ. ૨૦૦૧ સુધીમાં કાળુપુર કૉમર્શિયલ બૅન્ક કન્યા કેળવણી સંકુલમાં નીચે પ્રમાણેની સંસ્થાઓ કે એકમોની સ્થાપના થઈ હતી :

૧. ઉમા આર્ટ્સ ઍન્ડ નાથીબા કૉમર્સ મહિલા કૉલેજ
૨. શેઠશ્રી ખીમજી વિસરામ ઍન્ડ સન્સ, મુંબઈ સંસ્કારભવન (દોઢ હજાર ખુરશીઓ સાથેનું ઓડિટોરિયમ)
૩. કાળુપુર બૅન્ક કમ્પ્યૂટર સાયન્સ સેન્ટર
૪. શ્રીમતી સીતાબહેન નારણદાસ પટેલ (ડાંગરવા-યુ.એસ.એ.) ગર્લ્સ કૉલેજ લાઇબ્રેરી
૫. રાઈબહેન ગોપાળદાસ પટેલ માધ્યમિક ગર્લ્સ ઍન્ડ શ્રીમતી સવિતાબહેન બાબુભાઈ પટેલ ઉચ્ચતર માધ્યમિક ગર્લ્સ સ્કૂલ (સામાન્ય અને વિજ્ઞાનપ્રવાહ)
૬. શ્રીમતી મૃદુલાબહેન ભરતભાઈ પટેલ પ્રાથમિક કન્યાશાળા
૭. શ્રીમતી હીરાબહેન વિઠ્ઠલદાસ પટેલ કન્યાબાલમંદિર

૮. શ્રી બળદેવભાઈ ગોપાળદાસ પટેલ (ડીંગુચા) ઉમિયા કન્યા છાત્રાલય,
૯. લોદરિયા પરિવાર (સરસાવ) ઉમિયા ઉચ્ચ શિક્ષણ કન્યા છાત્રાલય
૧૦. વર્ષાબહેન રમેશભાઈ નરોત્તમદાસ દીવાન (પલિયડ - યુ.એસ.એ.)હાયર એજ્યુકેશન ઉમિયા કન્યાછાત્રાલય
૧૧. અંબાલાલ ગોપાળદાસ પટેલ (ડીંગુચા) ઉમિયા કન્યા છાત્રાલય_ (એનેક્ષી)
૧૨. નારણદાસ ગોપાળદાસ પટેલ (ડીંગુચા) ઉમિયા કન્યા છાત્રાલય

❐

# ૧૫

# ફાર્મસી કૉલેજ

સર્વ વિદ્યાલયનું તંત્ર હાથ પર લીધા પછી એને સંભાળવામાં માણેકલાલ માત્ર ગતાનુગતિક બની રહ્યા નથી અર્થાત્ 'હોતી હૈ, ચલતી હૈ'વાળા એ માણસ નથી. તંત્ર ડાયનેમિક હોવું જોઈએ એ એમનું લક્ષ્ય અને એ આદર્શ. એમણે કેળવણી મંડળના ઉસુલો અને આદર્શો બરાબર સમજી લીધા હતા અને એને સંસ્થામાં નવાંનવાં શૈક્ષણિક એકમો સ્થાપીને એ ઉસુલો અને આદર્શોને બરાબર ચરિતાર્થ કરતા રહ્યા હતા. બેઝિક એજ્યુકેશનની વાત ૧૯૩૭ પછી પ્રચલિત થઈ. સંસ્થાએ તો એના આરંભકાળથી જ એને અપનાવ્યું હતું. ડોલ્ટન પ્લાન પછી આવ્યો. સંસ્થાએ ઘણો વહેલો અમલમાં મૂક્યો હતો. ટૅક્નિકલ એજ્યુકેશનમાં સંસ્થા નવા જમાનાની સાથે જ ડગ ભરતી રહી હતી. માણેકલાલે આ પરંપરા જાળવી રાખી હતી. એટલું જ નહીં પણ એમાં એ કશીક નવીનતાનું નિરૂપણ કરતા રહ્યા હતા. એ ઉદ્યોગના માણસ. માલનું ઉત્પાદન, બજાર, વેચાણ એ બધું ઉદ્યોગનું ક્ષેત્ર. ઉપલક દૃષ્ટિએ લાગે કે કેળવણી સાથે આને શી નિસબત ? ઈ.સ. ૧૯૯૫માં ફાર્મસી કૉલેજની સ્થાપના થઈ એ પહેલાં ફાર્મસીના ભણતર વિશે એમના મનમાં આ ઉત્પાદન, બજાર અને ઉત્પાદક વિશે ઘણુંબધું ઘોળાતું હતું.

ફાર્મસી કૉલેજ સ્થાપવાનો નિર્ણય લેવાયો એ પહેલાં એમના મનમાં શું ઘોળાતું હતું એની ભૂમિકારૂપે એક ઝાંખી કરી લેવી ઉચિત ગણાશે.

વીસમી સદીના છેલ્લા દાયકામાં ફાર્મસી ઉદ્યોગમાં આ સ્થિતિ હતી : ભારતમાં ૨૦૦૦૦ જેટલી કંપનીઓ દવાના ઉત્પાદનમાં રોકાયેલી હતી અને પ્રતિ વર્ષ ૬૦૦૦ કરોડ રૂપિયાની દવાઓ બનાવતી હતી. દવાના ઉત્પાદનનો ઉદ્યોગ કૂદકે ને ભૂસકે વધી રહ્યો હતો. આ ક્ષેત્રમાં કામ

કરવા રોકાયેલા ફાર્માસિસ્ટોની સંખ્યા જરૂર કરતાં ઘણી ઓછી હતી. એ સમયના સંજોગોમાં ઓછામાં ઓછા ૮૦૦૦ ફાર્માસિસ્ટોની જરૂર હતી ત્યાં માંડ ૫૦૦૦ની સંખ્યા ઉપલબ્ધ હતી.

આ થઈ દેશમાં ફાર્માસિસ્ટોની તંગીની વાત.

ગુજરાતની સ્થિતિ સાવ નિરાળી અને કંગાળ હતી. વિધિની વિચિત્રતા કેવી! દેશમાં સૌથી વધારે પ્રમાણમાં દવાઓ ઉત્પન્ન કરનારું રાજ્ય ગુજરાત અને ફાર્માસિસ્ટોની સૌથી વધારે ખેંચ ગુજરાતમાં!

દેશમાં દવાઓના કુલ ઉત્પાદનના ૫૦ ટકા દવાઓ ગુજરાતમાં બને છે. ઈ.સ. ૧૯૯૫ના અરસામાં ગુજરાતમાં ૨૧૦૦ જેટલાં એકમો લગભગ ૩૦૦૦ કરોડ રૂપિયાની દવાઓનું ઉત્પાદન કરતાં હતાં. ગુજરાતના ધમધમતા આ ઉદ્યોગ માટે પ્રતિવર્ષ ૨૧૦૦ જેટલા ફાર્માસિસ્ટોની જરૂર પડે. આ ઉપરાંત ફાર્મસીમાં દવાના ઉત્પાદનના કામ સિવાયનાં કેટલાંક અન્ય ક્ષેત્રો માટે પણ ફાર્માસિસ્ટોની જરૂર પડે. આ જરૂરિયાતની સામે ગુજરાતમાં ફાર્મસીની ડિગ્રી આપતી કૉલેજો એ અરસામાં ફક્ત ચાર હતી એ ચારેય કૉલેજોની પ્રવેશ ક્ષમતા માત્ર ૧૬૫ બેઠકોની. ગુજરાતને પ્રતિવર્ષ જરૂરિયાત લગભગ ૨૫૦૦ (૨૧૦૦ + અન્ય) ફાર્માસિસ્ટોની અને ઉપલબ્ધિ વધારેમાં વધારે ૧૬૫ની. એ વર્ષોમાં સમગ્ર દેશમાં ૮૪ ફાર્મસી કૉલેજો હતી.

ગુજરાતમાં વધારે ફાર્મસી કૉલેજોની તાતી જરૂર હતી એ માણેકલાલ બરાબર જાણતા હતા. અને એ પણ એમના ધ્યાનમાં હતું કે ફાર્મસી કૉલેજ શરૂ કરવા માટે આરંભમાં ઓછામાં ઓછું ત્રણ કરોડ રૂપિયાનું બજેટ હોવું જોઈએ. વળી માણેકલાલ એ પણ જાણતા હતા કે કૉલેજ સ્થાપ્યા પછી મંડળને એક પણ સીટ ઉપર વિદ્યાર્થીને પ્રવેશ આપવાનો અધિકાર નથી. મૅનેજમેન્ટ ક્વોટાની વાત (સ્વનિર્ભર કૉલેજ માટે) તો પછી ઘણી મોડી આવી. આટલો મોટો ખર્ચ કર્યા પછી પ્રવેશ માટે એક પણ બેઠકનો અધિકાર ન મળતો હોય તો કયું મૅનેજમેન્ટ આવી કૉલેજ સ્થાપવાનું સાહસ કરે?

માણેકલાલ ઉદ્યોગપતિ એટલે કે વ્યાપારી માણસ હતા. નફા-તોટાની વાત ખૂબ ઝીણવટપૂર્વક વિચારી શકે. લાંબા ગાળાના ફાયદાની વાત પણ એ ખૂબ આસાનીથી સ્વીકારે. માણેકલાલે ફાર્મસી કૉલેજ શરૂ કરવામાં આ ફાયદો જોયો – ફાર્મસી અભ્યાસક્રમમાં જે વિદ્યાર્થીએ ડિગ્રી મેળવી હોય એના માટે આવનારાં કેટલાંય વર્ષો સુધી નોકરીની ઉત્તમ તકો રહેવાની.

પોતાનો વિદ્યાર્થી બેકાર ન રહે એ પણ એક મોટો ફાયદો. બીજો વધારે મોટો ફાયદો એ કે હાલ અમેરિકામાં પણ ફાર્માસિસ્ટોની મોટી માંગ છે. આપણા વિદ્યાર્થીઓ એનો મોટો લાભ મેળવી શકે. આપણા ઘણા પૂર્વ વિદ્યાર્થીઓ અમેરિકામાં સ્થાયી થયા છે. તાજા ફાર્માસિસ્ટ થયેલા વિદ્યાર્થીઓને એ વિદ્યાર્થીઓ ઘણી રીતે ઉપયોગી થઈ શકે. માણેકલાલે આ બધા ફાયદા વિચાર્યા અને ફાર્મસી કૉલેજની સ્થાપના વિશે મંડળમાં રજૂઆત કરી. માણેકલાલની કોઈ વાત મંડળ ટાળી શકે એવી નિર્બળ ક્યાં હોય છે? અને એમની રજૂઆત પણ કેટલી સચોટ! મંડળમાં ફાર્મસી કૉલેજ સ્થાપવાનો ઠરાવ થયો. એ દિશામાં માણેકલાલે જ આગળ વધવાનું હતું.

માણેકલાલે આ દિશામાં આગળ વધતાં શ્રી બળદેવભાઈ ડોસાભાઈનો સંપર્ક સાધ્યો અને ફાર્મસી કૉલેજ માટે કાળુપુર કોમર્શિયલ સહકારી બૅન્કનું નામ આપવાની શરતે રૂપિયા એકાવન લાખનું દાન મેળવવાનું વચન પ્રાપ્ત કર્યું.

એ પછી પ્રયત્ન શરૂ થયો કૉલેજ માટે જમીન મેળવવાનો. આ કાર્યમાં સરકારમાં મંત્રીપદ શોભાવતા ચાલુ અને પૂર્વ મંત્રીઓ જે સર્વ વિદ્યાલયના વિદ્યાર્થીઓ હતા તે આ પ્રકારનાં કાર્યો માટે મદદરૂપ થતા રહ્યા છે. એટલે ફાર્મસી કૉલેજ માટે જમીન પ્રાપ્ત કરવામાં શ્રી નરોત્તમભાઈ, શ્રી અરવિંદભાઈ, શ્રી અનિલભાઈ, શ્રી નીતિનભાઈની સીધી કે આડકતરી રીતે સહાય મળી. અલબત્ત, આમાં સૌથી વિશેષ ઉપયોગી તો સંસ્થાની ગરવી છાપ નીવડી. સંનિષ્ઠ પ્રયત્નને અંતે સેક્ટર-૨૩માં ઘ-૬ સર્કલની નજીક પાંચ એકર જમીન કબજા સાથે મળી. સોનામાં સુગંધ ભળ્યા જેવું તો એ થયું કે આ જમીનનું સ્થાન સર્વ વિદ્યાલય કેળણી મંડળના શૈક્ષણિક સંકુલોની અડોઅડ હતું. વચ્ચે ફક્ત જાહેર રસ્તો પસાર થતો હતો.

જમીન પ્રાપ્ત કર્યા પછી કશો વિલંબ કરવાની જરૂર નહોતી. તા. ૨૯-૪-૧૯૯૬ના રોજ એ જમીન ઉપર શ્રી બળદેવભાઈ ડોસાભાઈના શુભ હસ્તે કૉલેજના મકાનનું ખાતમુહૂર્ત થયું. સમારંભમાં દંતાલી આશ્રમના પૂજ્ય સચ્ચિદાનંદજી સ્વામી ઉપસ્થિત હતા. સમારંભમાં એમના આશીર્વચનનું મનનીય પ્રવચન તો થયું જ પણ સાથે-સાથે એમણે સંસ્થાને આ કૉલેજ માટે દાનનો ફાળો પણ આપ્યો. આ સમારંભના સમય સુધીમાં કૉલેજ માટે પોણા બે કરોડ કરતાં વધારે રકમનાં દાન મળી ચૂક્યાં હતાં. કાળુપુર

કોમર્શિયલ સહકારી બૅન્કના મોટા દાનના આધારે કૉલેજનું નામ 'કાળુપુર કોમર્શિયલ કો.ઓ. બૅન્ક ફાર્મસી કૉલેજ' રાખવામાં આવ્યું. બૅન્ક તરફથી અગાઉ મળેલી રૂપિયા એકાવન લાખની રકમમાં બીજા રૂપિયા પંદર લાખ દાનના ઉમેરવામાં આવ્યા. ગુજરાતમાં આ સૌ પહેલી સ્વનિર્ભર (Self financed) ફાર્મસી કૉલેજ હતી.

એક દિવસ માણેકલાલ મારે ત્યાં આવ્યા. એમણે કહ્યું : 'અમેરિકામાં સ્થાયી થયેલા આપણા વિદ્યાર્થીભાઈઓનો આગ્રહ છે કે સંસ્થાના વિકાસ અર્થે, ફંડફાળાના હેતુથી આપણે અમેરિકા જઈએ. એમનું કહેવું એવું છે કે હવે આપણા વિદ્યાર્થીઓ ધંધા-રોજગારમાં ખૂબ આગળ વધ્યા છે. મોટેલો, સ્ટોર્સ, નોકરીઓ – જૉબમાં ખૂબ સારી સ્થિતિમાં છે. સંખ્યા પણ ઘણી છે. આપણી ફાર્મસી કૉલેજમાં નાણાંની ઘણી જરૂર છે, એ સિવાય પણ બીજા ઘણા અભ્યાસક્રમો આપણે શરૂ કર્યા છે. અમેરિકા ગયા સિવાય ખર્ચને આપણે પહોંચી વળી શકીએ એમ નથી. અમેરિકા જવા માટે તમારે તૈયાર થવાનું છે.

માણેકલાલભાઈના છેલ્લા વાક્યથી હું જરા ચમક્યો. ૧૯૮૨માં મંત્રીશ્રી ધનાભાઈના સાથમાં સંસ્થાના વિકાસ અર્થે ફંડ-ફાળા માટે હું એક વાર અમેરિકા જઈ આવ્યો હતો. માંગણીનું પુનરાવર્તન શોભાસ્પદ ન રહે એવું હું માનતો હતો. એટલે મેં કહ્યું : 'એક વાર આ નિમિત્તે હું જઈ આવ્યો છું. ખૂબ આવકાર મળ્યો હતો. કામ પણ ધાર્યા કરતાં ઘણું સારું થયું હતું. હવે બીજી વાર હું નહીં આવું. સંસ્થામાંથી બીજા કોઈને લઈ જાઓ, મારી ઇચ્છા પણ નથી. વળી, ઉંમર પણ થઈ. ધાર્યા પ્રમાણે રખડપટ્ટી ન પણ થઈ શકે.'

માણેકલાલ વિદ્યાર્થીઓના મનના જબરા પારેખ હતા. એ સમજતા હતા કે વિદ્યાર્થી એના શિક્ષકના સીધા સંપર્કમાં આવેલો હોય. એમણે શિક્ષકનો પ્રેમ મેળવેલો હોય અને વળતી પ્રક્રિયારૂપે એ શિક્ષકને એના ગુરુરૂપે ચાહતો હોય. વિદ્યાર્થીઓ એમના ગુરુની જ વાતો ખૂબ ભાવપૂર્વક કરતા હોય છે. જ્યારે મૅનેજમેન્ટના સભ્યો સાથે વિદ્યાર્થીને સીધો સંપર્ક હોતો નથી. સંસ્થામાં કામ ઉત્તમ થતું હોય એટલે વિદ્યાર્થીને મંડળના સભ્યો પ્રત્યે આદરભાવ હોય પણ સંપર્કના અભાવે પ્રેમની લાગણી, શિક્ષક માટે હોય એવી ન હોય.

આ સ્થિતિમાં માણેકલાલભાઈએ હું એમની સાથે અમેરિકા જાઉં એ માટે વધારે આગ્રહ કર્યો અને એમણે તો એટલે સુધી કહી દીધું, 'તમે ન આવો તો હું પણ જવાનું માંડી વાળું.'

વચલો માર્ગ કાઢતાં મેં કહ્યું: 'બે-ત્રણ દિવસમાં હું મારા નિર્ણયની જાણ કરીશ.'

હું નિર્ણયની જાણ કરું એ પહેલાં મને જાણવા મળ્યું કે અમેરિકા જવા માટે શ્રી નરસિંહભાઈ ક. પટેલ (ગાંધીનગર શાખામાં હાયર એજ્યુકેશનના એ ચેરમૅન હતા) અને ડૉ. કનુભાઈ પટેલ (ગાંધીનગર શાખાના મંત્રી) પણ માણેકલાલની સાથે અમેરિકા જનાર છે અને મારે પણ જવાનું જ છે.

હવે મારા માટે ના કહેવાનું રહેતું નહોતું.

ઈ.સ. ૧૯૯૮ના જુલાઈ માસમાં અમે અમેરિકા જવા માટે પ્રસ્થાન કર્યું.

આ પ્રવાસમાં રણછોડભાઈ ચોકસી, વિઠ્ઠલભાઈ ચોક્સી, રમણભાઈ (આર. કે.), મોખાસણવાળા ચંદુભાઈ તથા એમના ભાઈશ્રી અંબાલાલ, જ્યોર્જિયામાં અજિત તથા માણેકલાલ વગેરે સંસ્થાના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ સંસ્થા માટે ખૂબ કામ કર્યું, રાત-દિવસની જહેમત ઉઠાવી પણ અહીં એ ઇતિહાસરૂપ વિગતો હોવાથી અને આ માણેકલાલનો ચરિત્રગ્રંથ હોવાથી અહીં આપી નથી. આ પ્રયાસમાં માણેકલાલનું ખાસ લક્ષ ફાર્મસી કૉલેજનો નિભાવતું હતું. તેથી એને લગતી વિગતો ઉપર તેમ જ માણેકલાલના વ્યક્તિત્વ ઉપર ધ્યાન કેન્દ્રિત કર્યું છે.

કેલિફોર્નિયાના અરવાઈન શહેરમાં એક દિવસ શ્રી જયંતીભાઈએ અમને કહ્યું, “જો તમે ઇચ્છો તો આપણે એક પાર્ટીને મળીએ. અત્યંત ધનાઢ્ય વ્યક્તિ છે. ચીલાચાલુ કરતાં કંઈક જુદું અને સર્જનાત્મક હોય એમાં એમને રસ છે. જો આપણો પ્રોજેક્ટ એમના મનમાં બરાબર બેસી જાય તો એ અઢળક વરસે અને એમનું મન ન માને તો કશું ન આપે. ખાલી હાથે પાછા આવવાની તૈયારી હોય તો આપણે એમને ત્યાં જઈએ. મારે એમની સાથે સારા સંબંધો છે. પણ આવી બાબતમાં માત્ર સંબંધનો પ્રભાવ કંઈ કામ કરે એમ નથી.'

અરવાઈન શહેરમાં વસતા આ જયંતીભાઈ આપણી સંસ્થાના વિદ્યાર્થી અને વિદ્યાર્થી આશ્રમના છાત્ર. સર્વ વિદ્યાલય કેળવણી મંડળની ગાંધીનગર શાખાના ચેરમૅન શ્રી ધનાભાઈના એ ભાણા થાય. ઈ.સ. ૧૯૮૨માં અમેરિકાના

પ્રવાસ વખતે ધનાભાઈ અને હું કેલિફોર્નિયામાં એમને ત્યાં રોકાયા હતા. સંસ્થા માટે એમણે એ વખતે ઘણું કામ કર્યું હતું. આજે પણ સંસ્થા માટે ઉત્તમ કહી શકાય એવું કામ કરવાનો એમનો સંકલ્પ હતો.

જેમને ત્યાં જયંતીભાઈ અમને લઈ જવાના હતા એ ધનાઢ્ય વ્યક્તિ ડાહ્યાભાઈ આર. પટેલ હતા. અમેરિકામાં એ ડેની પટેલ નામથી વધારે જાણીતા હતા. એમનું વતન મહેસાણા જિલ્લાનું પાંચોટ ગામ, પણ બાપદાદા મોસાળ ચડાસણામાં વસ્યા એટલે ચડાસણા જ એમનું વતન થઈને રહ્યું.

અમે ફોન કરીને એમને ત્યાં ગયા. અમને આવકારવા એ મકાનની બહાર આવ્યા. મકાન ભવ્ય હતું. પહેલાં તો એમણે અમને એમના મકાનના ખંડેખંડમાં ફેરવ્યા. મકાનની ભવ્યતાનું વર્ણન કરવાનો અહીં ઉપક્રમ નથી. છેલ્લે મકાનમાંના ઑડિટોરિયમમાંથી નીકળીને અલગ કહી શકાય એવી ખુલ્લી બેઠકવાળી જગ્યાએ એમની સાથે બેઠા. ઇંજેક્શન માટે નીડલલેસ સિરિંજનો એમનો ઉદ્યોગ એટલે વાત કરવા માટે સહિયારા રસનો વિષય હતો. માણેકલાલે બિનજરૂરી ન લાગે છતાં ચોકસાઈભરી ઘણી વિગતોથી મુલાકાત માટેના હેતુની ભૂમિકા બાંધી અને ફાર્મસી કૉલેજ પાછળની મહત્ત્વાકાંક્ષી ભાવના વિશે પણ વાત કરી. એ પછી નરસિંહભાઈએ ફાર્મસી કૉલેજની સાથે સંશોધનને કઈ રીતે જોડવા માગીએ છીએ અને ભારતીય ફાર્મસી ઉદ્યોગમાં કડીની સંસ્થા દ્વારા શું યોગદાન હોઈ શકે એની વાત વિશ્વાસ ઉપજાવે એવી રીતે કશી અતિશયોક્તિ વગર કહી. ડાહ્યાભાઈને વાતોથી સંતોષ થતો હોય એવું જણાયું એટલે તો એમણે પણ ચર્ચામાં રસ અને ભાગ લઈને શું-શું થઈ શકે એ વિશે વાત કરી.

અમારી મુલાકાત સફળ થઈ અને શ્રી ડાહ્યાભાઈએ પ્રાથમિક તબક્કે સંશોધન કાર્યના હેતુ માટે રૂપિયા એક કરોડનું દાન આપવાની તૈયારી બતાવી અને નજીકના ભવિષ્યમાં સંસ્થામાં સ્થપાનાર હીરાબહેન ડાહ્યાભાઈ પટેલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ પોસ્ટ ગ્રેજ્યુએટ સ્ટડીઝ ઈન ફાર્માસ્યુટિકલ બાયોટેક્નૉલૉજી ઍન્ડ એડવાન્સ્ડ રિસર્ચનાં મૂળ નંખાયાં. અલબત્ત, ફાર્મસી કૉલેજનું રેકોર્ડ પર યુનિવર્સિટીની એફિલિયેટેડ કૉલેજ તરીકે તો નામ રહ્યું, ‘કાળુપુર કોમર્શિયલ બૅન્ક ઇન્સ્ટિટ્યૂટ ઑફ ફાર્માસ્યુટિકલ એજ્યુકેશન ઍન્ડ રિસર્ચ.’

ઈ.સ. ૧૯૯૮નો અમેરિકાનો પ્રવાસ સંસ્થાના વિકાસના હેતુ માટે અત્યંત સફળ રહ્યો. ફક્ત ૨૯ દિવસના આ પ્રવાસમાં સંસ્થા માટે આર્થિક

સહાય રૂપે પાંચ કરોડ કરતાં વધારે રૂપિયાનું ભંડોળ પ્રાપ્ત થયું, પણ આ પ્રવાસ માણેકલાલના વ્યક્તિત્વનાં એક-બે અનેરાં પાસાંનું દર્શન કરાવનારો બની રહ્યો.

૧૯૯૮ના જુલાઈમાં અમે ભારત છોડ્યું ત્યારે સૌરાષ્ટ્રમાં રાજકોટ-ગોંડલ રોડ ઉપર માણેકલાલની માલિકીનો રૂપિયા પાંચ કરોડના પ્રોજેક્ટ રૂપ જિનિંગપ્રેસિંગ ફેક્ટરીની સ્થાપનાનું કામ ચાલી રહ્યું હતું. સામાન્ય રીતે જ્યારે પોતાનું આવું મોટું કામ ચાલી રહ્યું હોય ત્યારે માલિક પોતાનું સઘળું ધ્યાન એના ઉપર કેન્દ્રિત કરે. કામનું સ્થળ છોડીને ક્યાંય જવા રાજી હોતો નથી. કામ સામાન્ય પ્રકારનું અને નાનું હોય તોપણ માણસની આ વૃત્તિ કામ કરતી હોય છે. માણેકલાલનું કામ તો પાંચ કરોડ રૂપિયાના રોકાણવાળું એટલે ઘણું મોટું હતું. પૂરું કરવા માટે તડામાર તૈયારીઓ ચાલતી હતી. કડીથી ગોંડલ-રાજકોટ રોડ ઘણો દૂર કહેવાય. કારખાનાની સ્થાપના બાબતે જગ્યા અજાણી કહેવાય. ત્યાં જાત-દેખરેખની વધારે જરૂર પડે. ચાલી રહેલા કામમાં માલિકે ક્યાંક ક્યાંક સૂચનો કરવાની જરૂર ઊભી થાય અથવા કામ કરી રહેલા સુપરવાઇઝરો, એન્જિનિયર કે આર્કિટેક્ટ માલિકને કંઈ પૂછવા માગતા હોય એમ કહી શકાય કે આવા પ્રોજેક્ટ વખતે માલિકની સ્થળ ઉપર હાજરી જરૂરી ખરી. આવું મોટું કામ બીજાઓની સંભાળ હેઠળ મૂકીને માણેકલાલ સંસ્થાના કામ માટે નીકળ્યા હતા. આશ્ચર્યની વાત તો એ હતી કે ભારત છોડ્યા પછી જાણે આ પ્રોજેક્ટ પણ ચિત્તમાંથી છૂટી ગયો હતો! ન એના અંગે કશી ચિંતા, ન એના અંગે કશો વિચાર. એ કાર્ય કેવું ચાલે છે, ક્યાં સુધી આવ્યું, કોઈ મુશ્કેલી છે કે કેમ એવી પૃચ્છા કરતો કોઈ ટેલિફોન પણ નહીં. ફંડ પ્રવૃત્તિના પ્રવાસ દરમિયાન કારમાં અથવા જરાક નિરાંતે બેસવાનો અવકાશ મળ્યો હોય ત્યારે પેલા પ્રોજેક્ટની એમના મુખે વાત પણ નહીં. ત્યાં જે થતું હોય એ ભલે થાય, અહીં આપણા કામમાં આપણે મસ્ત અને મશગૂલ!

કામમાં મસ્ત તો શું, મત્ત જ. જાણે કામનો નશો ચઢ્યો હોય. આ કામ સિવાય બીજું કંઈ જ ન ખપે. ૧૨૦૦૦ માઈલનો ફાસલો વટાવ્યા પછી આ 'નવી દુનિયા'ને નજર તળે કાઢવાનો લોભ કોને ન થાય? પણ માણેકલાલના ફંડના લોભને ભેદી શકે એવું આ લોભનું ગજું ક્યાં હતું? માણેકલાલની ગણતરીમાં કદાચ આવું હોય – 'રસ્તામાં આવતું હોય તો

જોઈ લઈએ. એના માટે જુદો સમય ન કઢાય. અહીં 'જોઈએ' અને 'જોઈ લઈએ' વચ્ચેનો ભેદ સમજી લેવાનો છે. બધું માણેકલાલની ઇચ્છા અને ધારણા પ્રમાણે ચાલતું હતું. પણ લાસ વેગાસ જોવાની વાત યજમાન ભાઈઓ – ચંદુભાઈ અને બાબુભાઈએ કાઢી ત્યારે ગાડું ખોટકાયું. લાસ વેગાસ માટે સમય ફાળવી શકાય જ નહીં. એવો માણેકલાલનો મક્કમ અભિપ્રાય હતો. આટલે સુધી આવ્યા છીએ તો લાસ વેગાસની મુલાકાત લેવી જ જોઈએ એવું અમારું મન કહેતું હતું. લાસ વેગાસ એ તો દુનિયાભરના લોકોના આકર્ષણનું કેન્દ્ર એ તો જુગારખાનાનું શહેર એમ કહીને ભવાં ઊંચાં ચઢાવી દઈ શકાય નહીં. નેવેડા રાજ્યનો નિભાવ ફક્ત લાસ વેગાસના આધારે છે એમ કહેવામાં જરાય અતિશયોક્તિ નથી. નેવાડા એટલે ઉશર પ્રદેશનું રાજ્ય. ચારેબાજુ રણની વનસ્પતિ નજરે પડે. વગડો પણ રમણીય હોય છે. નેવાડાનો વગડા જેવો પ્રદેશ વળી અતિ રમણીય છે.

એક રીતે માણેકલાલની વાત સાચી હતી. લાસ વેગાસ એટલે રાત્રિનો વૈભવ. રાતે લાસ વેગાસ પહોંચવા માટે અમારે બપોરે નીકળવું જોઈએ એટલે અર્ધો દિવસ એમાં જાય અને સવારે ત્યાંથી નીકળ્યા પછી ઉતારે પહોંચતાં બીજો અર્ધો દિવસ જાય. આમ સરવાળે આખો દિવસ બગાડવા માણેકલાલ તૈયાર નહોતા. પણ ચંદુભાઈ અને અંબાલાલનો અમને લાસ વેગાસ દેખાડવાનો ખૂબ આગ્રહ હતો. અમે એટલે હું, નરસિંહભાઈ અને કનુભાઈ પૂતળાંની જેમ મૌન ધારણ કરીને ઊભા હતા અર્થાત્ લાસ વેગાસ જવા માટે અમારી સંમતિ હતી.

આ પ્રસંગની વાત પછી માણેકલાલની અનન્ય કાર્યનિષ્ઠા વિશે કંઈ વધારે કહેવાની જરૂર ખરી?

❐

# ૧૬

# એન્જિનિયરિંગ કૉલેજ અને પૉલિટેક્નિક સંસ્થા

સર્વ વિદ્યાલય કેળવણી મંડળની એક ઉત્તમ એન્જિનિયરિંગ કૉલેજ હોય એવું એક સ્વપ્ન માણેકલાલભાઈનું હતું. એ અંગે ક્યારેક પોતે ચર્ચાવિચારણામાં આ મનોરથને વાચા પણ આપતા. સર્વ વિદ્યાલયના પૂર્વ વિદ્યાર્થી અને સંસ્થાના ઉદાર દાતાઓમાંના એક શ્રી નરસિંહભાઈએ એન્જિનિયરિંગ કૉલેજની સ્થાપના માટે રૂપિયા એક કરોડનું (અને જરૂર જણાય તો થોડું વધારે) દાન આપવાની ઇચ્છા દર્શાવેલી. આ ભૂમિકા અનુકૂળ હોવા છતાં એન્જિનિયરિંગ કૉલેજ માટે જરૂરી જમીનના અભાવે ઉક્ત કૉલેજની સ્થાપના થઈ શકતી નહોતી. સરકારમાં સતત રજૂઆત કર્યા પછી અને જમીનની પ્રાપ્તિ માટેના પ્રયત્ન પછી ઈ. સ. ૨૦૦૪માં સરકાર તરફથી ગાંધીનગરમાં સેક્ટર-૧૫માં ૪૦૦૦૦ ચો.મી. જમીન મળી. આ અરસામાં અમેરિકામાં ન્યુજર્સીમાં રહેતા શ્રી દશરથભાઈ પટેલ તરફથી કૉલેજની સ્થાપના માટે સંસ્થાના ચેરમૅનશ્રી માણેકલાલભાઈ અને મંત્રીશ્રી ડૉ. કનુભાઈને રૂપિયા સવા ત્રણ કરોડના દાનનું વચન મળ્યું.

દાન અંગેની ચર્ચા દરમિયાન કૉલેજને શ્રી દશરથભાઈએ એમનાં પત્ની અને પિતાશ્રીનું નામ આપવાનું સૂચવ્યું. એટલે કૉલેજનું નામ શ્રી લીલાબહેન દશરથભાઈ રામદાસ પટેલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નોલૉજી ઍન્ડ રિસર્ચ રાખવાનું નક્કી થયું.

એન્જિનિયરિંગ કૉલેજની સ્થાપના માટેના સ્વપ્નને આકૃત કરવા માટે જાણે હવે માણેકલાલ માટે રાજમાર્ગ ખુલ્લો થઈ ગયો હતો.

કોઈ પણ પ્રોજેક્ટને પાર પાડવા માટે માણેકલાલની તૈયારીઓ ઘણી વહેલી શરૂ થઈ જતી એ આપણે જોયું છે. સઘળા પ્રકારના ટેક્નિકલ શિક્ષણના આયોજનમાં ઉપયોગી અને માર્ગદર્શક થઈ શકે એ માટે માણેકલાલે અગાઉથી

શ્રી દિલીપભાઈ કાપડિયાની સેવાઓ અંકે કરી લીધી હતી. શ્રી દિલીપભાઈ ઈ.સ. ૨૦૦૪માં ટૅક્નિકલ પરીક્ષા બોર્ડના ચેરમૅનપદેથી નિવૃત્ત થયા હતા. એટલે શ્રી માણેકલાલભાઈએ એમને સર્વ વિદ્યાલય કેળવણી મંડળમાં સેવા આપવા આમંત્ર્યા હતા અને આરંભના તબક્કે એમને સર્વ વિદ્યાલય કેળવણી મંડળ કૅમ્પસ, ગાંધીનગરમાં કૅમ્પસ ડાયરેક્ટર (ટૅક્નિકલ)નો હવાલો સોંપ્યો હતો.

જ્યારે ગાંધીનગરમાં એન્જિનિયરિંગ કૉલેજ માટે સરકાર તરફથી જમીન મળી ત્યારે માણેકલાલે શ્રી કાપડિયાને સેક્ટર-૧૫માં એન્જિનિયરિંગ કૉલેજ માટેની પૂર્વ તૈયારીઓની જવાબદારી સોંપી. શ્રી કાપડિયાએ આ કાર્ય ખંત અને ઉત્સાહથી ઉપાડી લીધું.

કૉલેજ માટે સર્વ પ્રકારની જરૂરિયાતો પૂરી થાય એ પછી જ AICTEની ટીમ તપાસણી બાદ કૉલેજ માટે મંજૂરી આપે છે. આ કારણથી, જૂન મહિનામાં કૉલેજ શરૂ કરવાના ખ્યાલ હેઠળ માણેકલાલે બધું કામ પાર પાડવા પોતે અને શ્રી કાપડિયાએ કામ આરંભી દીધું. એક જ દિવસે સપ્લાયરોને બોલાવીને ઘટતી કાર્યવાહી પછી સાધનો માટેનો તાત્કાલિક ઑર્ડર આપી દીધો અને સ્ટાફની ભરતી માટે પણ એવી જ ઝડપ રાખી. લગભગ ૭૦ લાખ રૂપિયાનાં સાધનો ખરીદાયાં. મકાનની પ્રથમ તબક્કાની જરૂરિયાત માટે વર્કશોપ, ડ્રોઇંગ હૉલ, ત્રણ ક્લાસરૂમ, એક ટ્યુટોરિયલ રૂમ, લૅબોરેટરી, લાઇબ્રેરી, સ્ટાફ રૂમ, કમ્પ્યૂટર સેન્ટર વગેરે પણ પૂરતી ઝડપે તૈયાર કરાયાં. આટલું થવા છતાં દિલ્લી AICTEમાં રૂબરૂ રજૂઆત કરવા ગયા ત્યારે ટીમને બાંધકામ જરૂરિયાત કરતાં ઓછું જણાયું એટલે તે પૂર્ણ કરવાની બાંહેધરી સંસ્થા તરફથી આપવામાં આવી. અને એપ્રિલ, ૨૦૦૫માં AICTEની ટીમ કૉલેજના સ્થળ ઉપર રૂબરૂ આવી ત્યારે જરૂરિયાત પ્રમાણેનું બધું તૈયાર હતું.

એન્જિનિયરિંગ કૉલેજ માટે સર્વ વિદ્યાલય કેળવણી મંડળની માગણી હતી તે વર્ષે સારાયે ગુજરાતમાંથી આવી કૉલેજની મંજૂરી માટે ૨૯ અરજીઓ સરકારને મળી હતી. એ બધી અરજીઓમાંથી ફક્ત સર્વ વિદ્યાલય કેળવણી મંડળની માગણી જ મંજૂર થઈ હતી. આ સંસ્થા માટે ભારે ગૌરવની વાત ગણાય. એ સિદ્ધિ માટે માણેકલાલની દીર્ઘદૃષ્ટિ અને અથાગ પ્રયત્ન કારણરૂપ હતાં. આ સફળતામાં શ્રી દિલીપભાઈ કાપડિયાનો પ્રશંસનીય સહયોગ થયો.

ડિગ્રી એન્જિનિયરિંગ કૉલેજ (શ્રી લીલાબહેન દશરથભાઈ રામદાસ પટેલ ઇન્ટિટ્યૂટ ઑફ ટૅક્નૉલૉજી ઍન્ડ રિસર્ચ) પછી જાણે એક શુભ અકસ્માત રૂપે પૉલિટેક્નિક સંસ્થાનો પાયો નંખાયો. અમેરિકામાં સ્થાયી થયેલા શ્રી વિષ્ણુભાઈ

એકવાર ડૉ. કનુભાઈને મળવા એમને ત્યાં ગયેલા. કનુભાઈએ સર્વ વિદ્યાલય કેળવણી મંડળની શિક્ષણ સંસ્થાઓ વિશે શ્રી વિષ્ણુભાઈને કેટલીક વાત કરી. શ્રી વિષ્ણુભાઈને સંસ્થામાં રસ જાગતાં ડૉ. કનુભાઈ એમને સંસ્થાની મુલાકાતે લઈ આવ્યા. ચેરમૅન શ્રી માણેકલાલભાઈએ સંસ્થામાં એક પૉલિટેક્નિક સંસ્થા સ્થાપવા વિશેના પોતાના સંકલ્પની વાત કરી અને એ જ વખતે શ્રી વિષ્ણુભાઈએ આ કાર્ય માટે એક કરોડ રૂપિયાનું દાન આપવાની તૈયારી બતાવી. માણેકલાલભાઈએ દાતાની ભાવનામય લાગણી પારખીને આ કાર્ય માટે કોઈ મોટા દાન કે દાતાની અપેક્ષા રાખ્યા સિવાય તત્ક્ષણ દાનની દરખાસ્ત સ્વીકારી લીધી અને પરિણામે 'વિષ્ણુભાઈ પૂંજાભાઈ મોહનભાઈ પટેલ' પૉલિટેક્નિક અસ્તિત્વમાં આવ્યું. આ સંસ્થાનો આરંભ ૨૦૦૬ના સપ્ટેમ્બર માસથી ૨૪૦ બેઠકોની મંજૂરી સાથે થયો અને સંસ્થાના ચેરમૅનશ્રીએ શ્રી દિલીપભાઈ કાપડિયાને પ્રિન્સિપાલની હેસિયતથી પૉલિટેક્નિકનું સંચાલન સોંપ્યું.

ટૅક્નૉલૉજીની આ બંને સંસ્થાઓના વિદ્યાર્થીઓની ફી બાબતે શ્રી માણેકલાલ કેટલો ઉદાર મત ધરાવતા હતા અને એને સંસ્થાના સંચાલનમાં અમલી બનાવતા હતા એ જાણવા જેવું છે. 'વિષ્ણુભાઈ પૂંજાભાઈ મોહનભાઈ પટેલ પૉલિટેક્નિક' સંસ્થાનો આરંભ થયો ત્યારે (ઈ.સ. ૨૦૦૬)માં એડહોક ફી વાર્ષિક રૂ. ૧૭૦૦૦ રાખવામાં આવી હતી. ઈ.સ. ૨૦૦૭માં ફી કમિટીએ આ સંસ્થાની ફી રૂા. ૨૮૦૦૦ મંજૂર કરી. આ નિર્ણયના આધારે પ્રત્યેક વિદ્યાર્થી પાસેથી સંસ્થાએ તફાવતના નાણાં લેવાનાં થાય. આ રકમ લગભગ રૂ. ૨૫ લાખ થતી હતી. ચેરમૅન શ્રી માણેકલાલે ઉપર જણાવ્યું તે પ્રમાણે ઉદાર નીતિના કારણે ફી વધારાની રકમ વસૂલ કરવાનું માંડી વાળ્યું.

આ જ પ્રમાણે ડિગ્રી કૉલેજ લીલાબહેન દશરથભાઈ રામદાસ પટેલ ઇન્સ્ટિટટ્યૂટ ઑફ ટેક્નૉલૉજી ઍન્ડ રિસર્ચમાં પણ પાછળથી ફી વધારો મંજૂર થયો હતો તે પણ ચેરમૅન શ્રી માણેકલાલે એ વસૂલ કરવાનું માંડી વાળ્યું હતું.

વિશેષ નોંધપાત્ર તો એ હકીકત હતી કે ફી કમિટીના સભ્યો તરફથી સર્વ વિદ્યાલય કેળવણી મંડળની કૉલેજ માટે સૂચવાયેલી ફી જરૂર કરતાં વધારે જણાય તો માણેકલાલના એમાં ઘટાડો કરવાનું પોતે જ સૂચવતા. ૨૦૦૮ના વર્ષમાં ફી કમિટીના સભ્યોએ સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત પૉલિટેક્નિક સંસ્થા માટે ફી રૂ. ૩૨૦૦૦ કરવાની દરખાસ્ત કરી ત્યારે માણેકલાલભાઈએ રૂ. ૨૮૦૦૦ ફી પૂરતી હોવાનું જણાવ્યું હતું.

❐

# ૧૭

# નર્સિંગ કૉલેજ

સર્વ વિદ્યાલય કેળવણી મંડળનું ચેરમૅન પદ સંભાળ્યા પછી માણેકલાલ વિદ્યાર્થીના જીવનમાં ઉત્કર્ષ આણનારા અને સમાજોપયોગી અભ્યાસક્રમો સ્થાપવા બાબતમાં સતત ચિંતનશીલ રહેતા હતા. મેડિકલ કૉલેજ એ તો ઘણું દૂરગામી લક્ષ્ય હતું. માણેકલાલ અત્યંત વ્યવહારુ માણસ. જે સદ્ય સિદ્ધ થઈ શકે એને એ અગ્ર ધોરણે વિચારણામાં લેતા. ફાર્મસી કૉલેજ સ્થાપ્યા પછી એમણે એન્જિનિયરિંગ કૉલેજ અને પૉલિટેક્નિકનું નિર્માણ કર્યું. પછી એમની વિચારણામાં નર્સિંગ કૉલેજ સ્થાપવાનો સંકલ્પ કેન્દ્ર સ્થાને રહ્યો. આ સંકલ્પ પાછળની સામાજિક ભૂમિકા સબળ હતી.

વીસમી સદીના લગભગ અંત સુધી પ્રજાના સ્વાસ્થ્ય તેમ જ આરોગ્ય અને તે અંગેની સુવિધાઓની આપણે સૌ ભારે તંગી અનુભવતા હતા. ગામડાં શું કે શહેર શું, વસ્તીના પ્રમાણમાં ડૉક્ટરોની ભારે અછત હતી. એવી જ રીતે રોગની ચિકિત્સા દરમિયાન ઘટતી સારવાર કરનાર નર્સોનું પ્રમાણ અત્યંત જૂજ હતું. સરકારી દવાખાના કે મોટા ટ્રસ્ટના દવાખાના સિવાય નર્સનું અસ્તિત્વ ભાગ્યે જ જોવા મળતું. મેડિકલ કે નર્સિંગ કૉલેજો સ્થાપવાનું સરકાર ઉપર દબાણ કોણ કરે ? પ્રજાને તો આ અભાવ કોઠે પડી ગયો હતો. ગામડાનો માણસ તાલુકા મથક સુધી લાંબો થાય ત્યારે મોટું દવાખાનું ભાળે અને બધી સુવિધાઓવાળું દવાખાનું તો એને જિલ્લા મથકે જોવા મળે ! આ હાડમારીમાં એણે નર્સની સેવાનું તો સ્વપ્નું જ સેવવાનું રહે.

પ્રજા પોતાના સ્વાસ્થ્ય અંગેના અધિકાર સમજે અને કશોક હુંકાર દાખવે એ પહેલાં તો સરકારે ગ્રાન્ટવાળી સંસ્થાઓ સ્થાપવા બાબતે હાથ ઊંચા કરી દીધા અને સ્વનિર્ભર સંસ્થાઓ (કૉલેજો) સ્થાપવાનો યુગ બેઠો.

જે કૉલેજોમાં ગજા બહારનો ખર્ચ અને અસાધારણ વ્યવસ્થાની અપેક્ષા હોય એવી કૉલેજો સ્થાપવા કોણ તૈયાર થાય ?

પણ સર્વ વિદ્યાલય કેળવણી મંડળની વાત ન્યારી છે. પારાવાર ખોટ વેઠીને એણે ભૂતકાળમાં સંસ્થાઓ ચલાવ્યે રાખી હતી. (ફક્ત એક જ ફેકલ્ટી સાથેની સાયન્સ કૉલેજ એનું એક ઉત્તમ ઉદાહરણ)

ચેરમૅન માણેકલાલે નર્સિંગ કૉલેજની ઉપયોગિતા વિશે વિશદતાથી રજૂઆત કરીને નર્સિંગ કૉલેજ શરૂ કરવાની સલાહ મંડળને આપી અને એવી કૉલેજ શરૂ કરવાનો નિર્ણય થયો.

ગાંધીનગરમાં મંડળ હસ્તકની જે જમીન હતી તેનો શિક્ષણ સંસ્થાઓ માટે ઉપયોગ થઈ ચૂક્યો હતો. નર્સિંગ કૉલેજ અને તેની હૉસ્ટેલ માટે નવી જમીન મેળવવી પડે એમ હતી અને કૉલેજનાં મકાનો, સાધનો અને અન્ય જરૂરિયાતો માટે જંગી રોકાણ માટે નાણાંના મોટા ભંડોળની જરૂર પડે. આ કોઈ નાનીસૂની વાત નહોતી. પણ માણેકલાલ હિંમત હારે એમ નહોતા. એમણે લક્ષ્યસિદ્ધિ માટે વીરત્વ દાખવવા માંડ્યું.

નાણાંના અભાવે સર્વ વિદ્યાલય કેળવણી મંડળનું કામ અટકી પડ્યું હોય એવું ક્યારેય બન્યું નથી. મંડળ તેમ જ તેના કાર્યકર્તાઓની શાખ એટલી ઊંચી રહ્યા કરી છે કે જરૂર ઊભી થાય ત્યારે સંસ્થાને નાણાં મળતાં રહ્યાં છે. સંસ્થાના કાર્યકર્તાઓની ઉત્તમ પ્રતિષ્ઠા શાથી બંધાઈ છે તે અંગે માણેકલાલના એક ઉદાહરણ પરથી જાણી શકાશે. માણેકલાલના ખિસ્સામાં અનેક પ્રકારની નોંધોની ચિઠ્ઠીઓ રહેતી હતી. એમાં એક અત્યંત મહત્ત્વનો દસ્તાવેજ અથવા પ્રૉમિસરી નોટ કહી શકાય એવી એક ચિઠ્ઠીનો સમાવેશ પણ થતો હતો. આ ચિઠ્ઠી એક વખત ડૉ. કનુભાઈ (મંત્રીશ્રી, સર્વ વિદ્યાલય કે મંડળ)ના વાંચવામાં આવી હતી. એમાં જે લખાણ હતું તે આવા મતલબનું હતું: 'મારી હયાતી ન હોય અને સંસ્થાનું કોઈ દેવું બાકી રહેતું હોય તો તે મારી અંગત મિલકતમાંથી ભરપાઈ કરવું.'

આવા કાર્યકર્તાઓ જે સંસ્થાને મળ્યા હોય તેને નાણાંની ખોટ શા માટે હોય ?

નર્સિંગ કૉલેજ સ્થાપવાનું આયોજન ગતિમાં હતું તે અરસામાં ડૉ. કનુભાઈ અંગત હેતુથી અમેરિકામાં હતા. એક દિવસ રમણભાઈ (આર. કે.) એ સંસ્થાને આર્થિક સહાય મળે એ હેતુથી શ્રી મફતભાઈ નામના

સદ્‌ગૃહસ્થને મળવા અંગે ડૉ. કનુભાઈને ફોન કર્યો. આર. કે. અને કનુભાઈ શ્રી મફતભાઈને મળ્યા. શ્રી મફતભાઈ શિકાગોમાં રહેતા હતા. એમની સાથે નર્સિંગ કૉલેજની સ્થાપના વિશે વાત થઈ અને શ્રી મફતભાઈએ નર્સિંગકૉલેજ માટે પોણા બે કરોડ રૂપિયા અનો હૉસ્ટેલ માટે એકાવન લાખ રૂપિયા આપવાની તૈયારી બતાવી. સખાવતની શરત પ્રમાણે કૉલેજનું 'ચંચળબહેન મફતલાલ પટેલ કૉલેજ ઑફ નર્સિંગ' નામ રાખવાનું નક્કી થયું. આ દાન ઉપરાંત શ્રી મફતભાઈએ બીજા અગિયાર લાખ રૂપિયા વધારાના સંસ્થાને આપ્યા.

નર્સિંગ કૉલેજ માટે ગાંધીનગરમાં જમીન મેળવવા માણેકલાલ સરકારમાં પ્રયત્ન કરી રહ્યા હતા. મંત્રીમંડળમાં આપણી સંસ્થાના પૂર્વ વિદ્યાર્થીઓ શ્રી નરોત્તમભાઈ અને શ્રી નીતિનભાઈ તેમ જ આનંદીબહેનનો ઘણો સારો સહકાર હતો. મુખ્યમંત્રી પણ આપણી સંસ્થાના પારદર્શક વહીવટથી સારી રીતે વાકેફ હતા. એટલું જ નહીં પણ એ માણેકલાલને અંગત રીતે પણ જાણતા હતા એટલે જમીન મેળવવામાં કોઈ અવરોધક બળ નહોતું, પણ સરકારી તંત્રમાં કઈ ગતિએ કામ ચાલે છે એ સર્વવિદિત છે. બધું બરાબર હતું. આપણે ફક્ત રાહ જોવાની હતી. નર્સિંગ કૉલેજ માટે આપણા પક્ષે જે પ્રયત્નો અને કાર્યવાહી થઈ એની કેટલીક ઝાંખી શ્રી દિલીપભાઈ કાપડિયા (હાલ કડી સર્વ વિશ્વ વિદ્યાલયના ડિરેક્ટર)ના શબ્દોમાં જોઈએ : 'નર્સિંગ કૉલેજની જમીન માટેની ચર્ચાઓ દરમિયાન તેના સેક્રેટરીએ રૂ. એક કરોડ 'રોગી કલ્યાણ સમિતિ'માં દાન આપો તો કાલ તમને જમીન આપીએ એમ કહ્યું ત્યારે સાહેબે (માણેકલાલે) સાંજે છ વાગ્યે તે જ દિવસે સિવિલ હૉસ્પિટલ કંપાઉન્ડમાંથી કાળુપુર બૅન્કમાં ફોન કરી રૂ. એક કરોડની લોનની માગણી કરતાં બીજે દિવસે તે ડ્રાફ્ટ લઈ સરકારમાં અરજી સાથે ગયા ત્યારે સેક્રેટરી ખુરશીમાં ઊભા થઈ ગયા. કાકા રૂ. એક કરોડ લઈને આવ્યા છે, હવે શું કરીશું ? ત્રણ મહિને ફાઈલ પ્રોસેસ થઈ. જમીન આપણને મળી. ૨૦૦૮માં નર્સિંગ કૉલેજ શરૂ કરી. તેના બાંધકામ વખતે ટીમ આવવાની હોય ત્યારે સાહેબને રાત્રિના આઠ વાગ્યા સુધી બધાં કામ પૂર્ણ થાય છે કે કેમ તેની ખાતરી કરી લેતા જોયા છે. મને યાદ છે કે નર્સિંગ કૉલેજમાં સાધનોની પૂર્તતા માટે પ્રિન્સિપાલ તેમ જ રજિસ્ટ્રારને તેમણે અંબાલા ખાતે મોકલીને બધાં જ ખૂટતાં સાધનો ત્યાં ટ્રકમાં પેક કરાવી મંગાવી લીધાં હતાં.

કૉલેજ શરૂ થઈ. પરિસ્થિતિ થાળે પડતાં નવા કોર્સિઝ શરૂ કરાવ્યા.

ત્યાં નવી હૉસ્ટેલ બાંધવાની શરૂ કરાવી જગ્યાની તંગી પડવા લાગી એટલે R&B પાસે તેમણે સેક્ટર-૧૫માં ચોથા માળની બાંધકામની મંજૂરી માગી. તે મંત્રીશ્રીને રૂબરૂ મળીને મંજૂરી લઈ આવ્યા ત્યારે સેક્ટર-૧૫માં બધાં જ મકાનો ઉપર ચોથો માળ બાંધવાનું શરૂ કરાવ્યું. આ રીતે નવા કોર્સિઝની જરૂરિયાત માટે સ્ટાફ ક્વાર્ટર્સ, હૉસ્ટેલ, LDRP-VPMP બિલ્ડિંગ તેમણે પૂર્ણ કરાવ્યું હતું.

❒

# ૧૮

# કડી સર્વ વિશ્વવિદ્યાલય

વિશ્વવિદ્યાલયનો કાર્યબોજ વહન કરી શકે એવી સર્વ વિદ્યાલય કેળવણી મંડળની ક્ષમતા તો ઘણાં વર્ષોથી સિદ્ધ થઈ ચૂકી હતી. એના કાર્યક્ષેત્રમાં ઉત્તર ગુજરાતના મહેસાણા જિલ્લામાં ઠીક-ઠીક સંખ્યામાં કેળવણીની સંસ્થાઓનું સંચાલન થઈ રહ્યું હતું અથવા થઈ ચૂક્યું હતું. જિલ્લાની જે કેળવણી સંસ્થાઓ એક અથવા બીજા કારણે પોતાની શાળાનું સંચાલન કરવા પૂરતી સક્ષમ ન હોય એ સંસ્થાઓ પોતાની સંસ્થાનો વહીવટ હંગામી અથવા કાયમી ધોરણે સર્વ વિદ્યાલય કેળવણી મંડળને સોંપી ચૂકી હોય એવાં ઉદાહરણ પણ સર્વ વિદ્યાલય કેળવણી મંડળના ઇતિહાસમાં છે. આ ઉપરાંત મંડળની ગાંધીનગર શાખાનું એક વિશાળ કેળવણી વિશ્વ પણ એના મૂળભૂત સર્વ વિદ્યાલય કેળવણી મંડળના સંચાલન હેઠળ છે. યુનિવર્સિટીના તંત્ર સંચાલન અંગે સર્વ વિદ્યાલય માટે તેની ક્ષમતા પરત્વે શંકાનું કોઈ કારણ ન હોય.

ગઈ સદીના છેલ્લા દાયકાથી ગુજરાતના શિક્ષણ જગતમાં સંચાલન સંદર્ભે એક ક્રાન્તિકારી બદલાવ આવ્યો અને સ્વનિર્ભર શિક્ષણ સંસ્થાઓના યુગનો આરંભ થયો. મોટી સંખ્યામાં સ્વનિર્ભર શાળાઓ અને કૉલેજો અસ્તિત્વમાં આવી. સ્વનિર્ભરતાના ધોરણે યુનિવર્સિટીઓ પણ સ્થપાવા લાગી. જેમણે હજુ રજતજયંતી ઉત્સવ પણ ન ઊજવ્યો હોય એવી સંસ્થાઓ પણ યુનિવર્સિટીનો દરજ્જો પામવા લાગી. સર્વ વિદ્યાલય કેળવણી મંડળ તો એના શતાબ્દી મહોત્સવ તરફ નજર માંડી રહ્યું હતું. એ યુનિવર્સિટીના દરજ્જાથી વંચિત કેમ રહે ? પણ તે મેળવવા માટે સરકારમાં રજૂઆત કરવી જરૂરી હતી.

ચેરમૅન માણેકલાલ આ બાબતમાં પૂરા જાગ્રત હતા. એ જે યોજના અંગે વિચારે તેનાં સઘળાં પાસાંનું ચિંતન કરીને એવી રીતે દરખાસ્ત તૈયાર કરે

જેથી પાછળથી એમાં કશી પૂર્તતા કરવાની જરૂર ન રહે અને એની મંજૂરીમાં અણઘટતો વિલંબ ન થાય. ઑફિસમાં સહકાર્યકરો સાથે મળીને પૂરતા પ્રમાણમાં ચર્ચાવિચારણા કરીને જરૂરી કાગળો અને દસ્તાવેજો સાથે એમણે દરખાસ્ત તૈયાર કરાવી. આ ઉપરાંત એક ખાસ દૃષ્ટિથી એમણે વિશેષ શાણપણ દાખવ્યું. દરખાસ્ત કૅબિનેટમાં મંજૂર થયે એક વિધેયક રૂપે વિધાનસભામાં રજૂ થવાની હતી. રજૂ કરનાર શિક્ષણમંત્રી હતા. શિક્ષણમંત્રી આનંદીબહેન મૂળ તો વ્યવસાયે શિક્ષણનાં માણસ હતાં. એક સંસ્થાના સંચાલન માટે જવાબદાર વ્યક્તિ. એમને શિક્ષણમાં – એના વાચનમાં અને અભ્યાસમાં ખરેખરો રસ હોઈ શકે. આવું બધું વિચારીને શ્રી માણેકલાલે છગનભાના જીવનચરિત્ર ઉપર રચાયેલું પુસ્તક 'પ્રજ્ઞાદીપ છગનભા' પણ દરખાસ્તની સાહિત્યસામગ્રી સાથે મોકલ્યું.

શ્રી માણેકલાલના બુદ્ધિયુક્ત તર્કની ધારી અસર થઈ. વિધાનસભામાં કડી સર્વ વિશ્વ વિદ્યાલય અંગેનું વિધેયક રજૂ કરવાના દિવસની આગલી રાત્રે મોડી રાત સુધી આનંદીબહેને આ પુસ્તક વાંચ્યું. એ સર્વ કેળવણી મંડળ વિશે ઘણું જાણતાં હોવા છતાં એમણે આ પુસ્તકમાંથી અનોખી પ્રેરણા મેળવી અને વિધેયકને કાયદાનું રૂપ મળે એ માટે એમણે વિધાનસભામાં સર્વ વિદ્યાલય કેળવણી મંડળ અને એની કાર્યપ્રણાલી વિશે જોરદાર વાણીમાં વાત કરી. એ વિગતભર્યું પ્રવચન તો ઘણું લાંબું છે, પણ એનો સહેજ અણસાર આવી શકે એટલે કેટલાક અંશ અહીં પ્રસ્તુત છે :

'જ્યારે કડી સર્વ વિદ્યાલયનું નામ પડે એટલે સમગ્ર ગુજરાત, ગુજરાત બહાર વસતા અને ગુજરાતના ગુજરાતીઓ વિશ્વભરમાં જે રહે છે એ બધાને આ કડી સર્વ વિદ્યાલય માટે ખરેખર ગૌરવ થાય એવું આ એક કૅમ્પસ છે. અને જ્યારે એક કડી સર્વ વિદ્યાલયની વાત કરું છું ત્યારે આ સભાગૃહ જ નહીં પણ સમગ્ર વિશ્વમાં રહેતા સૌ ગુજરાતીઓને અભિમાન થાય અને ગૌરવ થાય, જેમના દ્વારા આની શરૂઆત થઈ એવા સ્વ. છગનભાને યાદ કર્યા વિના રહી શકાય નહીં.

*

સર્વ વિદ્યાલયનો પ્રારંભ ૧૯૧૯ની સાલમાં ઉત્તર ગુજરાતના કડીમાં થયો અને એની સ્થાપના એક ખેડૂત અને ઋષિતુલ્ય પૂ. છગનભાએ ફક્ત છ જ વિદ્યાર્થીઓથી શરૂ કરી. સર્વ વિદ્યાલય શરૂઆતથી પ્રાચીન ગુરુકુળ પદ્ધતિની નિવાસી પ્રકારની એટલે હૉસ્ટેલોવાળી સંસ્થા છે. અને તેમાં કન્યાકેળવણીને પણ પ્રોત્સાહન આપ્યું છે. એની શરૂઆત છોકરાઓની શાળા અને કૉલેજથી થઈ

હતી, પરંતુ ધીમે-ધીમે કન્યામાં પણ અગ્રેસર છે અને આજે એમના જીવનમાં ઉપયોગમાં આવી શકે એવું વ્યવસાયિક શિક્ષણ હાલ અપાઈ રહ્યું છે. મને કહેતાં એટલા માટે આનંદ થાય છે કે પૂજ્ય મહાત્મા ગાંધીજીએ પણ તા. ૨૮-૮-૧૯૨૯માં આ સંસ્થાની મુલાકાત લીધી હતી અને ત્યાં એમણે લખેલ અને પોતાના ભાષણમાં એમ કહ્યું હતું કે 'તમારાં બાળકોને અહીં ભણવા મોકલો. એ સારી કેળવણી પામશે.'

*

મહારાજા સર સયાજીરાવ ત્રીજાએ પણ આ સંસ્થાની મુલાકાત લીધી હતી, અને આ સંસ્થાને રાષ્ટ્રીય શિક્ષણ આપનારી અદ્વિતીય સંસ્થા તરીકે બિરદાવી હતી. એ બતાવે છે કે એમના ટ્રસ્ટીઓનું કેટલું સુંદર કામ એ જમાનામાં કરતા હશે જે આજે પણ પરંપરા આ સંસ્થાએ જાળવી રાખી છે.

*

હું નથી માનતી કે ગુજરાત રાજ્યમાં કોઈ સંસ્થા આવી રીતે ચાલતી હોય. આ સંસ્થાને હું એટલા માટે યાદ કરવા માગું છું કે તેના ચેરમૅન શ્રી માણેકલાલભાઈ કે જેમની ઉંમર હું માનું છું કે ૮૦ વર્ષ કરતાં પણ વધારે છે. તેમ છતાં એક યુવાન કામ ન કરી શકે એટલા ઉત્સાહથી અને ધગશથી તેઓ કામ કરી રહ્યા છે.

*

બધા હોદ્દેદારો આ કૅમ્પસમાં ખૂબ સુંદર કામગીરી બજાવી રહ્યા છે. ત્યારે યુનિવર્સિટી આપવા માટે હું પણ ગૌરવ અનુભવું છું અને આ વિધાનસભા પણ ગૌરવ અનુભવે છે કે આવી સંસ્થાઓ પ્રગતિ કરી શકે. હજારો વિદ્યાર્થીઓને મદદરૂપ બની શકે એટલા માટે વિશ્વવિદ્યાલયનું સ્વરૂપ આપવું જોઈએ એટલા માટે કૅબિનેટમાં પણ મંજૂરી આપવામાં આવી છે અને આજે આ વિધાનસભામાં એની દરખાસ્ત કરી છે.'

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.

પરિણામે, સર્વ વિદ્યાલય કેળવણી મંડળની વિશ્વવિદ્યાલય માટેની માગણીની દરખાસ્તને ઈ.સ. ૨૦૦૭ના ગુજરાત ઍક્ટ નં. ૨૧ થી કડી સર્વ વિશ્વવિદ્યાલય નામથી સ્વનિર્ભર અને નોન એફિલિયેટિંગ યુનિવર્સિટીનો દરજ્જો પ્રાપ્ત થયો. ત્યાર બાદ યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન, ન્યૂ દિલ્હી દ્વારા કમિશનના પત્ર નં. F9/18/200 (C-PP-1) 19 March, 2009 થી માન્યતા મળી.

❐

## ૧૯

# કેળવણીવિદ્ સંચાલક

આદર્શ આચાર્ય, શિક્ષક કે વિદ્યાર્થી કેવો હોવો જોઈએ એ વિશે ઘણું વિચારાયું છે અને ઘણું લખાયું પણ છે. પણ કેળવણીની સંસ્થા સ્થાપનાર અને એને ચલાવનાર સંચાલક વિશે વાતો ઘણી થઈ હશે પણ ઝાઝું લખાયું કે વિચારાયું નથી. નાનાભાઈ ભટ્ટ જેવા કોઈ અપવાદ હોઈ શકે પણ મોટા ભાગે કેળવણીની સંસ્થાઓ ચલાવનારા કેળવણીના માણસો હોતા નથી. પરિણામે કેળવણીનું ક્ષેત્ર ઊજળું રહ્યું નથી. એટલે સુધી કહેવાતું થયું છે કે સૌથી વધારે ભ્રષ્ટાચાર કેળવણીના ક્ષેત્રમાં પ્રવેશી ગયો છે.

આમ છતાં આદર્શ સંચાલકની વ્યાખ્યા બાંધવી હોય તો ભ્રષ્ટાચારથી ખદબદતા આ ક્ષેત્રમાં પણ, ખારા પાટમાં એકાદ મીઠી વીરડી લાધે એમ અથવા અફાટ અને ધગધગતા રણમાં એકાદ રણદ્વીપની હરિયાળી મન અને આત્માને ઠંડક આપે એમ એક તેજસ્વી સંચાલકનાં દર્શન જરૂર થઈ શકે. ખારા પાટમાં વીરડી શોધવા નીકળીએ કે ધગધગતા રણમાં રણદ્વીપની ખોજ આદરીએ તો જરૂર એક વ્યક્તિ મળી રહે. એનું નામ છે માણેકલાલ માધવલાલ પટેલ.

ઉત્તમ કલાનાં લક્ષણો ઉત્તમ કલાકૃતિઓના અભ્યાસના આધારે તારવી લેવાય છે. માણેકલાલ માટે શિક્ષણનું જે ક્ષેત્ર નિર્માયું હતું એમાં એમની ચર્યા અને આચાર જોતા રહો તો એક પછી એક ઉત્તમ સંચાલકનાં લક્ષણો લાધતાં રહેશે. આજે માણેકલાલભાઈ આપણી વચ્ચે નથી પણ કેળવણીના એમના ક્ષેત્રમાં એમણે જે કંઈ કર્યું છે જે ઉસુલો સ્થાપ્યા છે અને જે આગ્રહો રાખ્યા છે એ બધા એટલા બધા મુખરિત છે કે એમની ઉપસ્થિતિ સિવાય આપણી સમક્ષ કોઈ દળદાર વહીનાં પાનાં ઊઘડતાં રહે છે. કડી પરિસરમાં કે ગાંધીનગર પરિસરમાં ૧૯૮૪ પછી કોઈ પણ અભ્યાસક્રમની સ્થપાયેલી શિક્ષણસંસ્થા

આગળ જઈને ઊભા રહો – ત્યાં સાંભળવા મળશે, માણેકલાલભાઈએ આ વર્ષમાં, આ સંજોગોમાં આ સરકારી તંત્રના રેઢિયાળ તંત્રને ચાનક આપીને બરાબર ઢંઢોળ્યા પછી આ એકમ સ્થાપ્યું. એ એકમ કોઈ પણ શિક્ષણસંસ્થા હોઈ શકે – B.B.A, B.C.A., M.B.A., M.C.A. VI. પી.ટી.સી. કે બી.એડ્. કૉલેજ, ફાર્મસી ગુજરાતી માધ્યમની કે અંગ્રેજી માધ્યમની, કૉમર્સ કૉલેજ અંગ્રેજી માધ્યમની, એન્જિનિયરિંગ કૉલેજ, નર્સિંગ કૉલેજ, ફાર્મસી કૉલેજમાં રિસર્ચ સેન્ટર, કમ્પ્યૂટરની વિવિધ અન્ય શાખાઓ....

આ કંઈ જેવી તેવી દુનિયા છે ? શિક્ષણસંસ્થાઓની એક વિશાળ ગેલેક્સી જાણે ! પચાસ હજાર જેટલાં છોકરા-છોકરીઓ ગાંધીનગર કૅમ્પસમાં ભણે અને દસ હજાર જેટલાં છોકરા-છોકરીઓ કડી કૅમ્પસમાં ભણે, આ તંત્રને ચલાવનાર દોઢ હજાર કરતાં વધારે શિક્ષકો, અધ્યાપકો અને અન્ય કર્મચારીઓ ! છોકરા-છોકરીઓના નિવાસ માટે સંખ્યાબંધ છાત્રાલયો, ત્રણ હજાર જેટલી કન્યાઓ અને લગભગ એટલી જ સંખ્યામાં છોકરાઓ માટે અલગ-અલગ છાત્રાલયો, કેળવણીની એક આકાશગંગા જાણે !

અહીં માણેકલાલ ધોરણ-૧૦ માં અભ્યાસ કરતા હતા તે વખતે પ્રાથમિક શાળાના શિક્ષકની નોકરી માટે ઇન્ટરવ્યૂમાં ઉમેદવાર તરીકે ઉપસ્થિત થયા હતા તે પ્રસંગ પુનરાવર્તનનો દોષ વહોરીને પણ યાદ કરવા જેવો છે. પસંદગીકારોએ એમના માયકાંગલા શરીરને જોઈને નોકરી માટે નાપાસ કર્યા હતા એવું કારણ વિચારી લઈને કે આવો દૂબળો-પાતળો છોકરો વર્ગનાં છોકરાંને શી રીતે કાબૂમાં રાખવાનો ? એ બિચારા શું જાણે કે આ માયકાંગળા શરીરવાળો છોકરો માત્ર નજરથી હજારોની સંખ્યાને કાબૂમાં રાખવાનો છે !

સંપૂર્ણ પૂર્વ તૈયારી સિવાય માણેકલાલ કોઈ નવી સંસ્થાને આંધળિયાં કરીને શરૂ ન કરી દે. સંસ્થાની મંજૂરીની પૂર્વભૂમિકામાં જે કંઈ કાર્યવાહી કરવાની જરૂર હોય તે કરે, કડી-ગાંધીનગરનું નિયમિતપણે આવન-જાવન, નવાં-નવાં શિક્ષણ એકમોની મંજૂરી અર્થે સરકારમાં અને કેળવણી ખાતામાં અનેક વાર સ્થગિત થયેલા કામને વેગ આપવા કે કામ કરાવવા અનેક વાર જવું પડે. પાટણ કે અમદાવાદ યુનિવર્સિટીમાં સંસ્થાના કામ અંગે મુલાકાતો – આ બધું પોતાના ખર્ચથી માણેકલાલ કર્યા કરે. સમય, શ્રમ અને ખર્ચ બધું માણેકલાલનું પોતાનું !

આ મુલાકાતો વિશે તા. ૧૯-૧-૨૦૦૯ના રોજ સી.એમ. પટેલ નર્સિંગ

કૉલેજ અને હૉસ્ટેલના ઉદ્‌ઘાટન સમારંભ વખતે ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના વક્તવ્યના આ અંશ પરથી માણેકલાલની ભાવના વિશે સારો એવો પ્રકાશ પ્રાપ્ત થશે : 'સામાન્ય રીતે સંસ્થાઓ ચલાવનારા લોકો મુખ્યમંત્રી પાસે આવે તો રોદણાં રડતા આવતા હોય કે આ થતું નથી ને પેલું થતું નથીની ફરિયાદો લઈને આવતા હોય છે કે પછી માગણીઓ લઈને આવતા હોય. પરંતુ એક જ અપવાદ જોઈએ તો શ્રી માણેકભાઈ સતત નવાં આયોજનો લઈને આવે છે. માણેકભાઈ સમય માગે ત્યારે સમજી લેવાનું કે બે પાંચ એકર જમીન આપવાની આવી. એ એક માત્ર એવી સંસ્થા છે જે નવા વિચારો અને આયોજનો સાથે આવે છે, ખૂબ સારી બાબત છે. તેમનું ટીમવર્ક પણ સારું છે. સારી રીતે તેઓ પ્રબંધન કરી રહ્યા છે.'

શિક્ષણનું કોઈ પણ નવું એકમ શરૂ કરવાનું હોય ત્યારે ખાતાં, સરકાર કે એ અંગેની તપાસ કમિટી (A..C.T.E.) તરફથી અપેક્ષિત જરૂરિયાતો સંપૂર્ણ અને ક્ષતિરહિત હોય એ માણેકલાલ પહેલેથી જ તપાસી લે છે. મકાન, સ્ટાફ, સાધનસામગ્રી બધું જ તૈયાર હોય. ૧૯૯૫માં સંસ્થાએ શરૂ કરવા ધારેલી ફાર્મસી કૉલેજ (કે.બી. ઇન્સ્ટિટ્યૂટ ઑફ ફાર્માસ્યુટિકલ એજ્યુકેશન ઍન્ડ રિસર્ચ)ની મંજૂરી અગાઉ કૉલેજનું મકાન અને ૧૨ લૅબોરેટરીઓ તૈયાર જોઈને A.I.C.T.E. (તપાસ માટે આવેલી કમિટી)ના સભ્યો ઘણા પ્રભાવિત થયેલા. સ્ટાફની નિમણૂક માટેની સંસ્થાની તૈયારી કમિટી માટે એટલી જ પ્રભાવક હતી અને એવી જ રીતે ઈ.સ. ૨૦૦૫માં એન્જિનિયરિંગ કૉલેજ (એલ.ડી. આર.પી. ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટૅક્નૉલૉજી ઍન્ડ રિસર્ચ)ની મંજૂરી વખતે જરૂરિયાતો અંગેની સંપૂર્ણ તૈયારી જોઈ એ.આઈ.સી.ટી.આઈ.ના સભ્યો પણ અત્યંત પ્રભાવિત થયેલા અને સંસ્થા માટે ગૌરવની વાત તો એ હતી કે એ વર્ષે સારાયે ગુજરાતમાંથી એન્જિનિયરિંગ કૉલેજની મંજૂરી અંગે થયેલી અરજીઓમાં ફક્ત સર્વ વિદ્યાલય કેળવણી મંડળ કડી – ગાંધીનગરને જ મંજૂરી મળેલી. થોડા જ સમયમાં કૉલેજોનાં મોટાં-મોટાં મકાનો અને એની સાથે હૉસ્ટેલોનાં મકાનો પણ, જે ત્વરાથી માણેકલાલ તૈયાર કરાવી શકતા હતા એ પણ એમની શક્તિનું સ્વયંસ્પષ્ટ પ્રમાણ હતું.

શુદ્ધ અને પારદર્શી વહીવટ એ માણેકલાલનો પ્રથમ આદર્શ. માનવીને માનવી તરીકે ઘડવાનું અને એનામાં રાષ્ટ્રભક્તિના સંસ્કાર સિંચવાનું કામ કરનાર સંસ્થા પોતે જ ભ્રષ્ટાચારનો આશ્રય લેતી હોય તો તેનાં શાં પરિણામ

આવે ? માણેકલાલના વહીવટ હેઠળ ચાલતી બધી જ સંસ્થાઓ આ દૂષણથી મુક્ત રહે એની રખેવાળી માણેકલાલ બરાબર કરતા હતા. શૈક્ષણિક સંસ્થામાં પ્રવેશ કે નોકરી સંદર્ભે સંસ્થા કોઈ પણ સંજોગોમાં ડોનેશન સ્વીકારતી નથી. કોઈ આવી ઑફર કરે તો માણેકલાલ ગુસ્સે થઈ જાય છે. આનું દાખલા રૂપે એક ઉદાહરણ આ ગ્રંથમાં અન્યત્ર છે.

કેટલીક સંસ્થાઓ પ્રવેશ માટે નક્કી કરવામાં આવેલા મૅનેજમેન્ટ ક્વોટાનો ગેર-ઉપયોગ કરીને પ્રવેશ દીઠ વાલી પાસેથી લાખો રૂપિયા લૂંટે છે. માણેકલાલે આ મૅનેજમેન્ટ ક્વોટાની પદ્ધતિમાં તેજસ્વી પણ ગરીબ વિદ્યાર્થીઓના હક્ક ઉપર કામ આવતો જોયો. આ અન્યાયકર્તા રીતથી માણેકલાલ વેગળા રહ્યા. એમણે પોતાની સંસ્થાઓમાં મૅનેજમેન્ટ ક્વોટાના ફાળે આવતી બધી સીટો કમિટીને સરેન્ડર કરી દીધી જેથી પોતાની સંસ્થાઓમાં સઘળી બેઠકો તેજસ્વી વિદ્યાર્થીઓને મેરિટ પ્રમાણે મળી શકે. આ શુદ્ધ નીતિના કારણે માણેકલાલે, અન્ય સંસ્થાઓની જેમ અને જેટલા પ્રમાણમાં મૅનેજમેન્ટ ક્વોટાની સીટો ઉપર ડોનેશન સ્વીકારવામાં આવે તો, કરોડો રૂપિયાની આવક જતી કરી છે, અને વિશેષ આશ્ચર્ય તો એ વાતનું કે સંચાલક મંડળ અને મંડળના સભ્યો માણેકલાલના વહીવટમાં એવી દૃઢ શ્રદ્ધા ધરાવતા હતા કે કરોડો રૂપિયાની આવક જતી કરવા છતાં કોઈ સભ્ય તરફથી અસંમતિનો એક હરફ પણ ઉચ્ચારાતો નહોતો.

માણેકલાલે ગરીબ વિદ્યાર્થીઓના લાભાર્થે ફી વેઇવર સ્કીમ અમલમાં મૂકી હતી (જે આજે એમની અનુપસ્થિતિમાં ચાલુ છે.) સરકાર તરફથી સૂચવાયેલી આ સ્કીમમાં સંસ્થા ૧૦ ટકા વિદ્યાર્થીઓને સંપૂર્ણ ફી માફી સાથે ભણાવી શકે સામે લાભ રૂપે સંસ્થા એટલી સંખ્યામાં વધારે વિદ્યાર્થીઓને પ્રવેશ આપી શકે. આ એક ઉત્તમ યોજના છે. ૬૦ વિદ્યાર્થીઓનો વર્ગ હોય એટલે સંસ્થા ૬ વિદ્યાર્થીઓને સંપૂર્ણ માફી આપી શકે સામે એટલા જ વિદ્યાર્થીઓ વધારે દાખલ થયા હોવાથી જતી કરેલી ફીની રકમ આ વધારે દાખલ થયેલા વિદ્યાર્થીઓ પાસેથી મળી રહે. આમ સંસ્થાને કશું નુકસાન થતું નથી. આમ હોવા છતાં આશ્ચર્યની વાત એ છે કે સંસ્થાઓ આ યોજનાનો લાભ લેતી નહોતી. હવે ૫ ટકા ફરજિયાત યોજના પ્રવેશી છે.

માણેકલાલ આ યોજના ઉપરાંત પણ ગરીબ વિદ્યાર્થીઓને સંસ્થા તરફથી જરૂર જણાય ત્યાં ફી માફીનો લાભ આપતા રહેતા હતા.

સંસ્થાના કર્મચારીઓના પગાર અને નિયત એલાઉન્સ સરકારી ધોરણે નિશ્ચિતપણે આપવા માટે માણેકલાલ આગ્રહી. પગાર અને એલાઉન્સ તો સરકારી ધોરણે ચૂકવાય જ ઉપરાંત કેટલાકને તો સ્ટાફ ક્વાટર્સમાં રહેવાનો લાભ પણ માણેકલાલ આપતા. બધા જ પરિસરોમાં માણેકલાલની નજર ફરતી જ રહે. શિક્ષણભવનો, હૉસ્ટેલો, રસોડું, મહેમાનગૃહ બધું જ એમની નજર તળે. મહેમાનગૃહમાં કોને ઉતારો આપવો એ પણ એમની સૂચના અનુસાર જ થાય. ઉતારો પામેલા અતિથિઓની સરભરા બરાબર થાય એની સૂચના કર્મચારીઓને તો આપે જ પણ પોતાનાં સૂચનોનો અમલ બરાબર રીતે થાય છે કે નહીં એની પણ બરાબર ખબર રાખે.

કૅમ્પસમાં હાજરી આપવામાં ચુસ્ત અને નિયમિત. સામાન્ય દિવસોમાં પ્રત્યેક મંગળવારે અને શુક્રવારે એમની હાજરી ગાંધીનગરના સંકુલમાં રહેતી જ. સવારે દસ-સાડાદસ વાગે એ એમની ચેમ્બરમાં પહોંચી જતા અને પાંચ વાગ્યા સુધી હાજર રહી દરેક શાખાનું કામ, જે-તે જવાબદાર અધિકારી કે કર્મચારીને બોલાવીને બરાબર જાણી લે, બરાબર તપાસી લે અને જરૂરી સૂચના આપે. વૅકેશનમાં પ્રવેશનું કામ ચાલતું હોય ત્યારે, વિવિધ પરિણામોના દિવસોમાં અને શૈક્ષણિક સત્રના આરંભના દિવસોમાં એમની ગાંધીનગર કૅમ્પસમાં રોજ હાજરી હોય. જુદાં-જુદાં શિક્ષણ એકમો (પ્રાથમિક, માધ્યમિક, કૉલેજ કે બાલમંદિર)માં નાનીમોટી પ્રવૃત્તિઓનું આયોજન હોય ત્યારે એને લગતા સમારંભોમાં કે પ્રવૃત્તિઓમાં એમની હાજરી હોય જ.

સર્વ વિદ્યાલય કૅમ્પસ, કડીમાં પણ પ્રત્યેક બુધવારે અને પ્રવૃત્તિઓના સમયે એમની હાજરી હોય. વધારામાં દર બુધવારે રાત્રે બંને સંસ્થાઓ અને ક.પા.કેળવણી ઉત્તેજક મંડળના મંત્રીઓ સાથે સંસ્થાકીય ચર્ચા કરતા બેઠા હોય અને નિયમિતપણે સવારે ૮ થી ૯ વાગ્યા સુધી ક.પા. તથા સર્વ વિદ્યાલય કેળવણી મંડળના મંત્રીઓ ડૉ. રામભાઈ, ડૉ. મણિભાઈ, શ્રી વલ્લભભાઈ (સરદાર) અને શ્રી ખોડાભાઈ અચૂક હાજર હોય.

કેળવણીની સંસ્થાનો સંચાલક માત્ર હોશિયાર વહીવટકર્તા હોય અને સંસ્થા ચલાવવામાં નફાતોટાનું જ ધ્યાન રાખતો હોય તે કેમ ચાલે ? એનું મુખ્ય ધ્યેય કેળવણી હોવું જોઈએ અને ગૌણ વાતરૂપે વહીવટ. આ ગ્રંથના ચરિત્ર નાયક માણેકલાલ પટેલ પ્રથમ ક્રમે કેળવણીવિદ્ અને પછી વહીવટદાર. અહીં એ હકીકત સ્પષ્ટ કરવી જોઈએ કે ઉપરોક્ત બંને ક્ષેત્રમાં એ એક સરખા

નિપુણ અને પ્રતિભાવંત હતા. અહીં આપણે એમને કેળવણીકાર કહેવાને બદલે એમને કેળવણીના એક કર્મઠ સેનાની કહીશું. કેળવણી કોને કહેવાય એ જાણતા હતા એટલે કેળવણીવિદ્ અને કેળવણીના ધ્યેય માટે સતત પ્રયત્નશીલ એટલે કર્મઠ સેનાની.

કેળવણીનો બંદો પારકું કે પોતાનું એવા ભેદ સમજતો નથી. કેળવણીનું કામ એ પોતાનું કામ સમજે છે. એટલે જ તો એ શિક્ષણપ્રેમી છે. એમનો શિક્ષણપ્રેમ એટલો વ્યાપક હતો કે બહારની જુદી-જુદી સંસ્થાઓ તરફથી યોજાતા વર્કશોપ, સેમિનારો, ચર્ચાઓ, ગોષ્ઠીઓ જેવા અનેક પ્રકારના શૈક્ષણિક કાર્યક્રમો માટે બહારની સંસ્થાઓ તરફથી માગણી થતાં એ સંસ્થાઓને સર્વ વિદ્યાલયનું ઓડિટોરિયમ કે હૉલ કે મહેમાનગૃહનો કૉન્ફરન્સ હૉલ પ્રેમથી વાપરવા આપે, સર્વ વિદ્યાલય કેળવણી મંડળના કર્મચારીઓ એમની સર્વ પ્રકારની સગવડ સાચવે અને ભોજનની વ્યવસ્થા પણ આપે અને અંતે ? જે-તે સંસ્થાનો ગમે તેટલો આગ્રહ હોય તોપણ ખર્ચનો એક રૂપિયો પણ ન સ્વીકારે. ઉદાહરણ તરીકે જેમાં ભાગીદાર તરીકે પ્રત્યક્ષ હાજરી હતી એવી એક ઘટના અહીં નોંધવા પ્રેરાઉ છું. ઉપર કહ્યું તેમ બહારની સંસ્થાઓના કાર્યક્રમોનું આયોજન સર્વ વિદ્યાલય કેળવણી મંડળ ગાંધીનગર કે કડીના કૅમ્પસમાં ઘણી વાર થતું હતું. પાઠ્યપુસ્તક મંડળ, ગાંધીનગર તરફથી જુદાં જુદાં ધોરણોનાં જુદાં જુદાં પાઠ્ય પુસ્તકોના સંપાદનનું કાર્ય માણેકલાલની સંમતિથી સર્વ વિદ્યાલય કૅમ્પસ ગાંધીનગરના મહેમાન ગૃહમાં ગોઠવાતું હતું. ઉપલા માળની ચારેય રૂમો (એ.સી. સગવડ સાથેની) પાઠ્યપુસ્તક મંડળને ઉપયોગ માટે ખોલી આપવામાં આવતી હતી. વ્યવસ્થા માટે સંસ્થાનો કર્મચારી હાજર રહેતો. જમવાની વ્યવસ્થા પણ સંસ્થાના રસોડે થતી. આ કામ એક પુસ્તક માટેનું હોય એટલે એના ચાર સંપાદકો અને મંડળના એક અધિકારી એમ વધુમાં વધુ પાંચ જણ હોય. કાર્ય બે અથવા અઢી દિવસ ચાલવાનું હોય. આગ્રહ છતાં નાણાં ન સ્વીકારવાની વાત કોઠે પડી ગઈ હતી. પણ એક વખત પાઠ્યપુસ્તક મંડળ બદલાયેલા અભ્યાસક્રમને કારણે અથવા બીજા કોઈ સંજોગોવશાત્ બધાં પુસ્તકો તૈયાર કરવામાં મોડું પડ્યું હતું એટલે એક સામટું અને ઝડપથી ઘણાં પુસ્તકોનું કામ કરવું પડે એમ હતું. એટલે માણેકલાલની ખાસ મંજૂરીથી કેટલાંક પુસ્તકોનું કામ સર્વ વિદ્યાલય, કડી ખાતે ગોઠવાયું હતું. મુકામ ગર્લ્સ હૉસ્ટેલમાં રાખ્યો હતો. ઉનાળાનું વૅકેશન હતું એટલે હૉસ્ટેલનું મકાન ખાલી હતું લિફ્ટ સાથેનું

વિશાળ મકાન. કામ કરનારની સંખ્યા પણ ઘણી હતી.

ત્રણ દિવસ કામ ચાલ્યું. કામની પૂર્ણાહુતિ પછી પાઠ્યપુસ્તક મંડળના આ કાર્ય માટેનાં સંયોજક બહેને મને કહ્યું, "આ વખતે રહેનાર જમનારની સંખ્યા ઘણી મોટી છે. એટલે આપણે ખર્ચના નાણાં ચૂકવવાં જ જોઈએ.'

પાઠ્યપુસ્તક મંડળમાંથી નાણાં લઈને આવેલા ક્લાર્ક ભાઈને મંડળની ઑફિસમાં હિસાબનીસ પાસે ચુકવણા માટે મોકલ્યા.

હિસાબનીસે કહ્યું, 'પહેલાં સાહેબને મળો.'

સાહેબ એટલે માણેકલાલ.

માણેકલાલે નાણાં સ્વીકારવાની સ્પષ્ટ ના કહી. સંયોજક બહેન તેમ જ મેં પણ ભારપૂર્વક માણેકલાલભાઈને એ સમજાવવા પ્રયત્ન કર્યો કે પાઠ્યપુસ્તકના સંપાદન માટે જે વ્યક્તિઓ કામ કરે છે એમને પાઠ્યપુસ્તક મંડળ તરફથી ક્લાસ વન ઑફિસરને જે પ્રમાણમાં ભથ્થાં-ભાડાં મળે છે તેટલા પ્રમાણમાં આપવામાં આવે છે તે આજે જ રોકડા આપી દેવામાં આવશે. આ સમજૂતી આપીને ખર્ચના નાણાં સ્વીકારવા ખૂબ આગ્રહ કર્યો, પણ માણેકલાલ એક ના બે ન થયા. એમણે નાણાં ન સ્વીકાર્યાં તે ન સ્વીકાર્યાં. એમની દલીલ હતી – પાઠ્યપુસ્તકનું કામ એ વિદ્યાર્થીઓ માટેનું કામ છે, એ કેળવણીનું જ કામ થયું. એ કામ તમારા થકું થાય કે અમારા થકું, બધું સરખું છે. અમે કેળવણીનું આ કામ થાય એમાં સહયોગ કરી શક્યા એનો અમને આનંદ છે.

આવું જ એક મોટું કામ માણેકલાલની ઉદાર નીતિને કારણે નાના બાર કડવા પાટીદાર સમાજનું થાય છે. દેખીતી રીતે આ એક જ્ઞાતિ-સમાજનું કામ જણાય. એના કાર્યમાં કેટલા પ્રમાણનો સહયોગ ઉચિત ગણાય ? પણ એ સમાજે જે પ્રવૃત્તિ માટે માણેકલાલની સહાય માગી એ જોતાં તો એ કામ નર્યું કેળવણીનું હતું. ઉપરોક્ત કડવા પાટીદાર સમાજનાં ૧૮ ગામ છે. કહેવાય છે ૧૮ ગામ પણ સંખ્યા થોડી વધારે છે. આ સમાજનું એક પેટામંડળ અમદાવાદમાં ચાલે છે. અમદાવાદના આ પેટામંડળ દ્વારા દર વર્ષે ધોરણ-૧૦ અને ૧૨માં ઉત્તીર્ણ થયેલાં વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓ માટે કારકિર્દી પસંદગી અંગેના માર્ગદર્શન માટે બે દિવસનો સેમિનાર રાખવામાં આવે છે. આ સેમિનારમાં વાલીઓ પણ આવી શકે છે. સંખ્યા ઘણી મોટી થાય છે. આ સેમિનાર પ્રતિવર્ષ મે મહિનામાં યોજાય છે. એ દિવસોમાં હૉસ્ટેલો ખાલી હોય. ઉપરોક્ત સેમિનાર માટે અમદાવાદના કાર્યકરો ઘણી વાર સગવડના હેતુથી માણેકલાલનો સંપર્ક સાધે છે. આ કામ

બાહ્ય રીતે ભલે એક જ્ઞાતિ સમાજનું દેખાતું હોય પણ એ નર્યું કેળવણીનું છે. એ ગણતરીએ માણેકલાલ ઉક્ત સેમિનાર માટે પ્રેમથી રહેવા-જમવાની અને સભા માટે હૉલની સગવડ આપે છે.

સાહિત્ય મંડળ, કડીનું હોય કે સાહિત્ય પરિષદ, અમદાવાદની હોય એ પણ લાંબી દૃષ્ટિએ કેળવણીનાં જ અંગો હોઈ માણેકલાલની ઉદાર દૃષ્ટિથી લાભાન્વિત થાય છે.

સરવાળે માણેકલાલને કેળવણી મંડળના એક સંચાલક કહેવા કરતાં એક કેળવણીકાર તરીકે ઓળખવા વધારે ઉચિત ગણાય.

❐

## ૨૦

# સાહિત્યના સંગી

માણેકલાલની ગુજરાતી સાહિત્ય સાથેની નિસબત વિશે આ પ્રકરણમાં વાત કરવી છે. પ્રશ્ન થશે કે એક ઉદ્યોગપતિને સાહિત્ય સાથે શી નિસબત ? વાસ્તવિક જીવનમાં આપણે જે જોતા અને અનુભવતા આવ્યા છીએ એના આધારે આવો પ્રશ્ન સાવ સ્વાભાવિક છે. પણ માણેકલાલની બાબતમાં આવો પ્રશ્ન કરતાં પહેલાં એમના વ્યક્તિત્વને બરાબર સમજી લેવાની જરૂર છે. માણેકલાલના જીવનના જુદા-જુદા તબક્કે એમની વિવિધ ક્ષેત્રો સાથે નિસબત જોડાતી રહી છે. પ્રત્યેક નિસબત વખતે આપણને એક જુદા જ માણેકલાલનાં દર્શન થાય છે. એ નિસબત કદી શુષ્ક નથી હોતી. સંબંધકર્તા નિસબતના ક્ષેત્રની પૂરી જાણકારી માણેકલાલ ધરાવતા હોય એવી આપણને પ્રતીતિ થયા વિના રહેતી નથી. આવા જીવંત વ્યક્તિત્વ (ડાયનેમિક પર્સનાલિટી) વિશે આચાર્ય બળદેવભાઈનું અવલોકન રસપ્રદ છે. માણેકલાલને સમજવા માટે એ ઘણું ઉપયોગી છે. આપણો મૂળભૂત હેતુ માણેકલાલને સમજવાનો છે. સાહિત્ય સાથેની નિસબત પણ આ અવલોકનમાં રહેલી પ્રક્રિયાનો એક અંશ છે. એટલે બળદેવભાઈનું અવલોકન ઉચિત સ્થાને ગણાશે. બળદેવભાઈ કહે છે : (જ્યારે એ મ્યુનિસિપાલિટી સાથે સકળાયેલા હતા) તે વખતના અરસામાં જાહેર મંચ ઉપરથી જ્યારે-જ્યારે તેમને બોલવાનું થતું ત્યારે તેમનાં પ્રવચનોમાં મ્યુનિસિપલ ઍક્ટ, ગ્રાન્ટ ઇન એઇડ કોડ, રૂલ્સ ઍન્ડ રેગ્યુલેશન્સ, કૉર્પોરેટ બૉડી અને એક્ઝિક્યુટિવ બૉડી એવું બધું અચૂક આવે જ. સ્વેચ્છાએ રાજીનામું આપીને તેઓએ નગરપાલિકાની સેવા છોડીને વેપાર ઉદ્યોગ ધંધામાં ઝંપલાવ્યું. ઑઇલ મિલો અને જિનિંગ ફૅક્ટરીઓનો વહીવટ સંભાળ્યો ત્યાર પછીનાં તેમના જાહેર પ્રવચનોમાં જે ફેરફાર થતા રહ્યા તે નોંધવાનું મન થાય એવું છે. મ્યુ. એક્ટ,

નગરપાલિકા, કાયદો, કૉર્પોરેટ બૉડી, એક્ઝિક્યુટિવ બૉડી એવુ બધું જતું રહ્યું ને પછી ઑઇલ, રૂ, બજાર, વેપાર-ઉદ્યોગની સમસ્યાઓ, મજૂર કાયદો, મજૂર અદાલત વગેરે... એવું બધું આવતું થયું. તે પછી તેઓ બૅન્કનો વહીવટ સંભાળતા થયા ત્યારે સહકારી બૅન્કોનો કાયદો, થાપણો, ધિરાણો, આર્થિક વિનિમય દ્વારા વ્યક્તિ અને સમાજનો વિકાસ વગેરે જેવા વિષયો તેમના જાહેર વક્તવ્યોમાં આવતા થયા. ભાગ્યોદય જનરલ હૉસ્પિટલ ઊભી કરીને તેનું સંચાલન હાથમાં લીધું ત્યારે આરોગ્ય, જાહેર સુખાકારી, ડૉક્ટર, દવાઓ, વગેરે જેવા વિષયો તેમનાં જાહેર ઉદ્‌બોધનમાં સ્થાન લેવા લાગ્યા. હવે, આજે જ્યારે મુખ્ય સેવાક્ષેત્ર શિક્ષણનું થયું છે ત્યારે જાહેર પ્રવચનો અને વાર્તાલાપોમાં શિક્ષણ, સમસ્યાઓ, બાળકોનો વિકાસ, એક્સેલેન્સી, શૈક્ષણિક સંસ્થાઓના સંચાલનના પ્રશ્નો, શિક્ષકો અને શિસ્ત, ચારિત્ર્યઘડતર વગેરે જેવા અનેક વિષયોનો ઉલ્લેખ અને વિગતવાર ઊંડાણભર્યાં વિવરણો અને વિવેચનો મુખ્ય સ્થાને હોય છે. આ બધું સૂચવી જાય છે કે માણેકભાઈ સમયે સમયે જે કોઈ પ્રવૃત્તિ તેમના હાથમાં લે અથવા પ્રવૃત્તિ સામેથી આવી મળે ત્યારે તેની ફરજ – જવાબદારીમાંથી પલાયનવૃત્તિ કે પીછેહઠ કર્યા સિવાય, એ કામોને એવા તો આત્મસાત કરી લેતા, તેમાં તેઓ એવા તો ઓતપ્રોત બની જતા કે બેસતાં-ઊઠતાં, સૂતાં-જાગતાં બસ એના જ વિચારો ને એનું જ ચિંતન જાણે કે તેઓ તે પ્રવૃત્તિમય બની જતા. કામ અને માણેકભાઈ જુદા ન રહેતાં – એક થઈ જતાં.'

ઉદ્યોગપતિ માણેકલાલ અને સાહિત્યને જોડવાનું કામ માણેકલાલને ઉપરોક્ત પ્રક્રિયા સાથે સાંકળીએ તો સમજાય. જોકે પૃષ્ઠભૂમિ વગર કશું અંકાતું નથી. તેમ જ એના ઉપર કશી ઇમારત ચણાતી નથી.

સાહિત્ય સાથેની નિસબત માટેની માણેકલાલની ભૂમિકા અત્યંત સમૃદ્ધ હતી. સર્વ વિદ્યાલય જ્યારે પાટીદાર વિદ્યાલય હતું (૧૯૩૫ પહેલાં) ત્યારથી જ એટલે કે સંસ્થાના આરંભથી જ સંસ્થાની આબોહવા સાહિત્યમય હતી. એ આબોહવાના નિર્માણમાં શાન્તિનિકેતનમાં અભ્યાસ અને તાલીમ પામેલા શિક્ષક ઉમેદભાઈ પટેલનું મુખ્ય યોગદાન હતું. ડાહ્યાભાઈ જાની (The Romance of the Cow) નામના એક દળદાર ગ્રંથના સર્જક અને કિશોરલાલ મશરૂવાળાને ગીતાના સમશ્લોકી અનુવાદમાં જરૂર પડે ત્યારે શબ્દસંદર્ભે સહયોગ કરનાર) એ આબોહવાના એક પ્રેરક સ્રોતરૂપ હતા. અને શાળાના આચાર્ય બાપુભાઈ ગામી મહર્ષિ અરવિંદના સંનિષ્ઠ અભ્યાસી હતા જે સાહિત્યના ક્ષેત્રમાં પૂરક બળરૂપ હતા.

શાળાનું આ વાતાવરણ ઠાલો ઠાલો કોઈ ઘટાટોપ નહોતો. એમાં પીતાંબર પટેલ અને અનામી જેવા સાહિત્યકારો આકાર પામ્યા. વર્ગે-વર્ગે હસ્તલિખિત સાહિત્યિક અંકો પ્રગટતા. શાળાનું આરંભનું આ વાતાવરણ અને એની આબોહવા પરંપરાગત રૂપે જામેલી રહી.

એમ ન હોત તો માણેકલાલ રાષ્ટ્રભાષા પ્રચાર સમિતિની પ્રારંભિક સમિતિની પ્રારંભિક, પરિચય અને કોવિદની પરીક્ષાઓ શા માટે આપત ? રોજ ઊંટવા ગામથી શાળાએ આવન-જાવન કરવામાં સમય અને થાકના પ્રશ્ન સામે સાહિત્યની દુનિયા સાથે સંકળાયેલી આ પરીક્ષાઓ શા માટે આપત ?

અને એમના જ અભ્યાસકાળ દરમિયાન એમનાથી કોઈ એક વર્ષ અને કોઈ બે વર્ષ પાછળ ભણતા વિદ્યાર્થીઓ કેવા સાહિત્યવિહારી હતા. એ બધામાં ભોળાભાઈ પટેલ જે શ્રેષ્ઠ કોટિના સાહિત્યકાર નીવડ્યા. ગુજરાત સાહિત્ય અકાદમીના તેમ જ ગુજરાતસાહિત્ય પરિષદના પ્રમુખ પણ બન્યા. શાન્તિનિકેતનમાં એક વર્ષ માટે માનદ વ્યાખ્યાતા તરીકે માન પામ્યા, નિબંધકાર અને અનુવાદક તરીકે તેમનું ઊંચું નામ.

નરોત્તમ અને પી.સી. તો પ્રયાગના સાહિત્ય વિશારદ બની ચૂક્યા હતા અને છોટુ સુથાર (પ્રકાશ ગજ્જર) તથા ભગવત સુથાર પછીથી જાણીતા સાહિત્યકાર તરીકે નામ કમાયા હતા.

શાળાના આ વાતાવરણે માણેકલાલ પોતે પણ જાણતા હોય કે ન સમજી શક્યા હોય, એમનામાં સાહિત્યની સમજનાં બી રોપ્યાં હતાં. એમની સાહિત્યની નિસબત જાગી કડીમાં ચાલતા વાર્તાવર્તુળના કારણે.

આ વાર્તાવર્તુળ કશા નામ કે ઠામ વગર આરંભાયું ૧૯૬૫માં કડીમાં. એ વખતે નીવડેલા બે વાર્તાકારો એક હું અને બીજા રામજીભાઈ કડિયા. રામજીભાઈ કડિયા ઝવેરી આર. ટી. હાઈસ્કૂલમાં શિક્ષક. વાર્તાઓ લખે અને છપાય. હું સર્વ વિદ્યાલયમાં આચાર્ય. ૧૯૬૫ સુધીમાં મારા ચાર વાર્તાસંગ્રહો અને ત્રણ નવલકથાઓ પ્રગટ થઈ ચૂકેલાં. અમે મળીએ કોઈ વખતે મારે ત્યાં અને કોઈ વખતે રામજીભાઈને ત્યાં. વાર્તાના ક્ષેત્રની ઝાઝી અને બીજી થોડી, સાહિત્ય અંગેની અમારી ચર્ચા ચાલતી રહે. પછી સર્વ વિદ્યાલયના એક સમયના વિદ્યાર્થીઓ – રમેશ ત્રિવેદી, ભગવત સુથાર અને દિલીપ રોય પણ વાર્તાઓ લખતા હતા. એમને અમારી સાથે ભેળવ્યા, ત્યારબાદ ઉપેન્દ્ર રાવળ અને ચંપકલાલ બારોટનો ઉમેરો થયો. ડૉ. બિપીન પરીખ ઉમેરાયા અને ઓછાવત્તા

અંશે કાન્તિ રામી પણ ચર્ચામાં ભાગ લેતા થયા. એક મહત્ત્વનો ઉમેરો થયો ન્યાયની કૉર્ટના પી.પી. સન્મુખ પટેલનો અને આમ એક મજાનું વર્તુળ રચાયું જે કડી વાર્તાવર્તુળ તરીકે ઓળખાયું. હવે આ વર્તુળ સભ્યોના વ્યક્તિગત આમંત્રણથી કોઈ-કોઈ સભ્યને ત્યાં મળતું ખરું, પણ એનું કાયમી મિલનસ્થાન તો અમદાવાદી દરવાજાની બાજુમાં જ બ્રહ્મપોળના નિવાસી વસંતભાઈ શુક્લના મેડા ઉપર બન્યું. ત્યાં વર્તુળના સભ્યો મળતા. પોતે રચેલી કૃતિઓ વાંચતા અને એના ઉપર ચર્ચા થતી. પીતાંબર પટેલ જે 'સંદેશ'ની માલિકીના વાર્તા માસિક 'આરામ'ના સંપાદક હતા, એમના આમંત્રણાથી વર્તુળે 'આરામ' ને 'વહેતી વાર્તા' વિભાગમાં બે નવલકથાઓ લખી આપેલી જે લોકપ્રિય નીવડ્યાના સમાચાર અમને સંપાદક તરફથી મળેલા.

વાર્તાવર્તુળના આ સાહિત્યસર્જકો હવે કડીમાં સારા પ્રમાણમાં ખ્યાત થયા હતા. એક વાર કડીની લાયન્સ ક્લબે કડીમાં સ્થિત તેમ જ કડી જેમનું વતન હોય તે સાહિત્યકારોનો સન્માન સમારંભ રાખ્યો. કડીના સાહિત્યકારો તરીકે કડી વાર્તાવર્તુળ ઉપરાંત યશવંત કડીકર, રતિલાલ નાયક અને પ્રસાદ બ્રહ્મભટ્ટ આ ત્રણ સાહિત્યકારો જે અમદાવાદમાં વસતા હતા તેમને અને કડીમાં જે વાર્તાવર્તુળના અત્યાર સુધી સભ્ય નહોતા પણ સર્જન માટે અભિમુખ હતા તે રજનીકાન્ત શાહને પણ આમંત્રણ આપ્યું. સમારંભનું સ્થળ સર્વ વિદ્યાલય પરિસર હતું અને સમારંભના પ્રમુખ માણેકલાલ હતા.

સમારંભનું કામ સરસ રીતે ચાલ્યું. એક નાના શહેરમાં આટલા બધા સાહિત્યકારો હોય એવું બીજે ભાગ્યે જ હશે. આ વિચારે એક સારી હવા જમાવી અને પ્રમુખ સ્થાનેથી માણેકલાલભાઈએ એમના પ્રવચનમાં સાહિત્ય માટે એક ઉમદા દરખાસ્ત મૂકી અને કહ્યું, 'કડીના આ વાર્તાવર્તુળ સાથે શ્રી મોહનલાલ પટેલનું નામ જોડવામાં આવે અને એ નામનું રજિસ્ટર્ડ ટ્રસ્ટ રચવામાં આવે તો પોતે કડી નાગરિક સહકારી બૅન્ક દ્વારા એક લાખ રૂપિયાનું દાન અપાવી શકે'. સૌ જાણતા હતા કે બૅન્કમાં માણેકલાલનો શબ્દ પાછો ન પડે એટલે એક લાખ રૂપિયા મળી ગયા બરાબરનું આ વચન હતું. સૌ રાજી થયા અને એક અવાજે માણેકલાલની વાત વધાવી લીધી. એ વખતે સમારંભના સમાપન પહેલાં બીજા પાંત્રીસ હજાર રૂપિયાનાં વચન મળ્યાં.

માણેકલાલ દ્વારા થયેલી આ જાહેરાત એક સાચી નિસબતની દ્યોતક ગણાય. અન્યથા, સમારંભમાં સર્જકો માટે પ્રશંસાના થોડા બોલ ઉચ્ચારીને

એમણે પ્રવચન સમેટી લીધું હોત.

એ દિવસે જ કડી વાર્તાવર્તુળે માણેકલાલના સૂચન અનુસાર વર્તુળનું નામ 'મોહનલાલ પટેલ સાહિત્ય વર્તુળ' રાખવાનું ઠરાવ્યું. ટ્રસ્ટી મંડળનાં નામ નક્કી થયાં. વર્તુળમાં ચાર નવા સભ્યો ઉમેરાયા – યશવંત કડીકર, રતિલાલ નાયક, પ્રસાદ બ્રહ્મભટ્ટ અને રજનીકાન્ત શાહ. ટ્રસ્ટીઓમાં કડી સાથે સંકળાયેલા ઉપરોક્ત અને કડીમાં સ્થિત બધા સર્જકોને ટ્રસ્ટીમંડળમાં સમાવ્યા. જેમને અમે વર્તુળના આધાર રૂપ ગણ્યા તે શ્રી માણેકલાલ, ડૉ. રામભાઈ પટેલ અને શ્રી મનુભાઈ પટેલને ટ્રસ્ટીમંડળના મોખરે સ્થાન આપ્યું. શ્રી રામજીભાઈ કડિયા ગવર્નિંગ ટ્રસ્ટી બન્યા. અગાઉ વર્તુળના પ્રમુખ મોહનલાલ પટેલ હતા. તે નવા સાહિત્ય વર્તુળના પ્રમુખપદે રહ્યા.

નવા વર્તુળના ટ્રસ્ટને રજિસ્ટર્ડ કરાવવાની કાર્યવાહી શરૂ કરી દેવામાં આવી અને સને ૧૯૫૦ના મુંબઈ સાર્વજનિક ટ્રસ્ટના ૨૯મા અધિનિયમ અન્વયે મહેસાણા પ્રદેશ, મહેસાણા સાર્વજનિક ટ્રસ્ટ નોંધણી કચેરીમાં અમારું સૂચિત ટ્રસ્ટ રજિ. નંબર ઈ૩૭૧૬/મહેસાણા ૧૮ એપ્રિલ, ૧૯૯૫થી 'મોહનલાલ પટેલ સાહિત્ય વર્તુળ', કડી. જિ. મહેસાણા નામથી રજિસ્ટર્ડ થયું.

આ પછી માણેકલાલે સંસ્થાના મધ્યસ્થ કાર્યાલયમાં, પગથિયાં ચઢતાં જમણી બાજુએ સાહિત્ય વર્તુળ કાર્યાલય માટે એક રૂમ ફાળવી આપી. આ રૂમમાં કૉન્ફરન્સ માટેનું લાંબું વિશાળ ટેબલ ફરતે ખુરશીઓ અને બે કબાટની જોગવાઈ પણ કરી આપી.

આ નિસબત કંઈ કાગળ પરની નહોતી. સાહિત્ય વર્તુળ ઘણી પ્રવૃત્તિઓ કરતું હતું. અલબત્ત, રજિસ્ટ્રેશન મેળવ્યા પછી વર્તુળની પ્રવૃત્તિઓ માત્ર વાર્તાના સર્જન અને ચર્ચા પૂરતી મર્યાદિત ન રહેતાં એનો વ્યાપ ઘણો વધ્યો. રજિસ્ટર્ડ સંસ્થા થયા પછી અને એને મોટા પ્રમાણમાં આર્થિક સહાય મળ્યા પછી એની પ્રવૃત્તિક્ષમતા વધી. હવે એ ગુજરાતી સાહિત્ય અકાદમી, ગુજરાતી સાહિત્ય પરિષદ વગેરે જેવી સંસ્થાઓના સહયોગમાં સાહિત્યનાં જ્ઞાનસત્રો, કાર્યશિબિરો અને સેમિનારો યોજે છે. મૂર્ધન્ય સાહિત્યકારોનાં વ્યાખ્યાન, વિદ્યાર્થીઓની સાહિત્યરુચિ કેળવાય એ હેતુથી જ્ઞાનસત્રો અને સ્પર્ધાઓનું આયોજન કરે છે. માગણી આવ્યે સાહિત્યસર્જકોને એમના પુસ્તકના પ્રકાશન અર્થે આર્થિક મદદ કરે છે. સાહિત્ય વર્તુળ પોતે પણ પુસ્તકોનું પ્રકાશન કરે છે. કચ્છના ધરતીકંપ (ઈ.સ. ૨૦૦૧) વખતે આ વર્તુળે ગુજરાતી સાહિત્ય પરિષદ દ્વારા

રાહતફંડમાં રૂ. ૧૦૦૦૦=૦૦નો ફાળો મોકલ્યો હતો. વર્તુળનો એક પ્રવૃત્તિવિશેષ 'મોહનલાલ પટેલ વ્યાખ્યાનમાળા'. આ વ્યાખ્યાનમાળાની યોજના હેઠળ પ્રતિવર્ષ કોઈ જાણીતા સર્જક અથવા વિવેચકનું વ્યાખ્યાન રાખવામાં આવે છે અને વ્યાખ્યાતાને લાવવા-લઈ જવાની સગવડ ઉપરાંત વ્યાખ્યાનનો સંતોષકારક પુરસ્કાર પણ આપવામાં આવે છે.

કડીના આ સાહિત્ય વર્તુળને દાન આપી-અપાવીને માણેકલાલ વેગળા રહ્યા નહોતા. વર્તુળની પ્રત્યેક પ્રવૃત્તિમાં એ હાજરી આપતા. ઘટતાં સૂચનો પણ કરતા અને સૌથી મોટી વાત તો એ કે પ્રવૃત્તિ સમયે હાજર રહેનાર સૌની આરંભમાં ચા-નાસ્તાની અને અંતે જમવાની વ્યવસ્થા એ પોતે અચૂકપણે કરાવતા. આ અંગે જે કંઈ ખર્ચ થાય તે વર્તુળને ભોગવવા દેતા નહીં. એ બધું એમના તરફથી જ ગોઠવાઈ જતું. અને ખૂબીની વાત એ છે કે આ બધી વ્યવસ્થા એમની અંગત દેખરેખ નીચે થતી. શ્રી માણેકલાલ દ્વારા સાહિત્યનાં કેવાં નક્કર કામ થયાં છે એ કડી સાહિત્ય વર્તુળના સંબંધમાં આપણે જોયું એવું જ ગરવું એક કામ એમના હાથે ઈ.સ. ૨૦૦૧માં થયું. મોહનલાલ પટેલના અમૃત મહોત્સવની ઉજવણી વખતે અમૃતપર્વ સમિતિના એ અધ્યક્ષ હતા. મહોત્સવ તો ભવ્ય રીતે પાણ મુકામે યુનિવર્સિટી કૅમ્પસમાં ઊજવાયો. એ પ્રસંગે શ્રી માણેકલાલે ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના કુલપતિને 'મોહનલાલ પટેલ ભારતીય સાહિત્ય વ્યાખ્યાનમાળા'ના આયોજન માટે રૂપિયા પાંચ લાખનો ચેક અર્પણ કર્યો. આ વ્યાખ્યાનમાળા અંતર્ગત પ્રતિવર્ષ ભારતના કોઈ પણ રાજ્યમાંથી કોઈ પણ ભાષાના મૂર્ધન્ય સાહિત્યકારને વ્યાખ્યાન માટે નિમંત્રવાના હતા. વ્યાખ્યાતાને હવાઈ મુસાફરીનું ભાડું, અમદાવાદની કોઈ ઉત્તમ હોટલમાં ઉતારો અને ત્યાંથી પાટણમાં વ્યાખ્યાનના સ્થળે લઈ આવવા અને પછી એરપોર્ટ સુધી મૂકી આવવાની જવાબદારી યુનિવર્સિટીએ અદા કરવાની હોય છે. વ્યાખ્યાતાને વ્યાખ્યાનનો પુરસ્કાર રૂપિયા દસ હજાર ચૂકવવાનો હોય છે. આ વ્યાખ્યાનમાળાની મૂળભૂત અને પાયાની વાત રૂપિયા પાંચ લાખનું ભંડોળ! આ કામ તો માણેકલાલે જ કર્યું. ઉજવણી અને આ વ્યાખ્યાનમાળા માટે જરૂરી રકમ રૂપિયા સાત લાખથી વધારે માણેકલાલે જ ઊભી કરી. રૂપિયા બે લાખનો ચેક તો વટાવ્યો જ નહીં!

સાહિત્યની આનાથી વધારે મોટી નિસબત બીજી શી હોઈ શકે ?

માણેકલાલની સાહિત્ય સાથેની એક નક્કર નિસબત ગુજરાતી સાહિત્ય

પરિષદના ૪૪મા અધિવેશન વખતે જોવા મળી. એ અધિવેશનમાં એ સ્વાગત પ્રમુખ હતા.

સામાન્ય રીતે મોટા સમારંભોમાં સ્વાગત પ્રમુખો પ્રવચન પૂરતા હોય છે. પ્રસંગના આયોજન અંગે એમને કશું કરવાનું હોતું નથી અથવા કહો કે, એ કશું કરતા નથી. પણ માણેકલાલની વાત સાવ જુદી છે. સાહિત્ય પરિષદના એ અધિવેશન વખતે તૈયારીમાં રોકાયેલા કાર્યકરોમાંના બેની વાત પરથી આ અધિવેશનમાં માણેકલાલ કેટલા સક્રિય હતા એ સમજી શકાશે. મનસુખ સલ્લાના આ શબ્દો જુઓ : 'એમનો નિકટ પરિચય થયો ગુજરાતી સાહિત્ય પરિષદનું અધિવેશન ગાંધીનગરમાં ગોઠવાતું હતું ત્યારે. માણેકલાલભાઈ પાકા આયોજનના માણસ. લઘરવઘર તેમને કશું ગમે નહીં. સીધી ગતિએ ચાલે. અમારી દરખાસ્તો અને આયોજન તેમણે ધ્યાનથી સાંભળ્યાં. સાંભળતાં જ દાખલાનો જવાબ ગણાઈ ગયો હોય તેમ એક પછી એક મુદ્દો તેઓ સ્પષ્ટ કરતા ગયા. ત્યારે ખ્યાલ આવ્યો કે આ તડ અને ફડના માણસ છે. અમારે જમવામાં વધુ વખત ગયો હતો. આયોજનની ચર્ચામાં ઓછો.'

ડૉ. કુમારપાળ દેસાઈ માણેકલાલ માટે અધિવેશના સંબંધમાં આ પ્રમાણ કહે છે : 'ગુજરાતી સાહિત્ય પરિષદના ૪૪મા અધિવેશનમાં તેઓ સ્વાગત પ્રમુખ તરીકે હતા અને તેથી તેમને વારંવાર મળવાનું બન્યું. આ સમયે એમની આયોજનશક્તિનો પરિચય થયો. જુદીજુદી વ્યક્તિઓને એમની શક્તિ મુજબ કામ આપવું અને એમની ગતિવિધિની જાણ મેળવતા રહેવું એની એમની પાસે આવડત છે. સાથોસાથ સાહિત્ય માટેની એમની નિસબત પણ દેખાઈ આવી. ગાંધીનગરમાં યોજાતી ગ્રંથયાત્રા સમયે માણેકલાલભાઈની ઉપસ્થિતિ હોય એટલું જ નહીં, એની જુદીજુદી સંસ્થાઓમાં એ જાય એનો ખ્યાલ પણ રાખે છે.'

અધિવેશનના આરંભ વખતે માણેકલાલે જે પ્રવચન કર્યું એ સાંભળ્યા પછી આચાર્ય બળદેવભાઈના માણેકલાલ વિશેના અવલોકનની સાર્થકતા બરાબર સમજાઈ. માણેકલાલ જે ક્ષેત્ર સાથે નિસબત ધરાવે છે એને કેટલું બધું આત્મસાત કરી લે છે! અધિવેશન વખતનું એમનું સ્વાગત પ્રવચન વાચક કદાચ માનવા પણ તૈયાર ન થાય કે આ પ્રવચન એક ઉદ્યોગપતિનું પોતાનું હોય. ઘોસ્ટ રાઇટર્સની પ્રથા ઘણી પ્રચલિત છે. રૂબરૂ સાંભળનારને એવું નહીં લાગ્યું હોય, કારણ કે માણેકલાલના અવાજમાં એ વખતે તર્કની સચ્ચાઈનો રણકો હતો.

એમના પ્રવચનમાં કેટલીક એવી ધ્યાનાર્હ બાબતો હતી કે આજ સુધી

કદાચ પરિષદના કાર્યકરો કે હોદ્દેદારોના ચિત્તમાં ન પ્રગટી હોય. એમણે કહેલી કેટલીક બાબતો આવી હતી : એમણે કહેલું કે ગુજરાતી સાહિત્યનાં ઉત્તમ પુસ્તકોને પ્રતિવર્ષ અપાતાં ઇનામો જુદી-જુદી વ્યક્તિઓના દાનના કારણે એમના નામે અપાય છે. ગુજરાત સાહિત્ય સભા તરફથી અપાતા રણજિતરામ સુવર્ણચંદ્રક જેવો કોઈ ચંદ્રક ગુજરાતી સાહિત્ય પરિષદ તરફથી અપાતો નથી, તે અપાવો જોઈએ. એમણે બીજું મહત્ત્વનું સૂચન એ કર્યું કે પરિષદ તરફથી શ્રેષ્ઠ પુસ્તકોને અપાતાં ઇનામોની રકમ આજના સમયમાં નગણ્ય કહી શકાય એવી હોય છે. જ્યારે હવે પચીસ-પચાસ હજાર કે લાખ-બે લાખ રૂપિયાનાં ઇનામો સામાન્ય થઈ પડ્યાં છે, ત્યારે પરિષદ તરફથી સાહિત્યકારને એના શ્રેષ્ઠ ગણાયેલા પુસ્તક માટે એક હજાર રૂપિયાનું ઇનામ કેવું વામણું અને બેહૂદું લાગે! એક દલીલ એવી હોય કે દાતા તરફથી ટ્રસ્ટ રૂપે અપાયેલી રકમના વ્યાજમાંથી આ ઇનામો અપાય છે. ટ્રસ્ટરૂપે અપાયેલી રકમ જ્યારે અપાયેલી હોય ત્યારે પૂરતી હોય પણ આજના સંજોગોમાં એનું વ્યાજ ઇનામ માટે ઘણું નાનું બની રહે. આ સંભવિત દલીલના ઉકેલરૂપે માણેકલાલે એ સૂચવ્યું હતું કે પરિષદ ટ્રસ્ટની રકમ આપનાર મહાનુભાવને, જો એ દિવંગત થયા હોય તો તેમના વારસોને ટ્રસ્ટની રકમ વધારી આપવા વિનંતી કરવી જોઈએ.

સાહિત્ય સાથેની એમની નિસબત તો એમના અવસાનના આગલા દિવસે એટલે કે ૨૦૧૨ના જાન્યુઆરીની ૧૧મી તારીખે જોઈ-અનુભવી શકાઈ. એ દિવસે 'મોહનલાલ પટેલ ભારતીય સાહિત્ય વ્યાખ્યાનમાળા'નું વ્યાખ્યાન, 'હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી'માં યોજાયું હતું. આ વ્યાખ્યાનનો સમય થાય એ પહેલાં એટલે લગભગ ૧૦.૦૦ વાગ્યે અમે કેટલાક સભ્યો કુલપતિ ડૉ. હેમીક્ષા રાવની ચેમ્બરમાં બેઠા હતા. વ્યાખ્યાતા ઇન્દ્રનાથ ચૌધુરી, રઘુવીર ચૌધરી વગેરે અતિથિઓ પણ હાજર હતા. એ વખતે માણેકલાલ ડૉ. રાવને ઉદ્દેશીને બોલ્યા, 'હું અગિયાર લાખ રૂપિયા અને જરૂર પડે તો તેથી વધારે આપવા તૈયાર છું. જો તમે તૈયાર હો તો આપણી બે યુનિવર્સિટીઓ (બીજી યુનિવર્સિટી એટલે કડી સર્વ વિશ્વવિદ્યાલય) સંયુક્તપણે સાહિત્ય અંગેનું કોઈ ઉત્તમ આયોજન કરીએ.'

એ પછી બીજા દિવસે બપોરે સંસ્થાના કાર્યકરો સાથે એમના મનમાં જે યોજના હતી તેની એમણે વિગતે માહિતી આપી હતી. પણ યોજના આકૃત થાય એ પહેલાં એટલે કે એ દિવસે જ રાત્રે એમનું અવસાન થયું.

❒

૨૧

# એક બૃહદ્ પરિવારના મોભી

રૉબર્ટ શેરવૂડના 'રૂઝવેલ્ટ ઍન્ડ હોપકિન્સ' નામના બે ભાગમાં વહેંચાયેલા ૧૨૦૦ પાનાના ગ્રંથમાં એક સ્થળે પ્રેસિડેન્ટ રૂઝવેલ્ટ એમના શૉફર (કાર ડ્રાઇવર) ને સિગારેટ ઑફર કરતા દર્શાવ્યા છે. રૂઝવેલ્ટ અમેરિકાના પ્રમુખ. એમનો રાજકીય પ્રભાવ એટલો મોટો કે બીજા વિશ્વયુદ્ધમાં મિત્રરાજ્યો (એલાઇઝ) ને વિજય અપાવવામાં મુખ્ય ભૂમિકા ભજવનાર ઇંગ્લેન્ડના વડાપ્રધાન વિન્સ્ટન ચર્ચિલને રૂઝવેલ્ટ એમના પેન્ટના નિતંબપરના ખિસ્સા (હીપ પૉકેટ)માં રાખતા હતા એવી એક ઉક્તિ પ્રચલિત હતી. રાજકારણના ખેલંદાઓ એમાં તથ્ય રહેલું જોતા હતા.

અહીં શૉફરને સિગારેટ ઑફર કરવાની વાત હેતુપૂર્વક મૂકવામાં આવી છે. જગતના સૌથી સમૃદ્ધ અને રાજકારણમાં જગતકાજી ગણાતા દેશનો પ્રમુખ પોતાની ગાડીના ડ્રાઇવરને સિગારેટ ધરે એ મનુષ્ય-મનુષ્ય વચ્ચે જવલ્લે જ જોવા મળતું ભાવલીલાનું એક દૃશ્ય. મનુષ્ય માનવતાની ચરમસીમાએ પહોંચે ત્યારે આવું બને. સત્તાનો મદ વિલાય અને અહમ્ ઓગળે ત્યારે આવી શક્યતા સર્જાય.

આપણા આ ગ્રંથના ચરિત્રનાયક માણેકલાલમાં આવું કંઈ ખરું ? બુલંદ અવાજ અને સત્તાવાહી સૂરમાં સતત હુકમો છોડતા, થયેલા કામનો હિસાબ માગતા, કંઈ ખામી રહી હોય તો ગુસ્સે થતા માણેકલાલમાં ક્યાંક છુપાયેલી ઋજુતા ખરી ? એ એવા દુર્ધષ્ય કે કર્મચારી એમની પાસે જતાં ડરે. અથવા અચકાય. જે કહેવા ધાર્યું હોય એના કરતાં ઘણું ઓછું કહી શકે અથવા જુદું જ કહી નાખે.

આપણી સંસ્કૃતિના પાયામાં એક સૂત્ર છે – 'વસુધૈવ કુટુંબકમ્' આ

હાથીનું એક પગલું છે. હાથીના એ પગલામાં બધાં પગલાંનો સમાવેશ થઈ જાય છે - સમત્વ, પ્રેમ, કરુણા, સમભાવ, બંધુત્વ આ બધા ગુણો પારિવારિક વિભાવનામાં આકૃત થયેલા જોઈ શકાય. અહીં માણેકલાલના હૈયે પારિવારિક વિભાવના કેટલા પ્રમાણમાં હતી એ તપાસવું છે. અર્થાત્ માણેકલાલને એક વિશાળ પરિવારના મોભી તરીકે જોવા છે. માણેકલાલનો પરિવાર એટલે એમનાં સઘળાં કાર્યક્ષેત્રોમાં કામ કરતા સભ્યો.

એ કડી નગરપાલિકામાં સી.ઓ. હતા, ત્યારે એમનામાં રહેલું આવું સત્ત્વ ક્યાંક-ક્યાંક પ્રકાશ્યું તો હશે જ, પણ એ ઝાઝું જાહેરમાં અભિવ્યક્ત થયું જણાતું નથી. પણ સ્વભાવ તો જન્મથી જ હોય ને ? એમના પારિવારિક સંવેદનાના ગુણનો ઇશારો ક્યાંક એમના હાથ નીચે કામ કરી ચૂકેલા તાત્કાલીન ઓવરસિયર શ્રી ભાઈલાલ પટેલના કથનમાં એનો ઇશારો જોવા મળે છે. જેનો પાછલા એક પ્રકરણમાં નિર્દેશ થયેલો છે.

પણ સોળે કળાએ ખીલેલું એમનું પારિવારિક નેતૃત્વ સરદાર પટેલ સોસાયટીના નિર્માણ વખતે જોઈ શકાય છે. ભાઉપુરાના નિવાસી કેટલાક ભાઈઓ કો.ઓ. હાઉસિંગ સોસાયટીની સ્થાપના તો કરી બેઠા પણ કોઈને સોસાયટી માટે મકાનો ઊભાં કરવા બાબતની કોઈ કાર્યવાહીનો અનુભવ નહીં. શહેરમાં બીજી એક પણ સોસાયટી રચાયેલી નહીં એટલે પૂછતાછ કરીને જાણકારી મેળવવાનો કોઈ માર્ગ નહીં. એવામાં પાછલા એક પ્રકરણમાં જણાવ્યું છે તેમ મૂંઝવણમાંથી ઉગારો કરનાર ઊંડી ફળીનો નિવાસી એક ભડપુરુષ મળી ગયો – માણેકલાલ! વહાણનો દક્ષ સુકાની મળી ગયો. માત્ર દોઢ વર્ષમાં એણે સોસાયટીના સભ્યોને મકાનો ભેગા કરી દીધા. કુટુંબનો વડીલ કર્તાહર્તા હોય ત્યારે ક્યાંય કશી અડચણ કે મૂંઝવણનો અનુભવ કુટુંબના અન્ય સભ્યોને થતો નથી. છત્રછાયા નીચેનો રાજમાર્ગ ઉપરની નિર્વિઘ્ન મુસાફરી જેવો અનુભવ માણેકલાલના છત્રના કારણે થયો એ વાત આપણે સરદાર સોસાયટીવાળા પ્રકરણમાં જોઈ ગયા છીએ એટલે એનું અહીં પુનરુચ્ચારણ કરતા નથી.

રૂઝવેલ્ટે એમના ડ્રાઇવરને સિગારેટ ઑફર કરી એ ઘટનામાં આપણે ઉદ્દાત્ત માનવતાનો અંશ જોયો પણ એથીય ઘણી ઊંચેરી ભાવના અને ઝાઝેરી માનવતા માણેકલાલે એમની ફેક્ટરીઓમાં કામ કરતા માણસો પ્રત્યે દાખવી છે. કારખાનામાં માણસ કામ કરતો હોય, માલિક આઠ કલાક એની પાસેથી કામ લે અને સંતોષકારક પગાર આપે. આ એક સારી સ્થિતિ ગણાઈ છે,

પણ માણેકલાલ આવી સ્થિતિથી રાજી નહોતા. એ ફૅક્ટરીમાં કામ કરતા માણસોને પોતાના માણસો ગણતા. પરિવારના સભ્ય જેવા આત્મિક. એ માત્ર પગાર આપીને રાજી રહેવા ઇચ્છતા નહોતા. આ કામ કરનારાઓને ધંધામાં ભાગીદાર બનાવીને રાજી કરવા માગતા હતા. કારકુન હોય, હિસાબનીસ હોય કે કારીગર હોય એ સૌને માણેકલાલ માણસની કક્ષા, હેસિયત અને આવડત પ્રમાણે ભાગીદાર બનાવતા. પાંચ પૈસા, દસ પૈસા...

માણેકલાલના પારિવારિક ભાવ પ્રકાશ માટે મોટી-મોટી ઘટનાઓ તો ખરી જ પણ ક્ષુલ્લક ગણાય એવી બાબતોમાં પણ એમનું વડીલપણું છતું થયા કરે છે. કેટલીક મોટી ઘટનાઓની વાત કરતાં પહેલાં એકાદ બે રોજબરોજના વ્યવહારમાં બનતા હોય એવા પ્રસંગો તરફ નજર કરીએ. ઈ.સ. ૨૦૦૬માં ગાંધીનગર તેમ જ કડી કૅમ્પસની પી.ટી.સી. ઇંગ્લિશ મીડિયમ તેમ જ ગુજરાતી માધ્યમવાળી કૉલેજોની ફી તેમ જ અન્ય શૈક્ષણિક નીતિ સંબંધી ચર્ચા-વિચારણા અને પછી નિર્ણય માટે માણેકલાલે મીટિંગ બોલાવી હતી. માણેકલાલ સવારના આઠ વાગ્યાથી આ કામમાં વ્યસ્ત હતા. બપોરે લગભગ એક વાગ્યે ભોજન માટે કામ અટક્યું.

મનીષ નામનો સેવક પી.ટી.સી. કૉલેજ હૉસ્ટેલમાંથી માણેકલાલ માટે ભોજનની ડિશ લઈ આવ્યો.

માણેકલાલે સહજ ભાવે આ સેવકને પૂછ્યું : 'એ છોકરા, તું જમ્યો ?'

સેવકે ના કહી એટલે માણેકલાલે કહ્યું, 'બીજું બધું રહેવા દઈને તું, તેમ જ બીજા જે કોઈ જમવામાં બાકી હોય તે સૌ હૉસ્ટેલના રસોડે જઈને જમી આવો.'

બપોર પછી ફરી શરૂ થયેલું કામ મોડા સુધી ચાલ્યું.

રાત્રે નવ વાગ્યા. એટલે એ જ વાત ફરી સામે આવી. હૉસ્ટેલમાંથી માણેકલાલ માટે ભોજનની ડિશ આવે એ પહેલાં માણેકલાલે બપોરવાળા પેલા સેવકને સૂચના આપી દીધી, 'જાઓ, તમે બધા રસોડે જમી લો.'

કામ મોડે સુધી ચાલ્યું.

માણેકલાલે પેલા સેવકને પૂછ્યું : "એ છોકરા, તું ક્યાંથી આવે છે ?'

'રાણીપથી આવું છું, સાહેબ.'

'મોડું તો થયું છે, ઘેર કેવી રીતે જઈશ ?'

સેવક કંઈ બોલ્યો નહીં. એટલે માણેકલાલે વ્યવસ્થા સમજાવતાં કહ્યું, 'તું આપણા સી.એ. સાહેબ હર્ષદભાઈ માંકડની ગાડીમાં બેસી જજે. હું એમને કહી દઉં છું. એ તને તારા ઘેર ઉતારી દેશે.'

સેવક મનીષ પુરુષોત્તમદાસ પટેલ એસ.એસ. પટેલ પી.ટી.સી. કૉલેજમાં પટાવાળા તરીકે સેવા આપે છે. એણે ઉપરોક્ત દિવસનો અનુભવ માણેકલાલ પ્રત્યેના પૂજ્ય કક્ષા સુધી પહોંચે એટલા અપાર આદરભાવથી વર્ણવ્યો હતો.

એ જ કૉલેજનાં આચાર્ય બહેનનો અનુભવ પણ ધ્યાનાર્હ છે. ગાંધીનગરની એસ.એસ. પટેલ પી.ટી.સી. કૉલેજમાં હાલનાં આચાર્યા કિરણબહેન પટેલ અધ્યાપિકા તરીકે એ કૉલેજમાં ૨૦૦૨માં જોડાયાં હતાં. આચાર્યા બન્યા પછી કેટલાક સમય બાદ એક વાર કોઈ મીટિંગમાં એમને કડી સર્વ વિદ્યાલય કૅમ્પસમાં જવાનું થયું. મીટિંગનું કામ છ વાગ્યા સુધી ચાલ્યું. સૌ વિખરાયા. કિરણબહેન અમદાવાદ રહેતાં હતાં એટલે એમને ગાંધીનગરના સાથીદારોનો સંગાથ છોડવો પડ્યો. હવે એમને અમદાવાદની બસમાં જવાનું હતું. સૌ પોતપોતાની રીતે વિદાય થયાં. કિરણબહેન એકલાં પડ્યાં. ઉપલા માળના મીટિંગ હૉલમાંથી એ નીચે ઊતર્યાં. મધ્યસ્થ કાર્યાલયનાં પગથિયાં ઉપરના પગથારમાં માણેકલાલભાઈ એમના એક શોખ પ્રમાણે ખાટલામાં બેઠા હતા.

પછીનો અનુભવ આપણે કિરણબહેનના શબ્દોમાં જ જોઈએ : 'સાહેબશ્રી તેમના પલંગમાં બેઠા હતા. ત્યાંથી તેઓ મને ઓળખી ગયા અને મને તેમની પાસે બોલાવી પૂછ્યું, 'અહીં કેમ આવ્યાં છો ?' મેં મીટિંગ અંગેની વાત કહી. તેમણે તરત જ બીજો સવાલ કર્યો, 'ક્યાં રહો છો ? કેવી રીતે ઘેર જશો ?' મેં કહ્યું, 'સાહેબ, હું અમદાવાદ રહું છું.' તેમણે સમય જોયો અને કહ્યું આટલું મોડું થયું છે તો જલદીથી બસસ્ટૅન્ડ જતાં રહો અને ઘેર પહોંચી જાઓ. મારાથી બોલાઈ ગયું કે સાહેબ, મેં બસસ્ટૅન્ડ જોયું નથી. તો તરત તેમણે તેમના ડ્રાઇવર રમેશભાઈને બોલાવ્યા અને તેમની ગાડીમાં બસસ્ટૅન્ડ સુધી મને મૂકવા માટે કહ્યું અને રમેશભાઈ મને બસસ્ટેન્ડ પર મૂકી ગયા. આ બાબત મારા માનસપટ પર છવાઈ ગઈ છે. જ્યારે-જ્યારે કડી જવાનું થાય છે ત્યારે મને આ પ્રસંગ અચૂક યાદ આવે છે.'

મહેશભાઈ ગિરજાશંકર ત્રિવેદી હાલ ગાંધીનગરમાં સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી આર. જી. પટેલ કન્યાશાળામાં ગ્રંથપાલ તરીકે સેવા આપે છે. આ સેવા અગાઉ એમની નોકરી કડીમાં ડી.એ. પટેલ ટૅક્નિકલ

હાઈસ્કૂલમાં ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં મદદનીશ શિક્ષક તરીકે હતા. આ શાળામાં જે અભ્યાસક્રમ ચાલતો હતો તે કેન્દ્ર સરકારની વ્યવસાયલક્ષી યોજના અંતર્ગત હતો. તેને રાજ્ય સરકાર દ્વારા બંધ કરવામાં આવ્યો. આના કારણે મહેશ ત્રિવેદી સરપ્લસ શિક્ષક થયા. પણ એમને આ જ સંસ્થાના સંચાલન હેઠળ ચાલતી શ્રીમતી આર. જી. ગર્લ્સ હાઈસ્કૂલમાં ગ્રંથપાલ તરીકે મૂકવામાં આવ્યા.

શ્રી મહેશભાઈના દાદા સર્વ વિદ્યાલય સંલગ્ન છાત્રાલય 'વિદ્યાર્થી આશ્રમ'ના રસોડામાં મુખ્ય રસોયા તરીકે ફરજ બજાવતા હતા. વિદ્યાર્થી આશ્રમમાં છાત્રોની સંખ્યા વધતી ગઈ તેમ-તેમ રસોયાઓની સંખ્યા પણ વધી. મહેશભાઈના પિતા ગિરજાશંકર ત્રિવેદી પણ વિદ્યાર્થીઆશ્રમના રસોયાવૃન્દમાંના એક હતા. પોતાની ફરજમાં અત્યંત નિષ્ઠાવાન. એમને ભાગ્યે જ બોલતા સાંભળીએ. છાત્રાલયમાં ૩૬૫ વિદ્યાર્થીઓ. રસોડાનું કામ ચાર વાગે શરૂ થઈ જાય. બધા રસોયાઓમાં ગિજુભાઈ (એમને ગિરજાશંકર નામથી આશ્રમમાં ભાગ્યે જ કોઈ ઓળખે) સૌ પહેલા હોય. સૌથી અઘરું અને મહત્ત્વનું કણક બાંધવાનું કામ એ શરૂ કરી દે. મેં એમને એકધારા કોઈ જાતના અસંતોષ કે ફરિયાદ વગર ૩૫ વર્ષ સુધી કામ કરતા જોયા છે. (ગૃહપતિ, મુખ્ય ગૃહપતિ હોવાના આધારે) પોતાની ફરજને આટલો વફાદાર માણસ ભાગ્યે જ જોવા મળે.

આ ગિજુભાઈનું નોકરી દરમિયાન હાર્ટએટેકથી અવસાન થયું. સંસ્થાએ એક મહત્ત્વનો કર્મચારી ગુમાવ્યો.

ગિજુભાઈના અવસાન વખતે ભાઈ મહેશ ઈ.સ. ૧૯૮૨માં રાજકોટ ખાતે પૉલિટેક્નિક ઇન્સ્ટિટ્યૂટમાં સિવિલ એન્જિનિયરિંગના ત્રીજા સેમેસ્ટરમાં અભ્યાસ કરતો હતો. ઘરમાં ગિજુભાઈ સિવાય કોઈ કમાનાર નહોતું. મધ્ય દરિયે વહાણ ડૂબ્યા જેવી સ્થિતિ કુટુંબની થઈ. મહેશને અભ્યાસમાં આ સેમેસ્ટર પછી બીજા ત્રણ બાકી હતાં. પણ માણેકલાલ જેના બેલી મહેશને કે કુટુંબને કેમ આંચ આવવા દે ? એમણે સંચાલક મંડળની મીટિંગમાં કિસ્સો રજૂ કર્યો. મહેશનો અભ્યાસ પૂરો થાય ત્યાં સુધી ગિજુભાઈને રસોયા તરીકે જે પગાર મળતો હતો તે એમના કુટુંબને મળતો રહે એવો એક ઠરાવ કરાવ્યો અને બીજો ઠરાવ ગિજુભાઈને સર્વ વિદ્યાલય કેમ્પસમાં જે મકાન રહેવા માટે આપ્યું હતું તે હાલ એમના કુટુંબને રહેવા માટે ચાલુ રાખવું એવો કરાવ્યો.

માણેકલાલના મનમાં બીજો એક ખ્યાલ હશે જ જે મહેશનો અભ્યાસ

પૂરો થયા પછી આકાર પામ્યો. મહેશનો અભ્યાસ પૂરો થયો એટલે એને ટૅક્નિકલ હાઈસ્કૂલમાં સ્ટાફ ઉપર લઈ લીધો.

એક છાત્રાલયના રસોયા માટે પરિવારના સભ્ય બરોબરીનું ધ્યાન કયો સંચાલક રાખતો હશે ? માણેકલાલે એ ધ્યાન રાખ્યું, એટલે જ તો આપણે એમનામાં માનવતાનાં દર્શન કર્યાં ને !

હીરાભાઈ કોઠારી જ્યારે ક.પા. કેળવણી ઉત્તેજક મંડળની નોકરીમાં જોડાયા ત્યારે ચોથા વર્ગના કર્મચારીની જગ્યા પર મૂકવામાં આવ્યા હતા. એમની આવડત અને ચોકસાઈની કદર કરીને મંડળે એમને પાણી અને ઘંટીના ચાર્જમાં મૂક્યા એ પછી રસોડાના કોઠારી નિવૃત્ત થતાં એમને એ જગ્યા ઉપર મૂકવામાં આવ્યા. કાર્યનિષ્ઠા અને પ્રામાણિકતા એમના ઝટ ધ્યાનમાં આવે એવા ગુણ. ઉંમર દેખાતી નહોતી પણ ઠીક-ઠીક વર્ષો સુધી સંસ્થામાં એકધારી સેવા મળતી રહી. પણ છેલ્લે-છેલ્લે એમનું સ્વાસ્થ્ય સારું રહેતું નહોતું. કૅન્સરનું નિદાન થયું એટલે એમણે સ્વેચ્છાએ રાજીનામું આપ્યું. જ્યાં સુધી ઝાઝો શ્રમ ઉઠાવ્યા સિવાય એ સેવા આપી શકે ત્યાં સુધી એમની તબિયતની અનુકૂળતા જાળવીને મંડળે, એમના આર્થિક હિત ખાતર સેવાનો આગ્રહ રાખ્યો. આખરે રાજીનામું સ્વીકાર્યું. મંડળે એમને શુભેચ્છા સાથે વિદાય આપી અને શુભેચ્છાના પ્રતીક રૂપે રૂપિયા પચીસ હજાર ભેટ તરીકે આપ્યા. હીરાભાઈનું અવસાન થયું એ પછી મંડળે એમના પુત્ર ભાઈ બિપિનને ટૅક્નિકલ સ્કૂલના સ્ટાફ ઉપર નિમણૂક આપી. અહીં આ કાર્યવાહીના મુખ્ય સૂત્રધાર મંત્રીશ્રી માણેકલાલ હતા એ કહેવાની ભાગ્યે જ જરૂર હોય.

સર્વ વિદ્યાલય કેળવણી મંડળના મંત્રી અને કડી શહેરના જાણીતા ડેન્ટિસ્ટ ડૉ. મણિભાઈ પટેલને એક વખત અકસ્માતમાં પગે ફ્રેક્ચર થયું. ઉપચાર માટે એમને કલોલના એક દવાખાનામાં દાખલ થવું પડ્યું. એકાદ અઠવાડિયા પછી ફ્રેક્ચરના સ્થાને ઑપરેશન કરાવવાની જરૂર ઊભી થઈ. ઑપરેશન કરાવ્યું. ડૉ. મણિભાઈએ હજુ થોડા સમય માટે દવાખાનામાં રહેવું પડે એમ હતું.

આ સમયગાળા દરમિયાન શ્રી માણેકલાલભાઈને સંસ્થાના કામે અમદાવાદ જવાનું થયું. એમની સાથે સંસ્થાની સાયન્સ કૉલેજના આચાર્યશ્રી ડાહ્યાભાઈ પણ હતા.

અમદાવાદ જવા નીકળ્યા ત્યારે માણેકલાલભાઈએ અમદાવાદનું કામ પતાવ્યા પછી વળતાં કલોલ ખાતે ઊતરીને ડૉ. મણિભાઈની ખબર કાઢવાનું

વિચારેલું. પણ થયું એવું કે અમદાવાદથી પરત થતી વખતે માર્ગમાં ડાહ્યાભાઈ સાથે કેટલીક ઉપયોગી ચર્ચા-વિચારણામાં કલોલ ખાતે થોભી જવાની વાત વિસરાઈ જ ગઈ અને એ કડી ખાતે ગણેશ ઑઇલ મિલમાં પહોંચી ગયા. ત્યાં ઊતર્યા પછી એકાએક કલોલ ખાતે ઊતરીને ડૉ. મણિભાઈની ખબર કાઢવાની વાતનું સ્મરણ થયું. મુસાફરી કરીને આવ્યા પછી શ્રમિત તો થયેલા હતા. અમદાવાદના કાર્ય અંગેનો માનસિક શ્રમ પણ ખરો, પણ ધાર્યું કામ પાર પાડ્યા વગર રહે તો માણેકલાલ શાના ? એમણે તરત કલોલ પહોંચી જવાનો નિર્ણય કરી લીધો. ડૉ. મણિભાઈની ખબર કાઢવા જવાનું હતું એટલે એમણે ડૉ. રામભાઈને પણ બોલાવી લીધા.

અને ફરીથી મુસાફરી આદરી કલોલ તરફ. હવે ત્રણ જણ હતા. મણિભાઈ જે દવાખાનામાં હતા ત્યાં પહોંચી ગયા.

ડૉ. મણિભાઈને સ્વસ્થ સ્થિતિમાં જોઈ એમણે પ્રસન્નતા અનુભવી. ઑપરેશન અને તબિયત વિશે પૂછપરછ કરી. આ ક્ષણે દવાખાનાની રૂમમાં પારિવારિક મિલનના માહોલનો આનંદ સહેજે જોઈ શકાતો હતો.

માનવસ્વભાવમાં ભાગ્યે જ જોવા મળે એવું ઉત્તમ અને સાત્ત્વિક દર્શન આ ઘટનામાં હતું. અમદાવાદનું કામ પતાવ્યા પછી થાક સાથે ઘેર પહોંચેલો માણસ સહેજે આરામ ઝંખતો હોય. ફરી મુસાફરી કરવાનું કંટાળાભરેલું કામ કરવા કોણ તૈયાર થાય ?

એ માણેકલાલ જ કરી શકે. એટલે કહેવાનું મન થાય કે, 'માણેકલાલ એટલે માણેકલાલ !'

કોઠારી હીરાભાઈના અવસાન પછી એમની જગ્યાએ કામ કરતા ખોડાભાઈના અનુભવની વાત એમના જ શબ્દોમાં જોઈએ : 'હું સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત વિદ્યાર્થી આશ્રમમાં (અહીં ખોડાભાઈનો વિગત દોષ છે. વિદ્યાર્થી આશ્રમનું સંચાલન સર્વ વિદ્યાલય કેળવણી મંડળનું નહીં, પણ કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળનું છે.) કોઠારી તરીકે જોડાયો ત્યારે મારી પરિસ્થિતિ સામાન્ય હતી. કોઈ મોટો ખર્ચો સહન કરવાની મારી આર્થિક તાકાત નહોતી. આવા સમયમાં મારી માતાને એક આંખે તકલીફ જણાઈ. બે-ત્રણ દવાખાનામાં તપાસ કરાવી. ડૉક્ટરોએ મોતિયાનું ઑપરેશન કરવાનું કહ્યું અને ઑપરેશન ખર્ચ અંદાજે ચારથી પાંચ હજાર બતાવ્યો. મેં મારી માતાની આંખના મોતિયાના ઑપરેશન માટે પૈસાની વ્યવસ્થા તો કરી નાખી પણ આ

વાતની ખબર સર્વ વિદ્યાલયના આચાર્ય શ્રી ફૂલજીભાઈને પડી. એમણે મને તેમના ઘેર બોલાવ્યો અને કહ્યું કે કોઠારી, તમારી તકલીફ મેં જાણી પણ શું તમને ખબર નથી કે આપણા શ્રી માણેકલાલ સાહેબ ભાગ્યોદય હૉસ્પિટલમાં મુખ્ય જવાબદારી નિભાવી સેવાનું ભગીરથ કાર્ય કરી રહ્યા છે. તો તમે શું કામ ચિંતા કરી રહ્યા છો? સાહેબને વાત કરશો તો તેઓ ભાગ્યોદયમાં વાત કરી તમારી માતાની આંખનું ઑપરેશન બિલકુલ નજીવા ખર્ચે કરાવી આપશે. આ વાત સાંભળી મને હાશકારો થયો અને એક-બે દિવસ વિચાર્યું કે સાહેબને કેવી રીતે વાત કરવી? એક દિવસ મંડળ કાર્યાલયે આવ્યો અને જોયું કે આજે તો સાહેબને વાત કરી જ દઉં અને સાહેબ પાસે ગયો. મેં મારી વાત રજૂ કરી. સાહેબે મનુદાદા પાસે મારી પરિસ્થિતિનો તાગ મેળવ્યો અને તરત જ મને ચિઠ્ઠી લખી આપી અને કહ્યું કે, આ ચિઠ્ઠી ભાગ્યોદય હૉસ્પિટલમાં આપજો, તમારું કામ થઈ જશે. હું ભાગ્યોદય હૉસ્પિટલમાં ગયો. સાહેબે લખેલ ચિઠ્ઠી મેં વ્યવસ્થાપકશ્રીને આપી. વ્યવસ્થાપકશ્રીએ ચિઠ્ઠી વાંચી. મને માન-સન્માન મળ્યું અને એક સપ્તાહમાં મારી માતાના આંખના મોતિયાનું ઑપરેશન સારી રીતે અને બિલકુલ નજીવા ખર્ચે થઈ ગયું.

અને ફૂલજીભાઈની વાત એમના શબ્દોમાં જોઈએ : '૧૯૯૮માં મે માસની અસહ્ય ગરમીના દિવસોમાં મારો ચિ. પુત્ર પુનિત ધોરણ-૧૨ની વિજ્ઞાનની પરીક્ષા પૂર્ણ કરી, ટાઇફોઈડની બીમારીમાં પટકાયો. ડૉ. સી. એમ. પટેલના દવાખાને એડમિટ કર્યો. બીમારી ભયંકર રૂપ પકડતી ગઈ. ડૉક્ટરના અથાગ પ્રયત્નો છતાં દર્દ (ટાઇફોઈડ) ભયંકર સ્વરૂપ પકડવા લાગ્યું. ૧૦૬° ડિગ્રી ટેમ્પરેચરના કારણે ડૉ. સી.એમ. પટેલ દ્વારા ચિ. પુનિતને અમદાવાદમાં ડૉ. આર. કે. પટેલને ત્યાં દાખલ કરવા અંગે ભલામણ કરી અને તેને સારવાર અર્થે એડમિટ કરવાનો નિર્ણય લીધો. અમદાવાદ જવા અંગે ગાડીની જરૂરિયાત હોઈ સાહેબને ફોનથી જાણ કરી. તેમની ગાડી કોન્ટેસા નં. ૨૨૨ પળનો પણ વિલંભ કર્યા સિવાય આવી ગઈ. ડ્રાઇવર શ્રી રણછોડભાઈ સાથે સાહેબે પૈસાની પણ વ્યવસ્થા કરેલી. માત્ર ૪૦ મિનિટમાં અમદાવાદ પહોંચી ગયા. ડૉ. આર. કે. પટેલની સારવાર ઝડપથી ચાલુ થઈ. કર્ણાવતી હૉસ્પિટલમાં ચિ. પુનિતને એડમિટ કરવામાં આવ્યો. કડીના હાલના જાણીતા ડૉ. અશ્વિનભાઈ મકવાણા ડૉ. આર. કે. પટેલના મદદનીશ ડૉક્ટર હતા. તેઓના નિદર્શન નીચે એક અઠવાડિયાની તબીબી સારવાર નીચે ચિ. પુનિતને ભયમુક્ત કરાવી શક્યો

હતો. સારવાર દરમિયાન શ્રી માણેકલાલ સાહેબ નિયમિત પૂછાવટ કરતા અને ટૂંફ આપતા તેમ જ ઉત્સાહમાં વધારો કરતા રહેતા હતા.

માણેકલાલની સહાનુભૂતિથી લાભાન્વિત થનાર અને પછીથી નિકટવર્તી મિત્ર બની રહેનાર ડૉક્ટર રામભાઈના દવાખાના અંગેના મકાન બાબતમાં તો આ પુસ્તકમાં અન્યત્ર વાત કરેલી છે, પણ રહેઠાણના મકાન અને વ્યવસાય વિશે ડૉ. રામભાઈએ જે લખ્યું છે તેને અવતરણમાં એમના શબ્દોમાં અહીં મૂકીએ. એમણે લખ્યું છે : 'હું કડી આવ્યો. મને ત્યારે માણેકલાલની આ પહેલાં કોઈ ઓળખ નહોતી. 'સાહેબ'ના હુલામણા નામે એમને આખું કડી ઓળખે. આ માણસને ખબર પડી કે આપણા ગામમાં એક ગાંધીવાદી સેવાભાવી ડૉક્ટર આવ્યા છે, એટલે તેઓએ તરત મારો સંપર્ક કર્યો ને પછી તો આ સદ્ગૃહસ્થે આ નગરથી થોડાક ઓછા પરિચિત એવા આ ડૉક્ટરની અન્ય મહાનુભાવો સાથે ઓળખ કરાવીને મારા દવાખાનાના ઉદ્ઘાટનનો સઘળો ભાર પણ એમણે ઉઠાવી લીધેલો. માણેકલાલ સાથે નિકટનો પરિચય થતાં મને સમજાયું કે તેઓ પણ સેવાભાવી અને નાતજાતના અને ઊંચનીચના ભેદભાવ રહિત તંદુરસ્ત સમાજનું નિર્માણ થાય તેવી દૃઢ માન્યતા ધરાવતા હતા. આમ, સાહેબ અને મારી વિચારસરણી એકસમાન હોવાથી એમની સાથે સહૃદયભરી મૈત્રી જામી અને કડીમાં સ્થાયી થવા મેં વિચાર્યું. માણેકલાલે મને પોતાનું મકાન લઈ લેવા કહેલું, પરંતુ એ અરસામાં તો મારી પાસે મકાન લેવા પૂરતી આર્થિક જોગવાઈ નહોતી, તો સાહેબે રૂ. ૧૦,૦૦૦ ની બૅન્ક લોન અપાવી અને એમના સદ્ગત મિત્ર કડી નગરપાલિકાના પૂર્વ પ્રમુખ બાબુભાઈ ધનાભાઈનો બંગલો પણ સાવ વાજબી કિંમતે અપાવ્યો. મારી દૃષ્ટિએ પરોપકારીપણું એ સાહેબના વ્યક્તિત્વનું સૌથી મોટું જમા પાસું છે. હા, સ્વજનો, મિત્રો માટે તેઓ બધું જ કરી છૂટે, તેમને પૂરેપૂરી હૂંફ આપે, તેમનાં સુખદુઃખને પોતાનાં સમજે. ક્યારેક તો વળી ખુદની આર્થિક સ્થિતિનો પણ ખ્યાલ રાખ્યા વગર સમાજકલ્યાણનાં કાર્યોમાં ગજા ઉપરાંતનું દાન આપી દરિયાદિલીસભર ઉદારતા દાખવતા મેં એમને જોયા છે.'

ઘરનો વડીલ પરિવારના સભ્યોની, ઘણી વાર કશી જરૂર ન હોય એવી બાબતોની કાળજી રાખતો હોય છે. આ કાળજી પાછળ પારિવારિક વાત્સલ્ય અથવા ક્યારેક ચિંતા પણ હોય છે. આવા પ્રેમભર્યા અનુભવો સંસ્થાના સભ્યોને માણેકલાલ તરફથી થયા કરતા હતા. સંસ્થાની મહિલા કૉલેજના પૂર્વ આચાર્ય

ડૉ. સોમાભાઈ પટેલના બે અનુભવ એમના મુખે સાંભળવા જેવા છે. એમના કથનની શાબ્દિક વાત આ હતી : 'ઈ.સ. ૧૯૯૧ના જૂન માસમાં ગાંધીનગરની ઉમા આર્ટ્સ ઍન્ડ નાથીબા કૉમર્સ મહિલા કૉલેજના પ્રિન્સિપાલ તરીકે મારી પસંદગી થઈ. ઇન્ટરવ્યૂ ગુજરાત યુનિવર્સિટીમાં હતું. ત્યાંથી મારે પાછા પાટણ જવાનું હતું. તેમને (માણેકલાલને) અમદાવાદથી કડી જવાનું હતું એટલે પોતાની ગાડીમાં મને બેસાડી કલોલ-ગાંધીનગર હાઈવે બસસ્ટૅન્ડ સુધી મૂકવા આવ્યા. મેં કહ્યું, 'હવે બસ આવશે એટલે હું બેસી જઈશ. તમે કડી જવા નીકળો.'

તેઓ બોલ્યા, 'શી ઉતાવળ છે ? તમારી બસ આવવો દો.'

પાટણની બસ આવી. તેમાં હું બેઠો અને બસ રવાના થઈ પછી જ તેઓ કડી જવા નીકળ્યા.'

સંસ્થા પરિવારના સભ્યને બહાર મુકામ કરવાનો હોય ત્યારે માણેકલાલભાઈ એમની સગવડ વિશે પણ કેવો ખ્યાલ રાખે છે. એ પણ ડૉ. સોમભાઈના અનુભવના આધારે જાણી શકાશે. આશ્ચર્યની વાત તો એ છે કે ડૉ. સોમભાઈને જે અભિયાન અંગે જવાનું હતું તેને સંસ્થા સાથે કશું લાગતુંવળગતું નહોતું, પણ જનાર સંસ્થાના માણસ હતા ને! માણેકલાલ માટે આટલું પૂરતું હતું. સોમભાઈના અનુભવને એમના શબ્દોમાં જોઈએ: 'માઉન્ટ આબુ મુકામે બ્રહ્માકુમારી સંસ્થામાં ત્રણ દિવસના યોગશિબિરમાં આચાર્યોને લઈને મારે જવાનું હતું, ત્યારે જવા-આવવા માટે અમે વ્યવસ્થા કરવાનું વિચારી રહ્યા હતા ત્યારે તેમણે પોતાની ગાડીની ઑફર કરી. અમે નમ્રતાપૂર્વક ના પાડી છતાં તેમણે કહ્યું: 'આબુમાં મારો બંગલો છે. તેમાં જ તમારે રહેવાનું.' આગ્રહપૂર્વક જ ગાડી અમને આપી વળી આબુમાં અમારી નિવાસી વ્યવસ્થા થયેલી હતી. છતાં તેમણે કહ્યું, 'આબુમાં મારો બંગલો છે તેમાં જ તમારે રહેવાનું. ગાડી ત્યાંથી તમને શિબિરના સ્થળે લઈ જશે અને પાછા બંગલે મૂકી જશે.' અમારી ના છતાં તેમણે આબુના બંગલે ચોકીદાર પર ફોન કરી, આખો બંગલો સાફસૂફ કરાવી અમારી સંપૂર્ણ નિવાસવ્યવસ્થા ત્યાં કરાવી દીધી. જોકે શિબિરના નિયમ પ્રમાણે અમારે શિબિરના સ્થળે જ રહેવાનું હતું. છતાં અમે તે બંગલો અને બંગલાની વ્યવસ્થા જોવા ગયા. ત્યાં જઈને જોયું તો કોઈ વી.આઈ.પી. મહેમાનોના ઉતારા અને સરભરા માટે જેવી વ્યવસ્થા કરવામાં આવે એવી વ્યવસ્થા અમારા માટે થયેલી અમે જોઈ.'

સભ્યની કોઈ બાબતની ઉત્કંઠા કે ચિંતા માણેકલાલ સમગ્રપણે પોતાના

માથે લઈને એના ઉકેલ માટે કેવી મથામણ કરતા. એનો મને પણ અનુભવ છે. ૧૯૯૮માં અમે ન્યૂયૉર્કમાં રણછોડભાઈ ચોકસીને ત્યાંથી શિકાગો જવા નીકળ્યા. નેવાર્ક ઍરપોર્ટથી પ્લેનમાં બેસવાનું હતું. નીકળ્યા ત્યારે વરસાદ હતો. નેવાર્ક પહોંચ્યા ત્યાં સુધી વરસાદ ચાલુ જ હતો. ધારેલી ગતિએ જઈ શકાયું નહીં એટલે ધારણા કરતાં નેવાર્ક ઍરપોર્ટ ઉપર થોડા મોડા પહોંચ્યા. શિકાગોમાં થોડા દિવસ રોકાણ હતું એટલે બૅગો સાથે લીધી હતી. પ્લેનના ટેકઑફનો સમય થવા આવ્યો હતો. બધું ઝડપથી પતાવવાનું હતું. પ્લેન ઊપડ્યું ત્યારે બૅગ વગેરે અમારો સામાન આ પ્લેનમાં મુકાઈ ગયો હોવાનું અમે માન્યું. પણ અહીંનું બધું કામ ત્વરાવાળું હોય છે એટલે બૅગો પ્લેનમાં મુકાઈ ગઈ હશે જ એવી શ્રદ્ધા હતી.

રાત્રે દસ વાગ્યે પ્લેન શિકાગોના ઍરપોર્ટ પર ઊતર્યું. બૅગેજ કલેક્શનમાં કન્વેયર બેલ્ટ ઉપર આવી રહેલી બૅગોમાં અમારી બૅગોને ઉઠાવી લેવા અમે બેલ્ટની ધાર નજીક ઊભા રહ્યા. બેલ્ટ ફરતો રહ્યો. અમારી બૅગો દેખાઈ નહીં. ઑફિસમાં તપાસ કરી. ચાર્જમાં કોઈ મહિલા હતી. એણે હૈયાધારણ આપતાં નમ્રતાપૂર્વક કહ્યું, 'નેવાર્કથી બીજી ફ્લાઈટ અહીં પહોંચવાનો સમય અગિયાર વાગ્યાનો છે. તમારો સામાન એમાં આવશે. રાહ જુઓ, અગવડ માટે ક્ષમા ચાહીએ છીએ. અગિયાર વાગ્યા સુધી થોભ્યા વગર છૂટકો નહોતો. બરાબર અગિયાર વાગ્યે પ્લેન આવ્યું. બૅગેજ ક્લેશનમાં બેલ્ટ પર લદાઈને સામાન આવવા માંડ્યો. શ્રી કનુભાઈ, નરસિંહભાઈ અને માણેકલાલભાઈની બૅગો આવી. ઉઠાવીને બાજુએ મૂકી. મારી બૅગ દેખાતી નહોતી. બેલ્ટ ફરતો રહ્યો. બેલ્ટ પરનો માલ ઓછો થતો રહ્યો. મારી બૅગ નજરે પડતી નહોતી. અમારી જંબો બૅગો તો મૂળ ઉતારે (વિઠ્ઠલભાઈને ત્યાં) સ્થાયી રાખેલી હતી, પણ સરળતાથી ફેરવી શકાય એવી મધ્યમ કદની બૅગો અમે પ્રવાસમાં સાથે રાખતા હતા. આ બૅગો ઉપર મોટાં-મોટાં સ્ટીકરો ચોંટાડેલાં નહોતાં. ઍરપોર્ટ તરફથી મળેલાં પ્લાસ્ટિકનાં પટ્ટીરૂપનાં સ્ટીકરો જ લગાવેલાં હતાં. નમીને જોઈએ ત્યારે નામ વંચાય.

કન્વેયર બેલ્ટ ઉપર આવતી ઘણી બૅગોની સાઇઝ અને તેમના રંગ એક સરખા જણાતા હોવાથી દષ્ટિભ્રમ થયા વિના ન રહે.

અમે હરતાં ફરતાં એક સ્થળેથી બીજા સ્થળે સાથે જતા હોવાથી એકબીજાના સામાનને સહજપણે ઓળખી શકતા હોઈએ એ ન્યાયે શ્રી

માણેકલાલભાઈ મારી બૅગને અણસારથી ઓળખી લઈ શકે, પણ હમણાં કહ્યું તેમ એકસરખાપણાના આભાસના કારણે સ્ટીકરમાં નોંધેલું નામ વાંચી લેવું પડે. અલબત્ત, વસ્તુના માલિકને સ્ટીકર જોવાની જરૂર ન પડે, કારણ કે એને તો વસ્તુના તસુએ તસુની ઓળખ હોય. હું તો બાજુએ રહ્યો અને માણેકલાલભાઈ ભારે ત્વરા અને હલનચલનમાં પૂરું ચાંચલ્ય દાખવીને બેલ્ટ પર આવતી બૅગોમાં એમને જે બૅગો મારી બૅગ જેવી જણાય તેને તપાસવા લાગ્યા. જરૂર જણાય ત્યાં બૅગને ઊંચી-નીચી કે આઘીપાછી કરીને સ્ટીકરનું નામ વાંચતા હોય એમ જોતા રહ્યા. બૅગ ધ્યાન બહાર કે તપાસ્યા વિના સરકી ન જાય એ માટે ક્યારેક ઝડપથી ચાર ડગલાં આવતા બેલ્ટની દિશામાં ધસી જતા. આમ કરવામાં એક વૃદ્ધ અમેરિકન સ્ત્રીને એમના બાહુની ઝપટ પણ લાગી. આ ઝંઝાવાતી કાર્યમાં રત માણેકલાલભાઈમાં મને કયો માનવી દેખાયો ? ઑફિસમાં બેઠા હોય ત્યારે એક ગૌરવશાળી ચેરમૅન કે યુનિવર્સિટીના પ્રેસિડેન્ટનું સત્તાવાહક રૂપ ધારણ કરતા એક સૂચન માત્રથી તત્ક્ષણ કાર્યનું પરિણામ માગતા, ચારેક ડઝન શૈક્ષણિક એકમોના અધિષ્ઠાતા અને જેમની આંખ નીચે ૧૪૦૦ જેટલા કર્મચારીઓ કામ કરતા હોય એવા મંડળના અધિપતિ પોતાનો મોભો અને દમામ કોરાણે મૂકી દઈને સંસ્થા પરિવારના એક સભ્ય માટે માણેકલાલ આટઆટલી લવચિક્તા દર્શાવે એમાં એમનાં પરિવારના એક ઉમદા મોભીનાં જ દર્શન થાય.

બૅગની ઘટનાના પરિણામ વિશે વાચકનું કુતૂહલ વણસંતોષાયેલું ન રહે એટલે ઘટનાના અંત વિશે પણ વાત કરી લઈએ. બીજી ફ્લાઈટ (અગિયાર વાગ્યાની) વખતે કન્વેયર બેલ્ટ ઉપર મારી બૅગ દેખાઈ નહીં એટલે ઑફિસમાં જઈને મેં પેલી મહિલા ઑફિસરને તાકીદ આપતાં કહ્યું, 'મૅડમ, અગિયારની ફ્લાઈટમાં પણ મારી બૅગ આવેલી હોય એવું જણાતું નથી. એ બૅગમાં સમયાન્તરે, અનિવાર્યપણે લેવી પડે એવી કેટલીક દવાઓ છે. આ ગંભીર બાબત છે.

આટલું સાંભળ્યા પછી એ સ્ત્રીના ચહેરા ઉપર સ્પષ્ટ ફેરફાર જણાયો. એ ઊંચી કૅબિનમાંથી બેલ્ટ પસાર થતો હતો ત્યાં પહોંચી ગઈ. બૅગને કશાક બંધનમાંથી છૂટી કરી હોય એમ થોડી ક્ષણો પછી એ પેલા બેલ્ટ ઉપર દેખાઈ અને અમે એને ઉપાડી લીધી.

માણેકલાલને સમગ્ર સંસ્થા પરિવાર સાથે જુઓ. ખાસ તો કુદરતી આફત વખતે સ્થાનિક અથવા અન્ય કોઈ પ્રદેશનો માનવસમૂહ પારાવાર સંકટનો ભોગ

બન્યો હોય ત્યારે માણેકલાલ એ દુ:ખી માનવીઓ માટે સંસ્થા પરિવાર દ્વારા રાહત કાર્ય આરંભી દેતા હતા. એવા એક કાર્યનો આલેખ ઉદાહરણરૂપે પ્રા. સુરેશ ચૌધરીના શબ્દોમાં અહીં મૂક્યો છે.

'ઈ.સ. ૧૯૯૭ની ૨૭ જૂનની આસપાસ ઉત્તર ગુજરાતમાં અતિવૃષ્ટિ થઈ. વિસનગર તાલુકાનાં ગામડાં વીસ ફૂટ પાણીમાં ડૂબતાં રહ્યાં. ખેતીવાડી નિષ્ફળ બની, ઘરવખરી-અનાજ ખરાબ થઈ ગયું. શ્રી માણેકલાલ સાહેબે આ પીડિતોની વહારે થવા સંસ્થાનાં બાળકો દ્વારા બે, પાંચ, દસ અને વધારે રૂપિયાનું ફંડ ઊભું કરવા આહ્‌વાન કર્યું. શ્રી મનુભાઈ સાહેબ, મનહરભાઈ સાથે મને પણ નોંધારાનો આધાર થવાનું સદ્‌ભાગ્ય સાંપડ્યું. રૂ. ૧,૮૭,૦૦૦=૦૦ એકઠા થયા. કમાણા, બાસણા, બેચરપુરા, કંસારા કૂઈ, પિલુદ્રા, હેડુવા અને ચાણસ્મા તાલુકાના સાપાવાડા ખાતે જાતનિરીક્ષણ કરીને સહાય પહોંચાડી.'

પરિવારના મોભી તરીકે ક્યારેક અનુભવસિદ્ધ અથવા માહિતીપ્રાપ્ત સાચી સલાહ આપીને ભારે અનર્થ થતો માણેકલાલ અટકાવી દેતા. એક વખત ભારે વરસાદના કારણે કડી વિદ્યાર્થી આશ્રમના ભોજનાલયના બેઝમેન્ટમાં પાણી ભરાયું અને ત્યાં રાખેલા ઘઉંનો લગભગ ૨૦ ક્વિન્ટલ જેટલો જથ્થો પાણીમાં પલળી ગયો. આ ઘઉં હવે રસોડાના કામના ન રહ્યા. એટલે કેટલાક ભાઈઓનો અભિપ્રાય એવો થયો કે આ પલળેલા ઘઉં ગૌશાળાએ મોકલી દેવા અને ગાયોના ખોરાક તરીકે ઉપયોગમાં લેવા. માણેકલાલે એ વાતને ત્યાં જ અટકાવી દેતાં કહ્યું, 'એવું આપણાથી ન થાય. જાણો છો ? પલળેલું અનાજ પશુના ખોરાકમાં ઝેર સમાન બની રહે છે. આપણે આ ઘઉંનો નિકાલ ગમે તે રીતે કરીશું પણ એમને ગૌશાળાએ મોકલવા નથી.'

માણેકલાલની દૃષ્ટિએ સંસ્થાના પરિસરમાં સંસ્થાના કાર્ય અર્થે જેની ઉપસ્થિતિ હોય એ સૌની પરિવારના સભ્ય સમાન ગણતા. ગોધરાકાંડ પછીનો કેટલોક સમયગાળો ગુજરાતમાં ભારે કોમી અશાંતિનો રહ્યો. ક્યારે કયા સ્થળે રમખાણ ફાટી નીકળે એ અંગે કશું નિશ્ચિત અનુમાન કરી શકાય એવી સ્થિતિ નહોતી. આમ છતાં માનવીએ ધંધા-રોજગારમાં તો પ્રવૃત્ત રહેવું પડતું હતું. વધારે કફોડી સ્થિતિ મજૂર વર્ગની હતી. કશા રક્ષણ વગર જોખમી વાતાવરણમાં પણ એમણે આજીવિકા માટે મજૂરી કામે ગમે તે સ્થળે આવન-જાવન કરવું પડતું.

આવા વાતાવરણમાં કડીના સર્વ વિદ્યાલય કૅમ્પસમાં ૨૦૦૩ના માર્ચ માસમાં બી.એડ્. અને પી.ટી.સી. કૉલેજોનાં મકાનનું બાંધકામ પૂરજોશમાં ચાલી

રહ્યું હતું. જૂન-જુલાઈ મહિનાઓમાં કૉલેજોનું કામ શરૂ થઈ જવાનું હતું એટલા માટે જ તો મકાનના બાંધકામની તડામાર તૈયારીઓ ચાલતી હતી. કલુષિત વાતાવરણનું જોખમ ખેડીને પણ આસપાસનાં ગામડેથી મજૂરો કામે આવતા હતા. આ મજૂરો અને કારીગરો પણ, પોતાના હિસાબે અને જોખમે કામ પર આવતા હતા. છૂટક મજૂરીનું રોજિંદુ કામ. કોઈ લિખિત કૉન્ટ્રેક્ટ કે નોકરી નહીં એટલે એમના રક્ષણની જવાબદારી સંસ્થાની એટલે કે માણેકલાલની (મંત્રી હોવાના નાતે) નહોતી. પણ માણેકલાલ કોને કહ્યા ? કરુણાસભર હૈયું. વળી માણસો સંસ્થાના કામે આવતા હતા. કાયદાથી ભલે કોઈ જવાબદારી ઊભી થતી ન હોય પણ માણેકલાલ નૈતિક જવાબદારી સ્વીકારીને ચાલનાર માણસ. આપણા કામે આવેલો માણસ આપણા રક્ષણ નીચે હોવો જોઈએ. વળી સંસ્થાના વિશાળ પારિવારિક ઉસૂલોમાંનો આ એક ઉસૂલ. આવી કરુણામય ગણતરી હેઠળ માણેકલાલે કૅમ્પસમાં કામ પર આવતા મજૂરો અને કારીગરોને લાવવા-લઈ જવા માટે પોતાના અંગત ખર્ચે પોતાની ગાડી ઉપયોગ માટે ધરી દીધી!

માણેકલાલ સંસ્થાને લગતા કોઈ પણ કાર્યને નાનું કે હીણું ગણતા નહોતા. તેથી તો સંસ્થાની જુદી-જુદી પ્રવૃત્તિઓમાં જુદા-જુદા રૂપે અને સ્વરૂપે દેખા દે છે. પછી એ ભૌતિક શ્રમકાર્ય હોય કે બૌદ્ધિક કક્ષાનું હોય. અહીં એક ભૌતિક કાર્યમાં એમના એક રૂપની હળવાશથી વાત કરવી છે.

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ તેમ જ ક.પા. કેળવણી ઉત્તેજક મંડળના અલગ અથવા સંયુક્ત ઉપક્રમે અનેક પ્રકારના સમારંભો, ઉત્સવો, મેળાવડા, ભૂમિપૂજનો, ખાતમુહૂર્તો, ઉદ્‌ઘાટન સમારંભો, અભિવાદન સમારંભો, કાર્યકરોની ષષ્ટિપૂર્તિઓ કે નિવૃત્ત થતા આચાર્યોના વિદાય કે બહુમાન સમારંભો, સંસ્થાઓની રજતજયંતી, સુવર્ણજયંતી કે અમૃતમહોત્સવ પ્રસંગોની ઉજવણીઓ વગેરેનું આયોજન થાય છે. સંસ્થાનો વિશેષ એ છે કે આ બધી ઉજવણીઓ નિમિત્તે ભોજનવ્યવસ્થા અચૂક ગોઠવાય છે. અને બીજો વધારે મહત્ત્વનો વિશેષ એ કે આ બધી ભોજનવ્યવસ્થા ચાલી આવતી પરંપરા પ્રમાણે ભોજન લેનારી વ્યક્તિઓને પંગત પદ્ધતિએ જમાડાય છે. ઈ.સ. ૧૯૮૪ સુધી તો ભૂમિ ઉપર પાણીનો છંટકાવ કરીને તેના પર આસન પાથરીને પંક્તિોમાં પતરાળા પર ભોજન પીરસાતું હતું. હાજર હોય એ બધા જ ભોજનાર્થીઓને એક જ એટલે કે પહેલી પંગતમાં જમાડી દેવામાં આવતા. પાછળથી આવનારા અને પહેલી પંગતમાં સેવા આપનારામાંના, ફરી થોડા સેવા આપનારાને બાકી રાખી, બીજી

પંગતમાં જમાડી દેવામાં આવતા.

ઈ.સ. ૧૯૭૦માં પરિવાર સંમેલનમાં પ્રથમ દિવસે પહેલી પંગતમાં ઉપર જણાવ્યું તે પદ્ધતિએ લગભગ ૩૦૦૦ ભાઈબહેનોને જમાડ્યાં હતાં અને ૧૯૮૪માં અમૃત પર્વ ઉત્સવ વખતે પહેલી પંગતમાં ૪૦૦૦ વ્યક્તિઓને ભોજન પીરસ્યું હતું.

એ વર્ષોમાં બૂફે ખાણાની રીત પ્રચલિત નહોતી, પણ પછીનાં વર્ષોમાં એનો પ્રચાર થયો તોપણ સર્વ વિદ્યાલય કેળવણી મંડળ અને કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળના પોતાના તેમ જ એમના દ્વારા સંચાલિત અન્ય શિક્ષણ એકમોના ઉત્સવો કે સમારંભોમાં ભોજનવ્યવસ્થા માણેકલાલની ઇચ્છા પ્રમાણે ટેબલ-ખુરશી પર જ ગોઠવવામાં આવતી હતી.

સમારંભો પોતે જ એક મોટું વ્યવસ્થાતંત્ર બની રહે છે. એ વ્યવસ્થાતંત્રનાં સઘળાં સૂત્રો માણેકલાલ પોતાના હસ્તક રાખતા. આનો અર્થ એ નહીં કે એમને એમના કાર્યકરોમાં વિશ્વાસ નહોતો. બધું ઉત્તમ રીતે સફળ તો કાર્યકરોની શક્તિના આધારે થાય છે. માણેકલાલ આ જાણતા હતા. પણ આપણી સંસ્કૃતિમાં પ્રાગૈતિહાસિક સમયથી ચાલી આવતી આ એક પરંપરા છે. બધા ઉત્સવો પરિવારના મોભીની નજર હેઠળ, એમની ગણતરી પ્રમાણે અને સૂચના મુજબ બધું પાર ઊતરવું જોઈએ.

નિર્મિત સમારંભ પૂરો થાય અને ભોજનનું કાર્ય આરંભાય તે વખતે જેણે માણેકલાલને જોયા હોય તેને આ બધી વ્યવસ્થા અંગે કશું સમજાવવું ન પડે. બુલંદ અવાજે એમના તરફથી પીરસનારાઓને સૂચનાઓ મળ્યા જ કરતી. ટેબલોની બે હાર વચ્ચે એ સતત હાલતા-ચાલતા રહે, વાનગીઓ પણ ફરતી રહે એ માટે તાકીદ કરતા રહે.

એક સંસ્થાનો ચેરમૅન કે યુનિવર્સિટીનો પ્રેસિડેન્ટ રસોઈ પીરસણનું ભૌતિક કક્ષાનું કામ પણ અત્યંત રસ અને પ્રેમપૂર્વક સંભળાતો હોય અને સૌને જમાડ્યા પછી પોતે થોડા સાથીદારો સાથે બેસીને જમતો હોય ત્યારે એને સંસ્થાનો સત્તાધીશ કે અધિક્ષક કહેવાને બદલે પરિવારનો વડો જ કહેવાનું મન થાય ને !

❒

૨૨

# ગુસ્સો નહીં, પુણ્યપ્રકોપ

માણેકલાલનો ગુસ્સો એમના સ્વભાવનું એક કહેવત રૂપ પાસું બની રહ્યો છે. સાચા-ખોટાના ભેળસેળિયા પ્રચાર પણ એ અંગે થતા રહે છે. અનુભવની વાત જુદી છે. પ્રચાર અને અનુભવ પ્રા. સુરેશભાઈ ચૌધરીની આ અનુભવોક્તિમાં સ્પષ્ટ થઈ શકે એમ છે. પ્રા. ચૌધરી લખે છેઃ 'સર્વ વિદ્યાલય કેળવણી મંડળની પ્રમુખ સ્વામી સાયન્સ ઍન્ડ એચ.ડી. પટેલ આર્ટ્સ કૉલેજ જેવી પ્રતિષ્ઠિત સંસ્થામાં અધ્યાપક તરીકે જોડાયો ત્યારે ઘણા મિત્રો તેઓના ઉગ્ર સ્વભાવ વિશે મને ચેતવ્યો હતો. પરંતુ છેલ્લાં ૧૮ વર્ષથી તેમના સીધા સંપર્કમાં આવતાં એમના ઉગ્ર સ્વભાવની પાછળ હૃદયની કોમળ એકતાને હું સમજી શક્યો છું.'

એક એવી સમજ પ્રવર્તે છે કે માણેકલાલ ધાર્યું કામ ન થાય ત્યારે ગુસ્સે થઈ જાય છે અને ગુસ્સે થાય છે ત્યારે એમનો ગુસ્સો એમના અવાજમાં ઊતરે છે. સામેના માણસને ગભરાવી મૂકે એવો બુલંદ અવાજ એમના ગુસ્સા વખતે હોય છે. લોકો એમના આ મિજાજને ગુસ્સા તરીકે ઓળખે છે, પણ આ ગુસ્સાને સમજવા પ્રયત્ન કરતા નથી. હું માણેકલાલના આ રોષને ગુસ્સો નહીં, પણ પુણ્યપ્રકોપ સમજું છું. ગુસ્સો અને પુણ્યપ્રકોપ બંને એમના હેતુના કારણે ભિન્ન છે. ગુસ્સો સર્વથા અનર્થકારી છે. જ્યારે પુણ્યપ્રકોપ અન્ય અથવા જનસમાજ માટે ચાનકરૂપ અથવા ઉપયોગી છે. જ્યારે-જ્યારે માણેકલાલ ગુસ્સે થાય છે ત્યારે એમના ગુસ્સા પાછળનું કારણ શું છે તે તપાસવામાં આવે તો એ ગુસ્સાનું ઔચિત્ય સમજાશે. અગાઉ આપણે જુદા સંદર્ભે પ્રવેશ અંગે મૅનેજમેન્ટ ક્વોટાની વાત કરી ગયા છીએ. અહીં એક જુદા દૃષ્ટિકોણથી એ વાતને ફરી સ્પર્શીએ. કોઈ ચર્ચામાં, મીટિંગમાં કે પ્રવચનમાં સંચાલકો મૅનેજમેન્ટ

ક્વોટાનો મર્યાદા વિનાના આર્થિક ભ્રષ્ટાચાર માટે ઉપયોગ કરે છે એ વાતનો માણેકલાલ ચર્ચામાં ઉલ્લેખ કરતા ત્યારે એમનો પુણ્યપ્રકોપ ભભૂકી ઊઠતો. આ ભ્રષ્ટાચારના કારણે કકળી ઊઠતું એમનું હૈયું ભ્રષ્ટાચારી સંચાલકો ઉપર તેજાબી શબ્દો દ્વારા આગની વર્ષા કરતું. આવા ભ્રષ્ટાચારી સંચાલકો માટે એ અસાંસદી (અનપાર્લમેન્ટરી) શબ્દોનો ઉપયોગ કરતાં પણ ક્યારેક અચકાતા નહીં. પ્રજાને કોઈ ચૂસે એ પોતે સહી શકતા નહોતા. આ પુણ્યપ્રકોપ પાછળ આપણને એમની પ્રામાણિક અને પારદર્શક નીતિનું દર્શન થવું જોઈએ.

શાળા-કૉલેજોના વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓની સુવિધા માટે રાતદિવસ ચિંતન કરીને સુવિધામાં કશી ખામી ન રહે એવી વ્યવસ્થા માણેકલાલ બરાબર ગોઠવતા, આમ છતાં આ અંગે કોઈ ખોટું નિવેદન કરે ત્યારે એ ઊકળી ઊઠે તો એમાં શું અસ્વાભાવિક હોય ? વિદ્યાર્થીઓ પોતાના રહેઠાણથી કશી અગવડ કે તકલીફ વગર શાળા-કૉલેજ સુધી આવે અને એ જ રીતે પોતાના રહેઠાણે પાછા જાય એ માટે પૂરતી સંખ્યામાં સંસ્થા તરફથી બસોની સગવડ રાખેલી છે. આમ હોવા છતાં એક કટાર લેખક-પત્રકારે એના છાપામાં વિદ્યાર્થીઓ માટેની આવી સુવિધા અંગે કશી તપાસ કર્યા વિના ખોટી અને સુવિધાનો અભાવ હોવાની ટીકા કરી. આ વાંચ્યા પછી માણેકલાલ ગુસ્સે થયા વગર કેમ રહે ? એ તો પત્રકાર ઉપર બદનક્ષીનો કેસ માંડવા તૈયાર થયા હતા, પણ જે દીવા જેવું સ્પષ્ટ છે એ ક્યાં છાનું રહેવાનું છે એવી ચર્ચાને અંતે એ શાંત થયા.

૧૯૯૮માં સંસ્થાના કેટલાક પૂર્વ વિદ્યાર્થીઓ અને શુભેચ્છકોના આમંત્રણથી સંસ્થાના વિકાસ અર્થે ફંડરૂપે નાણાભંડોળ એકઠું કરવા અમે અમેરિકા ગયા હતા. એ વાત આ પુસ્તકમાં અન્યત્ર થઈ ગઈ છે. પણ માણેકલાલના પુણ્યપ્રકોપ સંદર્ભે એ વાતને ફરી યાદ કરીએ. સંસ્થાની ટૅક્નિકલ હાઈસ્કૂલ માટે મુખ્ય દાતા ડૉ. ચિત્તરંજનભાઈ (સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, ગાંધીનગરના મંત્રી શ્રી અંબાલાલ સો. પટેલના પુત્ર)ના આમંત્રણથી એક રાત્રે શુભેચ્છા પાર્ટીમાં અમે એમને ત્યાં ગયા. શુભેચ્છકો, સ્નેહીઓ અને મિત્રોનો મિલનમેળો થાય એ હેતુથી ચિત્તરંજનભાઈએ કેટલાક અન્ય મહાનુભાવોને પણ આ મિલનમાં પધારવા આમંત્રણો આપ્યાં હતાં. સૌ આનંદથી હળીમળી રહ્યા હતા ત્યારે સંસ્થા અને છગનભાની વાત નીકળી. પાર્ટીમાં સરઢવના એક ભાઈ પણ હતા. એમણે નારાજગી દર્શાવતાં કહ્યું, 'છગનભાએ સરઢવ માટે શું કર્યું ?'

આ બોલનાર ભાઈની વાણીમાં નરી કડવાશ હતી. એ ભાઈના આવા શબ્દો

સાંભળીને માણેકલાલનો પુણ્યપ્રકોપ એકાએક ભભૂકી ઊઠ્યો. છગનભાના કાર્યને ન સમજનાર માણસના આવા શબ્દો માણેકલાલથી સહન ન થઈ શક્યા હોય એમ એમણે ઊંચા સાદે પેલા ભાઈને કહ્યું, 'છગનભાએ સરઢવ માટે શું કર્યું એમ પૂછો છો ? પહેલાં તો તમે એ સમજો કે છગનભાએ એમના ગામને એટલે કે તમારા સરઢવને ગુજરાતના નકશામાં ઝળહળતું કર્યું. છગનભાને લીધે આખો મહેસાણા જિલ્લો અજ્ઞાનના અંધકારમાંથી બહાર આવ્યો. કુરૂઢિઓની લોખંડી બેડીઓમાંથી મુક્ત થયો એ તમને અને તમારા ગામે ગૌરવ લેવા જેવું નથી લાગતું ?'

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ વિદ્યાર્થીઓના જે-તે કૉલેજમાં પ્રવેશ માટે કે નોકરીની નિમણૂક માટે કોઈ પણ પ્રકારનું ધન સ્વીકારતું નથી એની એક ખુમારી સાથે માણેકલાલ મસ્તક ઊંચું રાખીને ફરતા હતા. કોઈ માણસ આ અંગે શંકા સેવીને ટીકા કરે તે માણેકલાલથી સહી શકાતું નહીં. આવી કોઈ ટીકા એમના સાંભળવામાં આવે તો એ રોષે ભરાતા. આ માત્ર ટીકા. ટીકાને તો અવગણવાની હોય. આમ છતાં સંસ્થાની નામના ઝાંખી પડે એવી કોઈની કાલ્પનિક માન્યતા પણ માણેકલાલને હલાવી મૂકતી.

માણેકલાલને પુણ્યપ્રકોપ ક્યાં વહોરવા જવો પડે એમ હતો ? કોઈના હિતની વાત એ કરતા હોય અને સામેની વ્યક્તિ એ વાત તરફ દુર્લક્ષ સેવે તોપણ એ ગુસ્સે થયા વિના ન રહે. માણેકલાલ 'આર. જે. શાહ ફી રેગ્યુલેટરી કમિટી ફૉર પ્રોફેશનલ કોર્સિઝ'ના સભ્ય હતા. એ હેસિયતથી ફી સંબંધી સરકારી નીતિથી પૂરા વાકેફ હતા. એમાં ઉપરોક્ત (એન્જિનિયરિંગ, ફાર્મસી, મેડિકલ વગેરે) ૧૦ ટકા માફીની યોજનાનો લાભ સર્વ વિદ્યાલય કેળવણી મંડળની કૉલેજોમાં વિદ્યાર્થીઓને આપવાનું અમલી બનાવ્યું છે એ વાત અન્યત્ર થઈ છે. પણ બીજી કૉલેજોના સંચાલકો, વિદ્યાર્થી આલમને આ યોજનામાં ચોખ્ખો લાભ હોવા છતાં એને પોતાની કૉલેજોમાં અમલી બનાવતા નહોતા એ માણેકલાલના રોષનું કારણ બનતું. ભારપૂર્વક કહેવા-ચર્ચવા છતાં એના તરફ લક્ષ ન આપવામાં આવે એ માણેકલાલ કેમ સહન કરી શકે ?

માણેકલાલના ગુસ્સા પરત્વે ગેરસમજમાં રહેનારા સૌએ એ જાણી લેવું જોઈએ કે માણેકલાલનો ગુસ્સો, રોષ કે પુણ્યપ્રકોપ જે ગણો તે, વ્યક્તિ પરત્વે નહીં, પણ ઘટના પરત્વે ઉદ્‌ભવતો. 'થયું ન થયું', 'આ થવું નહીં તે થવું જોઈએ' જેવી બાબતો એમના ગુસ્સાના કેન્દ્રમાં રહેતી. ઘટના સંબંધમાં જે કંઈ ઊણપ હોય તે દૂર થાય એ સંબંધી ચૂક કરનારને ઊંચા સાદે ઠપકો આપવામાં

આવે અને એવી ચૂકનું પુનરાવર્તન નહીં થાય એવી પ્રતીતિ થતાં, ગુસ્સાનું કારણ દૂર થઈ જાય એટલે માણેકલાલના ચિત્તની ઉત્તેજના પણ શાંત થઈ જતી અને પરિસ્થિતિ થોડી ક્ષણો પહેલાં હતી તેવી થઈ જતી. વ્યક્તિ પરત્વે માણેકલાલને કોઈ રોષનું કારણ હોતું નહીં. એ ફરીથી કહેવાની જરૂર ન હોય.

કોઈ પણ સંસ્થાના સુચારુ સંચાલન માટે આ પુણ્યપ્રકોપની નીતિ કેટલી બધી ઉપયોગી હોય છે એ તો વિચાર કરવા થોભીએ તો જ એ સમજાય. આજકાલ આખા દેશમાં નિષ્ઠાના અભાવનો રોગ વ્યાપક બની રહ્યો છે. એ સંજોગોમાં કામ લેવા માટે ધાક એક અનિવાર્ય બળ છે એ ભાગ્યે જ કહેવાની જરૂર હોય.

માણેકલાલ નગરપાલિકામાં ચીફ ઑફિસર તરીકે હતા ત્યારે એમની સીધી દેખરેખ નીચે ઓવરસિયર તરીકે ફરજ બજાવનાર શ્રી ભાઈલાલ પટેલે વિશે વાત કરતાં એમણે લખ્યું હતું: 'એમની ધાક એક શાર્દૂલ સમી હતી.' આ ગ્રંથના છઠ્ઠા પ્રકરણમાં એ 'ધાક'ને વર્ણવતો ફકરો આપ્યો છે. પણ અહીં એટલું કહેવાનું કે શાર્દૂલ (વાઘ અને સિંહ પણ)ની ધાક ઋજુતા સિવાયની અને રુક્ષ હોવાની (સંદર્ભ મનુષ્યનો છે એટલે) પશુ સાથે સંકળાયેલી ક્રૂરતાની વાત કરવાની નથી. માત્ર એટલું જ કહેવાનું કે કડી શહેરની શેરીઓ અને એનાં ફળિયાંમાં સી.ઓ. સાહેબ(માણેકલાલ સ્તો!)નું વિચરણ ધાકવાળું નહીં પણ સ્વભાવના બીજા કોઈ પાસાનો નિર્દેશ મળે એવું કંઈક કહીએ. 'નજરે જોયા એ પહેલાં અને પછી...' શીર્ષક હેઠળના ઊર્જિતા સત્યમ પટેલના લેખમાં આ જરૂરિયાત બરાબર બંધ બેસતા શબ્દોમાં આ રીતે વર્ણવાઈ છે :

'માણેકલાલ સાહેબને જોયેલા નહીં.

સદ્નસીબે એમના સંચાલન હેઠળની સંસ્થામાં કામ કરવાની તક મળી. અહીં અનુભવે જોયું કે માણેકલાલ સાહેબ વિશે જે સાંભળ્યું હતું એનાં કરતાં તો એમનો પ્રભાવ અહીં મને અનેકગણો વધારે જણાયો.

માણેકલાલ સાહેબ કૅમ્પસમાં હોય ત્યારે એ પોતે જાણે આખા કૅમ્પસ ઉપર વ્યાપ્ત હોય! કૅમ્પસની પ્રત્યેક વ્યક્તિની જાણે સન્મુખ!'

આ વર્ણનમાં ઉર્જિતા કદાચ એવું કહેવા માગે છે કે માણેકલાલ સન્મુખ ભાસે ત્યારે કશા પ્રમાદ, કામચોરી કે ચૂકનો અવકાશ જ ન રહે એટલે 'સાહેબ' માટે પણ પુણ્યપ્રકોપનો અવકાશ ન રહે.

❒

## ૨૩

# વાણીસંમોહન

જીવનની સફળતામાં મહત્ત્વનું યોગદાન કરનાર માણેકલાલના એક ઓછા ચર્ચાયેલા અને જેની ઝાઝી નોંધ ન લેવાઈ હોય એવા ગુણની અહીં વાત કરવી છે. એમનો એ ગુણ છે સફળ વક્તા તરીકેનો. જેણે સમાજ સાથે કામ લેવાનું છે એની પ્રાથમિક આવશ્યકતા એક સફળ વક્તા હોવાની છે. સમાજ સાથે કામ લેનાર એ વ્યક્તિ ભલે સમાજ-સુધારણાનું કામ કરતી હોય, કેળવણીનું કે વ્યસન-નાબૂદી અથવા આરોગ્યને હાનિકર્તા કુટેવોમાંથી વ્યક્તિને મુક્ત કરવાનો પુરુષાર્થ કરતી હોય. એની વાણી કે વક્તવ્યમાં પ્રભાવ નહીં હોય તો સફળ થવા આડે ઘણાં વિઘ્નો આવી શકે છે. રાજકારણમાં જે મુત્સદ્દી ગણાયા છે એ પોતાના વક્તવ્ય વિશે ઘણા સજાગ રહે છે. વક્તવ્યની વાત કેટલી મહત્ત્વની છે એ સમજવા માટે પ્રેસિડેન્ટ રૂઝવેલ્ટનું ઉદાહરણ અહીં અસ્થાને નહીં ગણાય. પ્રેસિડેન્ટ રૂઝવેલ્ટનાં પ્રવચન તૈયાર કરનાર પાંચેક ભૂતિયા લેખકો (Ghost Writers) હતા. એમાં રોબર્ટ શેરવૂડ આગેવાન. કોઈ મહત્ત્વની સ્પીચ હોય ત્યારે તૈયાર થયેલું ભાષણ રૂઝવેલ્ટ પોતે ધ્યાનથી વાંચીને એમાંથી ઘણું ગાળી નાખતા. મોટેથી વાંચી જોતા. એમાં જે શબ્દો બોલતી વખતે જીભને લોચા વાળતી (tongue twisting) કરે એવા હોય એ બદલી નાખતા.

હૈયામાંથી સ્ફુરણા પામીને બહાર આવતી વાણી સાંભળનારના હૈયે સીધે સીધી ઊતરી જાય છે. એ સર્વ સામાન્ય અનુભવની વાત છે. છગનભાને સાંભળ્યા પછી કાકાસાહેબ કાલેલકરે એવું કહ્યું હતું કે એમણે જે પાંચેક ઉત્તમ વક્તાઓને સાંભળ્યા હતા તે પૈકીના એક છગનભા હતા. છગનભાની ગણના ઉત્તમ વક્તાઓમાં થતી. શું હતું છગનભાની પ્રવચન વાણીમાં ? પોતે જે વિચાર્યું એને કશી ભેળસેળ વગર કહી શકવાની આવડત એ જ એનો પ્રભાવ.

માણેકલાલની એક વક્તા તરીકેની કુશળતા વિશે કહેવું હોય તો સૌ પહેલી વાત તો એ કે પોતાની પાસે શબ્દો પસંદ કરવાની એક સારી શક્તિ હતી, એ કદાચ માણેકલાલે પોતે પણ નહીં જાણ્યું હોય. અંગ્રેજીમાં જેને 'ગિફ્ટ ઑફ ધ ગેબ' કહે છે એ એમની પાસે સારા પ્રમાણમાં હતી. ઈશ્વરીય બક્ષિસ સમજો. આ શક્તિના કારણે એમનાં પ્રવચન શ્રોતાઓને પકડી રાખનારાં બની રહેતાં. એ લાંબું બોલી શકતા અને સારું બોલતા. એમના વક્તવ્યમાં માત્ર શબ્દાળુતા જ હોય એવું નહોતું. હકીકત અને નક્કર વિચારસામગ્રી એમનાં વક્તવ્યોનાં મુખ્ય લક્ષણોમાં પ્રધાન સ્થાને રહે. સચોટ તર્ક એ પણ એવો જ ગુણ. એક હકીકત આ વાતના સમર્થનમાં બસ થશે. વાર્ષિક સાધારણ સભાના સભ્યો સભાના રૂપમાં ઉપસ્થિત હોય. સંસ્થાની પૂર્વથી ચાલી આવતી પદ્ધતિ એવી કે વ્યવસ્થાપક મંડળની મીટિંગ હોય કે વાર્ષિક સાધારણ સભા હોય સંસ્થાના બંને મંડળો કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ અને સર્વ વિદ્યાલય કેળવણી મંડળ અને પછી ગાંધીનગરની સર્વ વિદ્યાલય કેળવણી મંડળની શાખા ઉમેરાઈ તે પણ આ સૌની સભાઓ ભેગી જ મળે. એમાં દાતાઓ અને આમંત્રિત સભ્યોની સંખ્યા પણ ઝાઝી. વાર્ષિક સાધારણ સભા વખતે તો સંસ્થાના સર્વ શૈક્ષણિક એકમોના વડા પણ હાજર હોય. વાર્ષિક સાધારણ સભાની વાત કરીએ તો એમાં ઓછામાં ઓછા અઢીસોથી ત્રણસો સભ્યોની હાજરી હોય. આટલી મોટી સંખ્યા સમક્ષ પ્રોફેશનલ અભ્યાસક્રમો (એન્જિનિયરિંગ, ફાર્મસી વગેરે)માં પ્રવેશ માટે સંસ્થાને ફાળે મળતી મૅનેજમેન્ટ ક્વોટાની બેઠકો ઉપરથી હક જતો કરીને એ સઘળી બેઠકોનો હક પ્રવેશ આપનાર કમિટીને અર્થાત્ સરકારને કહો, પરત કરી દેવાની વાત કોઈ સાધારણ ઘટના ન ગણાય. જ્યારે આ બેઠકોનો હક જતો કર્યો તે અરસામાં કેટલાક ભ્રષ્ટાચારી સંચાલકો એક-એક સીટના ત્રણ-ત્રણ - ચાર લાખ રૂપિયા લેતા હતા. (સર્વ વિદ્યાલયની ફાર્મસી કૉલેજની એક સીટ માટે દસ લાખની ઑફર પણ થયેલી) સર્વ વિદ્યાલયની પ્રોફેશનલ કૉલેજોમાં તો આવી ઘણી મૅનેજમેન્ટ બેઠકો તરીકે મળે એમ હતી. ચેરમૅન તરીકે માણેકલાલે ભ્રષ્ટાચાર આચરવાનું વિચાર્યું હોત તો કેટલી જંગી રકમ ઊભી કરી શકાઈ હોત! પણ એમને એ હરગીઝ નહોતું કરવું. વક્તા તરીકેની એમની શક્તિની વાત હવે આવે છે. સામે બેઠેલા અઢીસો-ત્રણસો સભ્યોમાં એવા કેટલાય ગણતરીબાજ સભ્યો હોય કે જે આટલી મોટી લોભામણી રકમોને જતી કરવા માગતા ન હોય. મંડળના

સભ્ય તરીકે દરેક વ્યક્તિને પોતાની વાત કે મત વ્યક્ત કરવાનો અધિકાર હોય છે. કેટલાક સભ્યો પોતાના મતના ભારે આગ્રહી હોય છે. આગ્રહ સાથે ઉગ્ર પણ થતા હોય છે. સામે બેઠેલા સભ્યોમાં મૅનેજમેન્ટ ક્વોટાની બેઠકો જતી ન કરવાના મતના સભ્યો હોઈ શકે. ન હોય એવું આ જમાનામાં ન બને. આવા સભ્યો પોતાનો મત જાહેર કરે, માણેકલાલનો વિરોધ કરે. ઉગ્રતા વ્યાપે. સરખા મતના સભ્યો એક થઈને હોબાળો મચાવે, ધાંધલ કરે, સ્ટેજ પર ચડી જઈને માઇક ઉપર કબજો લેવા પ્રયત્ન કરે. એમને મન આ કરોડો રૂપિયાનો સવાલ. જરાય નાનો નહીં.

પણ આશ્ચર્યની વાત એ હતી કે માણેકલાલે આ મૅનેજમેન્ટ ક્વોટાની બેઠકોના સંદર્ભે ઈ.સ. ૧૯૧૯માં છગનભાના ખંતભર્યા પુરુષાર્થથી સ્થપાયેલી આ સંસ્થા, છગનભાના આદર્શો, સમાજના હિતમાં જ તપશ્ચર્યાના રૂપમાં જ સંસ્થાના સેવકોએ નિઃસ્વાર્થભાવે અને પૂરા ત્યાગથી કરેલી સેવા તદ્ઉપરાંત મૅનેજમેન્ટ ક્વોટાની બેઠકો જતી કરવામાં સચવાતું તેજસ્વી વિદ્યાર્થીઓનું હિત (ક્વોટામાં ઓછા તેજસ્વી વિદ્યાર્થીઓના કારણે ઝૂંટવાઈ જતી તેજસ્વી વિદ્યાર્થીઓની પ્રવેશની તક) અને સમગ્રપણે સંસ્થાની પ્રતિષ્ઠા એવી અસરકારક રીતે તર્કબદ્ધ ક્રમમાં માણેકલાલે સભા સમક્ષ રજૂ કરી કે એમના મતની સામે વિરોધનો એક પણ સૂર ન ઊઠ્યો.

આ સિવાય પણ કારોબારીની મીટિંગ હોય કે વાર્ષિક સાધારણ સભા, માણેકલાલના વક્તવ્યમાંથી કંઈક ને કંઈક નવું જાણવાનું મળતું હોય એ રીતે સૌ એક ચિત્તે એમને સાંભળી રહેતા.

અગાઉ આ ગ્રંથમાં અન્યત્ર કહેવાઈ ગયું છે તેમ માણેકલાલ જે ક્ષેત્ર સાથે નિસબત ધરાવે તે ક્ષેત્રને એ પૂરું સમજી લેતા. એની ખૂબીઓ અને ખામીઓથી વાકેફ થતા અને જ્યારે એ ક્ષેત્રમાં કંઈ બોલવાનો પ્રસંગ સાંપડે ત્યારે કોઈ અજાણ્યો માણસ આ ક્ષેત્રમાં ભૂલો પડ્યો છે એવું કદી ન લાગે. ગાંધીનગરમાં યોજાયેલા ગુજરાતી સાહિત્ય પરિષદના ૪૪મા અધિવેશનમાં એમણે સ્વાગત પ્રમુખ તરીકે આપેલું પ્રવચન મનનીય હતું. ઉપસ્થિત સાહિત્યકાર શ્રોતાઓને મન આશ્ચર્યની વાત એ હતી કે એક ઉદ્યોગપતિ સાહિત્યની નાડ પારખી શકે ? નાડ પારખવાનું તો શું, પ્રવચનમાં એના ધબકાર ઝિલાયા હતા. પરિષદ દ્વારા અપાતા પુરસ્કારો અને પારિતોષિકો વિશે એમણે જે વાત કરી અને પોતાનાં મંતવ્યો દર્શાવ્યાં એ આજ સુધી કોઈ વિદ્વાન સાહિત્યકારે દર્શાવ્યાં નહોતાં.

માણેકલાલે નવી વાત કરી હતી.

માણેકલાલનાં પ્રવચન અસરકારક બનતાં. એની પાછળ એક ઘણું અગત્યનું માનવીય તત્ત્વ ભળેલું રહેતું. કરુણા કહો કે સંવેદન. શબ્દો કે શૈલી સાવ જાનપદી હોય તોપણ સાંભળનારના હૈયાને હલાવી મૂકી શકે છે. ચિત્તને રોમાંચિત કરી મૂકે છે. આનું એક ઉદાહરણ બસ થશે.

શાળા તરફથી કડી બહારના કોઈ સ્થળે યોજાતા N.S.S. કૅમ્પસમાં માણેકલાલભાઈ હાજરી આપતા અને છેલ્લા દિવસે ગ્રામજનોની સભા N.S.S.ના ઉપક્રમે યોજાઈ હોય તેમાં વક્તવ્ય આપતા. આ અંગે આપણે એમણે આપેલા એક વક્તવ્યને ઉદાહણરૂપે શાળાના આચાર્ય શ્રી ફુલજીભાઈના શબ્દોમાં જોઈએ :

'સર્વ વિદ્યાલય હાઈસ્કૂલની એન.એસ.એસ. વાર્ષિક શિબિર કડીથી ૫૦ કિલોમીટર (પચાસ કિ.મી.)ના અંતરે પ્રતિ વર્ષ અલગ-અલગ ગામડાંઓમાં યોજાય. ઉદ્‌ઘાટન ઉદ્‌બોધનમાં દરેક ગામમાં ગ્રામજનોની અવૈધિક ફરજો અંગે અને સામાજિક કાર્ય કરવા અંગે જવાબદારીનાં અનેક ઉદાહરણો આપતા. તેમાં ખાસ કહેતા કે ગામમાં ધનાઢ્ય વ્યક્તિ હોય, તેની પાસે ગાડી હોય અને તે સુખી સંપન્ન હોય ત્યારે તેની ફરજ ગામમાં કોઈ બાઈના ડિલિવરી કે ગંભીર માંદગીના પ્રસંગે સમય સાંજનો કે રાત્રિનો હોય તો તે ધનાઢ્ય મુરબ્બીએ પોતાની ગાડી તે બહેનની મદદ માટે આપવા તત્પર રહેવું જોઈએ. એ તેની સામાજિક અવૈધિક ફરજ છે, પણ ખર્ચની બાબતમાં તે સ્વભાવગત ફરજ ચૂકે ત્યારે તેવા લોકો સામાજિક પ્રતિષ્ઠા ગુમાવે છે અને ગ્રામજનોની નજરમાંથી નીચે ઊતરી જાય છે.'

ગ્રામજનોને કરેલા આ ઉદ્‌બોધનમાં કશી ભાષાની ભભક નથી. તેમ જ શૈલીનો કોઈ આડંબર નથી. એમાં સૌના હૃદયને સ્પર્શે એવો ભાવાત્મક સૂર છે. મુશ્કેલીમાં મુકાયેલો કે જરૂરતમંદ માણસની મદદે પહોંચી જવાની વાત શ્રોતાને સ્પર્શ્યા વગર કેમ રહે ?

જાણીતા સાહિત્યસર્જક અને હાસ્યલેખક શ્રી રતિલાલ બોરીસાગર માણેકલાલના વાક્ચાતુર્ય માટે આમ કહે છે : 'માણેકલાલભાઈ નાનકડા જૂથમાં ચર્ચા કરતા હોય કે મોટી સંખ્યામાં ભાષણ કરતા હોય – વૈચારિક રીતે તેઓ તદ્દન સ્પષ્ટ હોય છે. પોતાના વિચારને અમલમાં મૂકવાની દૃઢ નિશ્ચયાત્મકતા એમના અવાજમાં પરખાય છે. એમના શબ્દો સીધા હૃદયમાંથી આવે છે અને સીધા જ સામી વ્યક્તિના હૃદયને સ્પર્શે છે. ઢાંકપિછોડો કરીને વાત કરવાનું

એમને ફાવતું નથી એટલે સચ્ચાઈભર્યા એમના શબ્દો કોઈ વાર કોઈને આકરા પણ લાગી શકે, પરંતુ એમના શબ્દોમાં રહેલી સચ્ચાઈ વહેલી-મોડી પરખાયા વિના રહેતી નથી. મારી દૃષ્ટિએ વ્યક્તિત્વની આવી એકરૂપતા જ માણસની મોટી મૂડી છે. મન-વચન-કર્મની આવી એકરૂપતાને કારણે જ માણેકલાલભાઈ માટે મારા મનમાં અપાર આદર છે.'

માણેકલાલભાઈ સારા વક્તા શાથી બની શક્યા છે એનું સાચું તાર્કિક અનુમાન કરતાં જાણીતા વિદ્વાન આચાર્ય અને ગુજરાતી સાહિત્યના સર્જક અને વિવેચક ડૉ. બહેચરભાઈ પટેલ આ પ્રમાણે કહે છે :

'ગાંધીનગર ખાતે ગુજરાતી સાહિત્ય પરિષદના ૪૪મા અધિવેશનના એ સ્વાગત પ્રમુખ હતા, ત્યારે એ અધિવેશનને ઉત્તમ બનાવીને રહ્યા. એમને સાહિત્યમાં રસ છે. ગુજરાતી ભાષા-સાહિત્યના એ કંઈક જ્ઞાતા પણ છે. ડૉ. ચિનુ મોદીના સન્માન સમારંભમાં એ ભાષા સાહિત્યના વિકાસ માટે બોલ્યા તેથી આશ્ચર્યાનંદ થયો. એ સારા વક્તા છે. ખૂબ સારું અને મુદ્દાસર બોલે છે. સ્વ. લક્ષ્મીકાન્ત ભગુભાઈને શ્રદ્ધાંજલિ અર્પતાં એમણે સેવાની સદૃષ્ટાંત પ્રશંસા કરી તે સાંભળી હું મુગ્ધ થઈ ગયો હતો.'

તો રઘુવીર ચૌધરીએ એમની મર્મ વાણીમાં આ રીતે કહ્યું, 'હવે કુલાધિપતિ થયા છે તો સમારંભોમાં ભાષણ તૈયાર કરીને આવે છે અને ઉચ્ચાર શુદ્ધિ સાથે કડકડાટ વાંચે છે.' અહીં આપણે કહીએ કે લખીને તૈયાર કરેલું પ્રવચન વાંચવાની હવે નવાઈ નથી રહી. બલકે ઘણા મોટા અને આંતરરાષ્ટ્રીય મહત્ત્વવાળા સમારંભોમાં તો લખેલું પ્રવચન વાંચવાનું અનિવાર્ય બન્યું છે. એની પાછળ કારણો ઘણાં છે પણ અહીં એની ચર્ચા અપ્રસ્તુત છે. મોટા સમારંભો સિવાય માણેકલાલને વર્ષ દરમિયાન પાર વિનાના પ્રસંગોએ વક્તવ્ય આપવા પડતાં હતાં. સર્વ વિદ્યાલય કેળવણી મંડળની શૈક્ષણિક સંસ્થાઓને એમની નાની-મોટી પ્રવૃત્તિઓ, હરીફાઈઓ, વાર્ષિક ઉત્સવો, વિદાય સમારંભોમાં અતિથિવિશેષ તરીકે બહારના મહાનુભાવો દેખાતા નથી. સંસ્થાના સંચાલક મંડળના હોદ્દેદારોને જ સમારંભના પ્રમુખ, મુખ્ય મહેમાન અને અતિથિવિશેષ તરીકે ગોઠવી દે છે. આવી ગોઠવણના કારણે માણેકલાલને ઉપર કહ્યું તેમ, શૈક્ષણિક સંસ્થાઓ ઘણી એટલે વર્ષ દરમિયાન ઘણાં પ્રવચનો આપવાં પડે. એમનાં બધાં વક્તવ્યો લખ્યા વિનાનાં અર્થાત્ સ્વયંસ્ફુરિત હતાં. કડીના સાહિત્ય વર્તુળની દરેક મીટિંગમાં એમની હાજરી રહેતી અને એ 'બે શબ્દો' બોલે એવો આગ્રહ રાખવામાં

આવતો. એ બોલતા. અને ખૂબ સારું બોલતા.

હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી દ્વારા યોજાતાં 'મોહનલાલ પટેલ ભારતીય સાહિત્ય વ્યાખ્યાનમાળા'ના પ્રત્યેક વ્યાખ્યાનમાં એમની અતિથિવિશેષ તરીકે હાજરી હતી જ. અત્યાર સુધી અપાયેલાં એ સાતેય વ્યાખ્યાનો વખતે એમને કંઈક બોલવાનું થતાં એમણે તત્કાળ સ્ફુરેલાં પ્રવચનો આપ્યાં હતાં. એકાદ અપવાદ સિવાય શ્રી રઘુવીર ચૌધરીની હાજરી હતી જ અને માણેકલાલ કડી સર્વ વિશ્વવિદ્યાલયના કુલાધિપતિ પણ હતા. શ્રી રઘુવીરની મર્મવાણીને સૌ પ્રેમવાણી ગણીને આનંદથી માણે છે. માણેકલાલની શક્તિઓ વિશે રઘુવીરભાઈને ઘણું માન છે. અને તે ઉપરનું મંતવ્ય જે લેખમાંથી લીધું છે તે લેખમાં એમણે માણેકલાલને વિવિધ રીતે ખૂબ બિરદાવ્યા છે.

પ્રા. સુરેશભાઈ વી. ચૌધરી માણેકલાલના પ્રવચન નૈપુણ્ય વિશે કહે છે: 'તેઓ અસરકાર વક્તા છે. તેમનો અવાજ બળવાન છે. માઈક વગર પણ તેઓ મોટી સંખ્યાને સંબોધી શકે છે. તેમની વાણીમાં પૂ. છગનભાના વિચારો, વિદ્વત્તા, સંસ્થા પ્રત્યેની ભાવના અને આગવી છટા હોય છે.'

અને કેળવણીકાર તેમ જ સાહિત્યકાર અને લોકસેવા મહાવિદ્યાલય, લોકભારતી-સણોસરાના પૂર્વ આચાર્ય શ્રી મનસુખ સલ્લા માણેકલાલના વક્તા તરીકેના ગુણને બિરદાવતાં એ કહે છે: 'તેમને સારું વક્તવ્ય આપતાં આવડે છે.'

❒

## ૨૪

# માણેકલાલ :
# અમારા તો સી.ઓ. સાહેબ જ !

માણેકલાલ માધવલાલ પટેલ જિનિંગ ઍન્ડ પ્રેસિંગ ક્ષેત્રે તેમ જ ઑઇલ મિલની દુનિયામાં જાણીતા ઉદ્યોગપતિ.

કરોડો રૂપિયાનું ઉપાર્જન કરનારા ઉદ્યોગપતિનો વૈભવ અને જીવનપદ્ધતિ (way of life) એટલાં પ્રચલિત છે કે એને ગણતરીમાં લેવાની જરૂર ન પડે. સૌને, સમાજના નિમ્ન સ્તરના અદના માણસ સુધ્ધાંને એની બરાબર ખબર છે. ઉદ્યોગપતિ નિવાસ માટે મોટું શહેર પસંદ કરે. ભવ્ય બંગલામાં રહે. નોકર-ચાકરોથી ઘેરાયેલો રહે. ઓછામાં ઓછી પચીસ હજાર રૂપિયાની સભ્ય ફીવાળી ક્લબનો મેમ્બર હોય. પોતે વૈભવી પાર્ટીઓમાં જાય અને પોતે પણ અવારનવાર આવી પાર્ટીઓ યોજે. આ પાર્ટીઓમાં શું ખવાતું-પીવાતું – ખેલાતું હોય છે એ કોણ નથી જાણતું ?

આપણા માણેકલાલ માધવલાલ પટેલ એક ઉદ્યોગપતિ ઉપર કહ્યું એમાંનાં કેટલાં વળગણ એમને હતાં ? એ તો જીવનભર કડી નગરના વાસી બની રહ્યા. ૧૯૬૦ સુધી તો કડીની ૩૦-૩૫ હજારની વસ્તી. અને પોતે જ ઊભી કરેલી સોસાયટીમાંના એક મકાનમાં એમનો નિવાસ. આબુમાં એક બંગલો ખરો, પણ તે તો અન્ય કોઈ માટે બાંધ્યો હોય એમ, એમણે તો નજર તળે પણ કાઢેલો નહીં. અમદાવાદમાં બંગલો ખરો પણ તે પોતાના નિવાસનું સ્થાન નહીં, દીકરો ભોગવે, પોતે નહીં !

કોઈ વૈભવી ક્લબના મેમ્બર થવાની વાત નહીં, મેમ્બર ખરા પણ તે લાયન્સ ક્લબના જેવી સંસ્થાના જેમાં સમાજસેવા સિવાય બીજો કશો બોજ ન હોય. હા, સભ્ય હતા અનેક સંસ્થાઓના જેમાં ઊંઝાના ઉમિયા

માતાના સંસ્થાનનો પણ સમાવેશ ખરો...

એ ઉદ્યોગપતિ તો હતા જ પણ લોકો એમને એ રૂપમાં ઓળખવા ક્યાં તૈયાર હતા ? આમજનતા માટે તો એ 'સાહેબ' જ હતા. બહુ-બહુ તો 'માણેકલાલ સાહેબ' ૧૯૫૮થી ૧૯૭૩ સુધી કડી નગરની ગલીએ-ગલીએ જે ફર્યા એમની સાથે ભળ્યા, એમનાં સ્વાસ્થ્ય અને સુખાકારીની ખબર રાખી એ સી.સો. સાહેબ, જનતાની વાત સાંભળતા હતા અને નગરપાલિકા જોગ કોઈ તકલીફ કે મુશ્કેલી હોય તો શીઘ્ર દૂર કરતા તો સી.ઓ. સાહેબ. એ મોટા-મોટા ધંધાના માલિક ખરા પણ એમનામાં કોઈ ઉદ્યોગપતિનો રૂહ પ્રવેશ્યો નહોતો. એ અમારી વચ્ચે આવતા. અમારી ખબર લેતા. જરૂર પડ્યે કોઈ ન જાણે એમ અમને મદદ કરતા. અમારા માટે ઘસાઈ છૂટતા.

વાત સાચી છે. એમણે ક્યારેય મોટાઈનો ડોળ કર્યો નહોતો. આમ આદમીની જેમ બધે હરતા-ફરતા. એક વખત અમે ત્રણ-ચાર જણ એમની સાથે એમની ગાડીમાં ગાંધીનગરથી કડી જવા નીકળ્યા હતા. દિવસ દરમિયાન સંસ્થાનાં નાનાં-મોટાં કામ આટોપી લીધા પછી સાંજના સાડા ચાર વાગ્યા પછી નીકળ્યા હતા. કલોલનો વિસ્તાર શરૂ થયો અને એમણે ગાડીને જનપથ હોટલ આગળ થોભાવવાની સૂચના ડ્રાઇવરને આપી.

મને થોડું આશ્ચર્ય થયું. આવો મોટો માણસ હોટલ આગળ ગાડી થોભાવવાનું કેમ સૂચવે છે ? અમે સૌ કેળવણીના માણસો. સર્વ વિદ્યાલય જેવી જાણીતી સંસ્થાના કાર્યકરો. બે મંત્રીઓ અને એક આચાર્ય. સામાન્ય સ્તરના લોકો જ્યાં ચા-પાણી અને નાસ્તા કરે એમાં અમે ? ગાડી ઊભી રહી. માણેકલાલભાઈ ઊતર્યા એટલે અમારે પણ ઊતરવાનું જ થાય. એમણે કહ્યું, 'ચાલો.'

એમણે હોટલના દ્વાર (દ્વાર તો શું, યાં ખુરશીઓ મૂકેલી હતી તે) તરફ એમના પગ ઊપડી ચૂક્યા હતા. મેં કહ્યું: 'હોટલમાં જવું છે ?'

'એ જ છે ને ?'

'છે તો એ જ - હોટલ. પણ આપણે એમાં શા માટે જઈએ છીએ ? બે વાગ્યે જમ્યા છીએ. નાસ્તાનો સવાલ નથી. નીકળતી વખતે ચા-પાણી પીધી છે... હવે શું ?'

'ચાલો તો ખરા.' માણેકલાલભાઈ આટલું બોલે ત્યાં સુધીમાં તો એમણે હોટલમાં પ્રવેશ કરી જ લીધો અને એક મોટા ટેબલની બાજુની

ખુરશી તાણીને સરખી કરીને એના પર બેસીને અમને બીજી ખુરશીઓ ઉપર બેસવા હાથના ઇશારાથી સૂચના આપી દીધી.

વેઇટર આવી પહોંચ્યો. એમણે ઑર્ડર આપ્યો. ચાર લસ્સી ટેબલ પર અને એક બહાર ગાડીમાં ડ્રાઇવર માટે. ગાડીનો નંબર આપ્યો.

થોડી વારમાં તો જોતાં જ તમ્મર આવી જાય એવા એલ્યુમિનિયમના ઝાંખા પડી ગયેલા જંબો ગ્લાસ આવ્યા. લસ્સી એટલે રગડાનું રૂપનું ભાંગેલું દહીં એવી મારી સમજ હતી. આ જબરદસ્ત ગ્લાસમાં જાડી છાશ હતી. ગ્લાસ પૂરા કરતાં તકલીફ પડે એવું તો હતું પણ આખો ગ્લાસ ખાલી કરી શકાયો.

આ જનપથ પ્રવેશ એ મારા માટે માણેકલાલભાઈના વ્યક્તિત્વનું એક સમ્યક્ દર્શન હતું. આ હોટલમાં પ્રવેશતાં પહેલાં મારામાં રહેલો કેળવણીનો કોઈ દંભી માણસ હોટલમાં પ્રવેશ માટે મારામાં ખચકાટ પેદા કરતો હતો. આ હોટલ કોઈ મયખાનું હતું ? ના. અહીં પ્રવેશ કરનારા માણસો કોઈ અસામાજિક તત્ત્વો હતાં ? ના. એ બધાં અમારા જેવા જ માણસો હતા. અહીં પ્રવેશ કર્યા પછી જે કાંઈ (ચા કે નાસ્તો) લેવાનું થવાનું હતું તે વર્જ્ય ચીજ હતું ? ના, તો પછી હોટલમાં પ્રવેશ કરવામાં અપરાધભાવ કેમ અનુભવાતો હતો ? નર્યો દંભ કે બીજું કંઈ ? આ ગણતરીએ હું દંભી માણસ હતો. હોટલમાં બેઠેલા અમને કોઈ જોઈ જશે તો શું ધારશે ? આવો કોઈ ભીરુ માણસને છાજે એવો ભાવ મારામાં હતો.

પણ માણેકલાલભાઈ કોઈ જુદી માટીના માણસ હતા. નિખાલસ, કશો દંભ નહીં. આમ આદમી કરતાં પોતે કોઈ ઊંચી કક્ષાનો માણસ નથી. એવું નિરભિમાનપણું. આ બધામાંય નિજનો એક શોખ. લસ્સી પીવી અને પિવડાવવી. આનંદનો એક વિષય. અહીં મેં માણેકલાલભાઈમાં એક નિરાડંબરી, નિજાનંદી અને શોખીન જીવ જોયો.

સ્વભાવ મધુર અને સરળ એટલે કે નિષ્કપટ તો ખરો પણ જીવનમાં સ્વેચ્છાએ એક આચાર સંહિતા (code of conduct) સ્વીકારેલી. અને સમય આવ્યે એને એ બરાબર આચરણમાં મૂકી પણ બજાવતા હતા. એમના પુત્ર વલ્લભભાઈ (સરદાર) મ્યુનિસિપાલિટીના સભ્ય તરીકેની ચૂંટણીમાં પ્રથમવાર ઊભા રહેલા. ચૂંટણી અંગેના પ્રચારમાં માણેકલાલભાઈ પોતે પણ હાજર રહેતા. વલ્લભભાઈ વિશે જે કહેવા જેવું હોય તે બધું સારી રીતે કહેતા

ખરા પણ એમનું ધ્રુવ વાક્ય એમની પેલી સ્વીકારેલી આચારસંહિતાનું દ્યોતક હતું. એ વલ્લભભાઈના હરીફ તરીકે ઊભા રહેલા ઉમેદવારનું નામ દઈને સભાને સંબોધીને કહેતા, ‘આ બે ઉમેદવારોમાંથી તમને જે યોગ્ય લાગે તે ઉમેદવારને મત આપજો.’

સામે ઉમેદવારની ખામીઓ કે દોષોનાં, ક્યારેક તો અતિશયોક્તિભર્યાં વર્ણન કરીને હરીફને ઉતારી પાડવાની કે એનું બૂરું દેખાડવાની વાત નહીં. હરીફ ઉમેદવાર વિશે લોકોએ જે જાણ્યું હોય તે ભલે જાણેલું રહે, પોતાના ઉમેદવાર વિશે જે વિસ્તારપૂર્વક વાત કરીને એની લાયકાત અને યોગ્યતા વિશે વાત કરવાનું ધોરણ અપનાવેલું, છેવટે એક સજ્જનને છાજ એવું ધ્રુવવાક્ય એમના મુખમાંથી નીકળે.

ક્યારેક આચારસંહિતાનું આ ઉદાત્તપણું વધારેપડતી માત્રા સુધી ખેંચાયેલું લાગે, એક વખત માણેકલાલભાઈ અને વલ્લભભાઈ એમની ફૅક્ટરીની ઑફિસે હતા. ત્યારે કોઈ વાલી એના પુત્રના ઍડ્મિશન માટે માણેકલાલભાઈને મળવા આવ્યા. માણેકલાલભાઈએ વાલીની વાત ધ્યાનથી સાંભળી અને ઍડ્મિશન મળી રહેશે એવી હૈયાધારણ આપીને ડાયરીમાં ઘટતી નોંધ કરી લીધી.

વાલીના ભયા પછી વલ્લભભાઈએ માણેકલાલભાઈને કહ્યું, ‘તમે એડમિશન માટે સંમત થઈ ગયા, પણ એ તો આપણો વિરોધી છે.’

વલ્લભભાઈની ટકોરમાં સત્ય હતું એ ખરું પણ માણેકલાલભાઈએ દીકરાને દુનિયાદારીનું રહસ્ય અને જીવનની વાસ્તવિકતા સમજાવતા હોય એમ કહ્યું, ‘જો સરદાર, દુનિયાદારીની એક વાસ્તવિક વાત તને સમજાવું, તારી પાસે ઍડ્મિશન માટે બે વ્યક્તિ આવી હોય, એકના ગુણપત્રકમાં ૬૦ ટકા માર્ક્સ હોય અને બીજાના ગુણપત્રકમાં ૫૫ ટકા માર્ક્સ હોય. ૬૦ ટકા ગુણવાળા વિદ્યાર્થીનો વાલી તારા વળણનો હોય અને ૫૫ ટકા ગુણવાળા વિદ્યાર્થીનો વાલી તારો વિરોધી હોય તો તારે ૫૫ ટકાવાળા વિદ્યાર્થીને એટલે કે તારા વિરોધીના દીકરાને ઍડ્મિશન આપવું જોઈએ. તું ૬૦ ટકાવાળાને ઍડ્મિશન આપીશ તો પેલો વિરોધી વાલી એમ નહીં સમજે કે ૬૦ ટકા ગુણવાળા વિદ્યાર્થી વધારે લાયક હતો, એટલે એને ઍડ્મિશન મળ્યું. એ તો એમ જ સમજશે કે એ તારો વિરોધી હતો એટલે તેં એના દીકરાને ઍડ્મિશન ન આપ્યું. આવા સંજોગોમાં તારે ૫૫ ટકાવાળા વિદ્યાર્થીને

ઍડ્મિશન આપવું જોઈએ.'

અહીં આપણને પળભર તો એમ જ લાગે કે માણેકલાલભાઈએ વધારે ગુણવાળા વિદ્યાર્થીને અન્યાય કર્યો છે. એ વાત સાચી છે કે ૬૦ ટકાવાળા વિદ્યાર્થીને અન્યાય થયો છે, પણ જીવનની પણ એક વાસ્તવિકતા છે કે ક્યારેક કશીક બાંધછોડ કરવી પડે છે. અલબત્ત, આ બાંધછોડ ભારે નુકસાનકારક ન હોય એ જોવું જરૂરી ખરું. ઉપરનું ઉદાહરણ એક વલણને સમજાવવા પૂરતું હોઈ શકે, પણ જે માણેકલાલભાઈને નખશિખ જાણે છે એને તો ખબર છે કે માણેકલાલભાઈ પોતે આ સ્થિતિમાં મુકાયા હોય તો બંને વિદ્યાર્થીઓને પ્રવેશ આપી દે. જગ્યાનો અભાવ હોય તો શિક્ષણાધિકારીની કચેરીમાંથી પેલા ૬૦ ટકાવાળા વિદ્યાર્થી માટે પ્રવેશ માટેની મંજૂરી મેળવી લે, પણ અન્યાયનું કારણ ન રહેવા દે.

લસ્સીના શોખની વાત પરથી આચારસંહિતા ઉપર ઊતરી જવાયું. એમના શોખની વાત કરીએ ત્યારે એમનો ક્રિકેટની રમતને જોવા-માણવાના શોખની વાત અવશ્ય કરવી જોઈએ. ક્રિકેટ નામે એ રસ દાખવે. પાંચ દિવસની ટેસ્ટ મૅચ હોય, ઓ.ડી.આઈ. (વન ડે ઇન્ટરનેશનલ) અર્થાત્ એક દિવસની હોય કે પછી ટી-ટ્વેન્ટી (ટ્વેન્ટી ટ્વેન્ટી) હોય. ટી.વી.માં એ અવશ્ય જુએ. ઇંગ્લૅન્ડમાં રમાતી હોય તો મધરાતે જુએ, ઑસ્ટ્રેલિયામાં રમાતી હોય તો વહેલી સવારથી જોવા માંડે. ભારતમાં હોય ત્યારે જે સમય હોય તે સમયે જુએ. ડે-નાઇટની મૅચો મોડી રાત સુધી જુએ. માત્ર જોયા કરે એવું નહીં, રસ દાખવે. રમનારના રેકોર્ડની એમને ખબર હોય. ક્રિકેટર રમતો હોય ભલે તે બૅટ્સમૅન હોય, બૉલર હોય કે વિકેટકીપર હોય એની રમત સાથે માણેકલાલભાઈની ગણતરી પણ ચાલતી જ હોય. વિકેટકીપરે કેટલાં સ્ટેપિંગ કર્યાં કે કેટલા કેચ પકડ્યા એની એમને ખબર હોય. સ્લીપમાં કોણે કેટલા કેચ પકડ્યા એની ગણતરી એમની પાસે હોય. દ્રવિડ જેવો સ્લીપમાં કેચ પકડવામાં એકસ્પર્ટ ક્રિકેટર જો કેચ છોડે તો એમને આંચકો લાગે. રનની ગણતરીમાં બોર્ડ ઉપર ડિસ્પ્લે કરવામાં ચૂક થાય તો એ ચૂક સુધરી જાય એ પહેલાં તો એમણે કશીક કડક કૉમેન્ટ કરી જ હોય. એ ક્રિકેટ રમ્યા હતા કે નહીં એ આપણે જાણતા નથી, પણ ક્રિકેટમાં રમતવીર તરીકે જેમનું નામ ન હોય પણ એ ક્ષેત્રના આંકડાશાસ્ત્રમાં નિષ્ણાત હોય એવી આણંદજી ડોસા જેવી કેટલીક વ્યક્તિઓ હોય છે ખરી. આપણા

ઘરઆંગણે માણેકલાલભાઈને આપણે એમને આણંદજી ડોસાની કક્ષામાં કેમ ન મૂકીએ ?

માણસના જીવનમાં ક્યારેક કપડાંનો શોખ મહત્ત્વનો ભાગ ભજવે છે એટલે તો અવનવી ફૅશનો અસ્તિત્વમાં આવતી હોય છે. માણેકલાલના જીવનમાં કપડાંની બાબતમાં શોખનો સદંતર અભાવ હોય એવું જણાય. કપડાંમાં વિવિધ રંગોની વાત નહીં. પહેલાં તો બુશશર્ટ અને પેન્ટ એ જ એમનો પહેરવેશ હતો, પણ સંસ્થામાં વિવિધ અભ્યાસક્રમો અને તેને લગતી કૉલેજોની સ્થાપના થતાં સંસ્થામાં વિવિધ કમિટીઓ આવતી થઈ અને સંસ્થાના ચેરમૅન તરીકે આ કમિટીઓના સભ્યો સાથે વાટાઘાટો અને ચર્ચા કરતા થયા એટલે જ કદાચ એમણે પહેરવેશમાં થોડો ફેરફાર કર્યો અને કોટ પહેરતા થયા. કોટ અપનાવ્યો પણ સાદગી એની એ રહી. એમણે નેવી બ્લૂ કે બ્લેક સૂટ કદી પસંદ ન કર્યા અને ગળે ટાઈ તો કદી બાંધી જ નહીં.

એમના પહેરવેશને ધ્યાનથી જોનારને એમની એક ખાસિયત નજરમાં આવ્યા વિના ન રહે. એમના પેન્ટની નીચલી કિનાર એક પટ્ટીના રૂપમાં વાળેલી હોય. વીસમી સદીના પાંચમા દાયકા સુધી આ પદ્ધતિ સર્વ સ્વીકૃત હતી. જેના પેન્ટની પટ્ટી વાળેલી ન હોય એ અબુધ અથવા ગામઠી સંસ્કારનો માણસ ગણાતો. આજે પટ્ટી વાળવાની વાત સદંતર નાબૂદ થઈ ગઈ છે, પણ માણેકલાલભાઈએ એમના સમયમાં જે જરૂરી ગણાતું એને ચુસ્તપણે પકડી રાખ્યું હતું. આ મક્કમ માનસિક વળણનું એક પાસું છે. માણેકલાલભાઈમાં એ બરાબર દેખાતું હતું.

ફરી-ફરી ઉલ્લેખ કરવાનું મન થાય એવો એમનો એક શોખ હતો. ખવડાવવા-પિવડાવવાનો. માણેકલાલભાઈ ઑફિસમાં બેઠા હોય ત્યારે અતિથિઓ કે અગત્યના આગંતુકોનો આદરસત્કાર ચા-નાસ્તાથી થતો હોય. નાસ્તામાં બટાટા-પૌંઆ હોય તો એમાં દાડમના દાણા અને કાજુ પણ અવશ્ય હોય.

નાસ્તાથી નભી જાય એવી મીટિંગ હોય તોપણ ભોજનની વ્યવસ્થા એમણે કરાવી જ હોય. વહેલા નીકળી જતા સભ્યોને કે અતિથિઓને આગ્રહ કરીને રોકે. હોય માત્ર કારોબારીની મીટિંગ પણ ભોજન હોવાનું શાહી ! માણેકલાલભાઈની સૂચનામાં બે વાનગીઓ અનોખી. રાયતું વધારાની ચીજ હોય એવું નહીં. એનું મહત્ત્વ મુખ્ય વાનગી જેટલું જ. દ્રાક્ષ કે અન્ય

ઘટક પદાર્થો ક્યાં છે એ ઝટ સમજાય નહીં, પણ તમને સ્વાદ મઠો કે શ્રીખંડમાં મળતો હોય એટલો આ રાયતામાં મળે.

બીજી એમની ખાસ ફરમાયશ ભજિયાંની. નવા સમય પ્રમાણે આપણે હવે વિવિધ પ્રકારનાં ફરસાણ પીરસાતાં જોઈએ છીએ. સમોસા, કટલેસ કે એવું તેવું માણેકલાલભાઈની નજર બહાર રહેતું. ભજિયાં અને તેમાંય વળી, મરચાંનાં ભજિયાં એમની ખાસ પસંદગી. વલ્લભભાઈ પટેલ જેવા મોટા માણસો ઉપર પણ ભજિયાંનો પ્રભાવ જાણીતો થયેલો છે. શ્રી અશોક ઠાકોરનું 'અમદાવાદની ક્રાન્તિયાત્રા' નામનું એક ઉત્તમ પુસ્તક અમદાવાદ મ્યુનિસિપલ કૉર્પોરેશન દ્વારા પ્રગટ થયેલું છે. એમાં ગાંધીમાર્ગ (અગાઉનો રીચી રોડ) ઉપર અગાઉના મોડેલ સિનેમાની બાજુમાં બાલગોવિંદ કુબેરદાસની કંપનીનું મકાન જે હાલ આદર્શ પ્રકાશનની માલિકીનું છે. એ મકાનમાં (જ્યારે વલ્લભભાઈ અમદાવાદમાં કૉંગ્રેસ હાઉસ સામેના મકાનમાં રહેતા હતા) વચલા માળે 'ભજિયાં ક્લબ' જાણીતી બની ચૂકી હતી. વલ્લભભાઈ અને દાદાસાહેબ તેમ જ કેટલાક સાથીદારો આ 'ભજિયાં ક્લબ'ના સભ્યો હતા અને એ સૌ અવારનવાર અહીં ભજિયાંની જ્યાફત માણતા. ઉપરોક્ત પુસ્તકમાં આ ભજિયાં ક્લબવાળા મકાનનો ફોટો છાપેલો છે. કૉર્ટનું કામ પૂરું થયા પછી દાદાસાહેબ માવળંકર અને વલ્લભભાઈ અહીં આવતા અને ઘણુંખરું રાતના અગિયાર વાગ્યા સુધી સમય ગાળતા.

❒

# ૨૫

# સંબંધોનો અદ્ભુત માણસ

એક દિવસ ચાલુ સ્કૂલે માણેકલાલભાઈએ મારી ઑફિસમાં પ્રવેશ કર્યો. શાળા ચાલુ હોય ત્યારે એ કદી શાળાએ આવતા નહીં. એમની પાછળ તરત જ એક જાજરમાન મહિલાનો પ્રવેશ થયો. એ પ્રવેશ એટલો ત્વરિત હતો કે આવનાર મહિલા માણેકલાલભાઈ સાથે આવી છે એ મને સમજાઈ ગયું. માણેકલાલભાઈ અને આ યુવાન મહિલાનો એકસાથે પ્રવેશ મારા આશ્ચર્યનું કારણ બની રહ્યો.

માણેકલાલભાઈ એ વખતે સંસ્થાના મંત્રી એટલે અમારી રસમ પ્રમાણે ઊભા થઈને મેં આવકાર આપ્યો. અને બંને આગંતુકોને વિનયપૂર્વક હાથનો ઇશારો કરીને-માણેકલાલભાઈને સોફા પર અને મહિલાને સોફાસેટની અલગ ખુરશી પર બેસવા વિનંતી કરી.

આ બધી ક્ષણો દરમિયાન પેલી મહિલા તરફ મારું અજ્ઞાતપણાનું વલણ જોઈને માણેકલાલભાઈને ખૂબ નવાઈ લાગી હોય એ મને સમજાઈ ગયું. માણેકલાલભાઈ આમ તો ચતુર પુરુષ. સંજોગ સંભાળી લેતા હોય એમ મહિલાની નવેસરથી ઓળખ આપતા હોય એમ બોલ્યા, ‘આ મારી ભાણેજવહુ છે, મનીષા. અમેરિકા રહે છે. તમને મળવા લઈ આવ્યો છું.’

‘એ તમને મળવા માગતી હતી માટે એને લઈ આવ્યો છું.’ એવી લાંબી વાત એમણે ન કરી અને ટૂંકમાં પતાવ્યું, પણ મનીષાથી ન રહેવાયું એટલે એ બોલી, ‘મને ભૂલી ગયા, મોહનભાઈ ?’

આટલું કહેવા છતાં હું આ સ્ત્રી તરફ નજર માંડીને જોઈ રહ્યો. આ સ્ત્રી હતી કે યુવતી ? મેકઅપ વગેરે દિદાર સ્ત્રીના હતા.

અહમ્‌ને થોડી ઝાંખપ લાગી હોય એમ એ કચવાતી લાગણીએ બોલી,

'આપણે એમ.એ.માં સાથે હતાં.'

એકાએક સ્મૃતિપટ પર આવ્યું. મેં સહસા કહ્યું, 'તમે તારાબહેન ?'

'હા, હું તારા.'

મેં હસતાં-હસતાં કહ્યું, 'હવે તમે જ કહો, મેં તમને ન ઓળખ્યાં એમાં મારો દોષ ક્યાં છે ?'

મારી વાત સાવ સાચી હતી. ૧૯૬૦ના વર્ષમાં અમદાવાદના અસારવા અથવા કોઈ પૂર્વ વિસ્તારમાંથી આવતી સાવ સાદાં વસ્ત્રોમાં અને કશા ડોળડમાક વગર આવતી શાંત છોકરી આટલાં વર્ષ પછી આકર્ષક મેક-અપ અને કીમતી વસ્ત્રોના ઠસ્સા સાથે સામે આવીને ઊભી રહે – મનીષા નામરૂપે ક્યાંથી ઓળખું ?

ગેરસમજનો ઉકેલ મળી ગયો એ પછી મેં હસતાં હસતાં કહ્યું, 'મારું તો ઠીક, પણ તમારે માણેકલાલભાઈને એમ કહેવું જોઈતું હતું, તમે મને કોની ઑફિસમાં લઈ આવ્યા છો ? મારે તો મોહનભાઈને મળવું હતું! આ મોહનભાઈ ન હોય!'

ખરી વાત છે એ પણ મોહનભાઈને ન ઓળખે એવું ઘણુંબધું હતું. ખાદીના ઝભ્ભામાં અને ધોતીમાં મોહનભાઈ. ઍડવર્ડમાં હંમેશા ડ્રાઈક્લીન પેન્ટ-શર્ટ અને બૂટ-મોજાં સિવાય કદી નજરે ન પડનારા આ મોહનભાઈ ન હોય!

અમે બંને મોટેથી હસ્યાં અને માણેકલાલભાઈએ એમાં સ્મિત ભેળવ્યું.

આ થોડી આડ વાત થઈ. અહીં જે કહેવું છે તે તો માણેકલાલભાઈ સંબંધોના કેવા અદ્ભુત માણસ છે એ વિશે કહેવું છે. માણેકલાલે ધાર્યું હોત તો મનીષાને સર્વ વિદ્યાલય સુધી પહોંચાડવા એ એમના ડ્રાઇવરને કહી શક્યા હોત. ત્યાં એમનું કામ પૂરું થઈ ગયું હોત, પણ માણેકલાલભાઈ સંબંધોને સમજે અને જાળવે એવા માણસ છે. પરાપૂર્વથી આપણી ચાલી આવતી રસમ (સંસ્કૃતિનો અંશ જ કહો) પ્રમાણે આપણે ત્યાં આવેલા મહેમાનને, એમને જ્યાં જવું હોય ત્યાં આપણે સાથે રહીને લઈ જઈએ છીએ. મનીષા પણ માણેકલાલભાઈને ત્યાં આવેલાં મધ્યવયનાં મહેમાન હતાં. એમને એમની સાથે રહીને મારે ત્યાં લઈ આવવામાં ગાર્હસ્થ્યની ઉમદા રીત જળવાતી હતી. એ જાતે આવ્યા અને સંબંધમાં અપેક્ષિત સૌજન્ય એમણે દાખવ્યું.

સંબંધ જાળવવામાં કપરા સંજોગોનું કોઈ બહાનું એમની આડે આવતું નથી. પ્રાથમિક શિક્ષણ કમિશનર શ્રી પી. વી. પટેલના પુત્રના લગ્નપ્રસંગે લગ્નમાં

હાજરી આપવાની હતી, પણ આગળની રાત્રિએ ભારે વાવાઝોડું, તોફાની પવન અને સખત વરસાદના કારણે ઘણાં વૃક્ષો ધરાશાયી થઈને રસ્તા ઉપર પડ્યાં હતાં. રસ્તા ખોરવાયા હતા. કેટલાક મુખ્ય માર્ગો ઉપર વાહનવ્યવહાર બંધ હતો. અમદાવાદમાં નહેરુનગર ચારરસ્તાથી થોડા પશ્ચિમ તરફ માણેકબા હૉલ સુધી લગ્નમાં હાજરી આપવા પહોંચવું પડે એમ હતું જે લગભગ અશક્ય જેવું હતું. લગ્નમાં જવાનું માંડી વાળ્યું હોય તો કશી ગેરસમજ થવાની નહોતી, પણ માણેકલાલભાઈ સંબંધ જાળવવામાં પાછી પાની ન કરે. લગ્નમાં હાજરી આપવાનો એમણે નિર્ણય કર્યો જ હતો.

માણેકલાલભાઈ પોતાની ગાડીમાં નીકળ્યા. સાથે ડૉ. રામભાઈ, શ્રી મનુભાઈ અને આચાર્ય ફૂલજીભાઈ હતા. મેઈન રસ્તો લઈ શકાય એમ નહોતું એટલે નંદાસણ, પછી મહેસાણા તરફના હાઈવે થઈને માણસા, ટીંટોડા વગેરે ગામડાંઓના આંતરિયાળ રસ્તે થઈને સમયસર લગ્નસ્થળે પહોંચ્યા. માણેકલાલને આવા સંજોગોમાં પણ અવસર વખતે હાજર થયેલા જોઈને ખુદ પી. વી. પટેલ પણ દંગ રહી ગયા !

એક વખત કડી મ્યુનિસિપાલિટીમાં સત્તા બાબતે કટોકટીભરી સ્થિતિ ઉપસ્થિત થઈ. ભાજપ અને કૉંગ્રેસ પક્ષો વચ્ચે આ ગજગ્રાહ હતો. એકાદ સભ્યના આઘાપાછા થવાથી સત્તાનો તખ્તો પલટાઈ જાય એમ હતું. શક્તિ પરીક્ષણનો દિવસ આવીને ઊભો રહ્યો. મત ગણતરીમાં કૉંગ્રેસના બધા જ સભ્યો હાજર રહે તો સત્તા પરનો ભાજપ સત્તા ગુમાવે એમ હતું. એટલે ભાજપે કૉંગ્રેસના બધા જ સભ્યો મતદાનમાં હાજર ન રહે એવી કંઈક ગોઠવણ કરવી પડે એમ હતી. ભાજપની નજરે એક રસ્તો હતો. વલ્લભભાઈ માણેકલાલ પટેલ કૉંગ્રેસી સભ્ય. નગરપાલિકામાં પહેલી વાર સભ્ય તરીકે ચૂંટાયેલા. એ નગરપાલિકાની આ ડામાડોળ પરિસ્થિતિ વખતે ગોંડલ હતા. ગોંડલ-રાજકોટ રોડ ઉપર એમની (અર્થાત્ માણેકલાલભાઈની) મોટા પાયા પર ચાલતી જિનિંગ-પ્રેસિંગ ફૅક્ટરી હતી. એની સઘળી વ્યવસ્થાપકીય જવાબદારી વલ્લભભાઈ (જેમની ઓળખ સરદાર તરીકે વધારે હતી)ની હતી. એ મતદાન વખતે હાજર ન રહે તો ભાજપની સત્તાને આંચ ન આપે. મ્યુનિસિપાલિટીની આ સ્થિતિ હતી ત્યારે શ્રી નીતિનભાઈ રતિલાલ પટેલ કડીમાં જ હતા અને ભાજપની સત્તા જોખમાય નહીં એ માટે એ પ્રયત્નશીલ હતા. એમણે સરદાર મતદાન વખતે હાજર ન રહે એ માટે અંગત સંબંધના આધારે ગોંડલ ફોન કર્યો. અહીં એ

જાણવું ઉચિત ગણાશે કે નીતિનભાઈના પિતા અને સરદારના પિતા ઘનિષ્ઠ મિત્રો હતા એટલે લગભગ એક પારિવારિકના હોય એવા સંબંધના આધારે નીતિનભાઈએ સરદારને ફોન કર્યો હશે, પણ સરદારને મતગણતરીમાં ઉપયોગી થવા હાજર રહેવા માટેનો મેન્ટેડ પક્ષ તરફથી મળેલો. એટલે નીતિનભાઈના ફોનના જવાબરૂપે સરદાર ફોનમાં જ પેલા મેન્ટેડની વાત કરી અને જણાવ્યું કે પોતે મતગણતરીમાં પોતાનો મત કૉંગ્રેસ તરફ નોંધાવશે.

આટલી વાતથી એ નક્કી થઈ જતું હતું કે કડી નગરપાલિકાની વહીવટી સત્તા ભાજપના હાથમાંથી સરકી જશે, પણ નીતિનભાઈએ પોતાનો પ્રયત્ન ચાલુ રાખતાં માણેકલાલભાઈનો સંપર્ક સાધ્યો. અને સરદાર સાથે ફોન ઉપર થયેલી વાતથી એમને વાકેફ કર્યા.

માણેકલાલભાઈએ તરત સરદારને ફોન કર્યો અને કહ્યું, 'કૉંગ્રેસ અને ભાજપની વિચારસરણી અને કાર્યપદ્ધતિ જુદી હોવાના કારણે આપણામાં રાજકારણગત રાજકીય મતભેદ હોવાના પણ તેથી આપણા સંબંધોને આંચ ન આવે, ન આવવી જોઈએ. અત્યારે આ પ્રકરણમાં કર્તાહર્તા ભાઈ નીતિન છે. એ ગુજરાત રાજ્યમાં મંત્રી છે, એની પ્રતિષ્ઠામાં એક આની પણ ઓછી થાય તો તેમાં આપણી પ્રતિષ્ઠા પણ ઓછી થઈ ગણાય. માટે બીજું બધું વિચાર્યા વગર આવતી કાલે મ્યુનિસિપાલિટીમાં મતગણતરી દ્વારા શક્તિપરીક્ષણમાં હાજર રહેવાનું માંડી વાળજો. ગોંડલથી કડી ન આવતા.

માણેકલાલભાઈની લાગણી તે બરાબર સમજીને એમના આદેશ પ્રમાણે સરદારે કડી આવવાનું માંડી વાળ્યું અને મ્યુનિસિપાલિટીની સત્તા ભાજપ પાસે જ રહી.

પરિગ્રહ એ માનવજીવનમાં સુધાર-બગાડનું એક મોટું પરિબળ બની રહ્યું છે. માણસ ઘણુંબધું મેળવી લેવા તરસતો હોય છે. સાચા-ખોટા (વર્તમાન પરિસ્થિતિમાં મોટા ભાગે ખોટા) માર્ગે ઘણું બધું મેળવી લેતો હોય છે, પણ સ્વાર્થકેન્દ્રી વૃત્તિના કારણે એમાંથી અન્યના ઉપયોગ માટે અથવા સમાજના કલ્યાણ માટે કશું ત્યજવા રાજી હોતો નથી. માણેકલાલભાઈની બાબત સાવ ન્યારી હતી. પોતાની સંપત્તિ જરૂરતમંદ વ્યક્તિ કે સમાજના ઉપયોગમાં આવે એ માટે એ હંમેશાં રાજી રહેતા. આનાં ઘણાં ઉદાહરણો આપણે પાછલાં પ્રકરણોમાં જોયાં છે. ક્યારેક તો પોતાની સંપત્તિ બીજાના ઉપયોગમાં આવે એ માટે એ કેટલા ઉત્સુક રહેતા. એ હકીકત આપણે એમના આબુ પરના બંગલા

સંદર્ભે થોડીક તો જાણી છે. બ્રહ્માકુમારી ઈશ્વરીય સંસ્થામાં ત્રણ દિવસના યોગ શિબિરમાં સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત મહિલા કૉલેજના આચાર્યશ્રીએ કેટલાક આચાર્યોને લઈને આબુ જવાનું હતું. આ આચાર્યોને શિબિરના સ્થળે જ રહેવું પડે એમ હતું. છતાં માણેકલાલભાઈએ વી.આઈ.પી. મહેમાનોને છાજે એવી વૈભવી ઉતારા વ્યવસ્થા બંગલામાં કરાવી દીધી. અને શિબિરાર્થી આચાર્યોને જવા આવવા માટે પોતાની ગાડી સોંપી દીધી, બંગલા બાબતમાં વધારે આશ્ચર્યની વાત તો એ હતી કે આબુના પ્રવાસે જનારા સ્નેહીઓ અને મિત્રોને એમાં ઊતરવા માટે સતત આગ્રહ કરતા રહેતા હતા પણ એમણે પોતાનો આ બંગલો જીવનના અંત સુધી નજરે જોયો સુધ્ધાં નહોતો !

જેમાં સંસ્થાનું હિત હોય એવા સંબંધોને માણેકલાલભાઈ સમજપૂર્વક અને કશા વિલંબ વગર ઉપયોગમાં લેતા હતા. આ રીતે સંસ્થામાં કાર્યકરો, અધિકારીઓ કે કર્મચારીઓની એ પ્રથમ કોટિની હરોળ ઊભી કરતા હતા. એક દિવસ યુનિવર્સિટીની બોર્ડ ઑફ ગવર્નન્સની મીટિંગ હતી. મીટિંગ પૂરી થયા પછી માણેકલાલભાઈ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ ડૉ. બી. એ. પ્રજાપતિ, હું તેમ જ એકાદ-બે બીજા સભ્યો વાતો કરતા બેઠા હતા. એ દરમિયાન ડૉ. પ્રજાપતિએ શ્રી મણિભાઈ પ્રજાપતિને ફોન કર્યો. મણિભાઈ પ્રજાપતિ હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના મુખ્ય ગ્રંથપાલ હતા અને યુનિવર્સિટીના લાઇબ્રેરી સાયન્સ ફેકલ્ટીના વડા તરીકેની જવાબદારી પણ સંભાળતા હતા. કેટલાક સમય માટે એમણે પાટણની એ યુનિવર્સિટીના રજિસ્ટ્રાર તરીકેની ફરજ પણ બજાવી હતી. ડૉ. બી. એ. પ્રજાપતિ સુરતની યુનિવર્સિટીના કુલપતિ બન્યા એ પહેલાં પાટણની યુનિવર્સિટીમાં એમના ડિપાર્ટમેન્ટમાં અધ્યક્ષ હતા. મણિભાઈ અને બાબુભાઈ (ડૉ. બી.એ. પ્રજાપતિ) બંનેનું પાટણના કારણે નિકટત્વ એટલે અત્યારે સમયનો થોડો અવકાશ મળતાં બાબુભાઈએ મણિભાઈને ફોન કર્યો અને પૂછ્યું, 'કેમ ચાલે છે ?'

મણિભાઈ, હેમચંદ્ર ઉત્તર ગુજરાત યુનિવર્સિટીમાંથી વયના કારણે નિવૃત્ત થયા હતા અને હવે અમદાવાદમાં એલ.ડી. ઇન્સ્ટિટ્યૂટ ઑફ ઇન્ડોલૉજીમાં જોડાયા હતા..

મણિભાઈએ ફોનમાં પુછાયેલા પ્રશ્નનો જવાબ આપ્યો, 'અહીં મજા નથી.'

બાબુભાઈની વળતી ઉક્તિ પરથી અમને મણિભાઈના ઉત્તરનો ભાવ સમજાઈ ગયો. માણેકલાલભાઈનું ધ્યાન આ ભાવ તરફ બરાબર ગયું.

માણેકલાલભાઈ મણિભાઈને એક રીતે તો જાણતા હતા. ઈ.સ. ૨૦૦૧ના વર્ષમાં મોહનલાલ પટેલનું હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના પ્રાંગણમાં અભિવાદન થયું અને એમના અભિવાદનગ્રંથ અને અધ્યયનગ્રંથનું લોકાર્પણ થયું તેમ જ શ્રી મોહનલાલ પટેલ ભારતીય સાહિત્ય વ્યાખ્યાનમાળાની યોજનામાં યુનિવર્સિટીને શ્રી મોહનલાલ પટેલ સન્માનસમિતિ તરફથી રૂપિયા પાંચ લાખનો ચેક અર્પણ કરવામાં આવ્યો તે બધા જ કાર્યક્રમો અંગેના સમારંભના મુખ્ય યોજક મણિભાઈ પ્રજાપતિ હતા અને સન્માન સમિતિના અધ્યક્ષ માણેકલાલભાઈ હતા. આ સંજોગોમાં મણિભાઈએ પુસ્તકોના સંપાદક તરીકે અને સમિતિના સંયોજક તરીકે તેમ જ સમારંભની સઘળી વ્યવસ્થાના મુખ્ય કાર્યકર્તા તરીકે જે કામ કર્યું હતું એમાં મોટા ભાગની પ્રવૃત્તિઓમાં તો માણેકલાલભાઈ સાક્ષી હતા. એટલે મણિભાઈને એ સારી રીતે જાણતા હતા. ફોન ઉપર વાત ચાલુ હતી. એ વખતે સામે છેડે મણિભાઈ પણ સાંભળી શકે એ રીતે માણેકલાલભાઈએ બાબુભાઈને જ પ્રોત્સાહક અવાજે કહ્યું, ‘એમને કહો, ત્યાં મજા ન હોય તો અહીં આવી જાય આ સંસ્થામાં.’

આમ થોડી જ ક્ષણોમાં નક્કર ભૂમિકા રચાઈ ગઈ. મેં અને બાબુભાઈએ મણિભાઈએ કરેલા કેટલાક મૂલ્યવાન બૃહદ ગ્રંથોના સંપાદનની વાત કરી ને મણિભાઈની અભ્યાસનિષ્ઠા અને તેને કારણે સંપાદનકાર્યમાં જોઈ શકાતી એમની સ્કૉલરશિપની કેટલીક વાતો કરી.

અને માણેકલાલભાઈએ સંસ્થામાં એક અભ્યાસનિષ્ઠ વ્યક્તિનો ઉમેરો કરવાનો નિર્ણય પાકો કરી લીધો.

માણસની કદર પણ કેવી ! મણિભાઈને ઇન્ડોલૉજીમાં જે વેતન મળતું હતું તેનાથી અહીં એમને બમણું આપવાનું નક્કી કર્યું. યુનિવર્સિટી તરફથી પ્રકાશિત વૃત્તપત્રના સંપાદનનું કામ એમને સોંપવામાં આવ્યું. યુનિવર્સિટીના કોઈ વિશિષ્ટ પ્રકાશનનો હવાલો પણ એમને સોંપવામાં આવ્યો અને સેક્ટર-૧૫માં હાલ જ્યાં યુનિવર્સિટીનું કાર્યાલય છે તે ભવનમાં એમના માટે એક રૂમ ફાળવવામાં આવી.

એક વખત શેઠ સી.એમ. હાઈસ્કૂલના આચાર્ય શ્રી પ્રભુદાસ મને હૉસ્ટેલના પૂર્વ છેડાની રૂમ સુધી લઈ ગયા. પ્રભુદાસે રૂમનો દરવાજો ખોલ્યો અને મને અંદર લઈ ગયા. અરે, આ કોઈ વિદ્યાર્થીઓનો રૂમ નહોતો એક વ્યવસ્થિત અતિથિગૃહની હોય એવી આ રૂમની સજાવટ હતી. છેડાનો રૂમ હતો એટલે એને લૉબી ન હોવાના કારણે એની લંબાઈ વધારે હતી. અંદર સેનિટેશન યુનિટ

વ્યવસ્થિત હતો. રૂમની છત ઉપર બે સિલિંગ ફેન હતા. ફર્નિચર પણ ખરું.

પ્રભુદાસે કહ્યું, 'સાહેબ, આ તમારા માટે છે.'

મારા આશ્ચર્યનો પાર નહોતો. ન માનતો હોઉં એમ હું વિસ્મયથી બોલ્યો, 'આ મારા માટે ?'

'હા, માણેકલાલ સાહેબે આ રૂમ-અતિથિગૃહ તમારા માટે જ તૈયાર કરાવ્યું છે.'

વાત મને સમજાઈ ગઈ. દાસકાકાના અવસાન પછી શ્રી ધનાભાઈ આ યુનિટના ચેરમૅન હતા અને શ્રી માણેકલાલભાઈ સમગ્ર સર્વ વિદ્યાલય કેળવણી મંડળના મંત્રી તરીકે સીધી દેખરેખ નીચે અહીંનો વહીવટ સંભાળતા હતા. ગાંધીનગરની શાખા હજુ વિકાસોન્મુખ હતી. સાડા છ એકર જમીનના મળેલા કબજા ઉપર શૈક્ષણિક સંસ્થાઓનો આરંભ થઈ રહ્યો હતો. હૉસ્ટેલો હજુ ફક્ત બે હતી. આ સંજોગોમાં માણેકલાલભાઈ મને ઘણી વાર ગાંધીનગરની સંસ્થાની મુલાકાત લેવાનો આગ્રહ કરતા અને અનુકૂળતાએ ક્યારેક એકાદ બે દિવસ માટે રોકાણ કરવાનું કહેતા. એમના પ્રેમભર્યા આગ્રહના કારણે હું અમારી સોસાયટીની નજીકથી જ ગાંધીનગર માટે ઊપડતી પોઇન્ટની બસમાં ગાંધીનગર જતો અને સાંજ પહેલાં અમદાવાદ પાછો આવી જતો. રાત્રિરોકાણનો તો મેં કદી વિચાર કરેલો નહીં, પણ માત્ર મારી સગવડનો ખ્યાલ રાખીને માણેકલાલભાઈએ મારી જાણ બહાર આ વ્યવસ્થા કરાવેલી. હું રાત્રિરોકાણ ન કરું તોપણ ગાંધીનગરની સંસ્થામાં જાઉં ત્યારે બેસવા કે આરામ કરવા માણેકલાલભાઈએ મારો વિચાર કરેલો.

માણેકલાલભાઈ જેને પોતાના માણસ ગણતા હતા અથવા સંસ્થા પરિવારના સેવક સભ્ય ગણતા હતા એમની નાનામાં નાની સગવડનો અથવા કહો કે એમને અગવડ ન પડે એનો ખ્યાલ રાખતા હતા. એક ઉદાહરણ ઉપરથી આ વાતનો ખ્યાલ આવી જશે. વિદ્યાર્થી આશ્રમના કોઠારી હીરાભાઈનાં પત્નીનું અવસાન થયેલું ત્યારે એમના બેસણામાં હું અમદાવાદથી કડી આવેલો. અમદાવાદ પરત જતી વખતે અમદાવાદથી આવેલા એક વાહનમાં મારે પરત જવાનું હતું. વાહનમાં જવાની તૈયારી ચાલતી હતી તે વખતે જોગાનુજોગ માણેકલાલભાઈ ત્યાં હાજર હતા. એમણે જોયું કે વાહનમાં ભીડ થવા સંભવ છે. આવા પ્રસંગે ભીડને ચલાવી લેવાનું એક વલણ સૌમાં હોય છે. 'સાંકડમાંકડ' શબ્દ આ માટે પ્રચલિત છે. માણેકલાલભાઈએ મને એ ભીડમાં જતાં રોક્યો અને મારા

માટે એમની ગાડી મોકલી. અમદાવાદ જવા માટે સવા કે દોઢ કલાકનો રસ્તો હતો. એટલા સમયમાં હું પેલી ભીડમાં કંઈ ગૂંગળાઈ જવાનો નહોતો. સૌની જેમ હું પણ અમદાવાદ પહોંચી જાત, પણ માણેકલાલભાઈને થયું હશે, ભલે નિવૃત્ત પણ સર્વ વિદ્યાલયના આચાર્ય! એમનો મોભો જળવાવો જ જોઈએ. આ મોભો તે એક સંબંધ જ!

માણેકલાલભાઈ સંબંધોના ચરમ શિખર પર બિરાજતા અદ્ભુત માણસ હતા. એ તો એમના જીવનના એક છેલ્લા દિવસના અવલોકનથી પણ સંપૂર્ણપણે જાણી શકાય એમ છે. એ દિનચર્યાને સંપૂર્ણ વિગત સાથે અન્યત્ર (છેલ્લા શ્રદ્ધાંજલિના પ્રકરણમાં) આપી છે. માણેકલાલભાઈની એ અત્યંત ભરચક ચર્યા જોતાં એમાં એમના અવસાનનું કારણ જણાય તોપણ નવાઈ પામવા જેવું કંઈ નથી. એક મિનિટની પણ ફાજલ ફુરસદ મળે એમ નહોતું. એવા ભરચક શિડ્યુલ્ડમાં પણ એમણે શેઠ સી. એમ. હાઈસ્કૂલના ઓ.એસ. શ્રી રમેશભાઈના પુત્રના અવસાન અંગે દુઃખ અને દિલસોજી વ્યક્ત કરવા સાંજે રમેશભાઈને ત્યાં એમને આશ્વાસન આપવા જવાનો નિર્ણય કર્યો હતો.

માણેકલાલભાઈના જીવનનું છેલ્લું કાર્ય જેમાં પોતાનો કે સર્વ વિદ્યાલય કેળવણી મંડળનો રજમાત્ર પણ સ્વાર્થ નહોતો, માત્ર પરોપકાર અર્થે, શુદ્ધ સંબંધની ખાતર અને એક નર્યું સમાજાભિમુખ કાર્ય હોવાના કારણે એમણે હાથ પર લીધું હતું. એ કાર્યને ફી રેગ્યુલેટરી કમિટીના ચેરપર્સન જસ્ટિસ શ્રી અક્ષય મહેતાના શબ્દોમાં જ જોવાથી સંપૂર્ણ વિશ્વસનીય રૂપમાં અને યથાતથ સ્થિતિમાં સમજી શકાશે. જસ્ટિસ મહેતા લખે છે: 'તા. ૧૦-૧-૨૦૧૨ની સાંજે ૫-૩૦ વાગે કમિટીની મીટિંગ હતી. એક અન્ય મહત્ત્વની બાબત માટે મેં તેમની સાથે ૧૮-૨૦ મિનિટ મારી ચેમ્બરમાં ગાળી અને સમસ્યા રજૂ કરી. તેમની સાથેની મારી આ છેલ્લી અંગત મુલાકાત. તેમને આ સમસ્યાનું નિવારણ લાવવું ન્યાયી જણાયું અને તેથી એ સમસ્યાનું નિવારણ કરવા શક્ય એટલું તમામ કરવાની ખાતરી આપી. આ બાબતે મારે કેટલાક કાગળો તેમને પહોંચતા કરવાના હતા, જે મારે મારી પાડોશમાં રહેતા શ્રી હાર્દિક પટેલ, જે તેમની ગાંધીનગર ખાતેની ફાર્મસી કૉલેજમાં લેક્ચરર છે તેમની સાથે મોકલવાના હતા. તા. ૧૧મીની રાત્રે તેમણે મને ફોન પર જણાવ્યું કે કાગળો શ્રી સરદારને આપવા, જે તેમને પહોંચાડી દેશે. પરંતુ તા. ૧૨મીએ તેઓશ્રી જાતે ગાંધીનગર આવ્યા. શ્રી હાર્દિક પાસેથી કાગળો મેળવ્યા અને તમામ

જરૂરી દફ્તરોમાં ફરી વળ્યા. દરેક જગ્યાએથી તેઓશ્રી મને ફોન કરી સંબંધિત અધિકારી સાથે શી વાતચીત થઈ તે જણાવતા રહ્યા. છેલ્લે ફોન કરીને મારે આગળ શું કરવું તેની સૂચના આપી. આ જ હકીકત તેમનો કેવળ મારા પ્રત્યેનો સ્નેહ જ નહીં, પરંતુ તેઓની સામાજિક નિસબત પણ બતાવે છે.'

(માણેકલાલભાઈએ સચિવાલયમાં પહોંચીને કયા કયા બ્લોકમાં જઈને મંત્રીઓ તથા સચિવો સાથે ચર્ચા કરી તેનો નિર્દેશ અવસાનવાળા પ્રકરણમાં છે.)

❐

૨૬

# મહાજનપરંપરાના માણસ

ડૉ. રામભાઈએ માણેકલાલભાઈના ચરિત્ર વિશે વાત કરતાં એક આવી નોંધ કરી છે : 'મારી દૃષ્ટિએ પરોપકારીપણું એ સાહેબના વ્યક્તિત્વનું સૌથી મોટું જમાપાસું છે. હા, સ્વજનો, મિત્રો માટે તેઓ બધું જ કરી છૂટે, તેમને પૂરેપૂરી હૂંફ આપે. તેમનાં સુખદુ:ખને પોતાનાં સમજે, ક્યારેક વળી ખુદની આર્થિક સ્થિતિનો પણ ખ્યાલ રાખ્યા વગર સમાજકલ્યાણનાં કાર્યોમાં ગજા ઉપરાંતનું દાન આપી દરિયાદિલીસભર ઉદારતા દાખવતા મેં એમને જોયા છે.'

ડૉ. રામભાઈએ માણેકલાલના વ્યક્તિત્વની અહીં જે વાત કરી એમાં માણેકલાલના સ્વભાવના નિહિત પાસાનું વિશ્લેષણ કરીએ એ પહેલાં એમણે તથ્યને તોળી જોવા માટે થોભ્યા સિવાય કરેલું વિધાન માણેકલાલે એમની આર્થિક સ્થિતિ તરફ લક્ષ આપ્યા સિવાય ગજા ઉપરાંતના કરેલા દાનનો નિર્દેશ છે. અહીં ડૉ. રામભાઈએ માણેકલાલની આર્થિક સ્થિતિનો તાગ મેળવ્યા વગર આ વિધાન કર્યું જણાય છે, પણ તેથી વાચકને તો માણેકલાલને સમજવા બાબતમાં મોટો ફાયદો થયો છે.

એ વિધાનના આધારે તો આપણને કર્ણ, ચારુદત્ત અને માઘ જેવાં પાત્રોની સહેજે યાદ આવી જાય. અહીં એ કહેવાનો હેતુ નથી કે માણેકલાલ કર્ણ, ચારુદત્ત કે માઘ જેવા હતા પણ ગજાબહાર આપી દેવાની વાત તો મોટાં કે નાનાં સર્વ પાત્રોમાં સરખી ગરિમા ધરાવે છે. ચારુદત્ત અને માઘ તો પોતાની સંપત્તિનું ગજા બહાર દાન કરતા રહ્યા અને સાવ અકિંચન બની ગયા. આપણું ધ્યાન માઘ ઉપર વધારે કેન્દ્રિત થાય એ સ્વાભાવિક છે, કારણ કે એ ગુજરાતી હતો. માઘ એક સંસ્કૃત સાહિત્યનો ઉત્તમ કવિ તો ખરો પણ જેની સંપત્તિનો પાર પામી ન શકાય એટલો એ ધનાઢ્ય હતો. એણે 'શિશુપાલ વધ'ની દીર્ઘ

કાવ્ય રચના કરેલી છે. એ રચનામાં કાલિદાસની ઉપમા, ભારવિનું અર્થગૌરવ અને દંડિનનું પદલાલિત્ય એ ત્રણેય ગુણો જોવા મળે છે. આ ધનાઢ્ય કવિનું રાજા ભોજે દબદબાભર્યું આતિથ્ય કરેલું. માઘે પોતાનું આતિથ્ય માણવા વળતું આમંત્રણ આપેલું. રાજા ભોજ માત્રના અતિથિ બન્યા ત્યારે માઘે ભોજે કર્યું હતું એના કરતાં સવાયું આતિથ્ય ભોજનું કર્યું.

આ કવિ માઘ એટલો મોટો દાનેશ્વરી હતો કે એની પાસે કંઈક આશા સાથે આવેલો માણસ ખાલી હાથે પાછો જતો નહીં.

દાન આપવામાં માઘના ધનભંડાર ખાલી થઈ ગયા. એ એટલો બધો ગરીબ બની ગયો કે જીવનનિર્વાહના પણ સાંસા પડે એવી સ્થિતિ એની થઈ. એક ઉપાયરૂપે એણે એક સંસ્કૃત શ્લોક રચીને એની પત્નીને રાજા પાસે મોકલી. રાજીએ પ્રસન્ન થઈને નાણાંના એક લાખ ચલણી સિક્કા આપ્યા. વળતી વખતે ઘેર પહોંચતાં પહેલાં લોકોને જાણ થવા લાગી કે 'આ માઘની પત્ની' છે. માગનારા દાન માગવા લાગ્યા અને પોતાના નિવાસસ્થાન સુધી પહોંચતાં તો એ લાખેય સિક્કા દાનમાં અપાઈ ગયા.

ખાલી હાથે પાછી ફરેલી પત્નીએ રાજાએ આપેલાં નાણાં માર્ગમાં દાનમાં આપી દીધાં જાણી માઘ અત્યંત પ્રસન્ન થયો.

અહીં માથ કવિની હકીકત ભલે આડ વાત ગણાય, પણ માણેકલાલના સ્વભાવને સમજવા એક ઉત્તમ ઉદાહરણરૂપે એને અહીં મૂકી છે. (જિજ્ઞાસુએ આખી ઘટના 'પ્રબંધ ચિંતામણિ'માંથી વાંચવી)

ડૉ. રામભાઈના સમગ્ર કથનનો વ્યાપ દાનની ભાવના કરતાં વધારે વ્યાપક છે. એમાં લોકસંગ્રહની વાત રહેલી છે. દાનમાં ક્યારેક પુણ્ય કે આત્મપ્રતિષ્ઠાની સંકુચિત વાસના રહેલી હોય છે. લોકસંગ્રહાર્થે કરેલા કાર્યમાં માત્ર નાણાં આપીને છેટા રહેવાની વાત નથી. એમાં નાણાંનો વ્યવહાર હોઈ શકે પણ એથી ઘણું વધારે છે. નાણાં સિવાય પણ અનેક પ્રકારની સહાય વિશે ડૉ. રામભાઈએ નિર્દેશ કર્યો છે. આ સહાયમાં માણેકલાલની પોતાની સામેલગીરી (ઇન્વૉલ્વમેન્ટ) હોઈ શકે. આ પણ ગાંધીજીએ નિર્દેશેલી વ્યાપક ધર્મભાવના જેવી જ એક વિશાળ લોકસંગ્રહની વિભાવના છે. એમાં લોકોના કલ્યાણ કે સુખાકારી માટે કોઈ પણ રીતે ઉપયોગી થવાની વાતનો સમાવેશ થયેલો છે. માણેકલાલ લોકસંગ્રહાર્થે, ઘણું કામ કરતા હતા.

નાણાં બાબતમાં પોતે તો ગાંધીજીએ બોધેલા ટ્રસ્ટીશિપના સિદ્ધાંતને બરાબર

સમજ્યા હતા અને એમનાથી બન્યું એટલું એમણે એને અમલમાં મૂક્યું અને વારસદારો પણ આ માર્ગને અનુસરે એવો આગ્રહ રાખ્યો. ટ્રસ્ટીશિપના ખ્યાલ હેઠળનો એમણે ગણેશ અને અંબિકા સિવાયની નવી ફૅક્ટરીઓ ઊભી કરી એમાં પોતાના કારખાનાના મજૂરો, કારીગરો અને કારકુન કે હિસાબનીસને પણ ભાગીદાર બનાવ્યા.

કશો હિસાબ કે નોંધ રાખ્યા સિવાય જરૂરતમંદોને નાણાકીય સહાય કરી. બેસતા વર્ષના દિવસે વતનમાં ગ્રામવાસીઓને આર્થિક સહાય કરતા એનો અંત એમણે નિર્મ્યો જ નહોતો લોકકલ્યાણનું આ નાનુંસૂનું કદમ નથી. સહાયનું નામ નહીં, આંકડો નહીં, સહાય લેનારનું પણ નામ નહીં. 'રામ કી ચીડિયાં, રામ કા ખેત' જેવી વાત. ક્યારેક સહાય લેનારનો આગ્રહ હોય અથવા બીજા કોઈ કારણસર સહાયને નામનું લેબલ વાગી પણ જાય, અવસાનના એકાદ વર્ષ પહેલી વતનની પ્રાથમિક શાળામાં બાળકોના પ્રવેશોત્સવ વખતે ત્યાં જવાનું થયું અને લાખ રૂપિયા આપતા આવ્યા. સર્વ વિદ્યાલય (કડી અને ગાંધીનગર)ની શાળાઓનાં બાળકોના લાભાર્થે પાંચ લાખ રૂપિયા આપ્યા. એ ટ્રસ્ટ ફંડ હતું એટલે નામ આપવું પડે, આપ્યું પણ ગુજરાતી સાહિત્ય પરિષદના અધિવેશન (૪૪મું અધિવેશન) વખતે એમણે કેટલી રકમ આપી એની ચોખવટ કોણ કરે ? અધિવેશનમાં જે ખર્ચ થનાર હતો એના આધારે સૌ અંદાજે કાલ્પનિક રકમની ધારણા કરવા લાગ્યા. અઢી લાખ, ત્રણ લાખના દાનની જાહેરાત તો ક્યાંય થઈ નહીં, પરિષદના સૂત્રધારોને રકમની ખબર હોય પણ આ કંઈ ઢોલ પીટવાની ચીજ થોડી છે ? અન્ય લોકોમાં ધારણાઓ વહેતી રહી. ધારણાઓનો પણ એક આનંદ હોય છે.

માણેકલાલના શાળાગુરુ રતિલાલ સાં. નાયક એમની દાનવૃત્તિ બાબતમાં લખે છે: 'સૌ એમને દાતા કહી વખાણે છે એનો (માણેકલાલનો) જવાબ આવો છે: 'જીવનમાં લક્ષ્મી મેળવવી એ સૌભાગ્ય છે એ ખરું, પરંતુ મારા ગ્રામવાસી સીધું સરળ જીવન જીવનાર માતા-પિતા કહેતાં કે ઘસારો વેઠવો, બીજાનું ભલું કરવું, પૈસો આવે તો વહેંચીને રાજી રહેવું. હું એમની આજ્ઞાને અનુસરુ છું."

ગુજરાત રાજ્ય પાઠ્યપુસ્તક મંડળના પૂર્વ નાયબ નિયામક શ્રી હરકાન્ત ત્રિવેદી માણેકલાલભાઈના પરિચયમાં સારા પ્રમાણમાં આવ્યા હતા. પાઠ્યપુસ્તક સંપાદનના કાર્ય અર્થે સંસ્થાના અતિથિગૃહમાં અવારનવાર રોકાવાનું થતું. આ હરકાન્ત ત્રિવેદી માણેકલાલભાઈને બરાબર સમજી શક્યા હતા. એમણે

માણેકલાલભાઈ વિશે વિસ્તારથી લખેલું છે. માણેકલાલની લોકસંગ્રહની ભાવનાને ઉજાગર કરતી કેટલીક હકીકત એમણે આ રીતે લખી છેઃ 'ઉદ્યોગવીર માણેકલાલભાઈ માત્ર પોતે જ ઉદ્યોગ ચલાવીને ધન કમાઈ લે એવો સંકીર્ણ ઉદ્દેશ એમના મનમાં ક્યારેય નથી રહ્યો. અમદાવાદ ટ્રાન્સપોર્ટ સર્વિસના કોસ્ટિંગ ક્લાર્ક એક સફળ ઉદ્યોગવીર બને એ ઘટના એક લાંબી દડમજલ છે અને એ દરમિયાનનું સંવેદનશીલ હૃદય બીજા લોકોને રોજગારી મળી રહે એની ખેવના પણ એટલી જ ધરાવે છે. તેઓ ધન કરતાં કાર્ય અને તેની ઉપયોગિતાને વધારે મહત્ત્વ આપતા હોવાથી સાચા અર્થમાં ઉદ્યોગવીર બનીને સમાજનું કાર્ય કરી રહ્યા છે.

ધન કમાઈને સુખોપભોગ તો બહુ જ મર્યાદિત-સ્વાર્થ હેતુ થયો. માણેકલાલભાઈમાં 'શ્રી સમ્પદા'ને એના યથાર્થ સ્વરૂપમાં પ્રયોજવાનો સદ્‌ગુણ જન્મજાત છે.

માણેકલાલભાઈ કમાયેલા ધનને જ્યાં-જ્યાં જરૂર હોય ત્યાં દાનમાં આપતાં સહેજ પણ ખચકાતા નથી. પ્રામાણિક, કાર્યનિષ્ઠ, મહેનતુ મજૂરને માલિક બનતાં પણ શીખવે છે. આમ તેઓ ધન કમાઈને સ્વ-સુખ કરતાં સમાજસુખ માટે વિશેષ વાપરી જાણે છે.'

ઈ.સ. ૧૯૯૭માં ઉત્તર ગુજરાત અતિવૃષ્ટિની કુદરતી આફતમાં સપડાયું ત્યારે માણેકલાલે વિસનગર તાલુકાનાં ગામડાંમાં રાહત કાર્ય અને અન્ય પ્રકારની ઘણી સહાય માટે એમણે સંસ્થાના કર્મચારીઓને પીડિતોની મદદે મોકલીને ભગીરથ કાર્ય કર્યું હતું તેની નોંધ અગાઉ કરી ગયા છીએ.

એવું જ કાર્ય એ જ્યારે કડી લાયન્સ ક્લબના પ્રમુખ હતા ત્યારે કડી તાલુકામાં અતિવૃષ્ટિની આફત સમયે કર્યું હતું. એમના નેતૃત્વ હેઠળ ફૂડપૅકેટ પહોંચાડવામાં આવ્યાં અને ગરીબો માટેની આવાસ યોજના હેઠળ લાયન્સ ક્લબ દ્વારા ૧૦૦૦ મકાનો બંધાવી આપ્યાં.

માણેકલાલની ઉદારતાનાં નાનાં-મોટાં કાર્ય તો પાર વગરનાં છે. ક્યારેક કાર્ય દેખાય નાનું પણ એનું ગૌરવ મોટું હોય અને એથીય વિશેષ એમાં માણેકલાલની એક ઉમદા માનવ તરીકેની મુદ્રા ઊપસતી હોય. જેમ કે, માણેકલાલની ગણેશ ઑઇલ મિલ અને પ્રેસિંગ ફૅક્ટરી તથા અંબિકા જિનિંગ ઍન્ડ પ્રેસિંગ ફૅક્ટરીની બાજુમાં કડીની પાંજરાપોળ છે. માણેકલાલની ફૅક્ટરીઓના કૅમ્પસમાંથી કડીની આ પાંજરાપોળ માટે વિના મૂલ્યે ચોવીસે કલાક પાણી પૂરું પાડવામાં આવે

છે. આ કોઈ ઓછી ઉદારતાની વાત નથી. આપણે માનવ માણેકલાલનાં દર્શન કરી શકીએ.

માણેકલાલભાઈએ એક વખત એમના પુત્ર વલ્લભભાઈને નાણાંની વ્યવસ્થા અંગે બે વાત કહેલી. એમણે કહ્યું હતું કે 'આપણે આપણા પૈસાના વહીવટકર્તા છીએ. આપણી પાસે વધારેપડતો પૈસો આવે તો એનો એવી રીતે ઉપયોગ કરવો જોઈએ કે બીજાને એ પૈસાના ઉપયોગથી સંતોષ મળે.'

બીજી વાત એમણે એ કહી કે, 'જો તમે ગરીબ લોકોને ઊંચા નહીં લાવો તો રાત્રે એ તમારા ઘરમાં પ્રવેશીને તમને લૂંટી લેશે અને કદાચ મારી પણ નાખશે. માટે પૈસો એવી રીતે સર્ક્યુલેટ કરો કે એ લોકો સન્માનપૂર્વક જીવી શકે. આપણા પૈસાનું આવી રીતે આયોજન થવું જોઈએ.'

અંતે આચાર્ય મનસુખ સલ્લાના શબ્દોમાં પ્રકરણનું સમાપન કરીએ : 'ગુજરાત મહાજન પરંપરાથી ઊજળું છે. તેનાં ઉત્તમ ફળો ગુજરાતે ચાખ્યાં છે. મહાજનોએ જ અનેક નવપ્રસ્થાન કર્યાં. પોતે બે પૈસા કમાયા છીએ અને શક્તિ છે તો ઋણભાવે સમાજના ઉત્થાન માટે યોજીએ તે ભાવ મહાજનપરંપરાનો પ્રાણ છે. માણેકલાલભાઈ આવી મહાજનપરંપરાના ઉત્તમ પ્રતિનિધિ છે. પોતાનું ઉત્તમ સમાજને ચરણે ધરવામાં જ તેમને તૃપ્તિ છે.'

❐

# ૨૭

# સાચના સાથી

સચ્ચાઈને વળગી રહેવું, સચ્ચાઈને સાથ આપવો એમ કરવામાં સિદ્ધાંતજડ ન બની રહેતાં જરૂર પડ્યે બાંધછોડ કરીને સારા માટે વ્યવહારુ માર્ગ અપનાવવો એ માણેકલાલના જીવનનું ધ્યાન ખેંચનારું પાસું હતું.

વીસમી સદીના અસ્તાચળ સમયે ફાટી નીકળેલું અનામત આંદોલન અનિષ્ટ અને બંધુત્વ ઉપર કારમા ઘા સમાન અને સચ્ચાઈની આકરી કસોટી કરે એવો સમય તબક્કો હતો. ખોટાં દોષારોપણ સહજ બની ગયાં હતાં. એવામાં કડીમાં એક સ્થળે અનામત આંદોલનના ભાગ રૂપે છમકલું થયું. પાટીદારો અને હરિજનો વચ્ચે હિંસક અથડામણ થઈ. વાત મારામારીથી આગચંપી સુધી પહોંચી.

શહેરમાં અશાંતિ ઊભી કરે એવું હિંસક તોફાન થાય ત્યારે શહેરમાં સરકારના કોઈ મંત્રી ઉપસ્થિત હોય તોપણ તેણે સ્થળ ઉપર પહોંચી જવાની તેની ફરજ બને છે અને મામલો શાંત થાય તેમ જ શહેરનું વાતાવરણ ન બગડે એ માટે કંઈક કરી છૂટવાની પણ ફરજ બને છે. આવી ફરજના ખ્યાલ હેઠળ તત્કાલીન ગુજરાત રાજ્યના મંત્રી શ્રી નીતિનભાઈ પટેલ પરિસ્થિતિને કાબૂમાં લેવા પોતાના પ્રભાવની મદદથી કંઈક કરી છૂટવા તોફાનના સ્થળ ઉપર પહોંચી ગયેલા.

આ શુભ હેતુ અને પ્રયાસને જુદા અર્થમાં લેવાયો અને નીતિનભાઈ ઉપર હરિજનભાઈઓ વિરુદ્ધ સવર્ણ સભ્યોને ઉશ્કેરીને હરિજનોને માર માર્યાના, એમનાં ઘર બાળી મુકાવ્યાનાં અને અમાનુષી ત્રાસ વર્તાવ્યાના આરોપ મૂકીને નીતિનભાઈને કેર વર્તાવ્યાના ગુનામાં સંડોવ્યા. જે થયું તે નીતિનભાઈના કારણે જ થયું એવો નીતિનભાઈ સામે ગુનો તેમ જ બદનામીનો વંટોળ ઊભો કર્યો.

પ્રશ્ન ચગડોળે ચઢ્યો. તપાસ શરૂ થઈ. એ વખતે કેન્દ્રમાં ભાજપનું શાસન હતું. શ્રી અટલબિહારી વાજપેઈ વડાપ્રધાન હતા. કેન્દ્ર તરફથી ભાજપનું તપાસપંચ આવ્યું. એવી જ રીતે લઘુમતિ સેલનું પણ તપાસપંચ આવ્યું.

ભાજપના પંચનું નેતૃત્વ શ્રી કાશીરામ રાણા કરી રહ્યા હતા. આપણે મ્યુનિસિપાલિટીના પ્રમુખ સહિત ઘણી વ્યક્તિઓનાં નિવેદન લીધાં. એ વખતે કડી મ્યુનિસિપાલિટીમાં ભાજપ સત્તા પર હતો, અન્ય નિવેદનો સાથે માણેકલાલનું પણ નિવેદન લેવામાં આવ્યું, માણેકલાલે સ્પષ્ટ શબ્દોમાં કહી દીધું કે શ્રી નીતિનભાઈ ઉપર સાવ ખોટું દોષારોપણ થયું છે, પોતાના આ મતના સ્પષ્ટીકરણમાં એમણે જે કહ્યું તે આ મતલબનું હતું, 'ચાલીસ વર્ષથી હું કડી શહેરના સીધા સંપર્કમાં છું. આ શહેરમાં મેં ૧૪ વર્ષ કરતાં થોડો વધારે સમય ચીફ ઑફિસર તરીકે કામ કર્યું છે. એ પછી આ શહેરની નગરપાલિકાના પ્રમુખ તરીકે પણ સેવાઓ આપી છે. શહેરમાં કઈ કઈ જ્ઞાતિઓ ક્યાં ક્યાં વસે છે એનું સંપૂર્ણ ચિત્ર મારા ધ્યાનમાં છે. શહેરમાં હરિજનભાઈઓની વસ્તી ત્રણ સ્થળે કેન્દ્રિત છે. એમાં જ્યારે-જ્યારે કોઈ અશાંતિનું કારણ ઉપસ્થિત થયું હોય તો તે એક સ્થળના વસવાટમાં જ થયું છે. એ સ્થળમાં મર્યાદિત સંખ્યામાં જે અસામાજિક તત્ત્વો છે તે જ કાયમ ઉપદ્રવ કરે છે. બીજે ક્યાંય કશી અશાંતિ પેદા થતી નથી, હરિજનભાઈઓ અને પાટીદારો સુમેળથી અને એકબીજાના સહકારમાં શાંતિથી રહે છે. જ્યારે ત્યારે અશાંતિ એક જ સ્થળે થયા કરે છે. આ વખતે પણ તે જ સ્થળે તોફાન થયું છે. હું કૉંગ્રેસનો માણસ છું, નીતિનભાઈ ભાજપના છે. આ બે પક્ષો પરસ્પર વિરોધી હોય એ રીતે કામ કરે છે. વળી હું અને નીતિનભાઈ ચૂંટણીમાં એકબીજાની સામે ઉમેદવારો તરીકે ઊભા રહ્યા હતા એ રીતે પણ નીતિનભાઈની તરફેણમાં બોલવાનું મારા માટે અઘરું બને. આમ છતાં હું સ્પષ્ટપણે જોઈ શક્યો છું અને એટલે કહું છું કે નીતિનભાઈને આ પ્રકરણમાં ખોટી રીતે સંડોવવામાં આવ્યા છે, એમનો કોઈ જ દોષ નથી.'

કાશીરામ રાણા માણેકલાલભાઈના નિવેદનથી અત્યંત પ્રભાવિત થયા હતા અને એમણે એ વખતે કહ્યું હતું કે બીજા નિવેદનોમાં, ખુદ નગરપાલિકાના પ્રમુખના નિવેદનમાં પણ, ગોઠવણી કરીને કહેવાયું હોય એવું જણાય છે પણ આ મુરબ્બી (માણેકલાલ)નું નિવેદન અત્યંત વિશ્વસનીય અને પારદર્શી છે.

એક વખત કડીની નગરપાલિકા માટે બાજપેયી ગ્રાન્ટ યોજના હેઠળ કડીના વિકાસ માટે ત્રણ કરોડ રૂપિયાની ગ્રાન્ટ મંજૂર થઈ હતી. આ યોજનાની

એક શરત એવી હતી કે મ્યુનિસિપાલિટીના ચૂંટાયેલા બોર્ડના સભ્યોમાં ઓછામાં ઓછો એક સભ્ય વિરોધ પક્ષનો હોવો જોઈએ. ગ્રાન્ટની સ્વીકૃતિની બહાલી વિરોધપક્ષના સભ્યની સહીને અધીન રહેશે. અર્થાત્ આ ગ્રાન્ટ મેળવવામાં વિરોધ પક્ષના સભ્યનો વિરોધ હશે તો ગ્રાન્ટ નહીં મળી શકે. ગ્રાન્ટની આ દરખારત વખતે મ્યુનિસિપાલિટીમાં ભાજપના સભ્યોની બહુમતી હતી એટલે મ્યુનિસિપાલિટીમાં સત્તા પર ભાજપ પક્ષ હતો. કૉંગ્રેસના સભ્યો લઘુમતીમાં હતા. કડીને ત્રણ કરોડ રૂપિયાની ગ્રાન્ટ મળે એમાં એમણે પણ રાજી થવા જેવો લાભ હતો, પણ કૉંગ્રેસના સભ્યોએ સંમતિદર્શક સહીથી દૂર રહેવાનો નિર્ણય કર્યો. કડીના વિકાસનાં કાર્યોમાં ભાજપને યશ મળે એ કદાચ એમને નહીં રુચતું હોય.

પણ આવા સંજોગોમાં માણેકલાલભાઈનો પ્રભાવ આકડકતરી રીતે પણ કાર્યસિદ્ધિમાં કેવો સહાયરૂપ થાય છે તે જાણવા જેવું છે. માણેકલાલભાઈના પુત્ર. વલ્લભભાઈ (સરદાર)ને સ્વભાવગત રાજકારણમાં રસ નહોતો પણ માણેકલાલભાઈના આગ્રહથી રાજકારણમાં વલ્લભભાઈ રસ લેતા થયેલા. માણેકલાલભાઈ રાજકારણની, વિકાસની, શુદ્ધ નીતિની એવી બધી ઘણી વાતો આ જિજ્ઞાસુ પુત્રની રુચિ પોષાય એ રીતે કરતા. કડી એ તો માણેકલાલભાઈનો પ્રાણ. એના પ્રત્યેના પ્રેમની અને એના માટે જે કંઈ કરી છૂટવું પડે તો તે કરવાની વાતો કરતા. આમ વલ્લભભાઈ પિતાની છાયામાં (ધંધામાં ફેક્ટરીમાં સાથે બેસતા એટલે ગોષ્ઠી-ચર્ચા, સંવાદ-વિવાદનો અવકાશ રહેતો) વિવિધ પાસાંએ ઘડાતા હતા.

હવે રાજકારણના જાગેલા રસના આધારે એક વખત એ મ્યુનિસિપાલિટીની ચૂંટણીમાં ઊભા રહ્યા અને વિજયી બન્યા. બાજપેયીની ગ્રાન્ટ યોજનાવાળા સમયમાં એ સભ્ય હતા. એટલે નગરપાલિકાના કૉંગ્રેસી સભ્યોએ જે નિર્ણય લીધો એ એમની સામે આવીને ઊભો રહ્યો. એક રીતે ચિત્તને અવઢવમાં મૂકી દે એવી સ્થિતિ ગણાય. સામાન્ય રીતે પક્ષનો માણસ પક્ષ તરફ ખેંચાય. પક્ષની સાથે રહે, પણ વલ્લભભાઈ માટે એવું નહોતું. એ પક્ષને અવગણવા માગતા હતા એવું નહોતું, પણ માત્ર રાજકીય હઠ ખાતર કડીનગર માટે લાભકર્તા ત્રણ કરોડ રૂપિયા જતા કરવામાં શાણપણ નહોતું જણાતું. એમ કરવાથી પક્ષને કોઈ રાજકીય લાભ જણાતો નહોતો. તંત્રમાં કૉંગ્રેસની જે સ્થિતિ હતી તે તો જેમની તેમ રહેવાની હતી. આ પક્ષે વલ્લભભાઈએ લેખાંજોખાં કરી જોયાં પણ

એથી વિશેષ એમના ચિત્તનો ઝોક માણેકલાલભાઈની પેલી વારંવારની સલાહ તરફ હતો – કડી માટે જે કંઈ કરી છૂટવું પડે તે કરવું. પોતે કડી માટે શું કરી શકે એમ હતા? કંઈક કરવાની આ એક તક હતી. એમણે પોતાનો આગવો નિર્ણય કરી લીધો અને બાજપેયી ગ્રાન્ટ મળી શકે એ હેતુથી વિરોધ પક્ષના સભ્ય તરીકે એમણે સહી કરી દીધી.

પછીના એક સમયે, માણેકલાલભાઈના સૂચનથી વલ્લભભાઈને પક્ષના મેન્ડેટ વિરુદ્ધ જવું પડે એવી પરિસ્થિતિ ઊભી થઈ હતી. આ હકીકતનો નિર્દેશ પાછલા પ્રકરણમાં થયેલો છે છતાં અહીં એનું જુદી દૃષ્ટિએ નિરૂપણ થયું છે એટલે પુનઃકથનનો દોષ વહોર્યો છે.

માણેકલાલને પોતાના સિદ્ધાંત હતા. જ્યાં અને જ્યારે જરૂર જણાય ત્યારે મક્કમપણે એને વળગી રહેતા હતા. આમ છતાં એ કદી સિદ્ધાંતજડ રહ્યા નહોતા. ક્યારેક કશું અનિષ્ટ બનવાનો સંભવ ન હોય ત્યારે એ વિવેક વાપરીને પોતાના સિદ્ધાંતમાં બાંધછોડ કરીને વ્યવહારુ માર્ગ અપનાવતા હતા. કડીનગરપાલિકામાં ભાજપ અને કૉંગ્રેસની શક્તિપરીક્ષણની ઊભી થયેલી કટોકટી સમયે માણેકલાલે સરદારને ગોંડલથી કડી ન આવવા સૂચવ્યું એમાં એમણે આ વ્યવહારુ માર્ગ અપનાવ્યો હતો. એમણે જોયું કે ભાજપ સત્તા પર તો હતો જ કોઈને ઉથલાવીને એને સત્તા પર લાવવાની વાત નહોતી. ઠીક લાગે તો એમાં પણ સાથ આપે, પણ અત્યારે પોતાના નિકટતમ મિત્ર રતિલાલના પુત્ર તરફથી આ વિનંતી આવી હતી. નીતિનભાઈ સાથે જે મતભેદ હતો તે તો રાજકીય વિચારસરણીના ભેદ અંગેનો હતો. નીતિનભાઈ સાથે અંગત દુશ્મનાવટનું કોઈ કારણ નહોતું અને વિનંતી પોતાના મિત્રના પુત્ર તરફથી આવી હતી. એમણે નીતિનભાઈને ઘટતી હૈયાધારણ આપી અને પછી વલ્લભભાઈને ફોન કર્યો.

માણેકલાલની સચ્ચાઈની ભાવના કડીમાં કહેવતરૂપ બની ગઈ હતી. ક્યાંક અભિપ્રાય આપવાનો હોય તો કોઈની શેહશરમમાં તણાયા સિવાય પોતાને જે સાચું લાગ્યું હોય તે સ્પષ્ટ શબ્દોમાં કહી દે. એમના આ ગુણને કારણે ભાગીદારીમાં ધંધો કરતા ભાગીદારોનાં મન ઊંચાં થયાં હોય અથવા કોઈ કારણસર થયેલા કલહના કારણે ભાગીદારીમાંથી છૂટા પડવું પડે એવી સ્થિતિ સર્જાઈ હોય તો સમસ્યાનો હલ કરવા માણેકલાલની જ સહાય માગવામાં આવતી. કડીમાં લગભગ ૨૦૦ ઑઇલ મિલો, એકસો દસ જિનિંગ/ પ્રેસિંગ ફૅક્ટરીઓ, પાંચ રિફાઇનરીઓ આટલા વિશાળ પાયા ઉપર ચાલતા

આ ઑઇલ અને જિનિંગ-પ્રેસિંગના ઉદ્યોગમાં કેટલા બધા માલિકો-ભાગીદારો હોય! દરેકની વ્યાપારી દૃષ્ટિ એકસરખી ન હોય, આવડત કે કુનેહ એક-સરખાં ન હોય, ધંધાના સ્થાન ઉપર ઉપસ્થિતિ સરખા પ્રમાણમાં ન રહી શકતી હોય, ફૅક્ટરીમાં કામ કરતા કારીગરો અને મજૂરો પાસે કામ લેવાની રીત અને આવડતમાં ફેર હોય, કારખાનામાં મૂડીના રોકાણમાં તફાવત હોય, કંપનીમાંથી નાણાંના ઉપાડ બાબતમાં મતાંતર હોય – એક ભાગીદાર નાણાંનો ઉપાડ જ ન કરતો હોય અને બીજો જુદાં-જુદાં બહાનાં હેઠળ નાણાં ઉપાડ્યે જતો હોય... આવાંઆવાં નાનામોટાં અનેક કારણોને લીધે ભાગીદારોનાં મન ઊંચાં થતાં હોય. સહનશક્તિ ઓછી હોય એટલે નોબત ભાગીદારીમાંથી છૂટા થયા સુધી પહોંચી હોય.

છૂટા થવા માગતા ભાગીદારો પોતપોતાના અલગ-અલગ લવાદો રોકવાના બદલે પ્રશ્નનો ઉકેલ આણવા માટે સમગ્ર ભાર માણેકલાલના માથે નાખે, માણેકલાલ આ રીતે ધંધાના પૂરા અનુભવી અને તજ્જ્ઞ, ધંધાની અસ્ક્યામતથી માંડીને હિસાબો સુધીના નિષ્ણાત, એ જે નિકાલ સૂચવે એમાં કશી કસર ન હોય.

માણેકલાલ પ્રથમ તો ભાગીદારીમાંથી છૂટા પડવાનો નઠારો માર્ગ છોડી દઈને સમજણપૂર્વક કશીક બાંધછોડ કરીને સહિયારા ધંધાનો વધારે વિકાસ કરવાનું પ્રેમપૂર્વક સમજાવવા પ્રયાસ કરે. એ પ્રયત્નમાં નિષ્ફળ જવાય તો કાંટે તોળ્યો ન્યાય આપતા હોય એમ વિવેકપૂર્વક અને વિધિસર તકરારનો સંતોષકારક નિકાલ કરી આપે, ખોટો લાભ લેવા ઇચ્છતા ભાગીદારની દાનત પણ એવી વેરવિખેર થઈ ગઈ હોય કે એ પણ એક પ્રકારના સંતર્પક સંતોષનો અનુભવ કરે.

જે સાચું હોય અને લોકહિતમાં હોય ત્યાં માણેકલાલ રહ્યા છે. એમણે કોઈનો ડર રાખ્યો નથી કે કાર્યમાં પાછા પડીને એને અધૂરું છોડ્યું નથી. એક વાર છોડવું પડ્યું હતું એની વાત આ પ્રકરણને અંતે કરીશું. ઈ.સ. ૧૯૬૯-૭૦માં એક નજીવી બાબતમાં કડીમાં કોમી રમખાણનું હિંસક તોફાન પ્રજાને આભડી ગયું. થોડામાંથી વાત વધી પડી અને આખું કડી શહેર રક્તપાતના ભયથી સમસમી ઊઠ્યું. વાત એમ બની હતી કે જે ભારતની નહોતી એવી એક જાણીતી મસ્જિદ અલ-અસા ઉપર હુમલો થયેલો. દેશ પારકો, મસ્જિદ ઉપર હુમલો કોણે કર્યો, શા માટે કર્યો એ વિશે સામાન્ય - આમપ્રજા વિગતો ઊંડાણથી જાણતી નહોતી. માત્ર હુમલો થયો એનો વિરોધ

દર્શાવવામાં ભારતમાં ઠેર-ઠેર સરઘસો નીકળ્યાં, એવું એક સરઘસ કડીમાં પણ નીકળ્યું હતું. મણિપુરના ચોકથી આગળ વધીને સરઘસ પીર બોરડીના ઢાળ તરફ આગળ વધી રહ્યું હતું એ વખતે એકાએક સરઘસ ઉપર થોડા પથરા ફેંકાયા (પથ્થરમારો કહી શકાય એવું નહોતું) અને તોફાન શરૂ થઈ ગયું. કોમી તોફાન. કડીમાં મુસલમાનોની સંખ્યા ઘણી છે. છૂટાછવાયા ઉપરાંત એક જથ્થો આખો કસબો છે, પણ કડીમાં કદી કોમી તોફાનો કે રમખાણ થયાં હોય એવું જાણમાં નહોતું. હિન્દુ અને મુસલમાન બંને કોમો ભાઈચારાથી રહેતી હતી. કોમી અશાંતિ જેવો પ્રજાને અનુભવ નહોતો, પણ આ તોફાન આરંભાયું તે બરાબર વકર્યું. હત્યાઓ નહોતી થતી પણ પ્રજા ભયથી થથરી ગઈ હોય એવું જણાતું હતું. કરફ્યુનો અમલ કડક હતો. (પ્રજારાજની રીત પ્રમાણે તપાસના આદેશો અપાયા હતા અને તપાસને અંતે જે રિપૉર્ટ જાહેર થયો એમાં રમખાણ શરૂ થવાના કારણમાં જણાવવામાં આવ્યું હતું કે સરઘસના સમયે જ છૂટેલી શાળાના કેટલાક છોકરાઓએ સમજણ વિના અને કશી જવાબદારીની જાણ વગર માત્ર અટકચાળો કરતા હોય એવી નઠારી રીતથી હાથમાં આવ્યા તે રસ્તામાં પડેલા પથરા ફેંક્યા હતા અને તોફાન ભડકી ઊઠ્યાં હતાં. મામલતદાર કચેરી તરફથી જે વ્યવસ્થા ગોઠવાવી જોઈએ તે સ્થાનિક રીતે અને જિલ્લાના કલેક્ટર તરફથી જે કંઈ થવું જોઈએ એ બધું થયું હતું. શાંતિસમિતિને કરફ્યુવાળા વિસ્તારમાં ફરવા માટેની પરમિટો અપાઈ હતી, પણ આ બધું ઔપચારિક હતું. દંગા ફરીથી ન થાય અને કોઈ જાનહાનિ ન થાય એની ખરેખરી તકેદારી તો માણેકલાલે રાખવા માંડી હતી. એ એમની સાથે ડૉ. રામભાઈને લઈને શહેરના સંવેદનશીલ વિસ્તારોમાં ફરતા હતા. કશા જોખમને ગણકાર્યા વગર એ આ બધું કરતા હતા. કોઈને સમજાવતા, કોઈને ધમકાવતા, જરૂર જણાય ત્યાં કોઈને નાણાકીય સહાય કરતા. આ કોમી અશાંતિ એવા પ્રકારના કારણે પ્રગટી હતી કે એક કોમ બીજી કોમને તેનું કારણ ન માને, કારણ બહારના દેશના કારણે ઊભું થયું હતું એટલે શહેરનું વાતાવરણ વહેલામાં વહેલી તકે શાંત થાય એવું બંને કોમો ઇચ્છતી હતી. આવા સંજોગોમાં માણેકલાલના પ્રયત્ન બંને કોમો માટે આવકાર્ય હતા.

પણ ૨૦૦૨ના ફેબ્રુઆરીની ૨૭મીની કારમી ઘટના પછી સારાયે ગુજરાતને સ્પર્શતો ફાટી નીકળેલો કોમી દાવાનળ ક્રૂરમાં ક્રૂર રાક્ષસોને પણ શરમાવે એવો હતો. ગોધરા સ્ટેશન વિસ્તારમાં સાબરમતી એક્સપ્રેસના એક

ડબામાં અયોધ્યાથી પાછા ફરી રહેલા હિન્દુ કારસેવકોને જીવતા ભૂંજી નાખવામાં આવ્યા એ સમાચાર જ કમકમાટી ઊપજાવે એવા હતા. વળી, આ કારસેવકો ગુજરાતના જુદા-જુદા પ્રાંતોના જુદા-જુદા ગામના હતા એટલે આ ક્રૂર ઘટનાનો પ્રત્યાઘાત જ્વાળામુખી ફાટે એવા જોશથી જુદાં જુદાં સ્થળોએ કોમી રમખાણોના દાવાનળરૂપે ભભૂકી ઊઠ્યો. હિન્દુઓનો વેરાગ્નિ ઝટ શાંત થાય એવાં કોઈ ચિહ્ન જણાતાં નહોતાં. ક્યાંક-ક્યાંક તો સામૂહિક માનવહત્યા થઈ. કોઈ કોઈનું ન સાંભળે એવું નારકીય વાતાવરણ સર્જાઈ ગયું હતું. આવી સ્થિતિમાં કડી તો શાંત રહેવું જોઈએ એવા શુભ સંકલ્પ સાથે પોતાનાથી શક્ય તે કરી છૂટવા માણેકલાલ ડૉ. રામભાઈ સાથે નીકળ્યા. પીરબોરડી તરફનો ઢાળ શરૂ થાય એ પહેલાં બે મુસ્લિમ આગેવાનોએ માણેકલાલને વિનંતી સ્વરૂપે કહ્યું, 'સાહેબ, આગળ ન જતા. આજે તમારું માન જળવાય એવું નથી.'

હજુ બંને મિત્રો આગળ વધવા ઇચ્છતા હતા, પણ શુભ આશયથી પેલા મુસલમાન ભાઈઓએ એમને આગળ ન વધવા દીધા. એમણે કહ્યું અમે અમારા લોકોના કારણે કડીના માથે કલંક લાગવા દેવા માગતા નથી. પાછા ન વળવું હોય તો હાંસા શેરી, ડૉ. માણેકલાલના દવાખાના આગળ થઈને નીકળી જાઓ પણ પીરબોરડીવાળો રસ્તો ન લો.

એ દિવસે માણેકલાલ અને રામભાઈ પાછા વળ્યા, પણ દંગા શાંત થાય એનું ચિંતન એ કરતા રહ્યા. પછીના દિવસે મુસ્લિમ કોમના શ્રીમંત આગેવાન ઇસબજીનો ફોન આવ્યો : 'સાહેલ, કંઈક કરો. દાવાનળ ઠારવાનો કોઈ રસ્તો શોધો.

રામભાઈ એ વખતે માણેકલાલની બાજુમાં બેઠા હતા. એમલે ઈસબજીને કહ્યું, "અમે અત્યારે એનો જ વિચાર કરતા બેઠા છીએ. તમે તમારા ભાગીદાર ડાહ્યાભાઈને પણ કહો અને અહીં મોકલો અમે ત્રણે જણ સાથે નીકળીશું.'

ઈસબજી પણ આ કોમી અશાંતિ દૂર થાય એવું પૂરા મનથી ઇચ્છતા હતા. એમણે મુસ્લિમો માટે એક રાહત છાવણી પણ ઊભી કરી હતી. સર્વ પ્રકારનો ખર્ચ એ પોતે કરતા હતા. ઈસબજીએ રામભાઈની વાત ડાહ્યાભાઈ (રાજા ઇન્ડસ્ટ્રીઝના માલિક)ને પહોંચાડી. ડાહ્યાભાઈ, ડૉ. રામભાઈ અને માણેકલાલ બેઠા હતા ત્યાં – ડૉ. રામભાઈને ત્યાં – આવ્યા. ઊભા ઊભા જ એમણે કહ્યું. 'પરિસ્થિતિ એવી છે કે આપણે કાંઈ કરી શકીએ એમ નથી.'

આટલું કહી ડાહ્યાભાઈ વધારે ચર્ચા કર્યા સિવાય ચાલ્યા ગયા.

વાત સાચી હતી. ભડકો એટલો મોટો વિકરાળ ખુન્નસભર્યા ઝનૂનયુક્ત હતો કે પરિસ્થિતિને શાંત કરવા જતાં કદાચ, પરાઈ કોમના બદલે પોતાની જ કોમના ઝનૂનનો ભોગ બની જવાય.

મનમાં ઉગ્ર સંતાપ હતો, પણ માણેકલાલ એ સંતાપને ઠારી શકાય એવાં કોઈ પગલાં લેવા પ્રજા વચ્ચે જઈ શક્યા નહીં.

એ ભલે ન જઈ શક્યા પણ એખલાસ માટેની એમની તીવ્ર ભાવના અકબંધ રહી. ઈ.સ. ૧૯૬૯-૭૦માં એમણે જે કામ કર્યું હતું એની છાપ કોઈ કાળે ભૂંસાય એમ નથી.

❐

# ૨૮

# સ્વયંસિદ્ધ પુરુષ

નિરાંતની પળોમાં ક્યારેક માણેકલાલભાઈનું સ્મરણ થતાં એકાએક જુલિયસ સિઝરની જોશીલી વિજયયાત્રાનું દર્શન થાય છે. ઇતિહાસમાં વાંચેલું એક દશ્ય. એશિયા માઈનોરમાં નાના-મોટા ૪૭ વિજયો મેળવ્યા પછી જુલિયસ સિઝર રોમ પાછો ફર્યો છે. અશ્વારૂઢ સૈનિકો ગગનભેદી વિજય-ઘોષણાઓ કરતા એક લાંબા સરઘસરૂપે રોમના માર્ગો ઉપર જોશભેર આગળ વધી રહ્યા છે. સરઘસની મોખરે એક વિશાળ બેનર છે: 'Veni, Vidi, Vici (I came, I saw, I conquered' હું આવ્યો, મેં જોયું, મેં જીતી લીધું.)

હા, માણેકલાલને પણ આ હકીકત સો ટકા બંધબેસે છે. માણેકલાલની સ્મૃતિ થતાં આ સિઝર જ કેમ યાદ આવે છે? સિકંદર અને નેપોલિયન પણ મહાન વિજેતાઓ હતા. સિકંદર સાથે તો એલેક્ઝાન્ડ્રિયાના ગ્રંથાલયનું નામ જોડાયેલું છે અને નેપોલિયન દેશભક્તિ માટે ખ્યાત છે. આ મહાનુભાવો યાદ ન આવતાં સિઝરની સ્મૃતિ જ માણેકલાલ સાથે કેમ થાય છે એનું કારણ એક જ. સિઝરનું વિલ (વસિયતનામું). સેનેટના સભ્યોએ ભલે એને છેહ દીધો અને એનો પરમ મિત્ર બ્રૂટસ ભલે કાવતરાખોરોમાં ભળી ગયો. આ બધા અંધારામાં રહી ગયા. સિઝરના વિલની આ લોકોને જાણ નહોતી. વિલમાં સિઝરે પાર વગરનાં લોકકલ્યાણનાં કાર્યો સૂચવ્યાં હતાં. હયાતીમાં તો એ બધું કરવા માગતો હતો, બાકીનું બધુંય હયાતી પછી પણ થાય એવું એ ઇચ્છતો હતો.

માણેકલાલના જીવનમાં એમની હયાતીમાં જ આ બંને વસ્તુઓ ઉજાગર થઈ. નવાં-નવાં ક્ષેત્રોમાં એમણે પ્રવેશ કર્યો, જોયું અને વિજય મેળવ્યો. સિઝરની આ એક વાત અને બીજી વાત લોકકલ્યાણનાં કાર્યોની. માણેકલાલે એમની હયાતીમાં જે લોકકલ્યાણનાં કાર્યો કર્યાં હતાં એમાંનાં કેટલાંક આ પુસ્તકમાં

વર્ણવાયાં છે, બધાં નહીં. ડગલે ન પગલે જેને કોઈનું કામ કરી છૂટવાની આદત હોય એના જીવન-પર્યંતનાં બધાં કામ કોણ જાણી શકે ? એમણે જે કંઈ કર્યું એનો ઢંઢેરો તો એમણે પીટ્યો નહોતો. આપણા માટે જે મહત્ત્વની વાત છે તે એમના સ્વભાવગત ગુણની જાણકારીની, માણસની પરખ એના એક કાર્યથી પણ થઈ શકે. માણેકલાલની એ પરખ આ પુસ્તકમાં અત્રતત્ર વેરાયેલા અને વર્ણવાયેલા પ્રસંગોના આધારે થઈ શકે એમ છે. જે મહત્તમ છે તે માણેકલાલનું સત્ત્વ (essence) જાણવાની છે તે પણ ઉક્ત પ્રસંગોથી જાણી શકાય એમ છે. ન જાણી શકાય તો આપણી સમજ કાચી સમજવી.

હવે, જુલિયસ સિઝરના પેલા બેનરના ત્રણ શબ્દો માણેકલાલના જીવનમાં કેવી રીતે ચરિતાર્થ થયા એ પણ સહેજ તપાસી લેવા જેવું ખરું. માણેકલાલના જીવનમાં કાર્યક્ષેત્રો બદલાતાં રહ્યાં છે. એ ક્ષેત્રોમાં એમનો પ્રવેશ વારસાગત નથી. એમના માટે એ નવો છે. અમદાવાદની નોકરી, કડીની નગરપાલિકાની નોકરી, જિનિંગ-પ્રેસિંગના વ્યવસાયમાં પ્રવેશ અને શિક્ષણના ક્ષેત્રની કામગીરી આ બધું માણેકલાલ માટે નવું હતું. શિક્ષણક્ષેત્રમાં પ્રવેશ પણ એકદમ નવો હતો. ૧૯૬૫માં સર્વ વિદ્યાલય કેળવણી મંડળના સંચાલન હેઠળ સાયન્સ કૉલેજની સ્થાપના થઈ ત્યારે એમણે સર્વ વિદ્યાલયના પૂર્વ વિદ્યાર્થી તરીકેની લાગણી હેઠળ, નગરપાલિકાના ચીફ ઑફિસરના પદના પ્રભાવ હેઠળ સાયન્સ કૉલેજને સહાયરૂપ થવા સર્વ વિદ્યાલય કેળવણી મંડળને એક લાખ રૂપિયાનું દાન અપાવ્યું અને મંડળની કાર્યપદ્ધતિ અનુસાર નગરપાલિકાના પ્રતિનિધિ સભ્ય તરીકે મંડળની કાર્યવાહક સમિતિની મીટિંગોમાં ઉપસ્થિત રહેવાની તક મળી. એ વખતે એમની ઉપસ્થિતિ ભાગ્યે જ જોવા મળતી. આથી એમ કહી શકાય કે ઈ.સ. ૧૯૭૩-૭૪માં એમનો સર્વ વિદ્યાલય કેળવણી મંડળમાં પ્રવેશ એક નવા અનુભવના રૂપમાં ગણાય. એવો જ રૂના ધંધામાં પણ એમનો પ્રવેશ નવો હતો. એટલે I came (હું આવ્યો) બરાબર બંધબેસે છે.

પછીનું સોપાન છે I saw (મેં જોયું) આ 'જોયું'નો સ્પષ્ટ અર્થ એ કે એ ધંધામાં કે એ ક્ષેત્રમાં હું નવોસવો ન રહ્યો. મેં જોયું, તપાસ્યું એનો અભ્યાસ કર્યો. ધંધાની નાડ બરાબર જાણી લીધી. માણેકલાલે જે-જે ક્ષેત્રમાં પ્રવેશ કર્યો એના એ નિષ્ણાત બની રહ્યા.

અને ત્રીજા સોપાનમાં I conquered મેં જીતી લીધું. માણેકલાલે ઑઇલ મિલના વ્યવસાયમાં, જિનિંગ-પ્રેસિંગના ઉદ્યોગમાં અને શિક્ષણના ક્ષેત્રમાં સર્વત્ર

એક અગ્રેસર નાયકની ભૂમિકા ભજવી છે. પ્રથમ સ્થાન પર આરૂઢ થયેલા રહ્યા હતા. આ એમનો ઝળહળતો વિજય જ હતો.

એમની આ અગ્રેસરતાનું રહસ્ય કયું ?

એ સ્વયંસિદ્ધ પુરુષ. એ જ એમના વિજયનું રહસ્ય. માણસ આપોઆપ સ્વયંસિદ્ધ નથી થઈ જતો. કોઈનીય સહાય વગર એ મથામણ કરતો આગળ વધે છે. અનુભવ એ શિક્ષણ અને જ્ઞાનપ્રાપ્તિનું શ્રેષ્ઠ માધ્યમ. અનુભવમાં માણસની સ્વયંપ્રજ્ઞા ભળે એટલે બુદ્ધિ સતેજ બને. અનુભવથી માણસ શીખે છે એવું આપણે કહીએ છીએ તે આ છે. માણસ કશા કામમાં જોતરાયો જ ન હોય તો શું શીખે ? કામમાં જોતરાયો હોય પણ પ્રજ્ઞા દ્વારા કશું વિચારી ન શકે તોપણ ઠેર નો ઠેર રહે. માણેકલાલ કિશોરાવસ્થાથી વિવિધ કામોમાં જોતરાયેલા રહ્યા. અભ્યાસ માટે અમદાવાદ ગયા ત્યાં સુધી ઊંટવાની પ્રાથમિક શાળા, કડીની પ્રાથમિક શાળા (ધોરણ-૭ માટે) અને કડીની માધ્યમિક શાળામાં અભ્યાસની સાથે ખેતીના કામમાં જોતરાયેલા રહ્યા. શાકભાજી બજારમાં પહોંચાડવામાં એ ક્ષેત્રના બજારનો અનુભવ થયો અને ખેતરમાં પાણત (ક્યારાઓમાં પાણીની સિંચાઈ) કરવાનું અને એ કામના એક અઘરા ભાગરૂપે કબાડાં વાળવાનું કામ (ક્યારામાં પાણી ભરવા માટે ક્યારાની એક પાળમાં ગાબડું પાડવાથી નીકનું પાણી ક્યારામાં આવે ક્યારામાં પાણી બરાબર ભરાય એ પછી પાડેલું ગાબડું બંધ કરવાનું કામ આવડત અને મહેનત માગી લે છે. ગાબડું એ જ કબાડું) અને પછી જીવનના જુદા-જુદા સમય તબક્કાઓમાં માણેકલાલે જે-જે ક્ષેત્રમાં પ્રવેશ કર્યો એ બધાં ક્ષેત્રોમાં એમણે પોતાની આગવી સૂઝથી અને સ્વબળે પ્રગતિ કરી અને અનેરી સિદ્ધિઓ પ્રાપ્ત કરી.

આ રીતે સ્વયંસિદ્ધ પુરુષો પોતાના સત્ત્વથી જ આગળ વધેલા હોય છે. એ બીજા કોઈના ઉપર આધાર રાખતા નથી કે બીજા કોઈના અભિપ્રાય પ્રમાણે ચાલતા નથી. અનુભવના કારણે એમની બુદ્ધિ કુશાગ્ર બની હોય છે અને એમનો પ્રત્યેક નિર્ણય વિવેકયુક્ત હોય છે એટલે એને ફેરવવો પડે એવું ભાગ્યે જ બને છે.

માણેકલાલના જીવનના છેલ્લા તબક્કાનું મુખ્ય કાર્યક્ષેત્ર કેળવણીનું હતું. એમણે સર્વ વિદ્યાલય કેળવણી મંડળના સંચાલન હેઠળ અનેક સ્વનિર્ભર કેળવણીની સંસ્થાઓ સ્થાપી. જે-તે સંસ્થાના નિર્માણનું સ્વપ્ન એમનું આગવું હતું, આયોજન પણ એમનું હતું, એની પૂર્વ તૈયારીમાં સરકારની, યુ.જી.સી.ની

કે એ.આઈ.સી.ટી. જે કોઈ મંજૂરી મેળવવાની હોય તે મેળવી લેતા હતા. એ અંગે મકાનો, હૉસ્ટેલો, સ્ટાફની નિમણૂક અંગે જે કંઈ કરવું પડે તે જાતે જ વિચારીને કરતા. આનો અર્થ એવો પણ નહોતો કે એ માત્ર એક આપખુદ ડિક્ટેટરની જેમ મન ફાવતી રીત અખત્યાર કરીને પોતાને સૂઝે તે કરતા.

એમના તંત્ર હેઠળ (એ ચેરમૅન હોવાના કારણે એમનું તંત્ર) ત્રણેય મંડળો (સ.વિ.કે, કડી; ક.પા.કે.ઉ. મંડળ, કડી; સ.વિ.કે. મંડળ - ગાંધીનગર)માં અગાઉ કદીયે નહોતા એટલા મંત્રી હતા જે હજુ પણ છે. એ બધા મંત્રીઓ અને સંચાલક મંડળના સભ્યોને સાથે રાખીને જ એ જે-તે આખરી નિર્ણય લેતા. સંચાલક મંડળના સભ્યો અને ઘણાબધા આમંત્રિત સભ્યો સૌ જાણે છે કે જે કોઈ યોજના માણેકલાલના મનમાં સ્ફુરે એ વિશેની ખૂબ વિસ્તારથી વાત એ સંચાલક મંડળની મીટિંગમાં કરતા. અને કોઈ પણ મંડળમાં ન થતી હોય એટલી સંચાલક મંડળની મીટિંગો એમની સૂચનાથી ઉપરોક્ત ત્રણ મંડળની થતી. એમાં એમણે વિચારેલી યોજનામાં શી પ્રગતિ થઈ એ પ્રગતિ માટે શું-શું કરવું પડ્યું, સરકારમાં કેટલા ધક્કા ખાધા, ખાતામાં અધિકારીઓને સમજ આપવા કેવી મથામણ કરવી પડી. આ બધું ઝીણવટપૂર્વક એ રજૂ કરતા. ક્યારેક તો કેટલીક વાતો પુનરાવર્તિત થતી આમ છતાં એ એવી રસાળ ઢબ અને શૈલીએ કહેવાતી કે સૌ એ વાત નવેસરથી સાંભળતા હોય એમ રસપૂર્વક સાંભળતા. એટલે માણેકલાલ ઉપર આપખુદીનું આળ નહીં ચઢાવી શકાય. સર્વ સભ્યો જાણતા હતા કે માણેકલાલ કરે છે તે માણેકલાલ જ કરી શકે એમ છે. બીજાનું એ કરવાનું ગજું નથી. સૌને માણેકલાલની દૃષ્ટિ અને આવડતમાં વિશ્વાસ હતો અને બધું એકલે હાથે પાર પાડવાની એમનામાં શક્તિ પણ હતી. અને માણેકલાલમાં દૃઢ વિશ્વાસનું કારણ તો એ હતું કે એમણે જે-જે નિર્ણયો લીધા એમાં કદી પાછા પડવું પડ્યું નહોતું કે નિર્ણયો બદલવા પડ્યા નહોતા. ખૂબીની વાત તો એ હતી કે અગાઉ અન્ય કાર્યકર્તા દ્વારા લેવાયેલો ખોટા નિર્ણયોને એમણે સુધારા પર લાવી મૂક્યા હતા.

સતત પરિવર્તનશીલ રહેતી ભાતીગળ યુગચેતના વચ્ચે ક.પા. કેળવણી ઉત્તેજક મંડળ અને સર્વ વિદ્યાલય કેળવણી મંડળ (ગાંધીનગર શાખા સહિત) સતત વિકાસોન્મુખ રહીને એમના ઇતિહાસનો સૈકો પૂર્ણ કરવાના આરે છે. ઈ.સ. ૧૯૧૯માં સંસ્થાની સ્થાપના વખતે યુગચેતનાનું જે રૂપ હતું તે આજે એટલે કે ૨૦૧૨માં નથી. બધું બદલાયું છે. એમ કહી શકાય કે આ

બદલાવમાં આંગ્લ કવિ ટેનિસનના આ શબ્દો સાચા ઠરતા રહ્યા છે : 'Old order changeth yielding to new' આ પ્રક્રિયા માટે એક બીજું સૂત્ર પણ પ્રચલિત છે – 'Other times other manners' - આ બદલાવમાં પરંપરાગત મૂલ્યો અને પ્રણાલિકાઓ સઘળું ઉન્મૂલન થઈ જાય છે. માણસના બાહ્યાભ્યંતર આચાર અને વિચાર આમૂલ પરિવર્તન પામ્યા હોય છે. બીજા વિશ્વયુદ્ધ પછી તો સારાયે જગતનું મનોવિશ્વ જાણે બદલાઈ જ ગયું છે. આવા સંજોગોમાં કોઈ સંસ્થા માટે એની પરંપરાઓને મૂળરૂપે સાચવીને ટકી રહેવાનું કામ દોહ્યલું છે. આ ટકાવ સંસ્થામાં સબળ નેતૃત્વ વિના શક્ય ન બને. આ નેતૃત્વ કરનાર તે નાયક. સંસ્થાઓ નાયકના આધારે સ્થપાય છે, વિકસે છે અને ટકે છે. નાયકના અભાવે સંસ્થાનો અસ્ત પણ થાય. સંસ્થાનો ચઢાવ-ઉતાર આ નાયકને આભારી હોય. ગુજરાતની કેટલાક ઉત્તમ કોટિની શૈક્ષણિક સંસ્થાઓ કોઈ નાયકના આધારે જન્મી અને એના અભાવે રેઢિયાળ બની જતી અથવા અસ્ત પામતી આપણે જાણી છે.

કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ અને સર્વ વિદ્યાલય કેળવણી મંડળને ગમે તેવી પલટાતી યુગચેતનાઓ વચ્ચે પણ કેટલાક ખમીરવંતા નાયકો અને અધિનાયકો મળ્યા અને એમના પુરુષાર્થથી સંસ્થા સ્થિર રહીને સતત વિકાસોન્મુખ બની રહી.

અજ્ઞાનના ગાઢ અંધકારમાંથી એક મશાલચી બનીને આપણા સમાજને કેળવણી દ્વારા પ્રકાશ તરફ દોરીને લઈ જનાર પૂજ્ય છગનભા આ ઇતિહાસના પ્રથમ સૈકાના આરંભના (૧૯૧૯ થી ૧૯૪૦) અધિનાયક અને એ ઇતિહાસના સૈકાના અંતભાગના (૧૯૭૩ થી ૨૦૧૧) અધિનાયક સ્વ. માણેકલાલ માધવલાલ પટેલ.

માણેકલાલની તુલના છગનભા સાથે થઈ શકે. બંનેના યુગ ભિન્ન. એટલે સમય-સંજોગ પણ ભિન્ન, છતાં બંનેનાં યજ્ઞકાર્ય પાછળના ત્યાગ અને ન્યોછાવરીની ભાવના સરખી છે. સરઢવ નિવાસી છગનલાલ પીતાંબરદાસ પટેલ છગનભા તરીકે સ્વીકૃત થયા એ પહેલાં એમનામાં આત્મકલ્યાણની તીવ્ર આરત હતી. અધ્યાત્મગ્રંથોનું એમનું વાચન, મનન અને નિદિધ્યાસન એક લક્ષ્ય ઉપર કેન્દ્રિત હતું – આત્મકલ્યાણ! આ માટે સંસારનો ત્યાગ કરીને એ સંન્યસ્ત ગ્રહણ કરવાનો નિર્ણય લઈ ચૂક્યા હતા પણ સ્વામી કેશવાનંદના સમ્યક્ બોધ પછી કેળવણીની ઉપયોગિતા હૈયે વસી જતાં એમણે પોતાના પરમ લક્ષ્યને

જતું કર્યું અને નજર સમક્ષ કેળવણીના લક્ષ્યનું નિર્માણ કર્યું. જો વિવેકપૂર્વક સમજવામાં આવે તો આ લક્ષ્યાન્તર નાનોસૂનો ત્યાગ નહોતું.

'આવું જ લક્ષ્યાન્તર અલબત્ત, જુદા સ્વરૂપે માણેકલાલના જીવનમાં જોઈ શકાય છે. છગનભાની માફક માણેકલાલે નજર સમક્ષ કેળવણીનું લક્ષ્ય નિર્મ્યું એ પહેલાં એ એક સફળ અને અઢળક ધન ઉપાર્જન કરનારા ઉદ્યોગપતિ બની ચૂક્યા હતા. જે ચિત્ત અર્થોપાર્જનમાં ચોટેલું હોય તેને ત્યાંથી ઉખાડીને બીજે રોપવું દુષ્કર ગણાય એટલે તો શ્રી અને સરસ્વતીનો સંયોગ રચાયો હોય ત્યાં એના નાયકના ચરિત્રના પ્રબંધો રચાયા છે. માણેકલાલે ઉદ્યોગમાં સતત રમમાણ ચિત્તને હસ્તામલકવત્ કેળવણીના ક્ષેત્રમાં પરોવી દીધું. આનો અર્થ એવો પણ નથી કે એમણે ઉદ્યોગમાંથી નિવૃત્તિ લીધી. ઉદ્યોગનાં સૂત્રો પુત્રને સોંપ્યાં અને પોતે ઉદ્યોગમાં રહેવા છતાં નજર સામે લક્ષ્યરૂપે કેળવણીના ક્ષેત્રને રાખ્યું. આ લક્ષ્યાન્તરના મૂલ્યને પણ ઓછું આંકી ન શકાય.

માણેકલાલે કેળવણી વિષયક કેટલા ગ્રંથોનો અભ્યાસ કર્યો હતો એ આપણે જાણતા નથી. એ એવા માર્ગના યાત્રી હતા કે એવા ગ્રંથોનો અભ્યાસ કરવાનો સમય મેળવવો પણ એમના માટે મુશ્કેલ હતો અને અગાઉ તો એમનું ક્ષેત્ર જ જુદું હતું જેને કેળવણીના ગ્રંથો સાથે કશી નિસબત ન હોય.

છગનભાએ પણ આવા કેટલા ગ્રંથોનો અભ્યાસ કર્યો હતો? છતાં એમના વિચારો અને કાર્યોમાં એક ઉત્તમ કેળવણીકારનાં દર્શન થતાં હતાં. ઘટનાપરખની પ્રચંડ વિવેકશક્તિ આ ગુણનું પ્રદાન કરે છે. આ વિવેકશક્તિને આપણે કોઠાસૂઝ તરીકે ઓળખીએ છીએ. માણેકલાલમાં જન્મજાત આ કોઠાસૂઝ તો ખરી જ, પણ એમના વ્યક્તિત્વમાં બીજું ઘણુંબધું ઉમેરાયું હતું. એ કોઠાસૂઝને સંમાર્જિત કરવા માટે એમનો બહોળો અનુભવ ઉપયોગી થયો હતો. કેળવણીના ક્ષેત્રના પ્રવાહોનું એમનું ઝીણવટભર્યું નિરીક્ષણ હતું. દેશની કેળવણીની સંસ્થાઓ અને યુનિવર્સિટીઓના શૈક્ષણિક પ્રવાહોથી એ સતત માહિતગાર રહેતા. સરકાર તેમ જ યુનિવર્સિટીઓ દ્વારા પ્રસ્થાપિત થયેલા કાયદા, નિયમો અને પેટાનિયમોથી એ એટલા તો માહિતગાર અને જાણકાર હતા કે ક્યારેક કોઈ ગૂંચ ઊભી થતી ત્યારે એ અધિકારીઓને પણ સાચા અર્થઘટન દ્વારા પોતાની વાત સમજાવી શકતા હતા.

કાર્ડિનલ (ડૉ.) ન્યુમેને પોતાના પુસ્તક 'Idea of a University'માં Liberal અને Useful Education એવી શિક્ષણની બે વિભાવનાઓની વિશદ

રીતે મીમાંસા કરીને વ્યાખ્યાયિત કરી છે. માણેકલાલ દ્વારા કેળવણીની આ બંને પ્રકારની વિભાવનાઓને કડી અને ગાંધીનગરની શૈક્ષણિક સંસ્થાઓમાં પ્રસ્થાપિત થયેલી જોઈ શકાશે. સંસ્થાના ચેરમૅન તરીકે માણેકલાલનું સઘળું ધ્યાન માત્ર અભ્યાસક્રમ, પરીક્ષા કે પરિણામ ઉપર જ કેન્દ્રિત થયેલું રહેતું નહોતું, પણ વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓની એસ્થેટિક સમજ વિકસે એ માટે જુદી-જુદી કળાઓ માટે સંસ્થાના પરિસરમાં સંગીત, નૃત્ય, ચિત્રકળા વગેરે માટે અલગ-અલગ શૈક્ષણિક એકમો (સંસ્થાઓ)નું નિર્માણ કરીને તેને માટે પૂરી લાયકાત ધરાવતા સ્ટાફની નિમણૂકની જોગવાઈ એમાં કરેલી છે.

સમદૃષ્ટિ અને મનની વિશાળતા એ ઉત્તમ કેળવણીકારનાં પ્રધાન લક્ષણો છે. ઇંગ્લૅન્ડ સાથે અમેરિકાની 'No taxation without representation' લડત (ઈ.સ. ૧૭૭૬ થી ૧૭૮૨) વખતે ઇંગ્લૅન્ડની પાર્લમેન્ટના સભ્ય અને વિચારક એડમંડ બર્કે પાર્લમેન્ટમાં એના અત્યંત દીર્ઘ પ્રવચનમાં ઇંગ્લૅન્ડની સરકારની આંખ ઉઘાડે એવી એક મહત્ત્વની ટકોર કરી હતી: 'Great empires and little minds go ill together.' (મોટાં સામ્રાજ્ય અને સંકુચિત નીતિનો મેળ ન બેસે.) બર્કની આ સમજ માણેકલાલમાં સ્વભાવગત હતી. સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી અને ગાંધીનગર સંચાલિત સામ્રાજ્ય વિશાળ છે. કડી પરિસરના ૫૦ એકર, ગાંધીનગરમાં ૨૩મા સેક્ટરમાં ૧૮ એકર, ૧૫મા સેક્ટરમાં ૧૦ એકર અને ૧૨માં સેક્ટરમાં ૪ એકરમાં પથરાયેલો એનો વિસ્તાર છે. આ બધા વિસ્તારનાં શિક્ષણસંકુલોમાં અનેક શિક્ષણસંસ્થાઓ આવેલી છે. આ શિક્ષણસંસ્થાઓમાં બે હજાર કરતાં વધારે સંખ્યામાં શૈક્ષણિક કર્મચારીઓ છે. સંકુચિત મનોવૃત્તિ આ વિશાળ તંત્રને બેરોકટોક ચાલવા દઈ શકે નહીં, પણ માણેકલાલની નીતિની ઉદારતાના કારણે બધું બેરોકટોક અને સમુસૂતરું ચાલ્યા કર્યું, નહીં કશો ઊહાપોહ કે નહીં ક્યાંય શિસ્તભંગની ફરિયાદ. ઊલટું, એવી ઘટનાઓ જોવા મળી કે કોઈ કોઈ પહેલી ફેબ્રુઆરીના રોજ સર્વ વિદ્યાલય કેળવણી મંડળની કોઈ શિક્ષણ સંસ્થાના સ્ટાફે માણેકલાલની જન્મતારીખના અભિનંદનનું મિલન ગોઠવ્યું હોય. એ મિલનોમાં માણેકલાલે આ શબ્દો ઉચ્ચાર્યા હોય : 'દરેક શિક્ષક પીએચ.ડી. થાય અને. એના માટે અભ્યાસ શરૂ કરે એ મારા માટે મારા જન્મદિવસનો મોટો ઉપહાર હશે.' આ ઉક્તિમાં પણ એક કેળવણીકારનાં દર્શન થઈ શકે.

❒

૨૯

# પ્રકૃતિ અને પર્યાવરણ

વીસમી સદી અડધા શતકે પહોંચી ત્યાં સુધી સર્વ વિદ્યાલય કૅમ્પસનો ૧૪ વીઘા વિસ્તાર કડીના રેલવે સ્ટેશનની સામે પથરાયેલો હતો. રેલવે લાઇનની સમાંતરે થોડા-થોડા અંતરે સંસ્થાનાં ત્રણ મકાનો હતાં. ત્રણે મકાનોની સામે એક સળંગ પટ ઉપર લીમડાનાં ઘટાદાર વૃક્ષો હતાં. સર્વ વિદ્યાલયને ઓડિટોરિયમ નહોતું ત્યારે આ વૃક્ષોની છાયામાં સભાઓ થતી. લીમડો એ તો મહેસાણા જિલ્લાની પ્રાકૃતિક પેદાશ. વગર વાવ્યે ઊગે અને સંભાળ વિના વિકસે. મોટો થાય અને ઘટાદાર બને.

એ વર્ષોમાં 'પર્યાવરણ' શબ્દની આબોહવા સર્જાઈ નહોતી. સંસ્થાના અગાઉના કાર્યકરો પ્રકૃતિપ્રેમી હતા એટલે એમણે કૅમ્પસ ઉપર વિવિધ પ્રકારનાં વૃક્ષો વાવીને સ્થળને રળિયામણું બનાવ્યું હતું. વૃક્ષોમાં આસોપાલવ, શિરીષ, ગુલમહોર, બોરસલ્લી, નારિયેળી, ગોરસ આંબલી, કોઠી, આંબા વગેરે મોટાં વૃક્ષો હતાં અને પારિજાતક ચાંદની જેવાં નાના કદનાં વૃક્ષો પણ હતાં. એપ્રિલમાં શિરીષ ખીલે અને ભર ઉનાળામાં ગુલમહોર તો આકાશનેય રાતા રંગે રંગતું હોય એવું લાગે. બોરસલ્લીમાં ઝીણાં-ઝીણાં ફૂલ ઝાડની ઘટામાં જ છુપાયેલાં રહે, નજરે ન ચઢે.

પણ આ બધું કોઈ ખાસ આયોજન વગર થયું હતું. ક્યારેક તો એ સમસ્યા બનીને રહે એવી રીતે થતું હતું. શાળાના બે શિક્ષકો લાંબું વિચાર્યા વિના વૃક્ષારોપણ કરતા હતા. એમણે સર્વ વિદ્યાલયના મોટા મેદાનની બરાબર મધ્યમાં એક વડના ઝાડને ઉછેર્યું હતું. ગુજરાતના સાત જિલ્લાઓની ફૂટબૉલ રમતની હરીફાઈ સર્વ વિદ્યાલય ખાતે યોજાઈ ત્યારે પંદર ફૂટની ઊંચાએ અને વીસ ફૂટની પહોળાઈ સુધી પહોંચેલું વડનું આ ઝાડ એક સમસ્યા બનીને

રહેલું. એવી જ રીતે આ બે શિક્ષકોએ સર્વ વિદ્યાલય કૅમ્પસના પ્રવેશ-પ્રાંગણમાં (એટલે કે ઝાંપા બહાર) બે જંગી વૃક્ષો ઉછેરેલાં જે અસામાજિક તત્ત્વો માટે જુગારનો અડ્ડો બની રહ્યાં હતાં જે વિદ્યાર્થીઓની અવરજવરનું જ સ્થળ હતું.

પર્યાવરણમાં વ્યવસ્થાની જે સમજ હોવી જરૂરી છે તે અહીં જોવા મળતી નહોતી.

ઈ.સ. ૧૯૮૪માં દાસકાકાનું અવસાન થયું એ પછીનાં વર્ષોમાં સંસ્થાના ચેરમૅન પદેથી શ્રી માણેકલાલ દ્વારા સંસ્થાનો અનેકવિધ વિકાસ આરંભાયો. કડી ઉપરાંત ગાંધીનગરમાં સેક્ટર-૨૩ ઉપરાંત સેક્ટર-૧૫માં અને એ પછી ઠીક-ઠીક સમય બાદ સેક્ટર-૧૨માં વિવિધ શિક્ષણસંકુલો અને શિક્ષણસંસ્થાઓ સ્થપાવા લાગી. આ માટે શાળા-કૉલેજો અને છાત્રાલયો માટેનાં ભવ્ય મકાનો નિર્માવા લાગ્યાં. આ નિર્માણની સાથે એક અત્યંત જરૂરી બાબત તરફ શ્રી માણેકલાલે ધ્યાન આપ્યું. તે બાબત હતી પર્યાવરણની જાળવણી. ખેડૂતપુત્ર હોવાના કારણે એ વૃક્ષ અને પ્રકૃતિપ્રેમી તો હતા જ. ખેતરમાં કામ કરતી વખતે પ્રકૃતિ સાથે તાદાત્મ્ય માણ્યું હતું. એટલે કુદરત તરફનો એમનો પ્રેમ નૈસર્ગિક હતો અર્થાત્ સ્વાભાવિક હતો. માણેકલાલ મૂળ વિચારશીલ પુરુષ ખરા. એમણે પોતાના આ પ્રકૃતિપ્રેમને સાધારણીકરણનું રૂપ આપીને સામાજિક બનાવવા પ્રયત્ન કર્યો. સંસ્થામાં નવાં રચાયેલાં મકાનો અને ભવનોની આસપાસ લીલેરી વનસ્પતિનું નયનમનોહર આવરણ હોય તો ચિત્તની પ્રસન્નતાનું કારણ બની રહે અને સરવાળે તો કેળવણીના હેતુને જ ફાયદો થાય એમ જાણીને એમણે સંસ્થાનાં બધાં કૅમ્પસો લૉન, ફૂલછોડથી માંડીને નાનાં-મોટાં વૃક્ષોથી આચ્છાદિત હોય એ માટે વ્યવસ્થા ગોઠવી.

આ વ્યવસ્થા પાછળ ઉપર કહ્યું તેમ વૃક્ષપ્રેમ કામ કરતો હતો. કોઈ છોડને મૂરઝાતો કે કોઈ વૃક્ષને સુકાતું એ જોઈ ન શકે. આ માટેનું ઉદાહરણ શોધવા જવું પડે એમ નથી. એક વખત કડી કૅમ્પસમાં એમણે મહેમાનગૃહની બાજુમાં આસોપાલવના એક ઝાડને સુકાતું જોયું. એમનો જીવ હાલી ઊઠ્યો. એમને થયું, આ ગતિએ તો આ આખું ઝાડ સુકાઈ જશે. એને આમ મરવા ન દેવાય. એ વૃક્ષને જીવતું રાખવા અને પૂર્વવત્ સ્થિતિમાં લાવવા ઉપાય શરૂ કર્યો. ઉપાય બતાવીને માણેકલાલ વેગળા રહ્યા એવું નહીં. માણસો બોલાવી આ આસોપાલવના થડની ચારે તરફ થોડી જગ્યા રાખીને ઊંડી ખાઈ જેવો ખાડો કોદાવીને એની માટી કઢાવીને દૂર કરાવી. પછી એ ગોળ ખાઈ જેવા

ખાડામાં ઊધઈનાશક દવારૂપ પ્રવાહીને સિંચાવ્યું. પછી કસવાળી નવી માટી એ ખાડામાં પુરાવી. માટીમાં ઘટતી માત્રામાં ખાતર પણ ભેળાવ્યું હતું. આ કામ ચાલતું હતું તે દરમિયાન માણેકલાલભાઈ પોતે અવારનવાર રૂબરૂ આવીને ચાલી રહેલા કામને જોતા. જરૂરી સૂચનો કરતા અને કામમાં કશી કસર ન રહે એ માટે કાળજી રખાવતા.

ઝડપથી સુકાઈ રહેલું આ આસોપાલવનું ઝાડ માણેકલાલના વૃક્ષપ્રેમના કારણે મળેલી સારવારથી તાજુંમાજું થઈને પૂર્વવત્ સ્થિતિમાં આવી ગયું.

માણેકલાલ સંસ્થાનાં બધાં પરિસરોમાં વૃક્ષારોપણ અને લીલોતરીનું નિર્માણ થાય એ માટે પૂરેપૂરા જાગ્રત હતા. એ માટેનું જરૂરી આયોજન કરાવતા રહેતા હતા. છતાં ઘણી વાર આ કાર્ય નવેસરથી કરવાનું હોય એવા ઉત્સાહ સાથે સંસ્થાના કાર્યકરોને સૂચનો સાથે દોરવણી આપતા. ઈ.સ. ૧૯૯૨માં સંસ્થાની ઉમા આર્ટ્સ ઍન્ડ નાથીબા કૉમર્સ મહિલા કૉલેજની એન.એસ.એસ. શિબિર અમરાપુરમાં ગ્રામભારતી સંસ્થામાં રાખી હતી. શિબિરનું ઉદ્‌ઘાટન માણેકલાલભાઈના હસ્તે રાખ્યું હતું. ઉદ્દઘાટન પ્રસંગે ગ્રામભારતી જવાનું થતાં માણેકલાલે એ સંસ્થાના કૅમ્પસમાં વૃક્ષોની ઘટાઓ અને વિવિધ પ્રકારના ફૂલછોડ જોઈને આચાર્ય સોમભાઈને કહ્યું, 'સોમભાઈ, આપણે ગાંધીનગરમાં આવું જ કરવું છે, આપણા કૅમ્પસને લીલોતરીથી ભરી દો.'

તા. ૧૨-૧-૨૦૧૨ના રોજ એટલે કે અવસાનના દિવસે ગાંધીનગરમાં અનેક કાર્યના ભારણ નીચે કેટલાંક કામ આટોપ્યા પછી સચિવાલય તરફ જતાં પહેલાં એમણે શેઠ સી. એમ. હાઈસ્કૂલ ઍન્ડ હાયર સેકન્ડરી સ્કૂલના આચાર્ય શ્રી બચુભાઈને કૅમ્પસમાં લીલોતરીના આયોજન બાબતમાં આ પ્રમાણે કહ્યું હતું: 'કૅમ્પસમાં ગ્રીનરી વધારો. ગ્રીનરી આપણું જીવન છે.' બચુભાઈએ પ્રતિભાવ આપતાં કહ્યું, 'હા સાહેબ, હવે આવતા ચોમાસામાં વધારીશું.' બચુભાઈના આ કથન પછી માણેકલાલભાઈએ જરાક અધીરાઈપૂર્વક અને થોડા આવેશ સાથે કહ્યું, 'ચોમાસામાં જ શા માટે ? શિયાળામાં પણ વવાય. ખાતર, પાણી આપીએ એટલે થાય. કૅમ્પસ હરિયાળું લાગવું જોઈએ. ખર્ચ કરવાની તમને કોણે ના પાડી ?'

માણેકલાલ જન્મજાત પ્રકૃતિપ્રેમી હતા એટલે આપણને આ વૃક્ષો અને વનસ્પતિનો મહિમા વધારે ગાતા જણાય, પણ પર્યાવરણને એ બરાબર સમજ્યા હતા. એમના વહીવટનાં બધાં સ્થળોએ પર્યાવરણની જાળવણી બરાબર થવી જોઈએ એવો એમનો આગ્રહ હતો. પર્યાવરણની ઉત્તમ જાળવણી ત્યારે જોઈ

અને માણી શકાય જ્યારે વાતાવરણ સર્વ પ્રકારનાં પ્રદૂષણોથી મુક્ત હોય. ચોખ્ખી હવા, ચોખ્ખી ભોંય, ઘોંઘાટ વિનાનું નીરવ વાતાવરણ આટલાં વાનાં વનરાજિ સાથેનાં પર્યાવરણનાં પ્રધાન ઘટકો. સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, ગાંધીનગરનો સેક્ટર-૧૫ અને સેક્ટર-૧૨ના કૅમ્પસોમાં ક્ષતિરહિતપણે પર્યાવરણ આકૃત થયેલું જોઈ શકાશે.

કૅમ્પસમાં પ્રવેશતાં જ ૧૫મા સેક્ટરની ગ્રીનરી પ્રથમ તો નજરને બરાબર જકડી લે છે. લાંબી હારમાં પાર્ક કરેલી ગાડીઓ જોઈ શકાશે. ગાડીઓ આવે છે, જાય છે પાર્ક થાય છે, નીકળે છે. આટલી હેરફેર વચ્ચે પણ કોઈ હૉર્ન બજતું સાંભળવા મળતું નથી. એક બાજુ એલ.ડી.આર.પી. કૉલેજમાં ડિપ્લોમા કોર્સના બે હજાર વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે અને એવી જ રીતે ડિગ્રી કોર્સની એન્જિનિયરિંગ કૉલેજમાં પણ મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓ આટલી મોટી સંખ્યામાં એક જ કૅમ્પસમાં ભણતાં હોય એટલે થોડી આવન-જાવન તો રહેવાની. હા, એમની હરફર છે પણ કશી ધાંધલ-ધમાલ તો શું, અવાજ પણ નથી. આટલા બધા માણસોની હાજરીમાં કાગળના ટુકડા કે ચબરખીઓ અથવા અન્ય પ્રકારનો કચરો રસ્તા પર વેરાયેલો હોવાનો સંભવ ખરો પણ એ પણ અહીં નથી. અત્યારે કામચલાઉ યુનિવર્સિટી ભવન છે એની તદ્દન બાજુમાં છોકરાઓની હૉસ્ટેલ છે. ઑફિસ અવર્સમાં અહીં છાત્રોનો કશો શોરબકોર નથી.

અચંબામાં પડેલો મુલાકાતી ઘડીભર તો વિચારતો થઈ જાય કે આ કોઈ શિક્ષણસંકુલ છે કે પ્રદર્શન માટે રચાયેલું મૂર્ત સ્વરૂપે પર્યાવરણ ?

આ આપોઆપ સર્જાતું નથી. સતત તકેદારી, જાગૃતિ અને પરંપરા ઊભી કરવા માટે એની પાછળ રહેલો ભગીરથ પુરુષાર્થ કામ કરી ચૂક્યો હોય છે.

પર્યાવરણનું આવું જ સુંદર દર્શન અહીંના સેક્ટર-૧૨માં શ્રીમતી ચંચળબહેન મફતલાલ નર્સિંગ કૉલેજના કૅમ્પસમાં પણ થઈ શકશે.

સેક્ટર-૨૩માં માનવ અને મકાનોની ગીચતા વધી પડી હોવાના કારણે સેક્ટર-૧૫ અને ૧૨નાં સંકુલોમાં પર્યાવરણની જે આબોહવા સર્જી શકાઈ છે. તેના પ્રમાણમાં અહીં કંઈક અંશે થોડી ઓછી નિર્માણ પામી છે. આમ છતાં અહીં પર્યાવરણનો સુભગ પ્રભાવ વ્યાપક તો છે જ.

કડી શું કે ગાંધીનગર શું સર્વ વિદ્યાલય કેળવણી મંડળ કે કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળનાં પરિસરોમાં પર્યાવરણની જે આબોહવા સર્જાઈ છે

તે માણેકલાલને આભારી છે. આરંભમાં કહ્યું તેમ એ જન્મજાત પ્રકૃતિના જીવ હતા અને એમાં બુદ્ધિની દેનરૂપ વિચારસંપદા ભળતાં પર્યાવરણની વિભાવના સ્વભાવગત બનતાં કડી અને ગાંધીનગરનાં સંસ્થાકીય પરિસરોમાં સૌના માટે પ્રેરક બની રહે એવું પર્યાવરણનું ઉત્તમ વાતાવરણ સર્જી શકાયું.

આ પુરુષાર્થ દ્વારા માણેકલાલભાઈએ કેળવણીનું ઉત્તમ કાર્ય કર્યું છે. એ ભાગ્યે જ કહેવાની જરૂર રહે.

❒

30

# જ્યાં ફિરસ્તાઓ ડગ માંડતાં ડરે છે

આ ગ્રંથની રચના માણેકલાલ માધવલાલ પટેલના ચરિત્રલેખન માટે રચવાની યોજના છે, પણ આ પ્રકરણમાં માણેકલાલ માટે કશું કહેવાનું નથી. આ પ્રકરણમાં જે કહેવાવું જોઈએ એ તો અન્ય પ્રકરણોમાં ભરપૂર માત્રામાં કહેવાઈ ગયું છે. તો પછી આ પ્રકરણનું કથયિતવ્ય શું? પ્રકરણમાં નાયક તરીકે માણેકલાલ ખરા. એમના વિશે કંઈ કહેવાનો પ્રયત્ન થશે તોપણ એમાં એમની નહીં, પ્રજાની જ વાત ઊઘડતી જશે. આ ઊઘડતી વાતમાં હીણપતનો રંગ ઘૂંટાવાનો સંભવ છે. હીણપત પ્રજાની. પ્રજાને હીણી ચીતરવાનું આપણને ન ગમે. એટલે ગ્રંથમાં આ પ્રકરણ કદાચ ટૂંકામાં ટૂંકું હશે.

પ્રકરણમાં વાત માણેકલાલ ચૂંટણીમાં ઉમેદવાર તરીકે ત્રણ વાર ઊભા રહ્યા તેની છે. ચૂંટણીમાં ઊભો રહેલો ઉમેદવાર ચૂંટાવાને લાયક છે એવું મતદારોના મસ્તિષ્કમાં ઠસાવવા ઉમેદવારની લાયકાતનાં જ ગાણાં ગાવાં પડે ને? પણ મેં હમણાં જ કહ્યું ને કે આ પુસ્તકમાં માણેકલાલ વિશે એટલું બધું કહેવાયું છે કે અહીં કશું કહેવાનું રહેતું નથી. એમનામાં જે શક્તિઓનું વર્ણન થયેલું છે તે જોતાં તો એ વિધાનસભામાં કે લોકસભામાં કશા જ આયાસ વગર ચૂંટાવા જોઈએ. એમની શક્તિઓનું એટલી હદ સુધી વર્ણન થયું છે કે એ ચૂંટાયા પછી સરકારની ગરજે કૅબિનેટ કક્ષાના મંત્રી બને અને રાજ્યની ગરજે સી.એમ. થાય એવી જ રીતે પાર્લમેન્ટિમાં ચૂંટાયા પછી કેન્દ્ર સરકારમાં કૅબિનેટ કક્ષાના પ્રધાન બને અને વખત આવ્યે પી.એમ. બની શકે. એવી તાકાત પણ એમનામાં ખરી.

પણ એ વિધાનસભામાં કે લોકસભામાં ન ચૂંટાયા.

એમની હારનું કારણ શું?

એમની હારના કારણ માટે હરીફ ઉમેદવારો તરફ નજર કરવા કરતાં

પાયામાં જે મૂળભૂત સ્થિતિ છે એ સમજવાથી જવાબરૂપે ઘણું બધું મળી રહેશે.

આ જવાબ માટે વાસ્તવિક હકીકતરૂપે હું અહીં એક ઉદાહરણ મૂકવા માગું છું. એમાં કોઈનો દોષ જોયા સિવાય હારના કારણરૂપ પ્રજામાનસને સમજી શકાય એમ છે.

ગાંધીનગર મતવિસ્તારની લોકસભાની એક ચૂંટણીની આ વાત છે. ચૂંટણીમાં ઊભા રહેલા બે ઉમેદવારોની હકીકત અહીં પ્રસ્તુત છે. એક ઉમેદવાર અમૃતલાલ મોહનલાલ પટેલ. ભરૂચ શહેરના વતની. સોનેરી મહેલના નિવાસી. સમૃદ્ધ કુટુંબના નબિરા. બિઝનેસ મુંબઈમાં. ઈ.સ. ૧૯૪૩-૪૪-૪૫નાં વર્ષોમાં વડોદરા કૉલેજમાં આર્ટ્સના વિદ્યાર્થી. કારેલીબાગ (વડોદરા)માં મો.હ. કડવા પાટીદાર છાત્રાલયના છાત્ર. વડોદરા કૉલેજમાં પી.ટી. (ફિઝિકલ ટ્રેઇનિંગ ફરજિયાત. વિકલ્પે B.C.T.C. બરોડા કૉલેજ ટ્રેનિંગ કોર) અમૃતલાલ પી.ટી.માં હતા અને એક ટુકડીના ઇન્સ્ટ્રક્ટર હતા. એ ટુકડીમાં હું વિદ્યાર્થી તરીકે ખરો. અમૃતલાલ અમને આંતરે દિવસે સાંજે ન્યુ રેસિડેન્સીના મેદાન પર કેલેસ્થિનિસ એક્સરસાઈઝ કરાવે. પોતે ડેમોન્સ્ટ્રેટ કરે અને અમે એમના પ્રમાણે એક્સરસાઈઝ કરીએ.

ખૂબ આનંદી માણસ, સૌની સાથે પ્રેમથી ભળી જનાર મિલનસાર વ્યક્તિ. આનંદની અભિવ્યક્તિના નવા-નવા તરીકા શોધી લાવે. જયુબિલી બાગમાં 'સર માલિશ' કરનારા ફરતા જોવા મળતા. એમનું અનુકરણ આ અમૃતલાલ માથામાં શીશીમાંથી તેલ ટપકાવવા પૂરતું કરે. હાથની મૂઠી એ તેલની શીશી. અંગૂઠો તેલ નીકળવા માટેનું નાકું. છાત્રાલયના કોઈ પણ છાત્ર સામે ઊભા રહી જઈને માથા ઉપર અંગૂઠો નીચે રહે એવી રીતે મૂઠી રાખીને જીભથી ડક્... ડ.... ડક્ અવાજ કાઢે, જાણે ખરેખર તેલનાં મોટાં મોટાં ટીપાં વાળમાં પડતાં હોય!

આ આનંદી માણસે ફાનસના ચૂલાની શોધ કરેલી. છાત્રાલયમાં ચા મૂકવાની કે પીવાની મનાઈ. આ નિયમનું કડક રીતે પાલન થાય. અમૃતલાલને ચા પીવા તો જોઈએ જ. એમણે એક યુક્તિ અમલી બનાવી. છાત્રાલયમાં ઇલેક્ટ્રિસિટી નહીં. ફાસના આધારે અભ્યાસ કરવો પડે. અમૃતલાલે ફાનસ ઉપરનું ઢાંકણું ખોલી નાખેલું એના પર વાડકામાં ચા મૂકે. ચાના કૂચાનું શું? કૂચા રાતભર સુકાયા હોય. સવારે સુકાયેલા કૂચાને હથેળીમાં રાખીને જોશભેર ફૂંક મારીને એ એવી રીતે લૉબીમાં ઊભાં-ઊભાં ઉડાડી મૂકે કે એ કૂચા કણ-કણ થઈને નીચેની જમીનમાં એવા ભળી જાય કે કોઈને એના અસ્તિત્વની કશી જ જાણ ન થાય.

આ અમૃતલાલ લોકસભાની બેઠક માટે ગાંધીનગર મતવિસ્તારમાંથી ઊભા રહ્યા. એક મોટું આશ્ચર્ય. આ અગાઉ એમણે ગાંધીનગરમાં પગ મૂક્યો હોવાનું જાણમાં નથી. અને ગાંધીનગર મતવિસ્તારના લોકોએ પણ એમને જોયા નહોતા. અરસપરસ કોઈ પણ પ્રકારની જાણકારી નહીં. લોકોએ ઉમેદવારનું નામ જે પહેલી વાર સાંભળ્યું હતું. જોવાની તો વાત જ ક્યાં રહી ?

બીજા ઉમેદવાર હતા પુરુષોત્તમ ગ. માવળંકર, લોકસભાના પહેલા સ્પીકર ગણેશ વાસુદેવ માવળંકરના પુત્ર, બાળપણથી જ રાજકારણના વાતાવરણમાં ઊછરેલા. રાજકારણના અઠગ અભ્યાસી, અમદાવાદની એલ.ડી. આર્ટ્સ કૉલેજના પ્રિન્સિપાલ, હેરોલ્ડ લાસ્કી ઇન્ટિટ્યૂટનું નામ જોડીને રાજકારણના અભ્યાસની સંસ્થા ચલાવે. બહારથી વક્તાઓ બોલાવે, ચર્ચાઓ થાય અને રાજકારણનું એક તંદુરસ્ત અભ્યાસવર્તુળ જામે, સ્વભાવે ઉત્તમ સંસ્કારી પુરુષ. પૂરા સજ્જન. બીજાની લાગણીઓ સમજે અને માન આપે.

આપણી લોકશાહીનું વાસ્તવિક ચિત્ર ઉપસાવવા મેં આ બે સજ્જન કહી. શકાય એવા ઉમેદવારોને પસંદ કર્યા છે. આપણી લોકશાહીનું વાસ્તવિક રૂપ દેખાડવા લોકસભામાં કેવાકેવા માણસો ચૂંટાઈને આવે છે એ વર્તમાનપત્રોમાં ઘણી વાર આવતા અહેવાલો અને આંકડાઓના આધારે કંઈક લખી શકાયું હોત, પણ ફોજદારી ગુના અથવા ભ્રષ્ટાચાર સાથે સંકળાયેલા માણસોની વાત લખીને આપણી લોકશાહીનું જે રૂપ દાખવી શકાયું હોય એ જ રૂપ તદ્દન ભલા અને સારા માણસોના ઉદાહરણ દ્વારા દાખવી શકાય તો એ માર્ગ કેમ ન લેવો ? સરવાળે તો આપણે એટલું જ કહેવું છે કે આપણી લોકશાહીનું ચિત્ર ઊજળું નથી. પ્રજા સાચા અને લાયક માણસોને ચૂંટવા જેટલું હીર હજુ દાખવતી નથી. મોટા ભાગનું ખોટા માર્ગે ચાલી રહ્યું છે.

ઉપરના ઉદાહરણમાં પુરુષોત્તમ ગણેશ માવલંકર હારી ગયા અને અમૃતલાલ મોહનલાલ પટેલની જીત થઈ.

બસ આ જ ધોરણે માણેકલાલ માધવલાલ પટેલની લોકસભાની ચૂંટણીમાં હાર થઈ અને પૂંજાજી ઠાકોરની જીત થઈ.

આવું કેમ બન્યું ?

પ્રથમ તો એમને ઉમેદવારી કરવા તરફ પ્રેરતા મહાનુભાવોએ આપેલું એકાંગી ચિત્ર. અલબત્ત, આ એમણે કંઈક અંશે તારવેલાં ખોટાં અનુમાનનું પરિણામ હોય, માણેકલાલ આમ તો ચુસ્ત કૉંગ્રેસી પણ એમના સ્નેહી મિત્ર

જી.આઈ. પટેલે, ચીમનભાઈ પટેલે નવા સ્થાપેલા કિમલોપ પક્ષની ટિકિટ ઉપર વિધાનસભાની ચૂંટણી લડવા પ્રેર્યા, થોળ વિસ્તારના ઘણા મત પોતાની તરફના હોવાનું જણાવ્યું, જીતની ખાતરી આપતા હોય એવી હૈયાધારણ આપી અને ટિકિટની વ્યવસ્થા પણ કરી દીધી. ચૂંટણીમાં ઊભા રહ્યા પણ જીતી ન શક્યા.

પછીની ચૂંટણીઓ કૉંગ્રેસી તરીકે લડ્યા.

લોકસભાની ચૂંટણીમાં ઊભા રહેવા અંગેની પ્રેરણા મૂળ ઊંઝાના, પણ સુરતનિવાસી જીવાભાઈએ આપેલી. દિલ્હી જઈને ટિકિટનું પણ એ નક્કી કરી આવેલા અને ચૂંટણીમાં ઊભા રહેવાનું થયું અને હારનો સામનો કરવો પડ્યો.

હારનું બીજું કારણ કંઈક અંશે પોતે પણ ખરા. પોતાની શક્તિઓમાં વિશ્વાસ હોવો એ હકીકત વાજબી ખરી પણ એ શક્તિઓનો પ્રભાવ ચૂંટણીમાં કેટલો ઉપયોગી નીવડશે એ અંગે વિચાર કરવાને બદલે એમણે પોતાની શક્તિ ઉપર વિશ્વાસ રાખીને ચૂંટણીનાં પરિણામ વિશે ગણતરી કરી જણાય છે. આ વિશ્વાસ તો વાજબી હતો પણ ગણતરી ખોટી હતી એ ખરું પણ એમણે મતદારોમાં વધારે પડતો વિશ્વાસ રાખ્યો એ ખોટું પરિણામ આપનારો સિદ્ધ થયો.

લોકસભામાં સભ્ય તરીકે ચૂંટાવા માટે ઉમેદવારી કરવા એ તૈયાર થયા એની પાછળ લોકકલ્યાણનો હેતુ તો હશે જ પણ બીજા એક ગૌણ હેતુ અંગે પણ જાણવા મળ્યું હતું કે સંસ્થાના મુખ્ય કાર્યકરો-અમીન સાહેબ, દાસકાકા, નટુભાઈ (ભાણાભાઈ) સંસદસભ્ય બની ચૂક્યા હતા પોતે પણ એમાંના એક હોય એવી મનોવૃત્તિએ કામ કર્યું હતું.

અગાઉ માણેકલાલભાઈને મળેલી બે નિષ્ફળતાઓમાં એક આશીર્વાદ છુપાયેલો હતો એ આપણે અગાઉનાં પ્રકરણોમાં જોયું છે. આ નિષ્ફળતામાં પણ એક ઘણો મોટો અને જ્વલંત આશીર્વાદ છુપાયેલો હતો એ માણેકલાલભાઈએ પછીનાં વર્ષોમાં સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી અને ગાંધીનગર દ્વારા જે કામ કર્યું એ ઉપરથી સહેજે જોઈ શકાય છે. હજારો વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓનાં જીવન ઉજાળવાનું કામ એમણે કેળવણીના ક્ષેત્રમાં રહીને કર્યું અને એનો સિલસિલો એમના અવસાન પછી પણ ચાલુ રહે એવી શિક્ષણસંસ્થાઓનું એમણે જે નિર્માણ કર્યું એ પોતે સંસદ સભ્ય થયા હોત તો ન કરી શક્યા હોત. એટલે રાજકારણના ક્ષેત્રે ચૂંટણીમાં હાર એ ઈશ્વરદત્ત એક આશીર્વાદ જ હતો અને એ લોકસંગ્રહરૂપે સિદ્ધ થયો જ.

❐

## ૩૧

# જીવનકિતાબનું અંતિમ પાન

૧૨ જાન્યુઆરી, ૨૦૧૨.

આ દિવસ, માણેકલાલભાઈની જીવનકિતાબનું અંતિમ જીવનનો એ છેલ્લો દિવસ, એ દિવસ કેવી ભરચક દિનચર્યાથી ખચિત હતો, કેટકેટલી જવાબદારીઓ હેઠળ એમની કેવી અણથક દોડધામ કરી... કેટકેટલી દિશાઓમાં ખેંચાતા રહ્યા! વિવિધ સ્થળ, વિવિધ કામ, વિવિધ હેતુ એ બધાને પહોંચી વળવા માટે ત્વરા... ત્વરા... દોડધામ!

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, ગાંધીનગરના કૅમ્પસ ડિરેક્ટર અને ઉમા આર્ટ્સ ઍન્ડ નાથીબા કૉમર્સ મહિલા કૉલેજ પૂર્વ આચાર્ય ડૉ. સોમાભાઈ સી. પટેલે માણેકલાલભાઈની તા. ૧૨ની વિગત મેળવી છે. જે માણકેલાલભાઈના વ્યક્તિત્વદર્શનના હેતુ અહીં અક્ષરશઃ નીચે આપી છે :

'અવસાનના દિવસનું પ્રભાત જ્યારે ઊઘડ્યું ત્યારે તેઓ નિત્યની જેમ સ્વસ્થ અને સશક્ત હતા. રોજિંદા ક્રમ મુજબ સવારે વહેલા ઊઠી નાહી-ધોઈ સવારે ૭ વાગે ફૅક્ટરીએ જવા નીકળ્યા. ત્યાં કેટલુંક કામ પતાવ્યું અને તેમના પુત્ર શ્રી વલ્લભભાઈ (સરદારભાઈ)ને ગાંધીનગર જવાનું હતું પણ તેમને બોલાવીને કહ્યું, 'સરદાર, તું રહેવા દે, આજે હું ગાંધીનગર જાઉં છું. મારે સચિવાલયમાં અગત્યનું કામ છે.'

સવારે ૯-૩૦ કલાકે તેઓશ્રી ગાંધીનગર કડી યુનિવર્સિટી પોતાની ઑફિસમાં આવી ગયા. સંસ્થાના બાંધકામ સુપરવાઇઝર શ્રી દશરથભાઈને ફોન પર પૂછ્યું, 'પૉલિટેક્નિકનો રોડ તોડવાનું કામ કેટલે આવ્યું? સે-૧૫ના એન.આર.આઈ ગેસ્ટ હાઉસના ત્રીજા માળનું બાંધકામ પૂરું થઈ ગયું? ફાર્મસી કૉલેજના ત્રીજા માળનું પ્લાસ્ટર કામ શરૂ થઈ ગયું છે?' વગેરે.

પછી સેક્ટર-૨૩ના એન.આર.આઈ. ગેસ્ટહાઉસમાં આવી ગયા. સેવક શ્રી યોગેશભાઈને પૂછ્યું, 'રૂમોમાં કોઈ છે ?' તેણે કહ્યું, 'હા સાહેબ, સંસ્થાના મહેમાનો છે.' એટલે બોલ્યા, 'તેમની સગવડોનું ધ્યાન રાખજે.' પછી પ્રિ. બચુભાઈ અને પ્રિ. ચિનુભાઈને ત્યાં મળવા બોલાવી કહ્યું, 'હૉસ્ટેલના દાતાશ્રીઓ આવવાના છે. તેઓ અહીં ૧૧-૩૦ વાગે આવશે. હૉસ્ટેલ પર તેમના નામના અક્ષરો લગાડેલા તેમને બતાવજો અને સંસ્થાદર્શન કરાવજો.' પછી શ્રી રમેશભાઈ (શેઠ સી.એમ. હાઈસ્કૂલના ઓ.એસ.)ના ઘેર તેમના પુત્રના અવસાન અંગે જવાની વાત કરતાં બોલ્યા, 'તેને નોકરી ન મળ્યાની કોઈ મુશ્કેલી હતી ? તેણે આવું પગલું શા માટે ભરવું પડે ? મને કહ્યું હોત તો સંસ્થામાં તેને નોકરીએ મૂકી દીધો હોત.' બચુભાઈએ કહ્યું, 'ના સાહેબ, એવી કોઈ મુશ્કેલી ન હતી.'

પછી શેઠ સી. એમ. હાઈસ્કૂલની બારીઓ અને બહારની દીવાલોના રિનૉવેશન વિશે બચુભાઈને પૂછ્યું. બચુભાઈએ કહ્યું, 'હજી કંઈ જ થયું નથી, સાહેબ !'

એટલે તેઓ અકળાઈને બોલ્યા, 'હાલ ને હાલ થવું જોઈએ. બારીઓમાં પૂંઠાં ભરાવો, કપડાના પડદા નાખો. આવા શિયાળામાં છોકરાંઓને ટાઢ વાય ને!' પછી તરત જ બાંધકામ સુપરવાઇઝર શ્રી દશરથભાઈને બોલાવી કડક અવાજે કહ્યું, 'હજી બારીઓનું કામ કેમ શરૂ થયું નથી ?'

દશરથભાઈ બોલ્યા, 'કૉન્ટ્રાક્ટર ઉતરાયણ પછી શરૂ કરવાનું કહે છે.'

એટલે તરત જ બોલ્યા, 'કેમ, ઉતરાયણ પછીનું મુહૂર્ત છે ? હું કોઈ મુહૂર્તમાં માનતો નથી. આજે જ કામ શરૂ થઈ જવું જોઈએ.'

દશરથભાઈએ કહ્યું, 'ખર્ચના એસ્ટીમેટમાં આપની સહી લેવાની બાકી છે.'

એટલે તરત જ એસ્ટીમેટના કાગળ ઉપર સહી કરતાં બોલ્યા, 'આજથી જ ચાલુ કરી દો. એટ એની કોસ્ટ.'

પછી ફાર્મસી કૉલેજના પ્રિન્સિપાલ ડૉ. ગૌરાંગભાઈને બોલાવ્યા. પૂછ્યું, 'કેવું ચાલે છે ? કોઈ તકલીફ છે ?'

પછી બાંધકામ વિશે વાત કરી ને તેમની કૉલેજના શ્રી હાર્દિક પટેલને બોલાવવા કહ્યું. સચિવાલયમાં લઈ જવાના અગત્યના કાગળો શ્રી હાર્દિકભાઈ લેતા આવવાના હતા. હાર્દિકભાઈએ આવીને એ કાગળો સાહેબને સુપરત કર્યા.

પછી ઑફિસમાંથી નીચે ઊતર્યા બાદ બચુભાઈને કહેવા લાગ્યા, 'કૅમ્પસમાં ગ્રીનરી વધારો. ગ્રીનરી આપણું જીવન છે.'

બચુભાઈ બોલ્યા, 'હા સાહેબ, હવે આવતા ચોમાસામાં વધારીશું.'

એટલે તરત જ આવેશ સાથે સાહેબ બોલ્યા, 'ચોમાસામાં જ શા માટે? શિયાળામાં પણ વવાય. ખાતર, પાણી આપીએ એટલે થાય. કૅમ્પસ હરિયાળું લાગવું જોઈએ, ખર્ચ કરવાની તમને કોણે ના પાડી?'

ત્યાર પછી સેક્ટર-૧૫ની ઑફિસે ગયા. સવારે ૧૧-૪૫ કલાકે ઑફિસ સુપરિન્ટેન્ડેન્ટ શ્રી નરસિંહભાઈને ત્યાં બોલાવીને પૂછ્યું, 'કેમ ભોજનાલય ઉપર (દાતાશ્રી)નું નામ લખાઈ ગયું? દાતાઓને ત્યાં લઈ જાઓ. સંસ્થા બતાવો. પછી ભોજન માટે અહીં લાવજો.'

ત્યાર બાદ તેમના પર્સનલ સેક્રેટરી અને યુનિવર્સિટીના રજિસ્ટ્રાર શ્રી સૂર્યકૃષ્ણન્ મંત્રાલાને બોલાવ્યા. યુનિવર્સિટી અને સંસ્થાના કામકાજને લગતી ઘણી બાબતો વિશે તેમની સાથે વાતચીત કરી. દરમિયાન એવું પણ બોલ્યા, 'બધા મળીને કામ કરજો' આ કોઈક ઈશ્વરીય સંકેત હતો?

પછી બપોરે બાર વાગે નવા સચિવાલયમાં અગત્યના કામ માટે જવા નીકળ્યા. છેલ્લાં ૨૨ વર્ષથી તેમની ગાડીના ડ્રાઇવર તરીકે કામ કરતા શ્રી રમેશભાઈ તેમને બ્લોક નં.૨માં તેમને લઈ ગયા. પછી તેઓ બ્લોક નં.૫માં ગયા ત્યાંથી ૧માં ગયા અને ત્યાંથી ૮માં ગયા. વિવિધ સરકારી અધિકારીઓને અને મંત્રીશ્રીઓને મળી સંસ્થાનાં અગત્યનાં કામો પતાવ્યાં. બપોરે ૨-૩૦ વાગે યુનિવર્સિટીની ઑફિસે પાછા આવવા નીકળ્યા. ઘ-૫ સર્કલ આવ્યા ત્યાં ખબર પડી કે મોબાઇલ ફોન સચિવાલયમાં રહી ગયો છે. એટલે ગાડી લઈ પાછા ગયા. રમેશભાઈએ કહ્યું, 'સાહેબ, આપ ગાડીમાં જ બેસો હું લઈ આવું છું.' એટલે બોલ્યા, 'ના, તને કોઈ નહીં આપે, હું જ જાતે જાઉં છું.' એમ કહી જઈ ફોન લઈ આવ્યા.

૨.૪૫ કલાકે ઑફિસે પહોંચી ઓ.એસ. નરસિંહભાઈને ફોન કરીને બોલાવ્યા. નરસિંહભાઈ પહોંચ્યા ત્યારે સાહેબનું ભોજન ચાલતું હતું. જમતાં જમતાં જ બોલ્યા, 'મહેમાનોને બધું બતાવ્યું? જમાડ્યા? લાડુ ખવડાવ્યા? ખુશ થઈ ગયા?' ત્યાર પછી સંસ્થાની નાણાકીય બાબતો વિશે તેમની સાથે વાતચીત, પૂછતાછ કરી અને કહ્યું, 'સરદારના ધ્યાન ઉપર આ લાવજો.'

પછી કડી જવાની તૈયારી કરવા લાગ્યા. સવારના ૭ થી સતત કાર્યરત હોવા છતાં થાક કે અશક્તિની કોઈ જ અસર જણાતી ન હતી. ડ્રાઇવર રમેશભાઈને પૂછ્યું, 'બેબી આવી ગઈ?' શ્રી સરદારભાઈની દીકરી માનસી

જે ગાંધીનગરની ફાર્મસી કૉલેજમાં ભણે છે તેને કડી લઈ જવાની હતી.

રમેશભાઈએ કહ્યું, ‘હા સાહેબ, બેબી આવી ગઈ છે.’

પછી ૪ વાગે કડી જવા ગાડી ઉપાડી. યોગાનુયોગ એ દિવસે સાંજે કડીની ફૅક્ટરીમાં એક ભોજનસમારંભ રાખેલો હતો. શ્રી સરદારભાઈ તેમના મિત્રો, ધંધાકીય સંબંધીઓ, સ્નેહીઓ વગેરે માટે વરસમાં એક વખત ભોજનસમારંભ ફૅક્ટરીમાં રાખતા હતા. આ પ્રસંગ નિમિત્તે સાહેબ ખુશમિજાજમાં હોય તે રીતે બધાની સાથે હળતા-મળતા અને વાતો કરતા હતા. સાહેબ ખાવા-પીવાના અને ખવડાવવાના શોખીન હતા. રસોઈ સરસ જ બનવી જોઈએ. કોઈ ખામી તેઓ ચલાવી લેતા નહીં. કઢી ચાખી. તેમાં થોડું ગળપણ ઉમેરાવ્યું. ગોટાનો રગડો ચાખી તેમાં થોડુંક મીઠું ઉમેરાવ્યું. હળવી વાતો ચાલતી હતી.

ડૉ. રામભાઈ તથા ડૉ. મણિભાઈ સાથે વાત કરતાં બોલ્યા, ‘એવી શોધ થવી જોઈએ કે માણસ માત્ર હવા ઉપર જ જીવે. તેને ખાવાની જરૂર ન પડે.’ આમ કહેવા પાછળ તેમનો સંકેત ગરીબ-તવંગરનો ભેદ કાઢી નાખવાનો હતો. શ્રીમંતો ઘણું ખાય અને ગરીબોનાં પેટ ભૂખ્યાં જ રહે એ સાહેબથી ખમાતું ન હતું. જો હવા ખાઈ શકાય તો બધાને એક સરખું ભોજન મળી રહે એવો અર્થસંકેત તેઓશ્રીનો હતો.

ભોજનનો કાર્યક્રમ શરૂ થયો એટલે સાહેબને કહેવામાં આવ્યું, ‘ચાલો સાહેબ, જમવાની શરૂઆત થઈ ગઈ છે.’ એટલે સાહેબ બોલ્યા, ‘ના, હમણાં નહીં. બધા જમી રહે પછી હું આવું.’

થોડી વાર પછી સાહેબને ફરીથી જમવા આવવાનું કહ્યું એટલે બોલ્યા, ‘હજી તો બધા જમે છે. બધાને જમી રહેવા દો, છેક છેલ્લે હું આવીશ.’ અને સહુના જમી રહ્યા બાદ સાહેબ છેક છેલ્લે જમ્યા. આ તેમનું છેલ્લું ભોજન અને છેલ્લું આતિથ્ય હતું તેની કોઈનેય ખબર ન હતી. પછી ફૅક્ટરીનાં કેટલાંક ધંધાકીય કામ પતાવ્યાં.

❒

૩૨

# એક બીજા છગનભાએ વિદાય લીધી

મોબાઇલ ફોનની રિંગ થઈ.

વિન્ડોસીલ ઉપર મૂકેલા એલાર્મ ક્લોક તરફ નજર કરી. રેડિયમની ઝાંય ઉપર સ્થિર થયેલા કાંટા દોઢ વાગ્યાનો સમય દર્શાવતા હતા.

મધ્યરાત્રિના ટેલિફોન ઘણુંખરું ભયપ્રેરક હોય છે.

કશુંક અનિચ્છનીય, કશુંક અનિષ્ટ,

શું હોઈ શકે ?

ધડકતે હૈયે ફોન કાને માંડ્યો.

'માણેકલાલ સાહેબ આપણી વચ્ચે રહ્યા નથી.' મણિભાઈ પ્રજાપતિનો જરાક નબળો પડી ગયો હોય એવો અવાજ પરખાયો.

'હોય નહીં !' મારો આ સ્વાભાવિક વાણી પ્રત્યાઘાત.

'એવું થયું છે. હાર્ટઍટેકમાં એમનું અવસાન થયું છે.'

મણિભાઈનો અવાજ ૧૨મી જાન્યુઆરી, ૨૦૧૨ની રાત્રિનો હતો.

માણેકલાલભાઈનું અવસાન કડીમાં એમના નિવાસસ્થાને લગભગ સાડા અગિયારથી બાર વાગ્યાના સમય વચ્ચે થયું હતું.

અમે એમને આગલા દિવસે એટલે ૧૧મીએ પાટણ મુકામે હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી દ્વારા યોજાયેલા 'મોહનલાલ પટેલ ભારતીય સાહિત્ય વ્યાખ્યાનમાળા'ના સમારંભના પ્રમુખ સ્થાનેથી એમનો જોશીલો અને બુલંદ અવાજ સાંભળ્યો હતો. એ જ ઉત્સાહ અથવા વીરત્વભર્યું પ્રવચન! લેશમાત્ર નબળાઈ નહીં. એ સમયે એમના પ્રવચનમાં એક સ્વપ્નદ્રષ્ટા કેળવણીકારનાં દર્શન થયાં હતાં.

તે અગાઉ એટલે કે વ્યાખ્યાન આરંભાય તે પહેલાં લગભગ દસ વાગે યુનિવર્સિટીનાં કુલપતિની ચેમ્બરમાં કેટલાક અતિથિઓની અનૌપચારિક બેઠક જેવી ઉપસ્થિતિ (જેમાં વ્યાખ્યાનમાળાના વ્યાખ્યાન વ્યાખ્યાતા પ્રો. ઇન્દ્રનાથ ચૌધુરી પણ હતા) વખતે માણેકલાલભાઈએ હેમચંદ્રાચાર્ય ઉ.ગુ. યુનિવર્સિટીનાં કુલપતિ શ્રી ડૉ. હેમાક્ષી રાવને ઉદ્દેશીને કહ્યું, 'જો તમારી તૈયારી હોય તો તમારી અને અમારી કડીની યુનિવર્સિટી એમ બે યુનિવર્સિટીઓના સંયુક્ત સાહસરૂપે આ પ્રકારનું (સાહિત્યિક) કોઈ મોટા પાયા પરનું આયોજન કરીએ. આ માટે હું રૂપિયા અગિયાર લાખ અને કદાચ એમાં વધારે રકમની જરૂર જણાય તો વધારે આપવા તૈયાર છું.'

માણેકલાલભાઈની વાણીમાં સચ્ચાઈ અને ઉત્સાહનો એવો બુલંદ રણકો હતો કે ત્યાં ઉપસ્થિત શ્રી રઘુવીર ચૌધરીએ એમની આગવી અને રસાળ શૈલીમાં કહ્યું, 'તમે ધારો તો અગિયાર લાખ તો શું, અગિયાર કરોડ ઊભા કરી શકો!' શ્રી રઘુવીરભાઈની આ ઉક્તિમાં કોઈ માર્મિક વ્યંગ નહીં, પણ માણેકલાલભાઈ સાથે વેપાર, ખેતી વિષયક પેદાશો અને કેળવણી પણ-વગેરે ક્ષેત્રોના વિષયો અંગેની ચર્ચાઓના કારણે કેળવાયેલા નિકટત્વની સિન્સિયારિટી (એક પ્રકારની સચ્ચાઈ) હતી.

માણેકલાલના મસ્તિષ્કમાં જે વિચાર ઊગે તે ફળ ધારણ ન કરે ત્યાં સુધી એમને જંપવા ન દે. એ સંબંધી અનેક વિચારણાઓ અને ગોઠવણો કરતા રહે. ૧૧મી જાન્યુઆરીનો વ્યાખ્યાનમાળાનો સમારંભ પૂરો થયો એ પછી તરત સ્ટેજ ઉપર જ એમણે મણિભાઈ પ્રજાપતિને કહ્યું, 'આપણે ગાંધીનગરમાં આવી ગૌરવપૂર્ણ વ્યાખ્યાનમાળા શ્રી મોહનભાઈના નામથી શરૂ કરીએ. આ માટે રૂ. ૧૨થી ૧૫ લાખ ફાળવી આપીશ. તમે સરસ આયોજન કરો.'

જાણવા પ્રમાણે, બીજે દિવસે એટલે તા. ૧૨મીએ પણ એમણે નિકટવર્તી કાર્યકરો સાથે આ અંગે ચર્ચા કરી હતી.

રાત્રિ દરમિયાન એમના અવસાનના સમાચાર ચોતરફ પ્રસરતા રહ્યા. જેમણે-જેમણે આ સાંભળ્યું એ સૌ એક મર્મવેધી આઘાતથી સ્તબ્ધ થઈ ગયા. મધ્યાકાશે ઝળહળતો સિતારો એકાએક ખરી પડશે એવું કોણે કલ્યું હોય? શિક્ષણજગતના એક કુશળ શિલ્પી અને સ્થપતિની વિદાયથી એ ક્ષેત્રમાં કેટલી મોટી ખોટ પડશે અને અવકાશ ઊભો થશે એ તો માણેકલાલે શિક્ષણક્ષેત્રે જે ભગીરથ કાર્ય કર્યું એનું મૂલ્યાંકન કરનારને જ સમજાય. આવો વીરલો આ

ક્ષેત્રે ફરી ક્યારે દેખા દેશે એ તો કોણ કહી શકે ?

પ્રભાત થતાં જ એમના અંતિમ દર્શન માટે વિરાટ માનવસમુદાય ઊમટ્યો હતો, એમાં સમગ્ર માનવસમુદાયોનું પ્રતિનિધિત્વ જોઈ શકાતું હતું. નેતાઓ, મંત્રીઓ, ઉદ્યોગપતિઓ, શ્રેષ્ઠીઓ, આચાર્યો, અધ્યાપકો, વેપારીઓ, ફૅક્ટરીઓ અને ઑઇલ મિલોના કારીગરો તેમ જ આમજનતાનો બહોળો વર્ગ લાગણીભર્યા હૈયે પોતાના પ્રિયજનના અંતિમ દર્શન કરીને શ્રદ્ધાંજલિ અર્પણ કરી રહ્યો હતો.

સમગ્ર કડી નગર શોકસંતપ્ત બન્યું. વ્યાપારી અને શૈક્ષણિક સંકુલો એ દિવસે બંધ રહ્યાં.

વિરાટ માનવમેદની સદ્ગતની સ્મશાનયાત્રામાં જોડાઈ. સાંકડા રસ્તાઓના કારણે ભારે ભીડથી બચવા લોકોએ પોતાનાં કે જાહેર સંસ્થાઓનાં મકાનોનાં છજાં, લૉબી કે અટારીઓમાંથી પુષ્પવર્ષા કરીને સ્વ. માણેકલાલભાઈને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. મુસ્લિમભાઈઓ અને બહેનોએ પણ પોતાના સ્વજન ગુમાવ્યાનું દર્દ અનુભવીને મહોલ્લે મહોલ્લે શબવાહિની ઊભી રખાવીને આર્તભાવે શ્રદ્ધાસુમન અર્પણ કરીને અશ્રુભરી આંખે સદ્ગતનાં દર્શન કર્યાં.

તારીખ ૧૩મીનો દિવસ હતો. સાંજે ચાર વાગ્યે ભાઉપુરાની નજીકના સ્મશાનમાં વિરાટ માનવસમૂહની ઉપસ્થિતિમાં માણેકલાલભાઈના પાર્થિવ દેહનો અગ્નિસંસ્કાર કરવામાં આવ્યો.

આ ક્ષણે વિદાય લઈ ચૂકેલા માણેકલાલભાઈ સર્વ વિદ્યાલય કેળવણીમંડળ કે કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળના ચેરમૅન અથવા તો કડી સર્વ વિશ્વવિદ્યાલયના પ્રેસિડેન્ટ નહોતા. એ હતા સર્વ વિદ્યાલય પરિવારના મોભી – પરિવારના વડા. એમની વિદાયથી પરિવારના સંતપ્ત ચિત્તના કારણે જે આઘાતજન્ય માહોલ સર્જાયો હતો એ ઈ.સ. ૧૯૪૦ના ડિસેમ્બરમાં પૂજ્ય છગનભાના અવસાનથી સર્જાયેલા વાતાવરણની યાદ આપે એવો હતો. જાણે એક બીજા છગનભાએ વિદાય લીધી !

તા. ૧૬મી જાન્યુઆરીની સવારે સદ્ગતનું કડી મુકામે બેસણું રાખ્યું હતું. આ લખનારનો કડી નગર સાથે ૬૨ વર્ષનો પ્રત્યક્ષ સંબંધ છે. જેમાં ૩૫ વર્ષનો સ્થાયી વસવાટ હતો. ૬૨ વર્ષના આ લાંબા ગાળામાં અનેક સ્નેહીઓના પરિવારોમાં કોઈ ને કોઈ મરણ કે મરણના પ્રસંગોમાં મેં હાજરી આપી છે. પણ માણેકલાલભાઈના અવસાનના કારણે રાખેલા બેસણામાં મેં જે માનવમેદનીની ઉપસ્થિતિ જોઈ એવી કડીના ૬૨ વર્ષના ઇતિહાસમાં કદીયે જોઈ નથી. આ

બેસણું કડીના અતીતમાં એક ઐતિહાસિક ઘટના બની રહી. કડીનગર અને આસપાસનાં ગામડેથી લોકોનો પ્રવાહ બેસણાના સ્થળ તરફ સતત વહેતો રહ્યો. બેઠક વ્યવસ્થા એટલા વિસ્તાર સુધી પહોંચી હતી કે પાટણથી આવીને હું કારમાંથી ઊતર્યો ત્યારે મારી શારીરિક અવસ્થા જોઈને એક યુવાનભાઈને મને બાઈક ઉપર વચ્ચેની પગથીએ મને શ્રદ્ધાસુમન અર્પણ કરવાના સ્થળ સુધી મૂકવા આવવું પડ્યું.

જેવું બેસણાનું, એવું જ ગૌરવભર્યું આયોજન કડી અને ગાંધીનગરની શ્રદ્ધાંજલિ સભાઓનું હતું.

ગાંધીનગર રાજ્યનું પાટનગર, અહીં બહોળા પ્રમાણમાં નોકરિયાતો વસે. પ્રજાનું વૈવિધ્ય પણ મોટું. દેશનાં લગભગ બધાં રાજ્યોના નાગરિકોનું અહીં પ્રતિનિધિત્વ ખરું. આ વૈવિધ્યના કારણે વસાહતીઓમાં સમાજાભિમુખતા અન્ય શહેરો કરતાં કદાચ ઓછી હોવાનો સંભવ ખરો. એટલે શ્રદ્ધાંજલિ સભાઓ તરફ લોકરુચિ ઓછી હોય તે સમજી શકાય. આવા સંજોગોમાં કલ્ચરલ ફોરમ, ગાંધીનગરના નેજા હેઠળ ગાંધીનગરની અનેક સ્થાનિક સંસ્થાઓના સંયુક્ત ઉપક્રમે 'ગાંધીનગર સમાચાર'ના તંત્રી અને માલિક શ્રી કૃષ્ણકાન્ત જહાના સંચાલન હેઠળ એક વિશાળ શ્રદ્ધાંજલિ સભાનું આયોજન થયું હતું. ઉપસ્થિત ગુણાનુરાગી સભ્યોમાંથી મોટી સંખ્યામાં સભ્યો સ્વ. માણેકલાલભાઈને ભાવાંજલિ અર્પિત કરવા ઇચ્છતા હતા. આવી લાગણી ધરાવતા સભ્યોની લિખિત નામાવલિ જોયા પછી સભાના સંચાલકશ્રીએ પ્રત્યેક સભ્યને બોલવા માટે ફક્ત અઢી મિનિટની સમયમર્યાદા આંકવી પડી હતી.

સભ્યોની આ લાગણી અને ઉપસ્થિત મહાનુભાવોની સંખ્યા જોતાં ગાંધીનગરના ઇતિહાસમાં પણ આ શ્રદ્ધાંજલિ સભા નગરના ઇતિહાસનું એક અલગ પ્રકરણ બની રહે એવી ગૌરવશાળી હતી.

માણેકલાલભાઈ જેવા શક્તિશાળી માણસનું પાર્થિવ જીવન આમ એકાએક કેમ સમેટાઈ ગયું? એમના જીવનના છેલ્લા દિવસની ચર્યા જોતાં આ અણધાર્યા અંતનું રહસ્ય સમજી શકાય એમ છે. સવારના ૭-૩૦ વાગ્યાથી સાંજના ચાર વાગ્યા સુધીની એમની કાર્યદોટ આપણે આ પુસ્તકના અન્ય પ્રકરણમાં જોઈ છે. એમનું ચિત્ત કેટલાં બધાં કાર્યક્ષેત્રોમાં પરોવાયેલું અને ગૂંથાયેલું હતું! કેટલી બધી દોડધામ! સેક્ટર-૧૫ અને સેક્ટર-૨૩માંના શિક્ષણ સંકુલોને લગતાં કાર્યોનો હિસાબ જે-તે જવાબદાર અધિકારી અને કર્મચારી પાસેથી તે

સેક્ટરોમાં રૂબરૂ જઈને એમણે મેળવ્યા. મકાનોના બાંધકામનાં ચાલતાં કામની, પધારેલા અતિથિઓની સરભરાની, કૅમ્પસમાં લીલોતરીની બિછાત અને વૃક્ષોની વાવણીની... કેટકેટલી બાબતોની સારસંભાળ અને કામની ભાળવણી !

યુનિવર્સિટી કાર્યાલયમાંથી નીકળીને સીધા સચિવાલય ! ઘણું અગત્યનું કામ લઈને નીકળ્યા હતા. કામ કોનું ? એમનું ? ના, સર્વ વિદ્યાલય કેળવણી મંડળનું ? ના. એ કામ હતું કોઈ એક અથવા એકાધિક સંસ્થાઓનું. મહત્ત્વનું હતું. કોઈકને ઉપયોગી થઈ શકાય એ લાગણીથી હાથ પર લીધું હતું. માણેકલાલના ગજાનું જ એ કામ. એની પાછળ રઘવાટ કંઈ જેવોતેવો નહીં. સરકારના મંત્રીઓને મળવાનું. ખાતાના અધિકારીઓને મળવાનું. જરૂર પડ્યે ચર્ચા કરવાની, દલીલ કરવાની અને વખત આવ્યે જે-તે મંત્રી કે અધિકારીને પ્રશ્નના મૂળ સુધી લઈ જઈને સમજણ પાડવાની. અને આ તે કંઈ એક ચેમ્બરમાંની કાર્યવાહીથી પતી જવાનું ? બ્લોક નંબર ૨ અને તે પછી બ્લોક નં.૧ અને એ રીતે બ્લોક નં. ૫ અને ૮માં હડિયાપાટી કરવાની. શરીર અને મન બંનેને થકવી નાખે એવું કામ. પણ માણેકલાલભાઈ થાક્યા વગર લગભગ અઢી વાગ્યા સુધી (જમ્યા વગર સ્તો !) એ કરતા રહ્યા, અગાઉ કહ્યું છે તેમ ૪ વાગ્યે કડી જવા માટે નીકળી શક્યા.

સવાલ એ થાય છે કે એ દિવસની રાત્રે હૃદયરોગનો હુમલો થયો. શાથી આમ બન્યું ? આપણે તો માત્ર અનુમાન કરવાનાં. માણેકલાલભાઈની સતત અને વેગીલી કાર્યપદ્ધતિને લીધે એમની ચૈતન્ય અને ભૌતિક શક્તિ વચ્ચેની સમતુલા ખોરવાઈ ગઈ હશે ? આ છિન્ન સમતુલા માણેકલાલભાઈના અવસાનનું કારણ બની હોય. માત્ર એક દિવસની નહીં, લાંબા સમયથી સતત ચાલતી રહેતી પ્રક્રિયાએ કદાચ આવું પરિણામ નિપજાવ્યું હોય.

જગતમાં આવું બનતું હોય છે, અતિશય માનસિક અને શારીરિક થાકને લીધે થયેલા સિડની હર્બર્ટના અવસાનનું ઉદાહરણ આપણી નજર સમક્ષ છે. ક્રિમિયાના યુદ્ધ સમયે સ્કુટેરાઈમાં ફ્લોરેન્સ નાઇન્ટિંગેલ સ્થાયી રહીને ઘવાયેલા સૈનિકોની સારવારમાં રાતદિવસ વ્યસ્ત રહેતી હતી. રાત્રે પણ કણસતા ઘવાયેલા સૈનિકોની સંભાળ લેવા દોડી જતી હતી. હાથમાં ફાનસ લઈને દોડી જતી આ સ્ત્રી દયાની દેવી તરીકે ખૂબ પ્રચાર પામી હતી. સિડની હર્બર્ટ નાઇન્ટિંગેલનો હર પ્રકારનો મદદનીશ હતો. ફ્લોરેન્સની સાથે એને પણ જાગરણ કરવું પડતું એ તો ખરું, પણ એને તો ફ્લોરેન્સ નાઇન્ટિંગેલનાં ચીંધ્યાં બધાં કામ

ત્વરિત પગલે કરવાનાં હતાં. આ ઉપરાંત મુકામ ઉપરની બધી જ વ્યવસ્થા એણે સંભાળવાની હતી. જરૂરિયાતની ચીજોમાં તૂટ ન પડે અને કશી ખામી ન રહે એની પણ પોતે જ સચિંત રહીને સંભાળ રાખવાની હતી. આ માણસનું અતિશય કાર્યબોજના કારણે શારીરિક અને માનસિક થાકથી મૃત્યુ થયું હતું.

આપણા વીરપુરુષ માણેકલાલભાઈનું અવસાન જે કારણે થયું હોય તે ખરું, પણ એ મૃત્યુ યોગીને પણ દુર્લભ હોય એવું ઉજ્જ્વળ હતું.

❐

# 33

# માન, અકરામ અને અંજલિ

શ્રી માણેકલાલભાઈએ જાહેર સંસ્થાઓ દ્વારા સમાજસેવાનો આરંભ કર્યો. એ સાથે-સાથે એ ઘણી જાહેર સંસ્થાઓના નિર્માણનું નિમિત્ત બન્યા. એમણે એ સંસ્થાઓની સ્થાપનામાં, એમને પોષવામાં, એમના વિકાસમાં અને એમની પ્રતિષ્ઠાને સ્થાપવામાં અવિરત પુરુષાર્થ કર્યો. એમણે લોકસંગ્રહાર્થે આ કર્યું અને લોકહૈયે અવિચળ સ્થાન મેળવ્યું. સમાજની ખાતર એ સતત ઘસાતા રહ્યા અને ઊજળા બનતા રહ્યા.

ગણતાં ચૂકી જવાય એટલી સંસ્થાઓમાં વિવિધ પદ ઉપર રહીને એમણે સેવાઓ આપી છે. સર્વ વિદ્યાલય કેળવણી મંડળ કડી અને ગાંધીનગર, કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ, કડી આ બે સંસ્થાઓને તો એમણે જાત સમર્પિ દીધી હતી. એ સંસ્થાઓમાં એમણે મંત્રી અને ચેરમૅન તરીકે સેવાઓ આપી છેવટે એ સંસ્થાઓની કલગીરૂપે કડી સર્વ વિશ્વ વિદ્યાલય, ગાંધીનગરના પ્રેસિડેન્ટ તરીકે જીવનના અંત સુધી એના વિકાસ માટે પ્રયત્નશીલ રહ્યા.

કેટલાં બધાં ક્ષેત્રે એ સક્રિય હતા! કડી ઑઇલ મિલ્સ ઍસોસિયેશનના પ્રમુખ, ગુજરાત વેપારી મહામંડળની કારોબારી સમિતિના સભ્ય, ગુજરાત ગૌશાળાના ટ્રસ્ટી, ઉમિયા માતાજી સંસ્થા, ઊંઝાની કારોબારી સમિતિના સભ્ય, ભાગ્યોદય હૉસ્પિટલના માનદ મંત્રી, ગ્રામોત્થાન અને ગ્રામસ્વરાજ્ય નિર્માણમાં સક્રિય ભાગીદારી, સંકટ નિવારણ સોસાયટીના સભ્ય – આ બધાં સ્થાનો અને પદો પર રહીને એમણે સમાજની અમૂલ્ય સેવા કરી. કડી લાયન્સ ક્લબના પ્રમુખ તરીકે એમણે પૂરમાં ઘર વિનાના થઈ ગયેલા પૂરપીડિતો માટે લગભગ એક હજાર જેટલાં મકાનો બાંધી આપવાની વ્યવસ્થા કરી તે એક અનન્ય સેવા હતી.

એમની ઉજ્જ્વળ અને ગૌરવવંતી સેવાઓને અનુલક્ષીને એ અનેક માન-અકરામ અને ઍવૉર્ડથી વિભૂષિત થયા હતા. કડવા પાટીદાર પરિવાર ટ્રસ્ટ, અમદાવાદ દ્વારા સમાજ ઉત્કર્ષની સેવાઓ માટે પૂજય સચ્ચિદાનંદ સ્વામીના હસ્તે પાટીદાર શ્રેષ્ઠ શિરોમણિ ઍવૉર્ડ, કડી શહેરની સામાજિક શૈક્ષણિક, સાહિત્ય, કળા, વ્યાપાર-ઉદ્યોગ ક્ષેત્રે વિશિષ્ટ સેવાઓ માટે કડી નગરપાલિકા દ્વારા માનનીય શ્રીમતી આનંદીબહેન પટેલના વરદ હસ્તે સન્માન ઍવૉર્ડ, આનર્ત ટ્રસ્ટ, મહેસાણા દ્વારા આનર્ત ઍવૉર્ડ. આ ઍવૉર્ડના એનાયત સમારંભમાં પૂ.સ્વામી સત્યમિત્રાનંદગિરિજી અને પૂજ્ય કૃષ્ણશંકર શાસ્ત્રી દ્વારા અભિવાદન સાથે સન્માન, ઉમિયા માતાજી સંસ્થાન, ઊંઝા દ્વારા શૈક્ષણિક ક્ષેત્રે વિશિષ્ટ યોગદાન બદલ ઍવૉર્ડ અને સન્માનપત્ર દ્વારા અભિવાદન, કડી શહેર અને તાલુકાની જનતા તરફથી સન્માનપત્ર, કડીમાં કોમી એકતા અને એખલાસ જાળવી કોમી ભાઈચારાની ભાવના પ્રવર્તાવવા માટે તત્કાલીન રાષ્ટ્રપતિ જ્ઞાની ઝૈલસિંગજીના હસ્તે કડી કોટના મેદાનમાં યોજાયેલ જાહેર કાર્યક્રમમાં એમનું સન્માન વગેરે અનેક કાર્યક્રમો દ્વારા એમનું બહુમાન થયું હતું. આ ઉપરાંત દિવ્ય ભાસ્કર દૈનિક દ્વારા ગુજરાતના સો પ્રતિષ્ઠિત મહાનુભાવોના પ્રકાશિત પરિચયગ્રંથમાં એમનું સ્થાન છે.

તા. ૧ ફેબ્રુઆરી, ૨૦૧૧ના રોજ શ્રી મોહનલાલ પટેલ સાહિત્ય વર્તુળ કડી અને સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી દ્વારા એમના અભિવાદન માટે તેમ જ એમના માટેના અભિવાદન ગ્રંથના લોકાર્પણ માટે એક ભવ્ય સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું. પદ્મશ્રી ડૉ. ભોળાભાઈ પટેલના અધ્યક્ષપદે યોજાયેલા આ સમારંભમાં ગુજરાત સરકારના માનનીય મંત્રીશ્રીઓ શ્રી નરોત્તમભાઈ, શ્રીમતી આનંદીબહેન પટેલ, શ્રી નીતિનભાઈ પટેલ, પૂર્વ મંત્રીશ્રી અનિલભાઈ પટેલ આ મહાનુભાવો ઉપરાંત શ્રી રઘુવીર ચૌધરી, પૂર્વ સચિવ શ્રી પ્રવીણ લહેરી ઉપરાંત વિવિધ યુનિવર્સિટીઓના કુલપતિઓ, શિક્ષણવિદો તથા મહેસાણા, અમદાવાદ, ગાંધીનગર જિલ્લાઓના શૈક્ષણિક, સામાજિક અને રાજકીય ક્ષેત્રના અગ્રણીઓ અને અન્ય ૩૦૦૦ જેટલાં સજ્જનો અને સન્નારીઓ ઉપસ્થિત હતાં.

લોકાર્પણ થયેલો એમના માટેનો અભિવાદન ગ્રંથ એમના અમૃતપર્વ નિમિત્તે કડીના મોહનલાલ પટેલ સાહિત્ય વર્તુળ દ્વારા તૈયાર કરવામાં આવ્યો હતો અને એ વર્તુળ દ્વારા પ્રકાશિત કરવામાં આવ્યો હતો. ગ્રંથમાં ૫૭ વિદ્વાન અને

સારસ્વત તેમ જ સમાજના અગ્રણી મહાનુભાવો દ્વારા લખેલા સમૃદ્ધ લેખો છે. એનું સંપાદન ચાર મુખ્ય સંપાદકો અને આઠ સહસંપાદકો દ્વારા થયેલું છે.

અભિવાદનનો પ્રતિભાવ આપતાં માણેકલાલભાઈએ કહ્યું હતું, 'આ મારું સન્માન નથી પણ મારી સંસ્થાનું સન્માન છે. વ્યક્તિ મહાન નથી, પણ સંસ્થા મહાન છે. આજે અહીં ઘણા દાતાઓ હાજર છે. તેમને હું ખાતરી આપું છું કે તમે આપેલા દાનનો ઉપયોગ સંસ્થા યોગ્ય રીતે કરી રહી છે. સરકાર મહાત્મા મંદિરની બાજુમાં જમીન આપશે તો અમે ભવ્ય યુનિવર્સિટી ભવન બનાવીશું કે જેથી મહાત્મા મંદિર જોવા આવે તે યુનિવર્સિટી જોવા આવશે જ તેની હું ખાતરી આપું છે. આ સંસ્થાનાં મૂળિયાં મજબૂત છે. તે પાતાળમાં ગયાં હોવાથી તેને પાણી પાવાની જરૂર નથી. આવી સંસ્થાને પોષવી જોઈએ, મારી રગેરગમાં સર્વ વિદ્યાલય છે.'

અહીં, આ સમારંભમાં આરંભના પ્રાસંગિક પ્રવચનોમાં શ્રી નરોત્તમભાઈ પટેલે માણેકલાલભાઈના વાગ્નૈપુણ્ય વિશે જે વાત કહી હતી તે નોંધવાનું મને થાય છે. શ્રી નરોત્તમભાઈએ કહ્યું હતું, 'તે બોલે તે લખી લેવાનું મન થાય છે. આવે ત્યારે બધી જ તૈયારી સાથે આવે, બધું જ કંઠસ્થ, પ્રશ્નની સાથે તેના ઉકેલરૂપ જવાબ પણ આપી દે. અમને લાખોનો દાન મેળવતાં ફાંફાં પડે છે, ત્યારે તેઓશ્રી કરોડોનાં દાન સરળતાથી મેળવી લાવે છે.' અલબત્ત, નરોત્તમભાઈનું આ કથન એમની ઑફિસમાં માણેકલાલભાઈ કોઈ યોજના અંગે વાત કરતા હોય તે સંદર્ભનું છે, પણ નરોત્તમભાઈની નોંધ માણેકલાલભાઈના વાક્ચાતુર્ય અંગેની છે. એ સ્પષ્ટપણે દેખાઈ આવે છે. એ તો સ્પષ્ટ છે કે માણસના મસ્તિષ્કમાં વિગતો કે હકીકતો ભરપૂર હોય અને વિચારોમાં કશી ગૂંચ ન હોય તો ભાષા આપોઆપ એક સબળ ઉપકરણ બની જાય છે. કડી અને ગાંધીનગરની શ્રદ્ધાંજલિ સભાઓમાં માણેકલાલભાઈના ગુણાનુરાગી ભાવકોએ એમના જીવનમાંથી પ્રેરક પટનાઓના સ્વાનુભવની ઘણી ઊર્મિસભર વાતો કરી. વર્તમાનપત્રોમાં અને કેટલાંક સામયિકોમાં એમને ઉજ્જ્વળ અંજલિઓ અપાઈ. સર્વ અંજલિઓમાં લાગણીનો એકસરખો પ્રવાહ વહેતો રહ્યો. આ અંજલિઓ માણેકલાલભાઈ વિશે ઘણું ઘણું કહેનારી અને આપણા માટે પ્રેરણાદાયી બની રહે એવી છે, પણ એ સઘળી અંજલિઓનો અહીં સમાવેશ કરવો શક્ય નથી એટલે લેખ રૂપે મળેલી શ્રદ્ધાંજલિઓમાંથી ચયન કરીને પ્રતિનિધિરૂપ બની રહે એ રીતે કેટલાક લેખકોના અભિવ્યક્ત વિચારો પસંદ કરીને અહીં આપ્યા છે.

ફી રેગ્યુલેટરી કમિટીના ચેરપર્સન જસ્ટિસ અભય એચ. મહેતા લખે છે :

'તા. ૧૯-૪-૨૦૧૦ના રોજ મારી નિમણૂક ગુજરાતની સ્વનિર્ભર ટૅક્નિકલ કૉલેજ તથા સંસ્થાઓની ફી નક્કી કરવા માટે રચાયેલ ફી રેગ્યુલેટરી કમિટીના ચેરપર્સન તરીકે થઈ હતી. મારી નિમણૂક બાદ કમિટીની પહેલી મીટિંગ મે મહિનાના પહેલા અઠવાડિયામાં મળી હતી તે દિવસે મારી ઓળખાણ ઊંચું કદ સફેદ વાળ, અણિયાળું નાક અને પાણીદાર આંખો ધરાવતી વ્યક્તિ સાથે કરાવવામાં આવી અને કહેવામાં આવ્યું કે, 'આ છે શ્રી માણેકલાલભાઈ એમ. પટેલ, તેઓ સ્વનિર્ભર ટૅક્નિકલ કૉલેજ તથા સંસ્થાઓના પ્રતિનિધિ અને કમિટીના સિનિયર મેમ્બર છે.'

આ મારી શ્રી માણેકલાલભાઈ સાથેની પહેલી મુલાકાત. તેમનું પ્રભાવશાળી વ્યક્તિત્વ અને બુલંદ અવાજ કોઈ પણ વ્યક્તિનું ધ્યાન ખેંચાય એવાં હતાં.

તેમની સાથેની પહેલી બે-ત્રણ મુલાકાતોમાં જ મને સમજાઈ ગયું કે તેઓ સાચા અર્થમાં ભેખધારી કેળવણીકાર છે. કમિટીના સભ્ય તરીકે સ્વનિર્ભર સંસ્થાઓના સંચાલકોના પ્રતિનિધિ હોવા છતાં તેઓ વિદ્યાર્થીઓના વાજબી હિતને સર્વોપરી મહત્ત્વ આપે છે. તેમણે વિદ્યાર્થીઓના હિતને હૃદયથી અળગું થવા દીધું નથી. તેવું મારું માવનું છે. માણસમાં ધગશ, આત્મવિશ્વાસ અને આવડત હોય તો તે ક્યાંથી ક્યાં પહોંચી શકે છે તેનું ઉત્તમ ઉદાહરણ શ્રી માણેકલાલભાઈએ પૂરું પાડ્યું છે.

ફી રેગ્યુલેટરી કમિટીમાં તેમનું યોગદાન હંમેશાં અમૂલ્ય રહ્યું છે. તેમની શિક્ષણક્ષેત્ર અંગેની સૂઝબૂજ, તેમનો વિશાળ અનુભવ અને વિષય પ્રત્યેની પ્રામાણિકતા કમિટીને તેની કાર્યવાહી દરમિયાન આશીર્વાદરૂપ રહ્યાં. તેમના સહયોગ અને માર્ગદર્શન ૪૫૦ થી પણ વધુ સ્વનિર્ભર પ્રોફેશનલ અભ્યાસક્રમની સંસ્થાઓની ફીનું માળખું તૈયાર કરવાનું કપરું કાર્ય પ્રમાણમાં સરળ બન્યું. ફીનું માળખું નક્કી કરતાં પહેલાં કમિટી દ્વારા જે-તે સંસ્થાના સંચાલક અથવા તેમના પ્રતિનિધિને રૂબરૂ સાંભળવાની તક આપવામાં આવતી. આવી સુનાવણી દરમિયાન શ્રી માણેકલાલભાઈ સંસ્થાની ફીની માગણી ગેરવાજબી લાગે ત્યારે સંચાલકોને પાયાના અને વિચક્ષણ એવા કેટલાક પ્રશ્નો કરતા. આવા વખતે શિક્ષણક્ષેત્રે ઘણા મોટા ગજાની ગણાતી સંસ્થાઓના પીઢ અને અનુભવી સંચાલકો પણ મૂંઝવણમાં મુકાઈ જતા અને ક્ષોભ અનુભવતા.

જ્યારે તેમની પોતાની સંસ્થાઓની ફી નક્કી કરવાની થાય ત્યારે તેઓ

હંમેશાં પોતાની હરોળની સંસ્થાઓએની ફી કરતાં પોતાની સંસ્થાની ફી ઓછી રાખવાનો આગ્રહ રાખતા અને કમિટીએ નાછૂટકે તેમના આગ્રહને વશ થવું પડતું હતું.

પોતે અત્યંત વ્યસ્ત હોવા છતાં કમિટીની કામગીરીને પ્રાધાન્ય આપતાં. તેમના જેવું સમયનું નિયમિતપણું જૈફ ઉંમરે પણ યુવાન જેવી કામ કરવાની ધગશ, સંપૂર્ણ પ્રામાણિકતા અને અન્ય વ્યક્તિ માટે ન્યાયી અને વાજબી તે તમામ કરી છૂટવાની તમન્ના બહુ ઓછા લોકોમાં જોવા મળે છે. આ બધી ખૂબીઓના કારણે જ શ્રી માણેકભાઈ અસામાન્ય વ્યક્તિઓની હરોળમાં પણ અગ્રસ્થાને બેસે તેવા હતા.

હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણના પ્રથમ કુલપતિ અને ગુજરાત રાજ્યના શિક્ષણ ખાતાના સચિવ તેમ જ એમની વિદ્વત્તા માટે ઘણા જાણીતા શ્રી કુલીનચંદ્ર યાજ્ઞિકે માણેકલાલભાઈને ભવ્ય અંજલિ આપતાં લખ્યું છે કે, 'શ્રી માણેકલાલભાઈની વિદાયથી માત્ર કડી કે ઉત્તર ગુજરાત જ નહીં, સમગ્ર ગુજરાતને ન પુરાય તેવી ખોટ પડી છે. તે એક ઉદ્યોગપતિ હતા, પણ એમણે શિક્ષણજગતમાં જે પહેલ કરી, જે નેતૃત્વ પૂરું પાડ્યું અને જે ઉત્તમ સંસ્થાઓ ગુજરાતને આપી, તે બેનમૂન છે. સદ્‌નસીબે એમને વારસામાં મળેલું "કડી સર્વ વિદ્યાલય"એક સૂક્ષ્મ બીજમાંથી મહાન આકાંક્ષાઓ સાથે શરૂ થયેલી અને ઉત્તમ પ્રતિષ્ઠા પામી ચૂકેલી સંસ્થા હતી. માણેકલાલભાઈની વિશેષતા એ હતી કે તેમણે તેનું માળખું, તેનો વ્યાપ અને તેની ગુણવત્તા ત્રણેનો અનન્ય વિકાસ કર્યો. ૧૯૯૨ પછી એક દાયકા બાદ મેં કડીનું સંકુલ જોયું ત્યારે તાજુબ થયો. તે જ અરસામાં ગાંધીનગર સંકુલ જોયું જ્યાં શૂન્યમાંથી ભવ્ય સર્જન કરવામાં આવ્યું છે. પછી તો આ મહાન સંસ્થાને યુનિવર્સિટીનો દરજ્જો પ્રાપ્ત થયો છે. એક દાયકામાં તો શું પણ એક જીવનકાળ દરમિયાન પણ કરવું દુષ્કર એવું કામ માણેકલાલભાઈએ કર્યું.

આજે બે સંકુલો સંભાળતી ગુજરાતની આ એક જ યુનિવર્સિટી છે. ઇજનેરી, ટેક્નૉલૉજી, વિજ્ઞાન, વિનયન વગેરે અનેક આધુનિક અને પરંપરાગત વિદ્યાશાખાઓ તેમાં છે. સવિશેષ બાબત એ છે કે માણેકભાઈની અધ્યક્ષતામાં તેનો વહીવટ કાર્યદક્ષ તેમ જ પારદર્શક રહ્યો છે.

માણેકલાલભાઈની ઊંડી સૂઝ અને શિક્ષણ પ્રત્યેના ઉદાત્ત અભિગમને કારણે રાજ્યની અને યુનિવર્સિટીઓની કાર્યવાહીમાં તેમને નબળાઈઓ દેખાતાં

તે નિખાલસપણે અને સ્પષ્ટ રીતે કહી દેતા અને તે છતાં પ્રવર્તમાન નિયમોને જાળવીને જ એ વહીવટ ચલાવતા.

મને શ્રી માણેકલાલભાઈનો પરિચય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીની સ્થાપના સમયે જ થયો. શરૂઆતથી જ તેમના નિખાલસ અને સહકારી સ્વભાવથી હું અભિભૂત થયો હતો. નવી યુનિવર્સિટીનાં તમામ કામોમાં તેમનો સહજ સહકાર મળતો. તેમને યુનિવર્સિટીના કામ માટે કંઈ પણ વિનંતી કરીએ તો તે સ્વીકારે જ એની ખાતરી રહેતી. એમની હૂંફનું મોટું પીઠબળ અમને હતું.'

ગુજરાત રાજ્યના પૂર્વ મુખ્ય સચિવ અને ઉચ્ચ કોટિના વિદ્વાન શ્રી પ્રવીણ લહેરીએ માણેકલાલભાઈને આ શબ્દોમાં અંજલિ આપી છે : 'તેમનું નામ કડી વિદ્યાલયનો પર્યાય. વેપાર, રાજકારણ, સેવા કે સહકાર ગમે તે ક્ષેત્ર હોય, મૂલ્યો પ્રત્યે અતૂટ નિષ્ઠા એ એમનો સર્વોત્તમ ગુણ. સાચી વાત કહેવી અને સાચું હોય તે જ થાય તેવો તેમનો આગ્રહ. તેમની નિખાલસ અને નીડર વ્યક્તિ તરીકે ઓળખ આપે છે. આમ નિષ્ઠા, નિખાલસતા અને નીડરતા તેમના વ્યક્તિત્વનાં અવિભિન્ન અંગો રહ્યાં.

સરકારે શિક્ષણ ક્ષેત્રે વિકાસ કરવા યુનિવર્સિટીઓ ખાનગીક્ષેત્રે વિકસાવવાનો નિર્ણય કર્યો. શ્રી માણેકકાકાએ અનેક અંતરાયો વચ્ચે 'સર્વ વિદ્યાલય'ને 'કડી સર્વ વિશ્વવિદ્યાલય' બનાવવાનું બીડું ઝડપ્યું. ઉંમરનો બાધ નહીં, મુશ્કેલીઓનો ડર નહીં, તબિયતની ચિંતા નહીં અને નાણાંનો અભાવ નડશે નહીં તેવા હકારાત્મક અભિગમ સાથે તેઓ સ્વપ્ન સાકાર કરવામાં ઓતપ્રોત થઈ ગયા.

ગાયકવાડી શાસિત એક નાના નગરમાં જે સંસ્થાનાં બીજ રોપાયાં હતાં તેને ગુજરાત જેવા વિકાસશીલ રાજ્યના પાટનગરમાં વિશ્વવિદ્યાલય સુધી પહોંચાડવામાં જેમનો ભગીરથ પ્રયત્ન રહ્યો છે તેવા શ્રી માણેકકાકાનું નામ ગુજરાતના શિક્ષણ જગતમાં ધ્રુવતારક સમાન દિશાસૂચક પ્રકાશપુંજ તરીકે ઝળહળશે તેમાં શંકાને કોઈ સ્થાન નથી.

સાંપ્રત સમયમાં શિક્ષણને સમાજની પ્રગતિ અને પરિવર્તનનું માધ્યમ બનાવવાને બદલે ધંધાદારી શોષણ અને મૂલ્યહાસથી કલંકિત કરવામાં આવી રહ્યું છે, ત્યારે શ્રી માણેકલાલ પટેલ જેવી સક્ષમ, પ્રતિબદ્ધ અને સમર્પિત વ્યક્તિ શોધવી એ કપરી કામગીરી છે. શ્રી માણેકલાલભાઈ એટલે સંબંધો સાચવતા, વિકસાવતા અને અણીના સમયે હૂંફ આપતા વડીલ હતા. ગાંધીનગરના દરેક સદ્કાર્યને માણેકકાકાના આશીર્વાદ મળે એટલે તે કાર્ય સંપન્ન થાય છે.

અમરેલીના પરિવારનું મંડળ હોય, કલ્ચરલ ફોરમ હોય, શિક્ષકોનું સંગઠન હોય કે ગુજરાતી સાહિત્ય પરિષદ હોય સૌના માટે માણેકકાકાના વટવૃક્ષ સમા વ્યક્તિત્વની શીળી છાંય ઉપલબ્ધ હોય જ.'

ઉત્તર પૂર્વ સાબરકાંઠા ઉચ્ચ કેળવણી મંડળના પ્રમુખ અને શિક્ષણક્ષેત્રમાં જેમણે સારી નામના મેળવી છે એ શ્રી કમુદચંદ્ર રાવલ એક સફળ સંચાલક હોવાના નાતે માણેકલાલભાઈ સાથે સારો ઘરોબો ધરાવતા હતા. એમણે માણેકલાલભાઈના શિક્ષણક્ષેત્રના કાર્યને તાત્ત્વિક રીતે પિછાણ્યું હતું. માણેકલાલ ભાઈના અવસાન પછી એમણે આ શબ્દોમાં સ્મરણાંજલિ અર્પિત કરી છે : 'ગુજરાતના જાહેર જીવનનાં વિવિધ ક્ષેત્રોમાં જે કેટલાક આજીવન ભેખધારીઓ આપણને મળ્યા છે તેમાં ઉત્તર ગુજરાત વિસ્તારમાં શિક્ષણક્ષેત્રે અમૂલ્ય પ્રદાન આપનાર સ્વ. માણેકલાલ પટેલનું સ્થાન નિઃશંક પ્રથમ હરોળનું છે. આમ તો વ્યાપાર, આરોગ્ય સેવા, સમાજસેવા અનેકવિધ ક્ષેત્રોમાં તેઓ સતત સક્રિય રહ્યા છે. પરંતુ મારા અનુભવે શિક્ષણક્ષેત્રે તેમણે જે આગવી ઓળખ આપી છે તેવી આવનારાં વર્ષોમાં ભાગ્યે જ કોઈ ઊભી કરી શકશે. ઉત્તર-પૂર્વ સાબરકાંઠા ઉચ્ચ કેળવણી મંડળના પ્રમુખ તરીકે મારે અવારનવાર તેમની સાથે સંપર્કમાં આવવાનું થયું છે. તેથી જ તેમના વ્યક્તિત્વનું સૌથી મહત્ત્વનું પાસું એ લાગ્યું છે કે તેમણે ઉત્તર ગુજરાતની (અને હવે તો સમગ્ર ગુજરાતની) યુવા પેઢીનાં સ્વપ્ના સાકાર કરે એવી શૈક્ષણિક વાતાવરણથી ધમધમતી અનેકાનેક સંસ્થાઓ સ્થાપી છે, નિભાવી છે અને વિકસાવી છે. એ માટે નાણાકીય સહાય પ્રદેશ-દેશવિદેશથી મેળવી છે. ક્યારેક પદરનો ખર્ચ કરીનેય પોતાનું ધ્યેય સિદ્ધ કર્યું છે. એ માટે જરૂરી સમય-શક્તિ ખર્ચવામાં પાછી પાની કરી નથી. રાજકારણ એમને આભડ્યું નથી કે નથી જ્ઞાતિવાદ-પ્રદેશવાદની સંકુચિતતા એમનામાં પ્રવેશી. ગમે તેવી વિપરીત સ્થિતિમાં પણ નિર્ભીક મનોબળ અને અડગ આત્મબળથી એમણે ઇચ્છિત માર્ગ કાઢ્યા છે.

કૉલેજ મૅનેજમેન્ટના સરકાર સાથેના વિવિધ પ્રશ્નોમાં, શિક્ષણનાં મૂલ્યો જળવાય એ રીતે, સુમેળતાભર્યો ઉકેલ લાવવાની એમની આવડત અને દૂરંદેશીનો હું ઘણી વખત સાક્ષી રહ્યો છું.

ટાંચાં સાધનો અને આર્થિક સંકડાશ વચ્ચે પોતાને શિક્ષણ મેળવવામાં જે સંઘર્ષ કરવો પડ્યો તેવો અનુગામી પેઢીઓનાં બાળકો, યુવાઓને ન કરવો પડે અને એમનો સર્વાંગી વિકાસ થાય એવો લોકહિતનો ઉમદા હેતુ એમણે

સતત સેવ્યો છે.

શિક્ષણ સંલગ્ન તમામ ઘટકોને એક સૂત્રે સાંકળી માણેકલાલભાઈએ ઉત્તર ગુજરાતમાં જે શૈક્ષણિક આબોહવા સર્જી છે તેનું મૂલ્ય ભાગ્યે જ આંકી શકાય.

માનવતાવાદી અભિગમથી શિક્ષણજગત સાથે સંકળાયેલા માણેકલાલભાઈની ખોટ આપણને સર્વને સાલે એ સ્વાભાવિક છે. તેમણે જે મૂલ્યનિષ્ઠ શિક્ષણનો મહિમા કર્યો છે તે સ્થિતિને જાળવવાની કપરી જવાબદારી, અનુગામી સંવાહકોના શિરે આવી છે એ જળવાય એ જ એમના જીવનકાર્યને સાચી શ્રદ્ધાંજલિ !'

પૂર્વ અધ્યક્ષ ગુજરાત સાહિત્ય અકાદમી, પ્રમુખ, ગુજરાતી સાહિત્ય પરિષદ, પૂર્વ અધ્યક્ષ હિંદી વિભાગ, ભાષા-સાહિત્ય ભવન, ગુજરાત યુનિવર્સિટી, પૂર્વ વિદ્યાર્થી, સર્વ વિદ્યાલય, પ્રમુખ, સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી અને ગાંધીનગર તેમ જ જાણીતા નિબંધકાર અને વિવેચક પદ્મશ્રી ડૉ. ભોળાભાઈ પટેલ માણેકલાલભાઈને શ્રદ્ધાંજલિ આપતાં લખે છે :

'છગનભાએ એક સ્વપ્ન જોયું હતું, પાટીદાર સમાજમાં વિદ્યા-કેળવણીની સંસ્થા ઊભી કરવાનું. એ સ્વપ્ન કડી સર્વ વિદ્યાલય અને પાટીદાર વિદ્યાર્થી આશ્રમમાં સુસ્થિર થઈ સમગ્ર ઉત્તર ગુજરાતમાં તેજસ્વી છાત્રોને તૈયાર કરતું હતું. એ સ્વપ્ન આચાર્ય નાથાલાલ દેસાઈ અને આચાર્ય મોહનલાલ પટેલના સમયમાં વધારે ઉજ્જ્વળ બન્યું હતું, પણ પછી સર્વ વિદ્યાલય, કડીની ગાંધીનગર શાખાની સ્થાપના અને એના વિકાસ દ્વારા શિક્ષણના વ્યાપક પ્રસારનું સ્વપ્ન જોયું હતું. સર્વ વિદ્યાલયના જ એક છાત્ર માણેકલાલ પટેલે અને એ સ્વપ્નને પોતાની સાહસિકતા, દૂરંદેશી અને દિવસ-રાતના અથાક પરિશ્રમથી સિદ્ધ કરી બતાવ્યું. જેમાં સર્વ વિદ્યાલયના ભૂતપૂર્વ છાત્રોનો ભરપૂર સહયોગ મેળવ્યો છે.

થોડા હઠીલા લાગે, પણ હઠ વિના કોઈ ઊંચા ધ્યેયને પહોંચી વળાય નહીં. થોડા સરમુખત્યાર જેવા લાગે, પણ એમના નિર્ણયો સંસ્થાને લાભાર્થે હોય એટલે કામના અમલ પર વિલંબ ન થાય, એટલા માટે તાત્કાલિકતાનો એમનો તકાજો રહેતો. એથી કડકાઈ એક પ્રકારની નિર્ણાયત્મકતા તેમના વ્યક્તિત્વના ભાગ બની ગઈ. પણ એ સાચે જ 'પટેલ' હતા. ચતુર, હોશિયાર, પણ કોઈ કપટબાજી નહીં.

માણેકલાલ પટેલ અન્ય યુનિવર્સિટીઓના અધ્યક્ષોની જેમ કંઈ કેળવણીના ક્ષેત્રમાંથી આવતા નહોતા. પણ ઉદ્યોગપતિ એવા માણેકલાલ કેળવણીની સંસ્થાના

વહીવટમાં પડતાં જ એમણે આજના સમયની માંગને અનુરૂપ વિદ્યાશાખાઓ ઊભી કરી.

કડી કૅમ્પસ અને ગાંધીનગર સેક્ટર-૨૩ અને ૧૨ ઉપર જે-જે વિદ્યા સંકુલો પ્રાથમિક શાળાથી માંડી પીએચ.ડી. સુધીના અભ્યાસક્રમો જ્યાં ચાલતા હોય એ દરેક સંસ્થાની જાણકારી, એના છાત્રોની સંખ્યા, એમાં નિમાયેલા અધ્યાપકો – બધું એમની આંગળીની વેઢે. એ સંસ્થાઓની આવક-જાવક, ખોટ કે સરભર કે વત્તા – બધાની ખબર હોય અને એમ એનું આયોજન થતું રહે. એ તો ઠીક, પણ સંસ્થાના નવા મકાનની રોજરોજની પ્રગતિની પણ ખબર હોય. સાચે જ મૅનેજમેન્ટના ગુરુ !'

❐ ❐ ❐

# સંસ્થા પ્રશસ્તિ ગીતો

## સર્વ વિદ્યાલય રાજે

(બિહાગ : તીન તાલ)

સુંદર સર્વ વિદ્યાલય રાજે !
શિશુ-અંતર જનની-દર્શનથી સુખ ભરતી ગાજે... સુંદર

ભારત-ઉપવન કમનીય કુંજે, ગુર્જર ભોમ પ્રકાશે,
ઉત્તરમાં ત્યાં એક ક્યારડે, વિધવિધ ફૂલડાં હાસે.... સુંદર

કૈંક ઝરણના કલકલનાદે સરિતા સાગર ગાજે,
એ સાગરના ગર્જનાઘોષે ઝરણની કિંકિણી બાજે.... સુંદર

આ મનના કણકણમાં બીજના અંકુર કુમળાં હાસે,
સુરભિત કુસુમિત નવપલ્લવ આ ઘટા અડાબીડ ભાસે.... સુંદર

આ જ કુટિરમાં ટમટમતો જ્યાં દીપક મંદ પ્રકાશે,
અગણિત તારક અંકિત સૌમ્ય મયંક ગગન વિહાસે.... સુંદર

શાન્ત દાન્ત જીવનની ધાત્રી, ધીરવીર રસ પાજે,
જ્ઞાનશક્તિ ને મંગલદાત્રી, યાત્રી અમ સહુ આજે.... સુંદર

ફૂલ-પરિમલથી, કલકલનાદે, નવપલ્લવને વાસે,
તારકતેજે ભરતભૂમિને પુલકિત કરશું હાસે.... સુંદર

**- અનામી**

# પ્રિય સર્વ વિદ્યાલય સોહે !

પ્રિય સર્વ વિદ્યાલય સોહે
પ્રાણથકી પ્રિય અમ અંતરનું
પરમ ધામ ઉર રાજે.... ....
પ્રિય સર્વ વિદ્યાલય સોહે
લીલુડી ધરણીને હૈયે,
નીલ વ્યોમામ્બરને છાંયે,
હૈયે હૈયાં જ્યાં ડોલે,
પ્રતિદિન નીરખીએ તોયે અમને
નિત્ય નૂતન એ ભાસે... .... પ્રિય,
રસભર આંબાની ડાળે,
શીતળ સુરભિભર કુંજે,
જ્યાં પંખીડાં નિત કૂજે,
જ્યાં અરુણરંગી પરભાતતણા ને
સાન્ધ્યરંગ નિત સોહે.. ... ...પ્રિય.
જ્યાં જ્ઞાનકિરણ ફૂટે છે,
સેવાનાં સૂત્ર શિખાવે,
અમ જીવનને અજવાળે,
અમ જીવન તન મનને વિકસાવે
સ્નેહસરિતા રેલાવે... ... ...પ્રિય.
અમ બેન બંધુને હૈયે,
વિદ્યાલય ગુંજે પ્રાણે,
અમ જીવન જીવન એ વ્યાપે,
અમ ભાઈ ભાઈને એક મન એ
સ્નેહસૂત્રથી બાંધે... ... ... પ્રિય

**- સ્વ. ઉમેદભાઈ**

# હો શત શત પ્રણામ!

આ સર્વ વિદ્યાલય
એ કોઈ નગર, મહાનગરમાં
વિદ્યાવિક્રય કરતી
લોખંડ સિમેન્ટ – કોન્ક્રીટ બનેલી
નિષ્પ્રાણ
ઇમારત નથી.
આ જ્ઞાનાશ્રમ છે
એક કૃષિ-ઋષિના સપનાનો
ઘેઘૂર ગરવો
કબીરવડ છે
જ્ઞાનવડ છે
અથવા તો –
આ ખરડતા ખાખરાઓના –
ધૂળમાં ઊડતા - આથડતા
ગોટમોટના વેરાન – ટપ્પામાં પડેલો – જડેલો
પારસમણિ છે – જ્ઞાનમણિ છે.
જેના સ્પર્શમાત્રથી બની છે કડી
સોનાની દડી,
આ સંસ્થા એટલે –
વૃક્ષોનાં નિબિડ ઝૂંડ વચ્ચે ટોળે વળી ઊભેલાં
નિર્જીવ તોતિંગ મકાનોનો સરવાળો – ગુણાકાર નહીં
આ તો છે
પરંપરિત
જ્ઞાનગંભીર આચાર્યમનીષીઓની
તેજસ્વિની તપોભૂમિ
કર્મભૂમિ.

હે સર્વ-બાંધવો, મિત્રો,
આ સંસ્થા આપણે સૌને માટે
વિદ્યાનું આલય માત્ર નથી,
આ તો આપણી સર્વની વાત્સલ્યમયી
જનની છે જનની !
જેણે આપણો પુનર્જન્મ કરાવ્યો છે
જનમફેરો સાર્થક બનાવ્યો છે
આપણસૌનાં હૈયે કોતરાયું છે એનું જ નામ !
આ જ્ઞાનદાત્રીને હો શત શત પ્રણામ!!

**- રમેશ ત્રિવેદી**

# શ્રી મોહનલાલ પટેલનું લેખન-સર્જન

**નવલકથા :**

૧. **હેતનાં પારખાં** (૧૯૫૭,૧૯૯૩)
૨. ખાલી ખેપ (૧૯૫૯)
૩. **અંતિમ દીપ** (૧૯૬૦, ૨૦૦૧)
૪. સાંજ ઢળે (૧૯૭૬)
૫. જલતા હિમગિરિ (૧૯૭૭)
૬. શમણાં ન લાગે હાથ (૧૯૭૯)
૭. નયન શોધે નીડ (૧૯૮૧)
૮. ટહુકે પંખી કોઈ ઘટામાં (૧૯૮૧)
૯. રણમાં છાઈ શ્યામ થટા (૧૯૮૨)
૧૦. **પડદા જરી-કિનખાબના** (૧૯૮૫)
૧૧. **અંધારી રાતના ઓળા** (૧૯૮૫)
૧૨. **ભાસ-આભાસ** (૧૯૮૭)
૧૩. **રઝળપાટ** (૧૯૮૯)
૧૪. **સૂકી સરિતા, ભીના તટ** (૧૯૯૪)
૧૫. **ઘૂથવે નિર્જળ દરિયો** (૧૯૯૫)
૧૬. **લાંછન** (૧૯૯૭, ૨૦૦૪, ૨૦૦૮)*
૧૭. **ભવપ્રપંચ** (૧૯૯૮)
૧૮. ડેડ એન્ડ (૨૦૦૦)*
૧૯. **દિયર-ભાભી** (૨૦૦૩)
૨૦. **બંધન** (૨૦૦૪, ૨૦૦૯)*

**વાર્તાસંગ્રહ :**

૧. હવા, તુમ ધીરે બહો ! (૧૯૫૪)
૨. વિધિનાં વર્તુળ (૧૯૫૬)
૩. **ટૂંકા રસ્તા** (૧૯૫૮)
૪. **મોટી વહુ** (૧૯૬૬)
૫. **પ્રત્યાલંબન** (૧૯૭૦)*
૬. **ક્રોસરોડ** (૧૯૮૨)
૭. **મોહનલાલ પટેલની શ્રેષ્ઠ વાર્તાઓ** (૧૯૮૮, ૧૯૯૦)
૮. **મત્સ્યવેધ** (૧૯૯૮)
૯. **મોહનલાલ પટેલની પ્રતિનિધિ વાર્તાઓ** (૨૦૧૧)
૧૦. **રણ ખજૂરીની છાયામાં** (૨૦૧૩)

**લઘુકથા :**

૧. ઝાકળમાં સૂરજ ઊગે (૧૯૯૧)*
૨. ૯૯ લઘુકથાઓ (૨૦૦૧)
૩. વિકલ્પ (૨૦૦૩)
૪. **આવર્તન** (૨૦૧૩)

❐ કિશોર સાહિત્ય : ગુજરાતની ગૌરવકથાઓ (૨૦૧૧)

❐ નિબંધસંગ્રહ: ૧. હાસ્ય ઝરૂખે બૈઠકે (૧૯૯૪)
૨. યક્ષકર્દમ (૧૯૯૭)
૩. હસતાં... હસતાં... (૨૦૦૬)
૪. હાસ્યમર્મર (૨૦૦૬)*

❐ પ્રવાસ : ૧. ગુડ મોર્નિંગ, અમેરિકા (૧૯૮૪)

❐ વિવેચન: ૧. ટૂંકી વાર્તા : મીમાંસા (૧૯૭૯)
૨. સાહિત્યસંકેત (૨૦૦૧)
૩. ટૂંકી વાર્તા: આસ્વાદ (૨૦૦૩)
૪. લઘુકથા : સ્વરૂપપરિચય (૨૦૦૮)
૫. વાગ્વૈભવ (૨૦૧૦)

❐ અનુવાદ : ૧. મોપાસાંની પ્રતિનિધિ વાર્તાઓ (૨૦૧૩)

❐ સંપાદન : ૧. ૪૦ લઘુકથાઓ (૧૯૮૪)
૨. ગુજરાતી પ્રતિનિધિ લઘુકથાઓ (૧૯૮૫)
૩. કર્મચૂડામણિ માણેકલાલ (૨૦૧૦)
૪. ગુજરાતી લઘુકથા સંચય (૨૦૦૭)

❐ શૈક્ષણિક : ૧. નિબંધ લેખન (૧૯૯૨)
૨. ભૂગોળ પરિચય (૧૯૯૩)
૩. ગદ્ય આસ્વાદ (૧૯૯૪)
૪. ગુજરાતી ગદ્ય સમીક્ષા (૧૯૯૪)
૫. ગદ્ય પરિમલ (૧૯૯૫)

❐ સામાન્યજ્ઞાન : ૧. ભૌગોલિક જ્ઞાનવિજ્ઞાનશ્રેણી
(૬ પુસ્તકોનો સંપુટ) (૧૯૯૭)

❐ ચરિત્ર : ૧. પ્રજ્ઞાદીપ છગનભા (૧૯૮૯, ૨૦૦૭)
૨. બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ (૧૯૯૧)
૩. બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ (૧૯૯૫)
૪. મહેસાણા જિલ્લાના સ્વાતંત્ર્ય સૈનિકો (૧૯૯૮)
૫. ધ્રુવતારક (શ્રી માણેકલાલ પટેલની જીવકથા) (૨૦૧૩)

❐ આત્મકથા : ૧. ટાઇમ કૅપ્સ્યૂલ (૨૦૧૩)

❐ અંગ્રેજી પુસ્તકો :
1. The Profligate (૪૭ દશ્યોમાં સ્ક્રીન પ્લે)
2. Millennium History of Patan (પ્રકા.: નેહજ એન્ટરપ્રાઈઝ, મુંબઈ)
3. Bhaktamara Stotra (માનતુંગ સુરિશ્વરજી રચિત સ્તોત્રનો અંગ્રેજી અનુવાદ. પ્રકા. : નેહજ એન્ટરપ્રાઈઝ, મુંબઈ)

---

* આ નિશાનીવાળાં પુસ્તકો રાજ્ય સરકાર - ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા પુરસ્કૃત છે.

## ‘મેં આ પુસ્તક કેમ લખ્યું ?’

“માણેકલાલભાઈનું કામ ભગીરથની યાદ આપે એવું છે. ભગીરથે તો એક જ ગંગાનું અવતરણ કરાવ્યું હતું. માણેકલાલભાઈએ તો અનેક જ્ઞાનશાખાઓની ગંગાઓનાં અવતરણ કરાવ્યાં છે. આમ હોવા છતાં એમના વિશે કશું ન લખાય તો લોકો કદાચ લાંબા સમય સુધી યાદ કરતા રહે એ ખરું, પણ એ જે હતા, જેવા હતા એ વિશેનું જ્ઞાન ધીરેધીરે ધૂંધળું થવા લાગે અને એમના મૂળ સત્ત્વ (essence)ને પરખનારા ભાગ્યે જ જડે. આવું ન બને એટલા માટે મેં આ પુસ્તકની રચના જરૂરી બલકે અનિવાર્ય ગણી છે એટલે એ તૈયાર કર્યું છે. આ કરવાથી માણેકલાલભાઈના વ્યક્તિત્વને કેટલો ન્યાય આપી શકાયો એ તો કહી શકાય એમ નથી, પણ એક ધ્રુવપુરુષ વિશે લખવામાં મને આત્મસંતોષ થયો એ મારું સદ્ભાગ્ય માનું છું... માણેકલાલભાઈ વિકાસ અને પ્રગતિના માર્ગ પર ધ્રુવતારકની જેમ સૌના પથપ્રદર્શક. સદા અડગ અને અચલ તેથી પ્રેરણાદાયી... માણેકલાલભાઈ સાથેના પાંચ દાયકા કરતાં વધારે સમયના નિકટના સંબંધોના કારણે એમના જીવનની કેટલીક ઘટનાઓના અનુભવને એમણે અંગત ન રહેવા દેતાં એને જીવનરહસ્ય (ફિલસૂફી)રૂપે સ્વીકારીને સર્વાનુભવનું કારણ બનાવી હતી એ હું જોઈ શક્યો હતો... એમણે હાથ પર લીધેલાં કેળવણીનાં કાર્યોમાં વિદ્યાર્થીને બરાબર નજર સમક્ષ રાખ્યો. એનો અભ્યાસ સુગમ બને એ માટે એમણે આંખ મીંચીને વિદ્યાર્થી માટે સગવડો ઊભી કરી. ભૌતિક સગવડો ઊભી કરી અને આર્થિક રાહતો પણ આપી. શિક્ષણવ્યવસ્થા પણ ઉત્તમ પ્રકારે ગોઠવી. આમ, ઘણી રીતે એમણે જીવનના અનુભવોને ફિલસૂફીમાં ફેરવ્યા હતા. જેનો લાભ ઘડતર અને વિકાસ પામી રહેલા વિદ્યાર્થી—વિદ્યાર્થિનીઓને ભરપૂર માત્રામાં મળતો રહ્યો. માણેકલાલભાઈના જીવનમાંથી પ્રેરણા મળી રહે એવું ઘણુંબધું પાથેય છે. શ્રદ્ધા છે કે આ ગ્રંથમાંથી પણ એવું કેટલુંક મળી રહેશે.”

**– મોહનલાલ પટેલ**

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ
કડી 2025